BATRISH LAKSHANO (Gujarati Edition)

Maheta, Ille Arab

બત્રીસલક્ષ



BATRISH LAKSHANO
By Ille Arab Maheta



Published by Gurjar Granthratna Karyalay,Gandhi Road,
Ahmedabad 380 001

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380001
ફોન : 079-22144663, 09227044777
e-mail : goorjar@yahoo.com
ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.
ફોન : 26564279 email : bhagwatioffset@yahoo.com

થોડુંક અંગત

સામાન્ય રીતે કોઈ પણ નવલકથા માટે લેખકે બોલવાની જરૂર હોતી નથી. નવલકથાએ જ બોલવું જોઈએ. પણ આ નવલકથા માટે થોડું કહેવાની લાલચ રોકાતી નથી.

આ નવલકથા એક વ્યક્તિના અંગત અનુભવો ને સંવેદનો પરથી ઘડાઈ છે ને એ અંગતતાને ગાળી નાખવા મેં ઘણાં નવાં પાત્રો ને પ્રસંગો ઉમેર્યાં છે; છતાં આ કૃતિ ‘અંગત’ મટતી નથી, કારણ કે આ કથા માત્ર એક વ્યક્તિની નથી.

ભારત છોડીને પરદેશ વસવા જતા અગણિત ડૉક્ટરો, વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોની આ કથા છે. દેશ છોડી પરદેશ વસતા, પોતે જ પોતાને દેશનિકાલ કરતા આ ભારતવાસીઓ માત્ર પૈસાના પ્રલોભને જતા નથી; એમને જોઈએ છે કામ કરવાની સ્વતંત્રતા, મુક્ત સમભાવભર્યું વાતાવરણ ને પોતાના જ્ઞાનનો ઉત્તમ ઉપયોગ.

અહીં મળે છે એમને “ખુરશી પર ચડી બેઠેલાઓ”, “અજગર-ગતિએ વધતું સરકારી તંત્ર” ને ક્યારેક ગળું ઘોટી નાખે તેવી સરકારી યા સામાજિક જડતા.

આ કથાનો નાયક એક યુવાન ડૉક્ટર છે ને કથા તબીબીક્ષેત્રની છે. કદાચ જ્ઞાનના બીજા કોઈ ક્ષેત્ર કરતાં આ ક્ષેત્રમાં સહુથી વધારે અંધ અને રૂઢ ખ્યાલો પ્રવર્તે છે. હૉસ્પિટલોની અછત, લાગવગશાહી અને ભ્રષ્ટાચારને પરિણામે તબીબીશાસ્ત્રના નિષ્ણાતો યા તો માખો મારતા બેસી રહે છે યા પાક્કા વેપારી બની જાય છે.

એ બેમાંથી એકેય માર્ગે ન જનારા એક ડૉક્ટરની આ વાત છે. એ લડે છે લાગવગશાહી ને સત્તાશાહી સામે. એ લડે છે ઊંટવૈદો, ભૂવાઓ અને મંત્રેલું પાણી પાનારા ફકીરો સામે.

પણ આ દેશમાં હજી લોકો મંત્રેલું પાણી લેવા પડાપડી કરે છે. રોગચાળાને માતાનો કોપ માને છે. અજ્ઞાન, ગરીબી અને વહેમોથી ઘેરાયેલી આ જનતા ડૉક્ટરને ‘દેવ’ માને છે, પણ ડૉક્ટરના જ્ઞાનનો એમને ખપ નથી.

જેના ભોગની કોઈ કિંમત નથી એવા ‘બત્રીસલક્ષણા’ની આ વાત છે.

1976 – ઇલા આરબ મહેતા

પ્રથમ પુનઃમુદ્રણ વેળા

આ નવલકથા લખાઈ તે તારીખ અને આજની તારીખ વચ્ચે જાણે યુગ બદલાઈ ગયો છે. વિજ્ઞાન અને તબીબીશાસ્ત્રમાં અકલ્પ્ય પ્રગતિ થઈ છે. સામાજિક અને રાજકીય ક્ષેત્રે પણ માનવીનાં પાયાનાં મૂલ્યો, જીવનનો અગ્રતાક્રમ અને નીતિમત્તાનાં ધોરણોમાં જડમૂળથી બદલાવ આવ્યો છે.

આ નવલકથાનાં પ્રૂફો તપાસતી વખતે એક તીવ્ર લાલચ થઈ આવી કે તે ફરી લખું, પણ પછી થયું કે આ નવલકથા જેમ છે તેમ તેના સમયનું એક દસ્તાવેજીકરણ છે. વળી લેખકની પોતાની તે વેળાની સર્જનશક્તિનું પણ તેમાં ચિત્ર ઝિલાય છે. એટલે તેને જેમ છે તેમ રહેવા દેવામાં મને ઔચિત્ય જણાયું છે.

ડૉ. રજત દવે, તેના આદર્શો કે તેની સામાજિક નિસબત અલબત્ત, આઉટડેટેડ નથી થવાનાં જ. એટલે તાજેતરમાં પ્રકાશિત થયેલી મારી નવી નવલકથા ‘ઝીલી મેં કૂંપળ હથેલીમાં’માં મેં ફરી એક ડૉક્ટર – ડૉ. શિવાંગી પરીખ – પાઠકની એક ભાવનાશીલ અને સામાજિક દૂષણો સામે ઝઝૂમતી ડૉક્ટરની કથા આલેખી છે.

આ બંને નવલકથાઓ લખતી વેળા મને એક સર્જક તરીકે કશુંક નવું આપવાનો આનંદ થયો હતો. આશા છે વાચકોને પણ ગમશે.

2008 – ઇલા આરબ મહેતા

બીજી આવૃત્તિ વેળાએ

``બત્રીસ લક્ષણો"નું પુનર્મુદ્રણ થાય છે ત્યારે અંતર સુખ અને દુઃખના બેવડા બોજ નીચે ભીંસાતું અનુભવું છું.

સુખ એટલા માટે કે હું ખોટી પડી છું. પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં મેં લખેલું, ``જેના ભોગની કોઈ કિંમત નથી એવા બત્રીસ લક્ષણાની આ વાત છે." પણ 2020ના પ્રારંભથી સમસ્ત જગત કોરાના વાઇરસની નાગચૂડમાં સપડાયું.

આ ત્રીજું વિશ્વયુદ્ધ માનવી અને વિષાણુ વચ્ચે હતું – છે. આ યુદ્ધમાં ડૉક્ટરો, નર્સો, પેરામેડિકલ સ્ટાફ, એમ્બ્યુલન્સ ડ્રાઇવરો, સફાઈ-કામદારો બધા જ ``સૈનિકો" હતા. ડૉક્ટરોએ દિવસ-રાત દર્દીઓની સારવાર કરી અને જગતે તેમની સમર્પિત સેવાભાવના અને સામાજિક નિસબતની વંદના કરી.

પણ સમુદ્રમંથન સમયે ખભા પર અમૃતકળશ સ્થાપી પ્રગટ થનારા ભગવાન ધન્વંતરિના પુત્રોને જગતમાં પુનઃ ગરિમા સાથે સ્થાપિત કરવા આટલો વિનાશ, આટલાં અકાળ મૃત્યુ, આવી અસહ્ય શારીરિક પીડા શું આવશ્યક હતાં?

સર્જન અને વિસર્જનની આ લીલા સમક્ષ આપણે અસહાય.

તા. 20-10-2021

– ઇલા આરબ મહેતા જૂહુ
E-mail : ilaamehta@gmail.com

1

'આ છે શેઠ ધરમદાસ કરમદાસ હૉસ્પિટલ. છાપાંવાળાની ભાષામાં કહું તો મુંબઈની મધ્યમાં આવેલી, સાત મજલાની આ શ્વેત ઇમારત જાહેર જનતાની આજ છેલ્લાં પચીસ વર્ષથી સેવા બજાવતી આવી છે.' કહી ડૉ. અજય ખડખડાટ હસી પડ્યો ને હૉસ્પિટલના ડ્રાઇવ-વેમાંથી મોટર અંદર વાળી.

ચક્રાકારે વળી ઇમારત તરફ જતી મોટરની બારીમાંથી ઝૂકી મેં આજુબાજુનું દૃશ્ય આંખમાં ભર્યું. વહેલી સવારનાં બાલકિરણોમાં બારીઓના કાચ સોનેરી રંગે ચળકતા હતા. લાગતું હતું જાણે કોઈ દીપ્તિમંત ધ્યાનસ્થ યોગી રોમેરોમે પુલકિત બની ભગવાન સૂર્યને અંજલિ આપતો હતો.

'કેવી વિચિત્ર સરખામણી!' મને સહજ હસવું આવ્યું. અથવા તો કદાચ એમાં કંઈ ખોટું ન હતું. હજારો વાસનાઓ, વેગો ને આવેગોને અંતરમાં ખાળતા ને જીતતા યોગીની માફક આ ઇમારત પણ હજારો દુઃખો, સુખો ને આઘાતોને પચાવી ટકી રહી હતી. અહીંયાં નવજીવનનો ધબકાર હતો ને તરફડિયાં ખાઈ જિંદગીને આખરી સલામ કરતા જીવોની ચીસ હતી. જિંદગી અને મોતના સીમાડા પર ઊભેલા આ પથ્થરો પણ સ્થિતપ્રજ્ઞ બની ઉષઃવંદન કરતા હતા.

એક આંચકા સાથે મોટર ઊભી રહી ને અજયે કહ્યું : 'ચાલો, નસીબદાર. થોડું મોડું થાય છે તો ગાડી પાર્ક કરવા નથી મળતી.' 'Parking only for Doctors'ના બોર્ડ પર એક ચકલી કૂદતી હતી. હું નીચે ઊતર્યો. મન એક નવી આકાંક્ષાથી ઉત્તેજિત બની ગયું હતું. હૉસ્પિટલ મારે માટે નવી નથી. મેડિકલ કૉલેજમાં ભણતાં વૉર્ડમાં જવા માંડ્યું ત્યારથી એ મારું ઘર ને મારું કેન્દ્ર બની છે. લંડન ને સાનફ્રાન્સિસ્કોમાં અસંખ્ય મજલાઓની એ ઇમારતોમાં હું ખોવાઈ જતો ને દર્દ, દવા ને દર્દીઓની એ સૃષ્ટિમાં હું મારી જાત ફરી પામતો. પ્રત્યેક રોગ, પ્રત્યેક રોગનાં અસંખ્ય ચિહ્નો, રોગના ભયે ફિક્કા પડી ગયેલા ચહેરાઓ ને વ્યાકુળ આંખો કેટલી બધી વાર એ ચક્રાકારે દિવસમાં જોતો જાઉં છું ને છતાં...

છતાં રીઢો નથી થયો. અત્યારે પણ આ ઇમારતના નાનકડા બગીચામાં ચીંચીં કરતી ચકલીઓ, ભાતભાતનાં ફૂલોની પથારીઓ ને ઠંડી હવા મને એકદમ સ્પર્શી ગયાં. ઊંડો શ્વાસ ભરી મેં વિચાર્યું, 'હું જીવતો છું.'

'હું જીવતો છું.' હા, હું ડૉક્ટર છું – ડૉક્ટર રજત દવે. મેં રક્તપિત્ત અને કૅન્સરના રિપૉર્ટો વાંચ્યા છે, ચીસો પાડતા ને મોતને પોકારતા દર્દીઓ મારા અંતરમાં સતત ભટકતા રહે છે. કોઈના વ્યાકુળ, પાગલ કરી દે તેવા ભારી મૌનના પણ મારા કાનમાં ભણકારા વાગે છે. ત્યારે હું 'જીવતો છું' એ વાક્ય આખાય અસ્તિત્વને સાર્થક કરી દે છે.

'ચાલ સમાધિ તૂટી?' અજયે હસતાં-હસતાં પૂછ્યું. અજયનો અવાજ ને ચહેરો મારા ઘણાં વર્ષોના જૂના સાથીદારો છે. હું એકલો હોઉં ત્યારે પણ.

'ચાલ, નરકનો માર્ગ શરૂ થાય છે.' અજયે કહ્યું. અમે બંને હૉસ્પિટલનાં પગથિયાં ચડી જમણી બાજુ વળ્યા.'ચાલ, તને હૉસ્પિટલ બતાવું. પછી આપણે ડૉક્ટર વર્માને મળવા જઈએ.' અજયે કહ્યું ને જમણી બાજુની ઑફિસ છોડીને અમે દાદર ચડવા લાગ્યા.

વહેલી સવાર હતી. હૉસ્પિટલનો દૈનિક કાર્યક્રમ હજુ શરૂ થયો ન હતો. પરસાળના ખાલી બાંકડાઓ પર ક્યાંક-ક્યાંક વૉર્ડબૉય લાંબા થઈને સૂતા હતા. થોડાં મહેતરો ને મહેતરાણીઓ હૉસ્પિટલની ફરસ ભીનાં કપડાંથી લૂછતાં હતાં. મેટ્રન મૉર્નિંગ રાઉન્ડ પર નીકળે તે પહેલાં દર્દીઓના ચાર્ટ બરાબર અપ-ટુ-ડેટ બનાવવા થોડી નર્સો હાંફળીફાંફળી ફરી રહી હતી.

'ગુડ મૉર્નિંગ, ડૉક્ટર' કહેતી નર્સો અજયને અભિવાદન કરતી હતી. ડૉક્ટર અજય કદાચ

આ હૉસ્પિટલમાં બહુ લોકપ્રિય એવો ડૉક્ટર હતો. અજયનો સ્વભાવ જ એવો હતો. ઘણાબધા લોકોને એ એકીસાથે ખુશ કરી શકતો હતો. મારા ઇંગ્લંડના વસવાટ દરમિયાનનાં પાંચ વર્ષમાં એ અહીંયાં સ્થિર થઈ ગયો હતો, જ્યારે હું!

ઇંગ્લંડથી પાછા ફર્યા બાદ આજ છેલ્લા ત્રણ મહિનાથી હું અજયને માથે જ પડ્યો હતો ને કેટકેટલી હૉસ્પિટલોમાં પ્રયત્ન કરી જોયા! જગ્યા ખાલી ન હતી. પાંચ વર્ષ પરદેશ રહી મેં તબીબીક્ષેત્રે જ્ઞાન મેળવ્યું. 'ચેસ્ટ સ્પેશ્યાલિસ્ટ!' હેલ વિથ ઇટ! અહીંના લોકોને ડિગ્રીઓમાં રસ નથી. શેમાં રસ છે તે હું જાણી શક્યો નથી.

'જો આ છે અમારો મેલ સર્જિકલ વૉર્ડ.' અજયે કહ્યું. 'ડૉ. ભગત અહીંના ચીફ ઑનરરી છે. મારા બૉસ. ગુડ મૅન.'

'એફ.આર.સી.એસ. છે?'

'હા. ત્રણ ટ્રાયલે પસાર થનારા. પણ ડઝન્ટ મૅટર. આ ફીલ્ડ એવું છે ને કે જેટલી વાર વધારે નાપાસ થાઓ તેટલું વધારે સારું. વધારે દર્દીઓને મરાય – આઈ મિન, મળાય –' કહી અજય ખડખડાટ હસ્યો. આ એની ફેવરિટ જોક હતી. હું પણ હસ્યો. અમને વૉર્ડમાં જતા જોઈ મેટ્રન દોડતી આવી.

'શેલ આઈ બ્રિન્ગ ધ ચાર્ટ્સ, સર?'

'નો, થૅન્ક્સ, મેટ્રન, આ મારા ફ્રેન્ડ છે. હું એમને વૉર્ડ બતાવવા લાવેલો.'

અમે બંને બહાર નીકળ્યા ને આગળ વધ્યા.

'રજત, યુ આર એ બેબી. આ મુંબઈ ગામની હૉસ્પિટલો ને એના ડૉક્ટરોના જાદુની તને ખબર નથી. તું હજુ હમણાં જ લંડનથી આવ્યો છે માટે. બે-ત્રણ વર્ષમાં તું પણ અમારી જેમ એક્સપર્ટ થઈ જશે.'

એ હસે છે ને મને એકદમ કહી દેવાનું મન થાય છે... 'નો... નો... નો...'

હું એક્સપર્ટ નહિ થાઉં, કારણ કે 'હું જીવતો છું.' એ ફણીધરનું વિષ મારાં અંગોમાં નહિ ફેલાવા દઉં.

'આ મેલ મેડિકલ વૉર્ડ. તારા કામનો.'

એક વિશાળ કમરામાં હારબંધ ખાટલાઓ હતા. કોઈ ઍક્યુટ ડાયાબિટીસ, કોઈ બ્લડ પ્રેશર, કોઈ ફીવરના દર્દીઓ હશે. દરેકના ખાટલા પર એક ચાર્ટ.

અહીંયાં માણસ તરીકે જીવવાનું માત્ર ચાર્ટમાં હોય છે. એ સિવાયની ચોવીસે કલાકની અગણિત પળો માત્ર શૂન્ય છત પર ચીતરી નાખવાની હોય છે.

'ડૉ. શ્યામદાસ અહીંયાં ઑનરરી છે. સાલ્લો લુચ્ચો બિલાડો છે.' અજયે કહ્યું.

'તને અહીંના કોઈ ડૉક્ટર વિશે ખાસ સારો અભિપ્રાય લાગતો નથી, એક્સેપ્ટ યોરસેલ્ફ.'

'સારો અભિપ્રાય? ફોર ધીઝ રાસ્કલ્સ?' અજયે કહ્યું. 'બિલીવ મિ. રજત, જો હું આટલો ખરાબ માણસ ન હોત તો અહીંયાં રહી શક્યો ન હોત.'

પરસાળની હવા ઍન્ટિસેપ્ટિકની વાસ લઈ દોડવા લાગી. વિશાળકાય પ્રાણી જેમ ધીરે-ધીરે અંગો હલાવતું બેઠું થાય તેમ આ ડી. કે. હૉસ્પિટલ હવે ધીરે-ધીરે જાગતી હતી.

ઑપરેશન થિયેટર આગળ એક મોટું ટોળું જમા થયેલું હતું. તાજી હજામતથી ચમકતા ચહેરાઓ, ઑપરેશનના ગંભીર પ્રસંગને અનુરૂપ શ્વેત વસ્ત્રોમાં સુસજ્જ ને હાથમાં ચમકતી હીરાની વીટીંઓથી એ બધાં કોઈ ધનિકનાં સ્વજનો તરીકે તરત પરખાયાં. ટોળામાંથી એક માણસ તરત બહાર નીકળી આવ્યો ને અજયની સાથે હસ્તધૂનન કરતાં બોલ્યો, 'કેમ છે, સાહેબ? ભૂલી નથી ગયા ને? મારું એપેન્ડિક્સનું ઑપરેશન...'

'હલ્લો... હલ્લો... કેમ છો તમે? હવે તબિયત તો સારી છે ને? કંઈ તકલીફ જેવું હોય

તો જરૂર મને કહેજો.'

અજય જાણે સ્ટેજ પર ચડી કોઈ સેવાધર્મી ડૉક્ટરનો પાઠ ભજવી રહ્યો હતો. એના અવાજમાં એટલો બધો ઉમળકો હતો ને છતાં એના હોઠના ખૂણે ટપકી રહેલું હાસ્ય મને જ કેમ કડવું લાગ્યું! 'આ મારા મિત્ર છે ડૉ. રજત. જનરલ ફિઝિશ્યન અને ચેસ્ટ સ્પેશ્યાલિસ્ટ.' અજયે મારી ઓળખાણ આપી.

કોઈક વાર... કોઈક જ વાર જ્યારે મારી ઓળખાણ અપાય છે ત્યારે સામા માણસના ચહેરાના ભાવ વાંચવાની મને મજા પડે છે. આશ્ચર્ય, અહોભાવ, પળભરની ગડમથલ ને પછી તરત જ... 'જુઓ ને, ડૉક્ટર, મને ક્યારેક છાતીમાં હાંફ ચડી આવે છે ને ક્યારેક...'

અત્યારે પણ એ જ ભાવપરિવર્તન ફિલ્મના રીલની માફક સડસડાટ પસાર થઈ ગયું ને એ બોલવા ગયા... 'જુઓ ને, ડૉક્ટર, ક્યારેક... ક્યારેક...'

અજયે એકદમ કહ્યું, 'રજત, તારું કાર્ડ આપ ને.' ને પેલા માણસ તરફ ફરી બોલ્યો, 'સાચું કહું તો હું તમને સજેસ્ટ કરવાનો જ હતો કે એક વાર ચેસ્ટનો એક્સ-રે કરાવી લ્યો.'

'હેં?' પેલાનું મોઢું પડી ગયું, 'સાચે?'

'કરાવી લ્યો ને, નકામો વહેમ મટે.'

દર્દીને જોવા આવેલા એ ભાઈ ગરીબડા જેવું મોં લઈ ટોળામાં ભળ્યા. ત્યાં ડૉ. ભગત આવતા જણાયા. હાંફળાફાંફળા ઉપર ચડતા હતા.

'સૉરી, સૉરી, આઈ એમ લેટ. મારે બહુ અર્જન્ટ ઑપરેશન માટે પરેલ જવું પડ્યું', તેમણે રાહ જોઈને ઊભેલા ટોળાની માફી માગી.

'હલ્લો, ડૉ. શાહ, વ્હૉટ બ્રિન્ગ્સ યુ હીઅર?' એમણે અજયને જરા આંખો ચમકાવી પૂછ્યું. આ એમની રમૂજ કરવાની રીત હતી ને અજય વફાદારીપૂર્વક હસ્યો. 'સર, આ વખતના વીકલીમાં આપનો લેખ વાંચ્યો. સિમ્પ્લી વન્ડરફુલ!' અજયે કહ્યું. 'થૅન્કયુ, થૅન્કયુ' કરતા તે અંદર થિયેટરમાં અદૃશ્ય થયા.

પેલો દર્દી બિચારો ફરી અમારી પાસે આવી ઊભો.

'હેં ડૉક્ટરસાહેબ, આ છાતીનો દુખાવો... તે તમે અમસ્તું જ કહો છો કે એકસ-રે કઢાવવાનો કે સાચે જ કંઈ...' તૂટકતૂટક વાક્યોમાં એનો ગભરાટ, આશંકા ને ભય બહાર વેરાઈ ગયાં.

હું એકદમ કંઈ બોલવા જતો હતો ત્યાં અજયે કહ્યું :

'અરે, એમાં નર્વસ શું થવાનું? આ રુટીન ચેક-અપ, સમજ્યા! બાકી ડૉક્ટર રજતનો હાથ લાગ્યો કે ભલભલા રોગ ભાગ્યા જ સમજો.'

મારું મન એકદમ ક્ષુબ્ધ થઈ ગયું. અજાણ્યા માણસ આગળ મારો આવો ઢંઢેરો... જાણે હું ચાર-ચાર આનાની ફેરી કરતો હોઉં!

ટોળું મને તાકી રહ્યું ને મેં મોં ફેરવી લીધું. મારો ધંધો કેવળ ધંધો ન હતો, એક ગૌરવવાળી વિદ્યા હતી. એને બજારુ સ્ત્રીની માફક રસ્તે અજયે ઊભી રાખી, તેથી હું વ્યગ્ર થયો.

મેં પગ ઉપાડ્યો. અજય પાછળ આવ્યો. વળાંક લઈ અમે નીચે દાદર ઊતરવા લાગ્યા.

'સાલ્લો સ્કાઉન્ડ્રલ!' અજયે કહ્યું, 'ઘરે સૂતો હશે. આરામથી. ને પાછો કહે છે કે પરેલ ઑપરેશન કરવા ગયો હતો! ઑપરેશન માય ફૂટ!' દાદર પર બૂટ પટકારતાં એણે ભગવતપુરાણ શરૂ કર્યું.

'આ હૉસ્પિટલમાં કામ કરવું, રજત, એટલે સેલ્સમૅન થવું. જો ને આ ડૉક્ટર ભગત. અત્યારે ઑનરરી સર્જન થઈ પડ્યો છે. ફર્સ્ટ ક્લાસ સેલ્સમૅન ને થર્ડ ક્લાસ સર્જન. સાલો

દર્દીઓના સ્ટીચ લે, એ પણ વાંકા!'

'પણ એને એવું ખોટું બોલવાની શી જરૂર પડી?'

'યુ અન્ડરસ્ટેન્ડ નથિંગ, બેબી! આ તારુ લંડન નથી. આ તો હિંદુસ્તાન છે. અહીંયાં દર્દીઓને જાળમાં પકડવાનાં. જોયું નહિ, પેલો તારી પાસે હવે આવવાનો.'

'હું ઇચ્છતો નથી કે એ આવે. આ રીતે તો નહિ જ.'

'હા... હા... તો શું તારી ડિગ્રીઓ વાંચીને આવશે? રજત, રિમેમ્બર, યુ હેવ ટુ સેલ યોરસેલ્ફ. અત્યારે ભગત શેનું ઑપરેશન કરે છે, ખબર છે? શેઠના હાથે એક ગૂમડું થયું છે તેનું. એમાં પાંચ તો વિઝિટ મારશે. હજારો રૂપિયા ખિસ્સામાં.'

અજય હસી પડ્યો. મારે પણ હસવું જોઈતું હતું. ઘણી વાર એવું બને છે. બધાં હસે છે, નાટકના તખ્તા પર લગાડેલા ચીતરેલા પડદા જેવું. પણ મને તો એ પડદા પાછળની શૂન્ય પોલી સૃષ્ટિ જ દેખાય છે, અંધારી, લપસણી સૃષ્ટિ.

નીચે ઊતરતાં મારા મનમાં કંઈ કેટલીય વ્યક્તિઓ તરવરી રહે છે. ડૉ. આલ્બર્ટ, ડૉ. સુઝાન, ડૉ. કિન્નરી. આલ્બર્ટે એક વાર ગુસ્સે થઈને એક ધનિકને પોતાના ક્લિનિકની બહાર કાઢી મૂકેલો. હું ત્યારે એનો આસિસ્ટન્ટ હતો. એક વાર આલ્બર્ટ મને કહે, 'રજત, હું એક વાર હિંદ આવેલો. નાજુક ને ઝીણવટભર્યા નકશીકામવાળાં તમારાં મંદિરો મેં જોયેલાં. મને થયું, આપણો દેહ પણ એવું જ નાજુક ને અદ્ભુત નકશીવાળું મંદિર છે. કરોડો બારીક કોતરણીવાળું મંદિર. એ મંદિરમાં બંસી વગાડતા ભગવાન એટલે સમગ્ર દેહની સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રક્રિયાઓનું સંવાદી ગીત.'

એ ધનિકે ડૉ. આલ્બર્ટ પર કેસ કરેલો. કેસની સુનાવણી વખતે આખોય ખંડ હૉસ્પિટલના કર્મચારીઓથી ભરેલો હતો. સહુ દેહમંદિરના પૂજારી ડૉ. આલ્બર્ટને ચાહતા હતા. ન્યાયાધીશ જુબાની સાંભળતા-સાંભળતા ખાંસતા હતા. વકીલને બોલતો અટકાવી દઈ ડૉક્ટર આલ્બર્ટ ન્યાયાધીશ પાસે પહોંચ્યાં એ મધ્યમ કદ, તીણો અવાજ ને જાડા કાચનાં ચશ્માં હજુય મને બરાબર યાદ છે. ડૉક્ટરે ન્યાયાધીશની આંખોમાં જોયું, ખાંસીનો અવાજ ધ્યાનપૂર્વક સાંભળ્યો ને પછી કાગળ પર કંઈ પ્રિસ્ક્રિપ્શન લખી આપ્યું. ન્યાયાધીશ તો બિચારો આભો જ બની ગયો.

પાણીનાં વર્તુળોની માફક એ બધાં વર્ષો મારી સ્મૃતિને કિનારે આવી અથડાય છે. કિન્નરીનું મુક્ત હાસ્ય મારા કાનમાં ગાજતું રહે છે.

અજયનું હાસ્ય તૂટેલા પાંદડા જેવું પગ નીચે ચંપાઈ ભગ્ન થઈ ગયું છે. એ ગંભીર છે.

એક નિઃશ્વાસ નાખી એ બોલ્યો, 'જવા દે, યાર. તું હજુ અહીંયાં નવો છે. આપણે ભણતા હતા ત્યારની વાત જુદી. હવે તો ધિસ ઇઝ એ બિઝનેસ. જો હું ભગતને ફુલાવું નહિ તો મારી પ્રેક્ટિસનું શું?'

'એમ કેમ કહે છે, અજય? યુ આર એ ડૉક્ટર. લોકો તને શોધતા આવશે.' મેં ભારપૂર્વક કહ્યું.

અજયે ડોકું ધુણાવી વાત ખંખેરી નાખી. ઉપર અવકાશમાં, જ્યાં વાયુશૂન્ય વાતાવરણ છે, ત્યાં જો કદાચ કશું ખંખેરી શકાય... વાત તોય ચોંટી રહી. અજય પળવાર ક્ષુબ્ધ થયો, એની આંખોમાં અણગમો તરી આવ્યો. હાથ એક-એકની સાથે મસળતાં એ બોલ્યો :

'જવા દે રજત. માંડ કરી મેં આ સમાધાન શોધ્યું છે. મારાથી હવે એ ભૂંસી નાખી નવું કંઈ નહિ થાય. જેમ દુનિયા ચાલતી આવી છે તેમ ચાલશે. ઇફ વી કાન્ટ લીક ધેમ, જોઇન ધેમ.'

અમે નીચે ઊતર્યા. સવારની શાંતિ હણતો હૉસ્પિટલનો ઘોંઘાટ શરૂ થઈ ગયો હતો.

મોટરોના અવાજો, કૅન્ટીનબૉયની બૂમાબૂમ, સ્ટેચરો અને પેશન્ટોના કોલાહલથી જાણે મહાભારતના યુદ્ધની તૈયારી મંડાઈ હતી.

'તું અહીં ઊભો રહે. હું જોઈ આવું, ડૉક્ટર વર્મા આવ્યા છે કે નહિ?' અજય જઈ તપાસ કરી લાવ્યો. ડૉક્ટર વર્મા હજુ આવ્યા ન હતા.

અમે પૉર્ચમાંથી નીચે કંપાઉંડમાં ઊતરી એક બાજુના ત્રિકોણાકાર બગીચામાં જઈ બેઠા.

બગીચાના એક ખૂણે ચંપાનું ઝાડ હતું. ચંપાનાં ફૂલોની માદક સુવાસથી આખીય હવા લથબથ હતી, અંગોને વીંટળાઈ વળી મૂર્છના ઉત્પન્ન કરતી.

ઝિલમિલ કરતી કિન્નરીની યાદ એ હવા સાથે મને વીંટળાઈ વળી. કિન્નરીને બાગકામ કરવું ગમતું.

લંડનનું એ દૂરનું પરું, નાનકડું કૉટેજ ને એમાં ઘૂંટણ સુધી શૉર્ટ્સ પહેરી કામ કરતી કિન્નરી. ઉનાળાની આછી ઠંડીમાં શરીર જરા પુલકિત થતું. મોટાં-મોટાં ગુલાબોથી બગીચો ભરાઈ ગયો હતો. બંને હાથે ગુલાબોને બથ ભરી કિન્નરી કહેતી, 'બાપ રે! આ ગુલાબો તો જુઓ! જાણે... જાણે... રજત, કંઈ ફર્સ્ટ ક્લાસ સિમીલી શોધી કાઢ ને!'

'તારી માફક મારી પણ ભૂલ થઈ કે સાહિત્યકાર થવાને બદલે ડૉક્ટર થયો.' હું હસીને જવાબ આપતો.

'તો પણ તું તો ઘણું વાંચે છે હોં! નૉવેલ્સ તો હજુય વંચાય, ભાઈ- સા'બ, પણ આ તારો ટોયન્બી ને કૃષ્ણમૂર્તિ તો માથાનો દુખાવો જ છે.' કિન્નરી હવામાં ઊડતા વાળ સરખા કરતી કહેતી.

કિન્નરી એટલે વેગવાળી નદી. એને દોડવું, વહેવું ને કશાકમાં ભળી જવું ગમતું. એને માટે અસ્તિત્વનો, જીવવાનો આનંદ જ પર્યાપ્ત હતો. જીવન શા માટે ને શા અર્થે – ના પ્રશ્નોમાં એને રસ ન હતો. અમે બંને એ રીતે નદીના

સામસામા તીરે વસનારાં હતાં ને એટલે જ એકમેક તરફ આટલું પ્રબળ આકર્ષણ અનુભવતાં હતાં. એ ફૂલોને સૂંઘતાં મેં કહ્યું, 'પણ આ ફૂલોમાં વાસ નથી, કિન્નરી!'

'ભલે ન હોય. એ તાજાં ને સુંદર છે એટલું જ બસ નથી?'

અજય મને કાંઈ કહેતો હતો. હું ચોંકી ગયો.

કેવું વિચિત્ર આ મન ને આ મનની લીલા! એક ક્ષણમાં એ ક્યાં-ક્યાં ઊડીને પાછું આવ્યું! માણસના દેહની ને મનની આટલી જટિલ, આટલી ગૂઢ શક્તિઓનો પાર અમે ક્યારે પામશું?'

એક ઘરડું, કરચલીવાળું, બોખા હાસ્યથી વહાલું લાગતું મોઢું મને યાદ આવ્યું : 'દાદીમા!'

'દાદીમા, આ હાથ-પગ, આ માંસ, એમાં લોહી – એવું બધું કોણે બનાવ્યું?'

'ભગવાન શ્રીકૃષ્ણે.'

'પણ કૃષ્ણ ભગવાનને કોણે બનાવ્યા?'

'જા હવે જા, રમવા જા.'

મન ભટકી ગામના તુલસીક્યારે બેસી આવ્યું.

અજયનો ધબ્બો વાંસામાં પડ્યો. હું એકદમ ચમકી પડ્યો.

'સૉરી હં... સૉરી. હું જરા બીજા વિચારે ચડી ગયેલો.'

'હું ઓળખું છું તને.' કહેતાં અજયે ફરી મને ધબ્બો માર્યો ને કહ્યું, 'હું પેલા વિકાસની વાત કરુ છું. યાદ છે આપણાથી એક વર્ષ જુનિયર હતો તે!'

'વિકાસ મનોહર?'

'યસ, સેઇમ ચૅપ. એ તો અહીંનો લીડિંગ ગાયનેકૉલોજિસ્ટ થઈ પડ્યો છે. સાલો એમ.

ડી. બાપની લાગવગે પાસ થયો. બાપની લાગવગે હૉસ્પિટલમાં ઘૂસ્યો ને જે બૈરાં બતાવવા આવે તેનું ઑપરેશન! રોજનાં આઠ-દસ ક્યુરેટિંગ કરતો હશે.'

'રોજનાં આઠ-દસ?'

'કદાચ વધારે.'

'પેલો લેંઘો પહેરી વૉર્ડમાં આંટા મારતો તે જ વિકાસ? પણ લોકો ઑપરેશન શું કામ કરાવે?'

'કારણ કે લોકો ગધેડા છે.' અજયના અવાજમાં હવે તીખાશ હતી. એનાં નસકોરાં લાલ થયાં ને હાથ હવામાં વીંઝતો એ બોલ્યો :

'આપણા લોકો એટલે છોકરાં પેદા કરવાનું કારખાનું. લગ્ન પછી વર્ષમાં છોકરું ન થયું તો દોડો ડૉક્ટર પાસે! વિકાસ ક્યુરેટિંગ કરે ન કરે, પણ જુવાન બૈરીને વહેલાં-મોડાં છોકરું થવાનું જ છે. પણ કહેવાય શું? ડૉક્ટરે ઑપરેશન કર્યું.'

અજય દાંત પીસી બોલતો હતો. એના ગુસ્સાનું કારણ કદાચ લોકો ઑપરેશન કરાવે તે ન હતું, એ હું સમજી શક્યો. ત્યાં એ બોલ્યો :

'અપર્ણાનાં ચાર-પાંચ પેશન્ટો લઈ ગયો.'

ડૉ. અપર્ણા અજયની પત્ની હતી ને પોતાનું નાનકડું પ્રસૂતિગૃહ ચલાવતી હતી.

બગીચાની મેંદીની વાડ પાસેથી પસાર થઈ એક ચીંથરેહાલ, વૃદ્ધ માણસ અમારી નજીક આવી ઊભો રહ્યો. નિસ્તેજ આંખો નીચે કાળા ખાડાને હાથ પર દાઝ્યાની નિશાની.

હાથ જોડી એ ઊભો રહ્યો, 'સા... બ...'

'કૌન હૈ તુમ? ક્યા કામ હૈ?' અજયે પેલાને જરા જોરથી પૂછ્યું. એ જરા ગભરાયો. નિસ્તેજ આંખો જાણે ઢળી પડી. હાથ થોડા કંપવા લાગ્યા. એ મારી તરફ જોઈ રહ્યો. 'હમ પૂછતા હૈ તુમકો, ક્યા કામ હૈ?' અજયે એને હાથના ઇશારાથી નજીક બોલાવ્યો, 'ઇધર આવ.'

'કોઈ પેશન્ટ લાગે છે બિચારો. તેં કંઈ ઑપરેશન કર્યું હતું કે?' પેલો કંપતો હાથ ને ભયથી ફિક્કો ચહેરો જાણે જીવતા રહેવાની પણ ક્ષમા માગતા હતા. લગભગ રડી પડતા તે બોલ્યો,

'સાબ... કલ સુબા હમારા લડકા કા ઑપરેશન બડા સા'બને કિયા. લેકિન કુછ બતાયા નહિ. કલસે યહીં બૈઠા હૂં, મગર વો મિલતે હી નહિ.'

'કિસકા ઑપરેશન કિયા?' અજયે પૂછ્યું ને પછી મારા તરફ ઝૂકી બોલ્યો, 'આ ડૉક્ટર ભગત, પોસ્ટ-ઑપરેટિવ ટ્રીટમેન્ટ પણ કરી નહિ હોય.'

'પેટ કા ઑપરેશન કિયા થા.'

'અચ્છા, તુમ ઉપર જાવ. હમ જા કર તપાસ કરેંગે.' અજયે કહ્યું.

પણ તે માણસ ખસ્યો નહિ, ત્યાં જ ઊભો રહ્યો. પાંપણોને પોતાના ભારથી મુકત કરતાં આંસુ ગાલ પર વહી રહ્યાં. 'સા... બ, કુછ ભી કરો, મેરા એક હી બેટા હૈ. ઉસકી ચિંતામેં દો દિનસે ખાયા નહીં.ં'

'અજય, જા, હમણાં જ એનો ચાર્ટ જોઈને જરા સમજાવ. કંઈ ટ્રીટમેન્ટની જરૂર હોય તો નર્સને સમજાવ.'

પેલા માણસની ને મારી આંખો મળી. એની આંખો નમેલી હતી, કદાચ આભારવશ બનીને. મારી આંખો પણ નીચે ઝૂકી ગઈ શરમથી. આ ઇસ્પિતાલમાં આ વૃદ્ધ, ગરીબ, ચિંતાતુર માણસ પોતાનાં દુઃખની હાહાકાર કરતી ભૂતાવળ વચ્ચે ભટકતો રહ્યો ને કોઈ માણસને એને જરા સરખીય ધીરજ આપવાની ફુરસદ ન હતી!

અજય ઊઠ્યો ને લાંબી-લાંબી ફાળ ભરતો ચાલ્યો. પાછળ લગભગ ઘસડાતો, દોડતો

પેલો માણસ ચાલ્યો.

'રિમેમ્બર, બૉય્ઝ...' ચશ્માં ઉતારી કાચ સાફ કરી પાછાં બરાબર ગોઠવીને પહેરતા ડૉક્ટર ભરૂચાનો ગંભીર અવાજ હવામાંથી ખેંચાઈ આવ્યો, 'ઍન્ડ ગર્લ્સ ટૂ. તમે જ્યારે ઑપરેશન થિયેટરમાં ઑપરેશન કરો છો ત્યારે થિયેટરની બહાર એક બીજું પણ ઑપરેશન થતું હોય છે – દર્દીનાં સ્વજનો પર. ને યાદ રાખો, એ લોકોને એનેસ્થેસિયા નથી આપ્યું હોતું. માય ડિયર સ્ટુડન્ટ્સ, થિન્ક ઑફ ધેમ વ્હેન યુ કમ આઉટ ઑફ ધિ થિયેટર.' દર્દીનાં સ્વજનોનો વિચાર કરો.

ડૉ. ભરૂચા... હતા તો એ અજયના સર્જરીના પ્રોફેસર પણ હું એમને સાંભળવા ઘણી વખત જતો. ઊંચો પાતળો ટટાર માણસ, માથા પર સફેદ વાળનો જથ્થો એક નિજનું ગૌરવ ધારણ કરતો. લોકવાયકા હતી કે એક વાર જો ડૉ. ભરૂચા દર્દીની નાડ હાથમાં ઝાલે તો ખુદ જમરાજાને પણ પાછું ફરવું પડતું.

ડૉ. ભરૂચાને ઑપરેશન કરતા જોવાય હું કેટલી વાર ગયેલો! એ જાણે સર્જન ન હતા, કલાકાર હતા. મારી આંખ આગળ દૃશ્ય ખડું થાય છે : સ્ટ્રેચરમાં અંદર લઈ આવતા દર્દી... એના પેટ પર લગાડાતું ઍન્ટિસેપ્ટિક... જનરલ એનેસ્થેશિયા આપી એને બેભાન કરાય છે. આખોય ઑપરેશનખંડ સ્તબ્ધ છે. ચમકે છે માત્ર સર્જનની આંખો. ને હાથમાંનાં સ્કૅલપલથી એ પેટ પર એક મોટો વર્ટિકલ ઇન્સીશન કરે છે. લોહીના ટશિયા ફૂટે છે. સ્નાયુઓની દીવાલ ભેદાતી જાય છે. ડૉક્ટરના કુશળ હાથ એક પછી એક નસોને ધકેલતા અંદર જાય છે. લોહી વહે છે. સહુ સ્તબ્ધ છે. કામ કરે છે માત્ર ભરૂચાના હાથ. અમે મૂંગાં-મૂંગાં જોઈ રહીએ છીએ. માનવદેહની આ અટપટી રચના અને એનો પાર પામનાર ને અમારા જ્ઞાન માટે હું ગૌરવ અનુભવું છું. પેરિટોનિયમ ખોલતાં ડૉક્ટરની આંખો દર્દનાં મૂળને શોધે છે. નર્સ એક પછી એક સૂચરની સોયો તૈયાર કરી આપી જાય છે. માંસની દીવાલોને સાંધતા જતા ડૉક્ટર અમને પેટની ઍનેટોમી ને ઑપરેશન વખતે રાખવી જોઈતી સાવધતા વિશે સમજાવતા જાય છે.

ધીરે-ધીરે સહુ વીખરાય છે. સ્ટરિલાઇઝ્ડ ગાઉન, કૅપ, માસ્ક વગેરે કાઢતાં-કાઢતાં અજય કહે છે, 'આ માણસ વાયોલિન અદ્ભુત વગાડે છે. કૅન યુ બિલીવ ઇટ?'

હા, આ વાત મનાય છે. જે કલાકારના હાથ વાયોલિન પર સંગીતની સંવાદિતા ઊભી કરે છે તે જ હાથ માનવદેહની સંવાદિતા માટે ઓજારો પકડે એની મને નવાઈ નથી લાગતી.

2

સ્મૃતિની મધુર સુવાસથી અંતર થોડું ઉદ્વિગ્ન બને છે. હવે એ બધા દિવસો રહ્યા નથી. ડૉક્ટર ભરૂચાના અવસાનનો કાગળ મેં કેટલી વાર વાંચેલો! અજયના હાથ પણ એ સમાચાર લખતાં થોડા કંપ્યા હશે. જે ડૉક્ટરની શોકસભામાં હજારો માણસ એકઠું થયું હતું... ધન્ય એ જીવતર! ધન્ય એ વિદ્યા!

આંખો પર હાથ ફેરવી હું સઘળું ભૂલી જવાની કોશિશ કરું છું. લંડનથી આવ્યાને ત્રણેક મહિના વીતી ગયા. અજયે આ ત્રણ મહિનામાં ત્રણસો વાર મને ઉપદેશ આપ્યો હતો, ફરગેટ યોર આઇડિયલ્સ. અહીં તો માણસે સેલ્સમૅન બનવું પડે છે, પોતાની જાતને વેચવી પડે છે.

અજય હજુ આવ્યો ન હતો. મેં ઊભા થઈ જોયું, પૉર્ચમાં ઊભેલી ગાડીમાંથી ડૉક્ટર વર્મા ઊતરતા હતા. વર્માની ઑફિસ આગળ જ ઊભો રહી અજયની રાહ જોઉં, એ વિચારે હું ઊઠ્યો. મારા પગ નીચે ચંપાનાં બેત્રણ ફૂલો જરા દબાયાં. સોનેરી રંગની ઝિલમિલમાં કિન્નરીની સોનેરી ઝાંયવાળી આકૃતિ જાગી ઊઠી. મેં ફૂલો ઊંચકી ખિસ્સામાં મૂક્યાં.

ડૉક્ટર વર્મા બહાર ઇન્ક્વાયરી કાઉન્ટર પર જ ઊભા-ઊભા કોઈ જોડે વાતો કરી રહ્યા હતા. બેઠી દડીનો, જાડી, ઝીણી આંખોવાળો, ટૂંકા ને જાડા હાથવાળો એ માણસ પહેલી નજરે જ શિકારની શોધમાં સાવધ કોઈ પશુનો ખ્યાલ આપતો હતો.

આમ ન થવું જોઈએ. કોઈ માણસને ઓળખ્યા વગર એના વિશે અભિપ્રાય બાંધવો ઠીક નથી. મેં મારા મનને ટકોર્યું. જરા આગળ વધી હું કાઉન્ટર પાસે જઈ ઊભો રહ્યો. ચંપાનાં ફૂલોની સુવાસ હવામાં ફેલાઈ ગઈ. નાકનાં નસકોરાં ફુલાવી હવા શ્વાસમાં ભરતાં-ભરતાં રિસેપ્શનિસ્ટે મારી તરફ જોયું.

'યસ પ્લીઝ?'

હું જવાબ આપું તે પહેલાં પૉર્ચમાંથી અંદર દાખલ થઈ એક માણસે રિસેપ્શનિસ્ટના હાથમાં એક કવર મૂકયું. કાઉન્ટર પર ઝૂકી એ બોલ્યો, 'આ દાગતર ક્યાં છે હેં?'

એ અત્યંત સૂકો હતો. શરીરની બધીય ચરબી જાણે કોઈ જોગણી ભરખી ગઈ હતી. હાંફળોફાંફળો એ આમતેમ ચકળવકળ જોતો હતો.

એણે ધરેલા કવર પર મેં નામ વાચ્યું : 'ડૉક્ટર અજય શાહ.' રિસેપ્શનિસ્ટ કંઈ જવાબ આપે તે પહેલાં ડૉક્ટર વર્માએ ચીલઝડપે એ કવર ખેંચી લીધું ને અંદરથી ચિઠ્ઠી કાઢી વાંચી. ચિઠ્ઠી અને કવરના ટુકડા કરી કારકુનના હાથમાં આપ્યા. 'ફેંક દો.' ને પેલા તરફ ફરી બોલ્યા, 'ડૉ. ભગત ઉપર ઑપરેશન થિયેટરમાં છે. પંદરેક મિનિટ બેસો. હું એમને સંદેશો કહેવડાવું છું.' ને ટૂંકાં-ટૂંકાં પગલાં એ ઑફિસ તરફ ચાલવા લાગ્યાં, ફર્શને વેંત-વેંતમાં માપતા.

એક સચોટ પ્રહારથી મારાં અંગો જાણે પળવાર બધિર બની ગયેલાં લાગ્યાં. આમ કેમ? ચિઠ્ઠી તો અજય માટેની જ હતી. સંભવ છે, કોઈ જનરલ પ્રૅક્ટિસ કરતા ડૉક્ટરે ઑપરેશનનો કેસ અજયને મોકલાવ્યો હોય!

ને એ કોળિયો હડફ કરી ડૉ. વર્માએ પોતાના મિત્રને પધરાવ્યો.

'ડૉક્ટર વર્મા...' મારો જ અવાજ મને વિચિત્ર કેમ લાગ્યો?

'યસ.' એ ઊભા રહ્યા. એમનો ચહેરો અણગમાથી જરા તંગ હતો.

'મને લાગે છે કે આપની ભૂલ થાય છે. આ ચિઠ્ઠી ડૉક્ટર ભગત માટેની નહિ, ડૉ. અજય માટેની છે.'

'કોણ છો તમે?'

'આપને ખ્યાલ નહિ હોય, પણ જો આ કવર પર આપ નામ વાંચશો...' મેં કારકુનના

હાથમાંના ટુકડાઓ તરફ હાથ લંબાવ્યો.

'તમે કોણ છો, મિસ્ટર?'

'ડૉક્ટર રજત દવે.'

'આઈ સી! ડૉક્ટર દવે, તમે અહીંના અજાણ્યા છો. હૉસ્પિટલના ઍડમિનિસ્ટ્રેશનમાં તમારે વચ્ચે બોલવાની જરૂર નથી.'

'આ સવાલ "ઍડમિનિસ્ટ્રેશન"નો નથી, "મૉરાલિટી"નો છે.' મેં કહ્યું.

હિંસક પશુ ઘુરકાટ કરી, સામના માટે તૈયાર થાય તેવો ઘુરકાટ કરી ડૉક્ટર વર્મા બરોબર મારી સન્મુખ આવી ખડા થયા. 'હલ્લો, ડૉક્ટર વર્મા!' કહેતો અજય આવીને ઊભો રહ્યો. 'લાગે છે કે તમે એકબીજાની ઓળખાણ કરી લીધી.'

ધીરે-ધીરે અમે બંને જરા પાછા હટી ગયા. અજય અમારી વચ્ચે હાસ્ય ટપકાવતો ખડો રહ્યો. મીઠાશથી ડૉક્ટર વર્મા તરફ એ બોલ્યો, 'કેમ છો, સાહેબ? વચ્ચે જરા તમારી તબિયત સારી ન હતી. હવે કેમ છે?'

'સારું છે.' કપાળ પર હાથ ઘસતાં-ઘસતાં એમણે જવાબ આપ્યો ને પોતાની ઑફિસ તરફ ચાલ્યા.

અજયે મને ઇશારો કર્યો. મારા પગ ત્યાં જ ખોડાઈ રહ્યા.

'ચાલ, તારી વાત કરવાની છે.' અજયે મારા કાનમાં ફૂંફાડો માર્યો. મને ધક્કો મારી આગળ કરી એ વર્માની પાછળ ઑફિસમાં દાખલ થયો.

'સાહેબ, આ છે મારા મિત્ર ડૉ. રજત દવે. જનરલ ફિઝિશ્યન અને ચેસ્ટ સ્પેશ્યાલિસ્ટ છે.' અજયે ઓળખાણ આપી.

ડૉક્ટર વર્માનો ઠંડો હાથ મારા હાથમાં જરા ભટકાયો ને પાછો પડ્યો.

'હમણાં જ એ લંડનથી આવ્યો છે. એ પહેલાં એડિનબરો હતો.'

'હં...'

મારું મન એકદમ જ કોઈ અણગમાથી ભરાઈ જાય છે. આ માણસ... ડૉક્ટર... આટલો વિદ્વાન... આવી પાયરીએ ચડેલો માણસ આટલો નીચ! આટલી પામરતા! કેટકેટલા અન્યાયો એને હાથે થયા હશે – થતા હશે!

'સાહેબ, હમણાં આપણી હૉસ્પિટલમાં આસિસ્ટન્ટ ઑનરરી ફિઝિશ્યનની જગ્યા ખાલી છે. એ માટે હું એમના તરફથી રિક્વેસ્ટ લઈને...'

'રહેવા દે, અજય, ફરી કોઈ વાર વાત.' હું ઊભો થઈ ગયો. 'અત્યારે તેઓ જરા કામમાં લાગે છે.'

અજયની આંખો મારાં અંગોમાં ભોંકાતી હું જોઈ શક્યો. મને ચૂપ કરવા એણે જરા ઇશારા કરી જોયા.

'યુ સી, ડૉ. અજય!' ડૉક્ટર વર્મા ગળું ખોખારી બોલ્યા, 'તમે જાણો છો ને કે આપણી હૉસ્પિટલના કાયદા-કાનૂનો કેટલા વિચિત્ર છે! વળી હું તો પૂરો કાયદામાં માનવાવાળો માણસ. ટ્રસ્ટીઓને જેને લેવો હોય તેને લે. બીજા કોઈની લાગવગ અહીં ચાલે નહીં.'

'હા જી, સાહેબ, હું ક્યાં આપને નથી જાણતો?'

'એમ કરો ને, એમની બાયોડેટા સાથે એક ઍપ્લિકેશન આપી જાઓ. જરૂર હશે તો જણાવીશું.'

પાંચ-પચાસ રૂપિયાની નોકરી માટે જાણે હું હલકો ઉમેદવાર હોઉં એમ બોલી એ ટેબલ પરનાં કાગળિયાંઓમાં ખૂંપી ગયા.

અપમાન, તિરસ્કાર ને વેદનાથી હું બળવા લાગ્યો

કેટકેટલાં વર્ષોની મારી સાધના! કેટકેટલા રોગો, એના ઉપચારો, એની આગળપાછળની કડીઓ સમજવા મેં લોહીનું પાણી કર્યું ને અહીંયાં એની કશીય કિંમત ન હતી! એક તુચ્છ જંતુની માફક મારે ઑફિસમાંથી બહાર નીકળી જવું પડ્યું. 'જરૂર હશે તો જણાવીશું.' બિલાડીના પંજા જેવા હળવા શબ્દોની પણ આવડી જબ્બર ચોટ વાગી શકતી હશે એની મને કલ્પના ન હતી – મેં બહાર નીકળી અજયને કહ્યું.

'એવી તો કંઈક ચોટ ખાવી પડશે, જો આ દેશમાં રહેવું હોય તો, સમજ્યો?' અજયે મને કહ્યું.

'ને હું જો એમ ન કરું તો?'

'તો ફેંકાઈ જશે બહાર. કાં તો પરદેશ, કાં તો ગામડું. રજત, રસ્તાને નાકે બેઠેલા પેલા કંદોઈ જેવા કેટલાય ડૉક્ટરો તેં નથી જોયા? પાશેર-અચ્છેર તોળી આપે એમ બે-ચાર દર્દીઓ પાસેથી રળી ખાવાનું. બાકી જો પ્રેક્ટિસ, જમાવવી હોય ને નામ કમાવું હોય તો મોટી હૉસ્પિટલોમાં ઘૂસવું.' અજયે મને કહ્યું. કદાચ આ એનો ત્રણસોમી વારનો ઉપદેશ હતો.

'અજય, કીર્તિ કે પ્રેક્ટિસ, એવડી મોટી લાલચ છે કે મારે મારું સ્વમાન વેચવું પડે ને અન્યાયને સહન કરી લેવો પડે?'

'હજુ હૉસ્પિટલમાં પગ નથી મૂક્યો, ત્યાં વળી તને શેનું ન્યાય-અન્યાયનું પૂંછડું વળગ્યું?'

હું જરા અચકાયો. મન ચણચણ્યું. અજયને પેલી ચિઠ્ઠીવાળી વાતની ખબર ન હતી. કહું... ન કહું?... વિચારોના ઝપાટે મનની ચક્કી એક-બે વાર આમતેમ ફરી સ્થિર થઈ ગઈ.

મેં એને ડૉક્ટર વર્માએ એના પેશન્ટને ડૉક્ટર ભગત પાસે કેમ મોકલ્યો એની વાત કરી.

અજય જરી વાર મૂંગો રહ્યો. 'આઈ સી...', 'આઈ સી...' એમ બે-ત્રણ વાર બોલ્યો ને પછી લાગેલી ધૂળ ઝાટકતો હોય એમ માથું હલાવી આ પ્રસંગને એણે ઝાટકી નાખ્યો.

'ગળી જવાનું, યાર, ચૂપ રહેવાનું, બીજું શું?' એ હસીને બોલ્યો.

અજયનું આ હાસ્ય રેતીના ઢગ જેવું... ધીરે-ધીરે એ સરી ગયું. ચહેરો સ્પષ્ટ બન્યો.

'તું નવો છે, દોસ્ત! અહીં રહેશે એટલે તને સમજ પડશે કે આ અન્યાય, આ જૂઠ એ સમસ્ત દેશનાં કૅન્સરમાં ખોખલાં થઈ ગયેલાં અંગો છે. તું કે હું એને ઑપરેશન કરી બહાર કાઢી શકીએ એમ નથી. Cancerian Cells – ધે વિલ ડાય વિથ પેશન્ટ. આ દેશ ખવાઈ જશે એનાં જ કૅન્સેરિયન સેલ્સથી. મરવા દે સાલાને!'

અજય કેટલો બધો સાચો હતો!

અજય પહેલેથી ડાહ્યો છે, છતાં મારામાં એવું ડહાપણ આવી શકતું નથી.

મુંબઈની સડકો પર કીડિયારું ઊભરાય છે. હજારો-લાખો માણસો દોડતા જ રહે છે. એ બધાને જીવનમાંથી શું પામવું છે? શી સાર્થકતા કાજે આ ચેતનવંતાં નરનારીઓ ચેતનહીન સડકો પર ભટકતાં રહે છે?

હું બેકાર છું. કોઈ વાર મધુકર મળવા આવે છે. કોઈ વાર હું એકાદ પુસ્તક લઈ વાંચું છું :

'ધર્મના પાયા પર અર્થ હોવો જોઈએ એને સ્થાને આજ અર્થના પાયા પર ધર્મને બેસાડી આપણે સમાજની ઘોર ખોદી રહ્યા છીએ. મનુષ્યની અને મનુષ્યોએ રચેલા સમાજની સર્વ પ્રવૃતિઓનું માત્ર એક લક્ષ્ય – તે સંવાદિતા, સમગ્ર સૃષ્ટિના સઘળા તારોની સંવાદિતા...'

પુસ્તક બાજુ પર મૂકી હું ઉદાસ-ભાવે બહાર જોઉં છું.

બહાર બપોરે સડકોમાં મુંબઈ શહેર અકળાતું, તરફડતું નજરે આવે છે. મુંબઈ શહેરને કોઈ હવામાન નથી. નથી ઉનાળો, નથી ઠંડી. અહીંનું હવામાન કેવળ પૈસાનું. બૅરોમિટરનો પારો કાળાં નાણાંની ગરમી કે ઠંડી સાથે ઉપર-નીચે જાય છે.

મુંબઈ આત્મા વગરનું યંત્રમાનવ છે, તે માટે બધા જ એમાંથી ટંકશાળ બનાવવા મથી રહ્યા છે.

'હલ્લો, રજત!' પાછળથી આવીને મધુકર મારી પાસે બેસી ગયો. એ જાણી જોઈને મને 'ડૉક્ટર' કહેતો નથી. મારી ને એની મૈત્રી એ સંબોધનની આભડછેટ અનુભવે છે.

'હલ્લો, મધુકર, બેસ.'

આમ તો હું અજયનો મહેમાન છું. અજયના ઘરમાંથી એક કમરો રહેવા માટે મને અપર્ણાએ કાઢી આપ્યો છે. લંડનથી આવ્યો ત્યારથી છએક મહિનાથી હું એમનો જ મહેમાન છું. મહેમાન શબ્દથી અપર્ણા ચિડાતી તોપણ બીજે કશે ક્યાંય રહેવા ન જવા દેવાની એની પ્રતિજ્ઞા આગળ મારી થોડી આનાકાની ઓગળી ગઈ છે.

મધુકર મારી ને અજયની સાથે જ કૉલેજનાં પ્રથમ વર્ષોમાં હતો. ઇન્ટર સાયન્સ થઈ એ એગ્રિકલ્ચરમાં ગયો. 'ભારતમાં ઘી-દૂધની નદીઓ વહેતી કરવી છે. હરિયાળી ક્રાંતિની સાથે-સાથે શ્વેત ક્રાંતિ.' એ ટેબલ પર મુક્કી પછાડી કોઈ વાર બોલતો ત્યારે એ સત્તર વર્ષનો હતો. અમે પણ એવડા જ હતા ને? એટલે એ બોલતો ત્યારે બધું સાચું જ લાગતું, અમે પણ જેમ ઔષધશાસ્ત્રમાં ક્રાંતિકારક શોધોની વાતો કરતા હતા તેમ.

'શ્વેત ક્રાંતિ' મધુકરનો જીવનમંત્ર હતી. ક્યાંથી આ છોકરાને ગાયભેંશોનું ઘેલું લાગ્યું હતું, પ્રભુ જાણે! પણ એ એની ઘેલછા જ અમારા બે વચ્ચે એક સૌહાર્દનો સેતુ રચી આકર્ષતી હતી.

'દુનિયાનાં તમામ ઢોરોની વસ્તીનો ત્રીજો ભાગ ભારતમાં છે, છતાં આપણી સ્થિતિ જુઓ. ક્યાં આપણી ગાયો, ક્યાં પરદેશની! આપણી ગાયો તો ખેતરમાં ચરતી હોય તો આઘેથી કૂતરું છે કે ગાય એ ખબર ન પડે.' મધુકર અફસોસ કરતો. એક વાર એ આમ બોલેલો ત્યારે અજયે ખડખડાટ હસીને કહ્યું, 'ખેતરમાં બૈરી હોય તો-તો ખબર પડે ને? પછી ગાય-કૂતરાની ખબર ન પડે તો શો વાંધો છે, યાર!' મધુકરને ચીડવવા સ્તો.

ગાયને બૈરી કરતાં ઊતરતી ગણી માટે તે દિવસે મધુકર ચિડાયો, રિસાયો. પછી એને ઘરે જઈ હું ને અજય એને મનાવી લાવેલા.

'બોલ, શી ખબર છે? શું વાંચે છે?' મારી બાજુમાં પડેલું પુસ્તક લઈ એણે નામ વાંચ્યું. 'ભારતીય સંસ્કૃતિ... ભાવિની તારણહાર.'

મધુકર ખડખડાટ હસી પડ્યો. એ હાસ્યમાં માણસ પોતાના ઘાને ખણી નાખે તેવી હિંસક વૃત્તિ હતી. એ બોલ્યો :

'ભારતીય સંસ્કૃતિ પૈસા કે પદમાં માનતી નથી, આધ્યાત્મિક ઉન્નતિમાં માને છે. પણ ભારતવાસીઓ તો પૈસા ને પોઝિશનમાં જ માને છે, એવું સત્ય આમાં લખ્યું છે?'

મધુકર તરફ જોઈ રહેતાં એ ચહેરો જુદો લાગે છે. ગાયને ચરાવતા પેલા સત્તર વર્ષના છોકરાને સ્થાને સત્તાવીશ વર્ષનો આધેડ, દુનિયાથી દાઝેલો માણસ બેઠેલો જણાય છે. એ ચહેરો કેટલો બધો ઝાંખો અને નિસ્તેજ થઈ ગયો છે! આંખોનું ઉજ્જ્વળ હાસ્ય નીચેનાં કાળાં ધાબામાં લુપ્ત થઈ ગયું છે.

'એ સત્ય જો સનાતન સત્ય બનશે તો કદાચ એ પણ લખવું પડશે.' મેં કહ્યું.

મધુકર ઊછળી પડ્યો. 'યુ ઍન્ડ ઑપટીમિઝમ! રજત, તું નવો છે. આ દેશમાં જરા રહી જો. તને સમજાશે કે આ દેશમાં હવે નાગા માણસો સિવાય કોઈ રહી શકવાનું નથી.'

મારો ચહેરો કદાચ ખેંચાયો હશે એટલે એ ટેબલ પર મુક્કી પછાડી બોલ્યો, 'નાગા એટલે કાં તો સાવ ભિખારી ને કાં તો તદ્દન લાજ વગરના. મારા-તારા જેવાઓએ હવે અહીંથી આબરૂભેર નીકળી જવું જોઈએ.'

મધુકરનો ગુસ્સાથી તમતમતો ચહેરો ધીરે-ધીરે અસંખ્ય... અગણિત ચહેરાઓમાં

પલટાતો જાય છે. અતલ હતાશા, બેકાબૂ સંજોગો ને નિષ્ફળ ક્રોધથી પીંખાઈ ગયેલા ચહેરાઓ.

ઉત્સાહ અને ધગશથી થનગનતા યુવાનો જ્યારે સરકારી તંત્ર ને જનતાની અઘોર પ્રમાદી શિથિલ વૃત્તિઓ વચ્ચે ફસાઈ જાય છે ત્યારે આવા ચહેરાઓ સર્જાય છે – અનેક રંગોનાં ધાબાં નીચે પોતાની સુરેખતા ખોઈ બેઠેલા ચહેરાઓ.

મધુકર ડેરી સાયન્સનો અભ્યાસ કરી પાછો આવ્યો પછી સરકારી નોકર બન્યો હતો, જેમાં નોકરી સરકારની ફાઇલોની હતી, ગાય-ભેંસોની ન હતી.

'આપણે બધા જ જો દેશ છોડી જઈશું તો પછી અહીંયાં રહેશે કોણ?'

'રહેશે કોણ? ગીધડાં!' મધુકરે બંને હાથ મસળતાં કહ્યું. એ ફૂલેલાં નસકોરાં ને લાલ થઈ આવેલો ચહેરો હું જોઈ રહ્યો.

'તું નથી માનતો, રજત? કારણ કે તું નવો આવેલો છે. મને પરદેશથી પાછા ફર્યાને પાંચ વર્ષ થઈ ગયાં. હું જોઉં છું કે આ દેશમાં એક બુદ્ધિશાળી, સંસ્કારી, ભદ્ર વર્ગ મરી પરવારતો જાય છે. અત્યારે સમાજમાં એક વર્ગ ઊભો થયો છે, જેનું નામ છે સ્થાપિત હિતોનો વર્ગ. આપણે નાત, જાત, ધર્મનું બધું છોડી માત્ર આપણા સ્વાર્થોનો સંઘ રચ્યો છે. પટાવાળાઓનો સંઘ, અધિકારીઓનો સંઘ, ખેડૂતોનો સંઘ... આ સંઘો પોતપોતાના સ્વાર્થ માટે આજે દેશમંથન કરી રહ્યા છે ને એમાંથી નીકળી રહ્યું છે માત્ર ઝેર.'

મધુકરનો આવો વાણીપ્રવાહ મેં પહેલાં પણ સાંભળેલો. ત્યારે એમાં સપનાના કેફમાં ચકચૂર ઝરણાનું નર્તન હતું. આજે એની વાણી કટુ હતી. રણના વિસ્તારમાં શૂન્ય થતી જતી સરસ્વતીની શૂન્યતા જો સમજાય તો એ સમજાય કદાચ.

'મધુકર, ચા લેશે?'

'આપો, જો દૂધ હોય તો.'

'કેમ એમ બોલે છે? એટલું દૂધ ઘરમાં નહિ હોય શું?'

'થોડાં વર્ષો પછી નસીબદાર હશો તો ચા પામશો.'

'થોડાં એટલે કેટલાં?' મેં પૂછ્યું.

'પચીસેક!' અપર્ણાએ કેડ પર હાથ મૂકી સુંદર ભ્રૂભંગ રચતાં કહ્યું. એના મોઢા પરથી હાસ્ય ઝમતું હતું. કદાચ એ આને મધુકરની મશ્કરી સમજી હશે.

'કદાચ એટલાં જ.'

'પણ ત્યારે તું શું મોથ મારવા પરદેશ ગયો'તો? અમને ચા પાવા જેવુંયે નથી શીખી લાવ્યો?'

હાસ્ય એકદમ બહાર ફૂટી નીકળ્યું. અપર્ણા મધુકરના ખભા પર હાથ મૂકી બોલી, 'મધુકર, હું તો મશ્કરી કરતી હતી. કોઈક વાર મને લાગે છે કે જો આપણે હસીશું નહિ તો રડીરડીને મરી જઈશું. તારી મુશ્કેલીઓ હું જાણું છું.' કહી ચાનું કહેવા એ બહાર રસોડા તરફ ગઈ.

મધુકર ઊંડો શ્વાસ લઈ બોલ્યો, 'વન્ડરફુલ! આઈ મીન, અપર્ણા!' અપર્ણા ખરે જ અદ્ભુત સ્ત્રી છે. એક વાર એની પાસે આવેલો દર્દી એની દવાનો, હાસ્યનો બંધાણી થઈ જાય છે. અપર્ણાનું હાસ્ય શીતળ પવનની લહરી માફક સર્વત્ર ફરી વળે છે. થોડી વારે અપર્ણા ચાની ટ્રે લાવી ટેબલ પર ગોઠવતાં બોલી :

'દિલ્હી ક્યારે જાય છે? પહેલાં એક વાર જમવા આવજે...'

'નક્કી નથી. કદાચ આ માસના અંતમાં ચાલ્યો જઈશ.'

'દિલ્હી શું કામ?' મેં પૂછ્યું.

'કારણ કે હું દિલ્હી નોકરી કરું છું.'

'ઓહ!' આમ જુઓ તો મને આવ્યાને છએક મહિના થયા હતા ને મધુકર બે-ત્રણ વાર મળેલોય ખરો, પણ એ દિલ્હી હતો એની મને ખબર ન હતી.

'સૉરી. જોકે મને એમ કે કોઈ રૂરલ એરિયામાં કોઈ મોટી ડેરી હશે, ઘણીબધી ગાય-ભેંસો હશે ત્યાં...'

મધુકર હસી પડ્યો. 'માય ડીયર સર, હું સરકારી અમલદાર છું. મારે સરકારની સાથે રહેવાનું છે.'

'પણ તો પછી તારા જ્ઞાનનો શો ઉપયોગ?'

'એનો ઉપયોગ કરવાનો છે એની જ કોઈને ખબર નથી.'

'મધુકરે એક સરસ યોજના બનાવેલી. કંઈક પરદેશથી ત્યાંના ઉત્તમ સાંઢોનું Frozen Semen મંગાવવું ને એવું કંઈક. ખરું ને, મધુકર? પછી શું થયું એનું?'

'કંઈ નહિ. એ વિશે અભ્યાસ કરવા એક સમિતિ નિમાઈ છે. એ દરમિયાન આ યોજના વિશે વધુ જાણવા અમારા મિનિસ્ટર સ્કેન્ડિનેવિયન કન્ટ્રીઝમાં સહકુટુંબ ફરી આવ્યા તે વધારામાં.'

મારા અંતરમાં ધીરે-ધીરે એક વેદનાનો પરપોટો ઊઠ્યો ને ફૂટી ગયો. આ પાંચ નદીઓનો પ્રદેશ, જેના ઇતિહાસનાં પાને-પાને સંસ્કૃતિનાં શિખરો ને પતનની ખીણોનાં દર્શન થાય છે, એનું છેલ્લું પૃષ્ઠ ક્યાં લખાશે? શિખર પર કે ખીણમાં?

અકથ્ય પ્રમાદ, ઘોર બેદરકારી ને બેફામ ખર્ચાઓનો અંત ક્યાં હોઈ શકે? આવડા મોટા પ્રશ્નોની સામે સરકારી તુમારો, વંધ્યા પરિષદો ને નેતાઓના અર્થહીન પ્રલાપો જરા સરખુંય ગાબડું પાડી શકતાં નથી – શકવાનાં નથી.

'પણ કોઈ કેમ કાંઈ વિચારતું નથી?' મેં પૂછ્યું. એ પશ્નની વ્યર્થતા કે બાલિશતા મને તરત જ સમજાઈ પણ ખરી.

'કંઈ કરવાની જરૂર નથી. ભગવાનને જે કરવાનું છે તે કરશે. આપણને ઠેકાણે કરશે બીજું શું?'

અપર્ણા અમારી વાતચીત રસપૂર્વક સાંભળતી હતી. મધુકર ગુસ્સામાં ચા એકસાથે ગટગટાવી ગયો ને મને કહ્યું :

'રજત, ગો બૅક. હા. તારે જો ગંધારી સડેલી નોટોનું મ્યુઝિયમ ખોલવું હોય તો કદાચ તને તક છે. કોઈ પાર્ટીને ચૂંટણી વખતે મદદ કરજે. ગામડામાં કૅમ્પ-બૅમ્પ ખોલી દર્દીઓને મફત તપાસી આપજે. ભવિષ્યમાં પાર્ટીનો નેતા તારી તરફ કદાચ રોટલાનો એક ટુકડો પણ ફેંકશે. બાકી તું કામ કરવા માગે છે, તો પાછો જા.'

'પાછો આવ.' કિન્નરીએ પણ લખેલું. થોડી વારે મધુકર અમારી વિદાય લઈ ઊઠ્યો.

'જરા નિરાંતે આવ, ગપ્પા મારીશું.' અપર્ણાએ એને કહ્યું ને મધુકરને જમવા બોલાવવાની તારીખ પણ ડાયરીમાં જોઈ નક્કી કરી.

'અરે યાર, તમારી તો બહુ જબરી સોશ્યલ લાઇફ દેખું છું ને શું?' અપર્ણાની ડાયરી જોઈ મધુકર બોલ્યો. અપર્ણાની ડાયરીનાં લગભગ બધાં જ પાનાં ડિનરો કે કૉકટેલ્સથી ભરપૂર હતાં.

અપર્ણાએ ધીરે-ધીરે ઊંચું મોં કરી મધુકર તરફ પળવાર જોયું. એના ચહેરા પરથી એક આછી વાદળી પસાર થઈ કે શું!

'મારું ચાલે તો આ બધાં પાનાં ફાડી નાખું.'

એ અવાજમાં રહેલી કોઈ ગૂઢ વ્યથા મારી ભીતર પ્રવેશી ગઈ. અપર્ણાનો ચહેરો આટલો મ્લાન મેં પૂર્વે જોયો ન હતો. 'રહેવા દે. આ બધાં તો ઉપર ચડવાની નિસરણીનાં પગથિયાં છે.

તારે માટે નહિ તોપણ અજય માટે તો ખરાં જ.' મધુકરે કહ્યું.

'હા, એને માટે જ. સાચું કહું તો મને એ પણ સમજાતું નથી કે તમે બે અજયના મિત્રો કેવી રીતે થઈ શક્યા!'

'ડૉક્ટર અપર્ણા, આપને ખબર તો હશે કે નિસરણી હંમેશાં જમીન પર ટેકવવી પડે છે. અમે બંને જણા નિસરણીની નીચે હોઈએ તો જ સારું લાગે.' મધુકર જરા હસ્યો ને પછી જરા આગળ વધી અપર્ણાના ખભા પર હાથ મૂકી સ્નેહપૂર્વક બોલ્યો :

'અપર્ણા, અજયને ખબર નથી કે એની નિસરણીની નીચે નક્કર ભોંય તું જ છે. નહિતર એ હવામાં બાચકાં ભરવા આ ડાયરીનાં પાનાંઓ ન ભરત.'

મધુકર ચાલ્યો ગયો. અપર્ણા જરા ક્ષુબ્ધ થયેલી, જરા આનંદિત, મારા તરફ જોઈ, જરા ગૂંચવણભરેલું હસી નીચે ચાલી ગઈ.

3

કદાચ મારે નસીબે જ તે વખતે બે મ્યુનિસિપલ હૉસ્પિટલોમાં આસિસ્ટંટ ઑનરરી ફિઝિશ્યનની જગ્યા ખાલી પડી હતી. શેઠ ધરમદાસ કરમદાસ હૉસ્પિટલમાં મેં અરજી તો કરી જ હતી, પણ ઊંડે-ઊંડે મારી ઇચ્છા મ્યુનિસિપલ હૉસ્પિટલમાં જગ્યા મેળવવાની હતી, કારણ કે એ હૉસ્પિટલો સાથે મેડિકલ કૉલેજો સંકળાયેલી હોય છે. ખાનગી હૉસ્પિટલોમાં એવું નથી હોતું, પણ તમે પૈસા ઘણા કમાઈ શકો છો.

'મ્યુનિસિપલ હૉસ્પિટલમાં નામ બહુ મળે, બાકી કામ બધું મફતિયા.' અજયે કહેલું. પણ કદાચ મારે દામ કે નામ સાથે સંબંધ ન હતો એટલો કામ સાથે હતો.

કોઈ-કોઈ વાર ડૉ. રમણ શાહને મળવા હું મ્યુનિસિપલ હૉસ્પિટલમાં જતો. રમણ ને મેં સાથે જ હાઉસમૅનશિપ કરેલી ને રમણ ડૉ. ઓઝાના હાથ નીચે રજિસ્ટ્રાર થયો ત્યારે હું લંડન ચાલ્યો ગયો. રમણને મળવા જવા એ હૉસ્પિટલમાં પગ મૂકતો ત્યારે કોને ખબર કેમ પણ તિરસ્કાર અને કરુણા બંને એકીસાથે મારા હૃદયમાં ઊભરાઈ આવતાં. રંગરોગાન વગરની એ જૂની ઇમારત, એમાં ઊભરાતી કીડિયારા જેવી દુઃખી, દરિદ્ર માનવજાત, અત્યંત નિઃસ્પૃહભાવે ફરતા કર્મચારીઓને જોતાં મારી છાતી ફાટવા લાગે છે. સ્વર્ગમાં જવાના પરવાના જેવા ઓ. પી. ડી.ના કેસનાં કાગળિયાં લઈ આમથી તેમ ભટકતાં દર્દીઓ જોઈ મારું મન ગ્લાનિથી ભરાઈ જાય છે.

ખોં... ખોં... ખોં... પરસાળમાં બેસી એકસરખી ઉધરસ ખાઈ રહેલા પેલા યુવાનના ચહેરા પર મોતની લિપિ અંકાતી હું જોઈ શકું છું.

પોષણહીન ખોરાકથી ગળાઈ ગયેલાં શરીરો ને માંદલા, નિરુત્સાહી ચહેરાઓ પર કોઈ જાદુઈ લાકડી ફેરવી દેવાનું, એમને સ્વસ્થ, તંદુરસ્ત ને પ્રાણવંતા બનાવવાનું મન થઈ આવે છે.

ને આ અનંત કતારોનો અંત આવતો જ નથી. ઘણીબધી જરૂર છે દેશને હૉસ્પિટલોની, ડૉક્ટરોની.

અજયના ઘરમાં વરંડામાં બેસી હું મારું ભાગ્ય ખૂલવાની રાહ જોઉં છું.

ઇન્ટરવ્યૂની તારીખો નજીક આવતી જાય છે. અપર્ણા મારી અકળામણ સમજી શકે છે. એના વર્તનમાં સ્નેહ અને સમજની માત્રા વધુ ઉમેરાય છે. અજય બેફિકરાઈનો ઢોંગ કરે છે. પણ હવામાં રહેલું તંગ મનોદશાનું વાતાવરણ વધુ ઘૂંટાતું રહે છે.

ઇન્ટરવ્યૂની તારીખ અને સમય અંતે આવી પહોંચ્યાં. ઘરેથી નીકળ્યો ત્યારે અપર્ણા ન હતી, નીચે ઑપરેશન થિયેટરમાં હતી. દાદર ઊતરતો હતો ત્યાં દોડતી સિસ્ટર આવી.

'ડૉક્ટર!'

મેં પાછા ફરી જોયું. સિસ્ટર મિસ ગોરેગાંવકર ઊભી હતી. એના હાથમાં એક ચમચી હતી.

હું હસવા લાગ્યો. આમેય ખેંચાઈને તંગ બનેલા સ્નાયુઓને રીલૅક્સ કરવા પણ મારે હસવું જરૂરી હતું.

'હું દર્દી નથી, સિસ્ટર! ભૂલથી કોઈની દવા મને નથી પાતાં ને?' મિસ ગોરેગાંવકર લજવાઈ ગઈ. નાની ઉંમરની – તાજી જ નર્સિંગમાં પાસ થયેલી મારી મશ્કરી ન સમજતાં ઉતાવળી-ઉતાવળી એ બોલી ઊઠી :

'નાહી. તુમિ ઇકડે પેશન્ટ કુઠે હો?'

પણ પછી અપર્ણાના પ્રસૂતિગૃહનો હું પેશન્ટ હોઉં જ કેવી રીતે એ વિચારે એ એકદમ લજવાઈ ગઈ ને શુકનના દહીંની ચમચી મારા હાથમાં આપી દઈ એ અંદર દોડી ગઈ.

કોઈ કોમ્પ્લિકેટેડ કેસમાં આજ સવારથી અપર્ણા ગૂંચવાયેલી છે તે છતાં મને શુકન કરાવવાનું ભૂલી નહિ. ને આમેય માનવશરીરનાં વિવિધ રહસ્યોને જાણતી, વૈજ્ઞાનિક દૃષ્ટિથી જન્મ અને મૃત્યુને જોઈ શકનારી ડૉક્ટર અપર્ણા આ દહીંની ચમચી વડે મારો માર્ગ નિર્વિઘ્ન થશે એવું માનતી પણ હતી.

વેઇટિંગ રૂમ ખીચોખીચ ભરેલો હતો. આશરે પંદરેક જેટલા ઉમેદવારો હતા. એકમેકને નિહાળતા અમે શાંતિથી બેસી રહ્યા હતા. કદાચ ત્રિરાશીની રકમ જુદી મંડાય તોપણ જવાબ તો એકનો એક જ આવવાનો છે એની અમને બધાને ખાતરી હતી. બધા ઉચ્ચ ડિગ્રીધારી ડૉક્ટરો હતા.

ઇન્ટરવ્યૂના ખંડમાં હું પ્રવેશ્યો ત્યારે કોઈ ચારેક વ્યક્તિઓ બેઠેલી હતી. બે જણા મારી બાયોડેટા તપાસતા હતા ને બીજા બે ઉપર સીલિંગ તરફ જોતા હતા. એકને હું તરત જ ઓળખી શક્યો. એ હતા ડૉ. દેસાઈ – અમારા મેડિસિનના પ્રોફેસર, નામાંકિત ફિઝિશ્યન. કહેવાતું કે એમની ઍપોઇન્ટમેન્ટ લેવી એ દેવોનેય દુર્લભ કામ હતું ને એક વાર એક અત્યંત તાકીદના કેસ માટે એમણે સવારના પાંચ વાગ્યે પણ પેશન્ટને ઍપોઇન્ટમેન્ટ આપી હતી.

એમની આંખોમાં એક્સ-રે હતો. મેડિકલ વૉર્ડમાં એમનું ડાયગ્નોસિસ સાંભળવા ને સમજવા વિદ્યાર્થીઓની ભીડ મચી રહેતી હતી.

એ ટોળામાંનો હું પણ એક હતો. એ મને ન ઓળખી શકે તેની નવાઈ ન હતી.

હું થોડી વાર ઊભો રહ્યો. અંતે વાંચવામાં ડૂબેલી વ્યક્તિએ ઊંચું જોયું ને મને કહ્યું, 'બેસો.' સફેદ ખાદીના ધોતિયા ને ઝભ્ભાની ફ્રેમમાં જાણે કોઈએ જરીપુરાણા સામાનવાળા વેપારીનો ફોટો મૂકી દીધો હોય તેવું લાગતું હતું.

થોડી વાર ચૂપકીદી છવાઈ ગઈ. અચાનક એક કર્કશ અવાજ કાને અથડાયો, 'તમે લંડનથી અહીં શા માટે આવ્યા?'

અણધાર્યા ખૂણેથી પ્રશ્ન-પથ્થર અથડાયો. હું સ્વસ્થ થાઉં તે પહેલાં ડૉ. દેસાઈએ પૂછ્યું, 'લંડનની ડિગ્રીઓનો મોહ તમને શા માટે હતો? શું આપણી પોસ્ટગ્રેજ્યુએટ ડિગ્રી તમને પૂરતી ન હતી?'

'તમે હવે જઈ શકો છો!' ખાદીની ફ્રેમે મને કહ્યું.

થોડી વાર હું ખુરશીમાં જડાઈને બેસી રહ્યો – મારાં અંગો જાણે કોઈ બીજાનાં હોય કે જાણે મારી નર્વ્ઝ કામ કરતી બંધ થઈ હોય તેવી રીતે. બસ? ઇન્ટરવ્યૂ પૂરો?

પછી હું ધીરે-ધીરે ઊઠ્યો, બહાર આવ્યો. થોડા છૂટાછવાયા ઉમેદવારો પ્રશ્નાર્થદૃષ્ટિથી મારી તરફ જોઈ રહ્યા હતા. હું નીચે ઊતરી ગયો.

બપોરના એકનો સમય હતો. હૉસ્પિટલના કંપાઉંડની બહાર નીકળતાં મારું આખુંય શરીર કોઈ ગરમીથી બળી રહ્યું હતું. કોઈ વિફલતા, અસહાયતાથી મને આક્રોશ કરવાનું, મોટેથી ચીસ પાડવાનું મન થયું. હું કોણ હતો? કેવી-કેવી મહત્ત્વાકાંક્ષાઓ લઈ અહીં પાછો ફર્યો હતો! આ ઘોર અપમાન માટે? છાતીમાં જોરથી હથોડો ઠોકાતો હતો. ડૉ. દેસાઈએ મારા જ્ઞાનની, અનુભવોની કોઈ ચકાસણી કરવા જેટલી પણ ગણતરી ન રાખી?

ટૅક્સી વિશાળ રાજમાર્ગ પર પોતાનો માર્ગ કરી દોડતી હતી. ચારે બાજુ ભીડ, કોલાહલ ને જીવનનો સંઘર્ષ પૂરજોશમાં મચેલાં હતાં. પગપાળા, વાહનોમાં દોડતા આ માણસો, ચણા વેચનારો પેલો છોકરો, ગલીને નાકે લૉટરીની ટિકિટ વેચનારો આંધળો, અસહ્ય બોજને હાંફતાં-હાંફતાં ખેંચી રહેલો હાથગાડીવાળો... સહુને માર્ગ મળી ગયો છે. સહુ જિંદગીની આ સરકતી ક્ષણો પરથી સરકી રહ્યા છે.

માત્ર હું ઊભો છું – વિફલ, હતાશ, મારા વિદ્યાધનની ઝોળી લૂંટાવવા જગતના બજારમાં

ઊભેલો... જ્યાં એ ધન તરફ કોઈએ નજર સુધ્ધાં નાખી ન હતી.

ઘેર પહોંચ્યો ત્યારે અપર્ણા મારી રાહ જોતી હતી.

'ચાલ જમવા.'

હાથ-મોં ધોઈ હું ડાઇનિંગ ટેબલ પર બેસું છું. રોટલીનો એક ટુકડો લઈ એને મોંમાં ધકેલી પરાણે-પરાણે ગળા નીચે ઉતારવા મથું છું, પણ એ ટુકડા સાથે પથ્થરો ચોંટી ગયા છે, અપાર પીડા કરે છે.

'રજત, વૉઝ ઇટ ધૅટ બૅડ?' અપર્ણા મને પૂછે છે.

રોટલીનો ટુકડો ગળા નીચે ઊતરી ગયો. હું થાળી તરફ જોતો બેસી રહ્યો. 'રજત, તું આટલો સુકુમાર ને નાજુક થશે તો અહીંયા પ્રૅક્ટિસ કેમ કરશે?'

ઢોંગ કરવાનો હવે કોઈ અર્થ નથી. મારો અવાજ જાણે આક્રંદમાં પલટાઈ જાય છે. 'અપર્ણા, બિલીવ મી, મને કોઈએ ધક્કો મારી બહાર કાઢ્યો હોત તો ખરાબ ન લાગત. પણ આ ઉપેક્ષા? ત્યાં ખુરશી પર બેઠેલા પેલા માણસો... એ મારો સબ્જેક્ટ જાણે! મારું જ્ઞાન, મારી શક્તિ – કશાનું એમને ભાન હતું ખરું? માઇક્રોસ્કોપની નીચે ટી. બી.નો બૅક્ટેરિયા પણ એ લોકો પારખી શકવાના છે ખરા?'

અપર્ણા, સૂકું ઘાસ તરેડાટી બોલાવે તેવું હસી, 'રજત, તું એમ માને છે કે એ લોકો બધા જ ડૉક્ટરો હતા?'

'નહિ તો?'

'શા માટે ઊંડા પાણીમાં ઊતરવું? ગૂંગળાઈ મરવા?'

એક પળ મને લાગ્યું કે મને ઊલટી થઈ જશે. અપર્ણાના ચહેરા તરફ જોતાં વહેમ પણ પડ્યો કે મશ્કરી નથી કરતી ને? આવું બની શકે? તબીબી-વિદ્યાની એક બહુ મોટી, અટપટી શાખાના નિષ્ણાતની પરીક્ષા એક સામાન્ય, ખુરશી પર ચડી બેઠેલાઓને હાથે?

અસહ્ય દુઃખ અને અપમાનથી મારી આંખો બળવા માંડે છે. મૃત્યુની ગુફામાં ઊભેલા ને પ્રચંડ દીવાલ સાથે માથું અફાળી માગ માગતા દર્દીઓની પીડા હવે સાકાર થાય છે. ઘોર નિરાશામાં હું કેવળ હાથ વીંઝું છું.

અપર્ણા કહેતી હતી, 'તું ઓળખે છે પેલા ડૉ. દેસાઈને?'

ડૉક્ટર દેસાઈ? હા, એ પણ ઇન્ટરવ્યૂ લેવામાં સાથે હતા. એ બેઠી દડીનો, લુચ્ચી આંખોવાળો માણસ મારી નજર સામે તરી આવ્યો.

'આજ સવારે ડૉ. મિસિસ ગાયતોંડેનો ફોન હતો. એ એની મીનાના વર માટે ટ્રાય કરતી હતી. આમતેમથી ઘૂસી ખબર લઈ આવી છે કે આ પોસ્ટ તો હમણાં ભરાવાની નથી. આ ઇન્ટરવ્યૂ એક મોટું નાટક છે.'

'પણ શું કામ?' મને લાગ્યું કે હું મૂર્ખ હતો, નાટકનો રસ ન સમજી શકનાર કોઈ બોથડ હતો. બાકી મારી એન્ટ્રી, અમારા ડાયલૉગ્ઝ, અમારી સિચ્યુએશન, શું એક ફર્સ્ટ ક્લાસ ફારસ જેવી ન હતી?

'ડૉ. દેસાઈનો છોકરો ફાઇનલ એમ.બી.બી.એસ.માં છે. એ એમ. ડી. થાય એને માટે આ પોસ્ટ રિઝર્વ્ડ રાખી છે.'

'પણ એ તો મારો ઇન્ટરવ્યૂ લેવામાં હતા?'... ના, નકામું પૂછ્યું. લેખકને અભિનેતા ને અભિનેતાને શું લેખક થવાનો હક્ક નથી?

નાટકના પડદા પાછળની અંધારી વિંગો હવે પ્રગટ થતી હતી. મારી પીડા થોડી ઓછી થઈ. ભૂગોળ અને ખગોળ શીખતા વિદ્યાર્થી જેવી ઉત્સુક્તા મારામાં આવી ગઈ. બાપ જો ધનનો વારસો દીકરા માટે મૂકી જાય તો પછી ભવિષ્યમાં ખાલી પડનારી જગ્યાનો શું કામ

નહિ?

અપર્ણા કદાચ જરૂર કરતાં વધારે આનંદમાં હતી, મને હસાવવા જ કદાચ. 'પણ એ એમ. ડી. થાય ક્યારે? ^^ત્રણ-ચાર વર્ષ તો ખરાં ને?'

'કેટલાક પ્રશ્નો હવે પુછાય નહિ, રજત! તું કંઈ નાદાન તો નથી જ! સારામાં સારી હૉસ્પિટલમાં એને હાઉસમૅનશિપ મળશે જ ને એને એમ. ડી. કરવામાં આવશે જ.'

''જ'નો તો ઝપાટો લગાવ્યો તેં.' અજય પણ આવી ટેબલ પર ગોઠવાયો.

'હાસ્તો, આ જયજયકારનો જ છે.' ઇન્ટરકોમ ટેલિફોનની ઘંટડી વાગી. અપર્ણાએ ફોન લીધો. નીચેથી અપર્ણાના પ્રસૂતિગૃહમાંથી મેટ્રનનો ફોન હોય એવું લાગ્યું.

'હલ્લો... યસ, મેટ્રન, ડૉક્ટર સ્પીકિંગ, કોણ? મિસિસ શર્મા? લેબર પેઇન ક્યારથી છે? ઓ. કે. હું નીચે આવું છું.'

અપર્ણા જલદી-જલદી જમવા લાગી. 'કોણ છે આ મિસિસ શર્મા?' અજયે પૂછ્યું.

'એક નવી પેશન્ટ છે.'

'પૈસાદાર છે?'

'લાગે છે તો ખરી. મર્સિડીઝમાં આવે છે.'

'ત્યારે... જા જરા જોઈ આવ.' અજયે કહ્યું. અપર્ણા નીચે ગઈ. હું અને અજય વરંડામાં બેઠા.

તડકામાં સડકો સસડી રહી છે. ગરમીથી ત્રસ્ત અંગો લઈ ચાલતા થોડાએક માણસો પોતાના પડછાયામાં ચાલવા મથી રહ્યા છે. દૂર એક વૈશાખી ગુલમહોર જરા હલતો હતો. એક મૂંગી અકળામણ ચારે બાજુ ફેલાઈ હતી.

'ટેઇક ઇટ ઇઝી, રજત, આ દેશમાં હજારોના ભોગ લેવાય છે રોજ. તું તો નસીબદાર છે. અહીં પત્તો નહિ ખાય તો પરદેશ જઈ શકશે. પણ અહીં આ નાગચૂડમાં ફસાયેલાઓનું શું?'

'પણ... અજય, ખરું પૂછો તો મને આ બધું સમજાતું નથી.'

'હું તને એક માસ્ટર કી આપી રાખું, આ દેશની નાની-મોટી તમામ વાતોને સમજવા માટે. આપણા ''ભારત દેશ હમારા''માં કોઈ ક્ષેત્ર સ્વતંત્ર નથી. કોઈ ક્ષેત્રને કામ કરવું નથી. બધી નદીઓ જેમ અંતે સાગરને મળે તેમ અહીં સર્વ નદીઓ રાજકારણને જઈ મળે છે. સહુની દોરી ખેંચનાર સૂત્રધાર દિલ્હીમાં બેઠેલાઓ.'

'પણ શા માટે?'

'કારણ કે શા માટે નહિ. લોકો ખુરશી ઉપર બેસાડે છે, ને એ જ ખુરશી પર બેઠેલાઓને પાછી સલામ પણ કરે છે!'

'કેમ છે તારી મર્સિડીઝવાળી?'

'સારું છે. હજી તો ફર્સ્ટ સ્ટેજ છે. વાર લાગશે.'

'વાર શું કામ લગાડે છે? કરી નાખ ને સિઝેરિયન!'

અપર્ણા જરા ચમકી પડી : 'ના, ના. થોડી રાહ જોવા દે.'

'એ જો હેલ્ધી નૉર્મલ...' હું કંઈ બોલવા ગયો, પણ અજયે કહ્યું :

'અરે, નૉર્મલ ડિલિવરીની રાહ જોઈએ તો કલાકો લાગે. વળી આ તો ઑપરેશનના સાતસો-આઠસોનું બિલ આપશે વળી.'

ઓહ, આ પણ એક નવી વાત હતી ને સાચી પણ હતી! પેશન્ટ જો ઑપરેશનના પૈસા આપે તો કરવું જ જોઈએ.

અપર્ણા થોડી હિચકાઈને બેસી રહી. એના મોઢા પરની તંગ રેખાઓ હું જોઈ શક્યો. અજયે પણ કદાચ એ જોયું. 'ડોન્ટ વરી અપર્ણા, આખરે તો તું એને પ્રસૂતિની વેદનામાંથી

બચાવે જ છે ને? અ ાપણા મેટરનિટી હોમનો ખરચો પણ કોઈકે તો આપવો પડે ને?'

એ હસ્યો ને ઊભો થતાં બોલ્યો, 'થિન્ક ઓવર ઇટ, અપર્ણા. અચ્છા, હું જરા સૂઈ જાઉં. કાલે રાતના ઇમરજન્સીનો ઉજાગરો છે.' અજય અંદર ચાલ્યો ગયો.

અપર્ણા મૂંગી-મૂંગી બહાર જોઈ રહી. કદાચ એને કંઈ કહેવું હતું, પણ એ કંઈ બોલી નહિ.

'તું પણ જરા આરામ કર, અપર્ણા! તમે લોકો બહુ બિઝી રહો છો.' મેં કહ્યું ને અપર્ણા ઊભી થઈ.

'એટલો કંટાળો આવે છે! રજત, કોઈ વાર થાય છે કે આ બધું છોડી નિરાંતે ઘર સંભાળું.'

અપર્ણા અંદર ગઈ. એના શબ્દો હું સંભારતો રહ્યો. અપર્ણાને પુષ્કળ કામ રહેતું. ઘરની અને મેટરનિટી હોમની વ્યવસ્થા, પ્રેક્ટિસ અને અજય સાથેની સોશ્યલ લાઇફ. ચારે તરફ સ્ફૂર્તિથી ફરી વળતી એ, છતાં ક્યારેક, ક્યાંક, કશાય બોજા વગરના જીવન માટે એ છટપટી ઊઠતી.

કિન્નરીથી એ કેટલી બધી ભિન્ન હતી!

સામેના ટેબલ પર પગ લંબાવી મારે ખુરશીમાં ઊંઘવાનું હતું. હવે સાંજના છ વાગ્યા સુધી મારે કંઈ કરવાનું ન હતું. હું બેકાર હતો – ભણેલો બેકાર. મોડી સાંજે હું ક્યારેક રમણીકના કન્સશલ્ટિંગ રૂમ પર જઈ બેસતો. કંઈ કામ હોય તો મદદ કરતો, નહિ તો ગપ્પાં મારતો.

દિવસની પળેપળનું મારે બેદરકારીના ઓજારથી ડિસ્સેકશન કરવાનું હતું. સડી ગયેલાં શબોને ચૂંથીચૂંથીને જ્યારે મેં માનવદેહનો અભ્યાસ કર્યો ત્યારે પણ મને આટલો ત્રાસ નહોતો વછૂટ્યો.

કિન્નરીએ કદાચ આમ કલ્પ્યું હશે. માટે જ એણે મને લંડન છોડવાની ના પાડી હતી.

કિન્નરીની યાદે અંગ પર એક લહેરખી ફરી વળી. લંડનની એ પબ... યૉર ગ્રાન્ડફાધર્સ પબનું એ ભોંયરું, હૂંફાળો ગરમાવો ને ઠંડો આહ્લાદક બિયર મારી આજુબાજુની હવામાં છવાઈ ગયાં. અમે કેટલાંક એ પબનાં નિત્યનાં ઘરાકો હતાં. અહીંયાં એ પાતાળ-કૂવામાં હું ને કિન્નરી ઘણુંખરું, જ્યારે અમારી ઇમરજન્સી ન હોય ત્યારે આવી બેસતાં. સો-દોઢસો વર્ષના જૂના ફર્નિચરમાંથી, શરાબમાંથી ને એના વયોવૃદ્ધ માલિકમાંથી વર્તમાનને ડુબાડતો ભૂતકાળ છવાઈ જતો ને અમે પણ સર્વ કાંઈ અંતરાયો, વિટંબણાઓ વિસારી, માત્ર એ એક ક્ષણમાં મશગૂલ થઈ જતાં હતાં.

કિન્નરી ક્ષણે-ક્ષણે જિંદગીના નવા-નવા રંગોમાં રંગાઈ શકે છે.

કિન્નરીનું તે દિવસનું હાસ્ય અને ગુસ્સો બંને હું નથી ભૂલી શકતો. તે દિવસ ઓ.પી.ડી.માં ખૂબ કામ રહ્યું. સખત ઠંડી અને સ્મૉગના લીધે ન્યુમોનિયા અને બ્રોન્કાઇટિસના કેસીસ બેસુમાર હતા. મારી સાથેના બે ડૉક્ટરો પણ સખત શરદીથી પીડાતા હતા. બધા કામને માંડ પહોંચ્યો ત્યારે કિન્નરી હજુ આવી ન હતી. નવાઈ લાગી. જરા ભય પણ. આટલી ઠંડી ને સ્મૉગમાં એને આવવાનું ન કહ્યું હોત તો? વિચાર ઝબક્યો ને શમી ગયો. કિન્નરીને કંઈ કહેવા ન કહેવા જેવું હોતું નથી. ઘણુંખરું એ કહે તેમ આપણે કરવાનું હોય છે. હું વ્યગ્ર બની ગયો. ધીરે-ધીરે સમય સરકતો ગયો. બિયરનો ખાલી બાટલો પકડી હું ઉપર દાદર તરફના દરવાજાને જોઈ રહ્યો હતો.

બારમૅન ક્યારનો મારી તરફ જોઈ રહ્યો હશે, કોણ જાણે! કાઉન્ટરની બહાર સરકી એ મારી પાસે આવી બેઠો. વેસ્ટઇન્ડિઝનો અશ્વેત હતો. અંગ્રેજી વિચિત્ર રીતે બોલતો ને દરેક

વાક્ય સાથે એના મોઢા પર રિફ્લેક્સ ઍક્શનની માફક સ્મિત ચમકતું.

'તમારા મિત્રની રાહ જુઓ છો?'

'હા. આ હવામાનમાં એની સલામતી માટે મને ભય લાગે છે.'

'એ ભયમાં છે જરૂર, પણ આ હવામાનને કારણે નહિ.' એ જરા અટક્યો. એના ગંભીર ચહેરા પરનું સ્મિત જરા ઊપસ્યું ને વિલાયું.

'તમે કંઈ જાણો છો? કંઈ બન્યું છે?'

એના ધોધમાર વહેતા વાણીપ્રવાહમાંથી હું એટલો સાર તારવી શક્યો કે કિન્નરી આજે કોઈ હિપ્પી જેવા દેખાતા યુવક જોડે સાંજ વિતાવવા ભાગી ગઈ છે. અહીં પબમાં મારી રાહ જોતી હતી, ત્યાં કોઈ હિપ્પી એની પાસે બેઠો ને થોડી વારમાં તો એ બંને જણાં ઊઠીને બહાર ગયાં. હું ચમકી પડ્યો. આખાય શરીરમાંથી તીવ્ર ધ્રુજારી પસાર થઈ ગઈ. કિન્નરી ક્યાં ગઈ હશે? કોની સાથે? કોઈ મૅનિઆક તો નહિ હોય!

કેવી એ રાત હતી, જ્યાં એક-એક મિનિટ મેં એની ચિંતામાં ગાળી હતી! કિન્નરી! કિન્નરી! બેફિકરાઈને પણ હદ હોવી જોઈએ.

પણ સવારે ટેલિફોન પર કિન્નરી હસતી હતી. 'રજુ, યુ નો, વ્હૉટ હૅપન્ડ? હું એકલી બેઠેલી, એટલે પેલાએ મને કોઈ... વેલ, કોઈ એવી સ્ત્રી સમજી લીધી. ને મેં એને કોઈ એવો જ માની લીધો. મને કહે, ચાલો મારી કંપની જોઈએ છે?' એટલે હું એની સાથે ગઈ.'

'કિન્નુ તું ગાંડી થઈ છે? તારે એમ જવાની શી જરૂર હતી?'

'બટ વ્હાય નૉટ?' એ પ્રશ્ન કદાચ આ સ્ત્રી પૂછી શકે ને એનો ઉત્તર મારી પાસે ન હતો.

'પછી ગમ્મત થઈ. એણે મને પૂછ્યું કે રોજના કેટલા પૈસા કમાઓ છો?' મેં કહ્યું, 'હું ડૉક્ટર છું. મારી આવક અઠવાડિયાની છે, રોજની નહિ.'

ચોપાસની એ ઉદાસ, નિરાશાજનક હવામાં કિન્નરીનું એ હાસ્ય હજીય મારા કાનમાં અથડાય છે.

'રજત, યુ શુડ હૅવ સીન હિઝ ફેઇસ. બિચારો બેબાકળો બની ગયો. એને એમ કે હું એને લઈ પોલીસચોકીએ લઈ જતી હોઈશ.'

કિન્નરીનું હાસ્ય પૂરું થયું. પછી કહે, 'ડોન્ટ ઇમેજીન ટૂ મેની થિંગ્સ, રજત. લોકો બધા જ સરખા. હું ડૉક્ટર છું જાણી એણે એના કોન્સ્ટીપેશનની દવા પૂછવા માંડી.'

હું પણ હસી પડ્યો.

ને અત્યારે આ સૂમસામ સડકો પર, અંગને ભીંસી નાખતી એકલતામાં હું વ્યાકુળ બની એને શોધી રહ્યો છું.

કિન્નરી અહીં નથી. કિન્નરી પાસે પાછો જાઉં? 'ગો બૅક' – ઘણાઓએ કહ્યું છે.

પણ કેટલાક મારો માર્ગ રોકી રહ્યા છે – નાનપણથી જેનું સેવન કરતો આવ્યો છું તે મારાં પુસ્તકો.

તારા દેશની સેવા કર. મારા દાનની ઝોળી ભરેલી છે. એને વહેંચી દેવા, ખાલી કરવાની મારી આકાંક્ષાઓ સામે ખાદીનાં કપડાં પહેરેલી પેલી ગંદી સૂરત દેખાય છે.

'ડૉક્ટર, પ્લીઝ ટેક યોર સીટ.' કહેવા જેટલુંય સૌજન્ય જેમણે મારી તરફ દાખવ્યું ન હતું!

પાણીમાં વહેતાં ફૂલોની માફક દિવસોને હું તણાઈ જવા દઉં?

કિન્નરીની માફક જિંદગીનો રસ આકંઠ પી શકાતો હોત તો કેવું સારું!

પણ એવું બની શકતું નથી. હું વિચાર કરું છું આ દેશનો ને મારી આંખો છલકાઈ આવે છે. આ દેશના વિશાળ દેહમાં કરોડો ગામડાં નાની સેલ્સ જેવાં વ્યાપેલાં છે. ત્યાં વસે છે રોગ,

દુર્બળતા, દરિદ્રતા, જડતા. એ સેલ્સ જૂની થતી જાય છે, મેલિન્ગ્નંટ થતી જાય છે. દેહ વિકૃત બની જાય છે, ખવાતો જાય છે. ભ્રષ્ટાચાર, નિષ્ક્રિયતા અને સ્થાપિત હિતોની ગાંઠ કદાચ કૅન્સરની ગાંઠથી પણ વધુ જીવલેણ છે.

ને મારાથી લંડનની પબમાં બેસી સાંજોને બિયરના ગ્લાસમાં ઓગાળી દઈ પી શકાતી નથી.

લાગે છે કે ક્યાંક ઊંડાં મૂળ નાખી સ્થિર થાઉં, ઊગું, વિસ્તરું ને તાપમાં ક્યાંક શીળી છાંય પાથરું!

બા અવસાન પામી ત્યારે એની પાસે કોઈ ન હતું. કદાચ કોઈ કુશળ ડૉક્ટર મળ્યો હોત તો એ બચી જાત.

બાના વિચારે ફળિયામાંના લીમડાની ઝૂલતી ડાળ, ગમાણમાં બાંધેલી ગાય ને પાણિયારે ચળકતું પિત્તળનું બેડું યાદ આવે છે. આંખો સૂકી રહે છે. કોઈક વાર થાય છે : ત્યારે હું પેટ ભરીને રડ્યો હોત તો સારું થાત. દુઃખ અને વેદનાનો આ આવડો મોટો બોજો ઊંચકી મારે ચાલવું ન પડત!

તડકો વધવા માંડે છે. ગરમ પવન દઝાડે છે. અંદર જઈને સૂઈ જવાનો વિચાર કરતાં કમકમાં આવે છે. ભણેલા બેકારો દિવસે કે રાત્રે ક્યારેય ઊંઘી શકતા નથી.

એક અધતન પુસ્તક લઈ હું વાંચવા પ્રયત્ન કરું છું.

The causation of sarcoidosis is unknown.The plen-tiful hypothesis advanced include suggestions that it is a neoplasm, a collagen disease, a granuloma due to a specific but unidentified micro-organism and an abnormal form of Tuberculosis. This last drew support from the resemblance between the sarcoid tubercle and that due to Mycobacterium Tuberculosis, although efforts to isolate this organism from sarcoid tissue are almost always unavailing.

મન નથી લાગતું. ચોપડીનાં પાનાં ફરફર ઊડે છે. આંખો અટવાતી રહે છે. Antibacterial agents, Rat bite fevers, lymphogra-nuloma venereum, the system H (HCO3 H2CO) acts as a buffer.

એક ઊંડો શ્વાસ લઈ હું Diseases of the Lungs and Bronchiનું પ્રકરણ ફરી વાંચવા કોશિશ કરુ છું. Streptomycin, 1.0 or 0.75 G. intramuscularly, and high dosage isoniazid, 14 mg. per kilo. given twice weekly proved more effective in Indian patients.

પુસ્તક બાજુ પર મૂકી હું ઇન્ટરવ્યૂના વિચારે ચડ્યો. બીજા ઉમેદવારોને શું પૂછ્યું હશે?

અચાનક હું સમજી શકું તે પહેલાં મારા હાથપગ ગુસ્સાથી કાંપવા લાગે છે. છાતીમાં બળતરા ઊપડે છે. મારા બે હાથો તરફ જોતાં હું કલ્પું છું... એની મજબૂત ભીંસ જો પેલાઓના ગળાની ફરતી...

ડૉક્ટર રજત... કન્ટ્રોલ યોરસેલ્ફ પ્લીઝ.

ધીરે-ધીરે ચહેરા પર હાથ ફેરવી હું સ્વસ્થ થાઉં છું,

4

બીજા બે ઇન્ટરવ્યૂ વખતે હું સર્વ પ્રકારની માનસિક તૈયારી સાથે ગયો હતો. કોઈ પણ જાતના આઘાત-પ્રત્યાઘાત હવે આ ખોપરીમાં પુરાયેલા મગજને ઉશ્કેરી શકે એમ ન હતા.

એટલે જ પાઘડી પહેરેલા ટ્રસ્ટી મહાશયે કહ્યું, ‘ઠીક છે, ડિગ્રીઓ ઘણી છે. હમણાં જાવ. કામ હશે તો બોલાવીશું.’ ત્યારેય હું શેઠસાહેબને જવાબ આપ્યા વગર બહાર નીકળી આવ્યો હતો અને બીજા ઇન્ટરવ્યૂમાં એક્સપર્ટ તરીકે બિરાજેલા ડૉક્ટર ઇંદ્રવદન (જે મારાથી ત્રણ વર્ષ જુનિયર હતો પણ પિતાની કૃપાએ ગાદીનશીન બન્યો હતો) તેમણે મને શરદી-ઉધરસની દવા પૂછી હતી

‘ગરમ દૂધમાં થોડી હળદર નાખી પી જવાથી ઘણો ફાયદો થાય છે.’

મેં અદબ ભીડી જવાબ આપ્યો હતો. સામે બેઠેલી વ્યક્તિઓને મેં દૂધમાં ઝેર પાયું હોય તે રીતે તેઓ ચમકી પડ્યા હતા. ખોટું થયું. મારે કોઈ ભંયકર મેડિકલ ટર્મ્સમાં બોલવાની જરૂર હતી. હું દુષ્ટતાથી હસું છું. બહાર નીકળી હું લિફ્ટમાં નીચે ઊતરતો હતો. એક મોટો વાંદો મારા તરફ જોઈ રહ્યો હતો. મને ઇંદ્રવદન યાદ આવ્યો. આ લિફ્ટમાં બેસી વાંદો જેમ ઉપર ચડેલો તેમ જ એ પણ ઉપર ચડેલા ને? રવિવારની સાંજનો સમય હતો. અપર્ણા, અજય, રમણીક અને હું ગપ્પાં મારતાં બેઠાં હતાં.

હમણાં-હમણાં અપર્ણા મને વારંવાર મારો પોતાનો કન્સલ્ટિંગ રૂમ ખોલવા કહ્યા કરતી હતી.

‘પણ, અપર્ણા, વિચાર તો કર : દર મહિને અઢીસો-ત્રણસો રૂપિયા ભાડાના હું લાવું ક્યાંથી?’ મેં કહ્યું.

‘હું આપીશ. પછી વ્યાજ જોડે વાળી દેજે.’

પળવાર હું ચૂપ બની જાઉં છું. અપર્ણાની વાણીમાંનું કશુંક-કંઈક આંખોને ભીની કરી દે છે.

આજે પણ અપર્ણાએ કહ્યું, ‘ડૉક્ટર શાહ, જરા રજતને સમજાવો, એ રૂમ ખોલવાની ના પાડે છે.’

રમણીક મારી મૂંઝવણ થોડીઘણી સમજી શકતો હતો. સિગારેટનું પાકીટ ખિસ્સામાંથી કાઢી, આરામથી સળગાવવામાં એણે થોડો વિચાર કર્યો હશે એમ મને લાગ્યું.

‘કેમ પાછા જવાનો વિચાર છે?’

‘ના... ના...’ અપર્ણા બોલી ઊઠી, ‘એ અહીં જ રહેશે.’

‘એને પકડી રાખવો છે. હું ગમે તેમ એને ડી. કે.માં ઘુસાડી દઈશ.’ અજયે કહ્યું.

‘એક વાર જો હૉસ્પિટલ હાથમાં આવી જાય તો ઘી-કેળાં. એમાંય ફિઝિશ્યન ને ચેસ્ટ સ્પેશ્યાલિસ્ટને તો પૂછવું જ શું? જ્યાં સુધી હિન્દુસ્તાનમાં ક્ષય, ત્યાં સુધી ડૉક્ટર રજતનો જય!’

બધાં હસી પડ્યાં. પછી અપર્ણા ગંભીર થતાં બોલી :

‘ડી. કે.માં મળશે ત્યારે મળશે; પણ એક વાર તું શરૂ તો કર. લોકોમાં તારું નામ જરા જાણીતું થાય, થોડાં સારાં ફૅમિલીઝની ઓળખાણ થાય... એ બધામાં વાર તો લાગશે ને?’

ચપટી વગાડતાં રમણીક બોલ્યો, ‘થોડા પૈસા આમતેમ વેરો કે પેશન્ટો જ પેશન્ટો. લોકો કરતાં તારે તો જનરલ પ્રૅક્ટિસ કરતા ફૅમિલી ડૉક્ટરોને જ સાધવાના.’

‘ઑબેરોયમાં બેએક ડિનરો ઠોકી દેજે ને!’ અજયે કહ્યું. ડિનરનાં નામે એની આંખોમાં તેજ આવતું.

હું કદાચ અણઘડ ગામડિયો હતો. સહેજ નવાઈથી બિઝનેસની આ ટેકનિક સાંભળતો

હતો. ડિનરો, પાર્ટીઓ, કીમતી ભેટો એ બધું આ ધંધાના રોકાણ માટેની મૂડી બરાબર હતું. ક્ષયરોગ હોય કે ન હોય, દર્દી માંદો હોય કે ન હોય, જ્યાં સુધી જી.પી.નો ટેન પર્સન્ટ કટ હોય ત્યાં સુધી ડૉક્ટર રજતનો જય હતો.

કેટલી સહેલાઈથી આ બોલાતું હતું! કેટલી સહેલાઈથી સંભળાતું હતું! આમાં અનૈતિકતા ન હતી. આ તો વિશાળ ઔદ્યોગિક અટપટી રચના હતી.

હું સાંભળતો હતો. અથવા હવે આ લાગણીવેડા બંધ કરવા જોઈએ. ધંધાદારી ડૉક્ટર તરીકે ધંધામાં ઝુકાવવું જોઈએ.

અપર્ણાનો આગ્રહ ફળ્યો. ડૉક્ટર જયસ્વાલ એમનું પોતાનું ક્લિનિક ખોલતા હતા, એટલે એમનો કન્સશલ્ટિંગ રૂમ સાંજના ચારથી છ સુધી મને ભાડે આપ્યો. ભાડું મહિને બસો રૂપિયા. મેં નક્કી કરતાં પહેલાં અપર્ણાને પૂછ્યું :

‘કયા ઝાડથી આ રૂપિયા આવવાના છે? તારે ત્યાં મફત ખાઉં-પીઉં છું એ જ બસ નથી?’

‘છટ્, ગાંડો!’ કહી અપર્ણાએ એ સઘળી દલીલો પર પડદો પાડી દીધો ને એક દિવસ સહુ આમંત્રિતોના આશીર્વાદ સાથે મારી પ્રેક્ટિસ શરૂ થઈ.

ઇચ્છા હતી આ દરવાજા પર પાટિયું મારું : ‘ડૉક્ટર રજત દવે, જરૂરથી મળો.’

– પછી એ ધંધો ન રહેત, મારો ધર્મ બની જાત. હું સામે ચાલીને આમંત્રણ આપતો હતો. નાનાં-મોટાં... સ્ત્રી-પુરુષ...

ક્યાં વાંચી હતી પેલી વાત– ‘મળવા માટે ઉપર ચડો.’ કોઈ ડૉક્ટર જ હતો, ને પાદરી પણ.

એના ઘરની સીડી આગળ પાટિયું મૂકેલું : ડૉક્ટરને મળવા માટે ઉપર ચડો.

ને ઉપર ચડવાવાળા ધન, કીર્તિ, ધંધો, જાત, ધર્મ... સઘળાંનાં પગથિયાં વટાવતો જતો ઉપર ચડતો, જ્યાં કેવળ રોગી અને ચિકિત્સક બાકી રહેતા, જ્યાં જીવનનો જય ને રોગનો નાશ શેષ રહેતા.

ઉદ્ઘાટન પ્રસંગે દિલ્હીથી મધુકરનો તાર આવ્યો : ‘તું સફળ થઈશ તો હું ઘણો ખુશ થઈશ. પણ મિત્ર, જો તું નિષ્ફળ જશે તો હું નવાઈ નહિ પામું.’

અજય હસવા લાગ્યો : ‘એના પર ધ્યાન ન આપીશ. એનામાં પુશિંગ નેચર જ નથી. એની જગ્યાએ હું હોત તો ક્યારનો અન્ડર-સેક્રેટરી થઈ ગયો હોત.’

‘એમ ગવર્નમૅન્ટમાં લાગવગ થોડી ચાલે. ત્યાં તો સિનિયોરિટી પ્રમાણે પ્રમોશન મળે ને?’ અપર્ણાએ સામી દલીલ કરી.

અજય મોટેથી હસ્યો : ‘હા, ભઈ, હા. પણ તું કેમ ભૂલી જાય છે કે આપણે લાઇનમાં ઊભા રહેવાનું જ નહિ. આપણે તો એક નવી પોસ્ટ જ ઊભી કરવાની, પછી શું!’

અજય ‘પાર્કિન્સન્સ લૉ’ બરાબર પચાવી ગયો જણાય છે. મુંબઈનું ચોમાસું પૂર જોશમાં તૂટી પડ્યું. ભીની હવાને છાતીમાં ભરતું શહેર ભીની સડકો પર દોડતું રહ્યું. ઊછળતો દરિયો, ખીલી ઊઠેલી સાંજ કે આભ-ધરતીને એકાકાર કરતી વર્ષાને નિહાળવાની કોઈને ફુરસદ ન હતી, સિવાય મને.

દવાખાનાના ઉદ્ઘાટન પછી હવે મારે દર્દીઓની રાહ જોવાની રહે છે. કોઈ-કોઈ આવે છે, અજય કે રમણીકના ઓળખીતાઓ. મારો વેઇટિંગ રૂમ ખાલી છે. હું એમને કામ વગર બહાર બેસાડી રાખતો નથી. મારી શક્તિઓ વિશે એ લોકોને જરા શંકા જાગતી હશે.

‘કેમ, હમણાં-હમણાં જ દવાખાનું ખોલ્યું, નહિ? એ તો ભઈ, કન્સલ્ટન્ટને પાંચ-દશ વર્ષ રાહ જોવાની તે જોવાની.’

હા, રાહ જોવાની હંમેશાં જરૂર નથી, જો તમે કેસ તમને મોકલનાર જનરલ પ્રૅક્ટિશનરોને

તમારી ફીના દશ ટકા આપી શકો અથવા દિવાળીએ કીમતી ભેટો મોકલી શકો અથવા...

ઘણા રસ્તા છે પૈસાને પરમેશ્વર માની પૂજનારાઓના.

કદાચ હું જ વિચિત્ર છું. દર્દીઓનાં દર્દની પીડા મનેય વળગી છે. હું નાદાનીમાં પૂછી બેસું છું : 'શું કમાણી છે? કેટલાં છોકરાં છે?' વગેરે-વગેરે.

એમની આંખોમાં મારા તરફનો નિર્મળ વિશ્વાસ નીતરે છે. એમને છેતરી એમના પૈસામાંથી બીજાનાં પેટ ભરવાની મારી ઇચ્છા નથી, શક્તિ નથી.

'અરે, નફ્ફટ થવું જોઈએ નફ્ફટ! દુનિયામાં નાગા થઈને ન રહીએ તો આપણે જીવી ન શકીએ.'

નાગા થઈને જ જીવવું પડે એવી દુનિયામાં રહેવાનું શા માટે, એવો પ્રશ્ન પૂછવાનું હું ટાળું છું.

કોઈ-કોઈ આવી ચડે છે. ઘણુંખરું મારા દવાખાનાના બિલ્ડિંગના જ લિફ્ટમૅન, પટ્ટાવાળાઓ, કારકુનો.

પોષણહીન ખોરાક, ગંદી, રોગીલી ચાલોમાં વસવાટ, રોગનો સતત સંપર્ક એમને અવારનવાર બીમારીના ચાકડે ચડાવે છે.

એવી એક સાંજે લિફ્ટમૅન મારી પાસે આવીને હાથ જોડીને ઊભો રહ્યો.

'રામરતનસિંગ, ક્યા હૈ?'

'સાહબ, બચ્ચી બહોત બીમાર હૈ! આપ દવા દે દીજિએ.'

'ક્યાં છે તારી છોકરી? એને જોયા વગર હું દવા કેમ આપું?'

'વો તો ઘર પે પડી હૈ.'

મને જરા ગુસ્સો આવે છે, ચીડ પણ.

'દેખો, રામરતન, બિના ઉસે દેખે હમ દવાઈયાં નહિ દે સકતે. જાઓ, ઉસકુ લે કે આઓ.'

એ કદાચ સમજ્યો, જતાં-જતાં બોલ્યો :

'દો દિનસે પિશાબમાં લોહી ગિરતા હૈ. હમને સોચા આપકો પૂછ લે...'

ઝાટકો વાગ્યો હોય તેમ હું ચમકી પડ્યો.

'કિતને સાલ કી હૈ?'

'આઠ-દસ સાલ કી, માલૂમ નહિ, બરાબર.'

વરસાદ જોરથી તૂટી પડ્યો હતો. રસ્તાઓ ભીના ચીકણા હતા.

મન કોઈ અગમ્ય દુઃખ કે પછી ચીડથી ભરાઈ ગયું. આટલી બેદરકારી! ઘર પર ઝઝૂમતા મૃત્યુના ઓળા એ જોઈ શક્યો નહિ હોય?

'કિધર રહેતા હૈ તુમ?'

'મૈં તો મલાડ રહેતા હૂં , લેકિન લડકી ઇધર ગિરગાંવમેં ઉસકી નાની કે ઘર પર હૈ.'

'ચાલ, હું આવું.'

એ મારી સામે નવાઈ પામી જોઈ રહ્યો. કદાચ એ જાણતો ન હતો, પણ આખી સાંજ અહીં કશુંક કર્યા વગર બેસી રહેવા કરતાં હું એને ત્યાં જવાનું પસંદ કરતો હતો.

ટૅક્સી એક જીર્ણશીર્ણ થયેલા મકાન આગળ ઊભી રહી. અસંખ્ય લાકડાંઓના ટેકાથી એ જેમ-તેમ ઊભું હતું – લાકડીના આધારે સમયને ઘસડતા વૃદ્ધ જેવું. બંને બાજુથી ઊભરાતી ગટરની પાઇપો, ભયંકર ગંદકી અને બેસુમાર કોલાહલથી મારી છાતીમાં કંઈ ચૂંથાવા માડ્યું. આ જગ્યાએ પ્રવેશતાં જ્યાં મને ચક્કર આવતાં હતાં ત્યાં આ અસંખ્ય કુટુંબો પેઢી દર પેઢીથી વસતાં હતાં.

એક નાની અંધારી ઓરડીમાં એક ખૂણે લબાચા જેવી એ બાળકી સૂતી હતી. મને જોઈ એણે આંખો ખોલી. આઠ-દસ વર્ષની એ બાળકી પર જાણે સમસ્ત સંસારનો બોજો હોય તેમ એ થાકેલી જણાતી હતી. મેં એની આંખો નીચે જોયું. લાલ-લાલ સોજો ચોખ્ખો જણાતો હતો. બ્લડ-પ્રેશર લેતાં એ 170 જણાયું. શરીર થોડું ગરમ હતું. માને પૂછતાં જણાયું કે પેશાબમાં લોહી પડે છે તો ક્યારેક એ કથ્થઈ રંગનું પણ હોય છે.

પેશાબ તપાસવાની જરૂર હતી, પણ એની સ્થિતિ જોતાં મેં એ સલાહ આપી નહિ. Hematuriaની નિશાનીઓ પરથી Glomerulonephritis હું નિદાન કરી શક્યો. દર્દ ગંભીર નથી, પણ જો કાબૂમાં લેવામાં ન આવે તો Cardiac failure થાય અને શ્વાસનળીના ભાગ પર અસર થાય તો શ્વાસ લેવાની મૂંઝવણ – તાણ આવવી પણ શરૂ થાય.

જે શક્યતાઓના ભાનથી હું ગભરાતો હતો તેના અજ્ઞાનથી છોકરીનાં મા-બાપ મુક્ત હતાં. એમની વિશ્વાસભરી આંખો મારા પર ઠરી હતી પણ એમાં વ્યાકુળતા ન હતી.

'ઇસકો પૂરા આરામ દેના. જરા ભી કામ મત કરાના.' મેં એના પિતાને કહ્યું. એણે ખાલી ડોકું ધુણાવ્યું. હા કે નાનો જવાબ જે ગણવો હોય તે એ હતો. આ છોકરી પછીનાં ચાર નાનાં છોકરાં એને ભરોસે ભળાવી મા ઘરે-ઘરે કામ કરવા જતી હતી. એ છોકરીને પથારીમાં સૂઈ રહેવું પરવડે તેવું ન હતું.

એ મરી ગઈ હોત તો? ઍક્યુટ Glomerulonephritisમાં એવું-એવું શક્ય બને છે ખરું. પણ એવું થયું હોત તો કદાચ બિચારી આ વિટંબણાઓથી ભરેલા સંસારથી ઊગરી જાત.

ના... ના... હું ડૉક્ટર છું. મારે તો મૃત્યુ પર જીવનનો વિજય ગાવાનો છે. મારો ધર્મ જિંદગીના તંતુને ખેંચી-ખેંચીને પણ સજીવ રાખવાનો છે.

દવા લખીને મેં આપી. લિફ્ટમૅન બાઘા જેવો એ કાગળિયું પકડી ઊભો રહ્યો. એમાં લખેલી ઍન્ટિબાયોટિક દવાઓનાં નામથી ન તો એ પરિચિત હતો, ન તો એની પાસે પૈસા હતા.

'ઠીક હો જાયગા ના?' છોકરીની મા મારા તરફ ફરી બોલી. એ અવાજમાં કોઈ કંપ ન હતો, ન દુઃખ.

'દવાઈયાં લાકર ઉસે બરાબર ખિલાના. એક-એક ગોલી દિનમેં તીન બાર ચાર દિનકે લિએ.'

મા-બાપે ડોકું ધુણાવી હા પાડી. ફાટેલી શેતરંજી પર ઢગલો થઈ પડેલી એ કન્યા તરફ મેં નજર નાખી. એક આછો નિઃશ્વાસ સરી પડ્યો. પણ આનાથી વિશેષ હું કંઈ કરી શકું એમ ન હતું.

જરા પ્રયત્ને મેં મારી જાત અળગી તારવી લીધી. ડૉક્ટરો માટે આવો ભાવુક આવેશ ખરાબ હતો. દર્દીઓ જોડે, એમની પરિસ્થિતિઓ જોડે જો ગૂંચવાયા તો-તો દુઃખનો પાર ન રહે. આવાં તો હજારો બાળકો રોજ જન્મે છે, રોજ મરે છે.

તોય એવું બનતું નથી. ક્યારેક કોઈનાં સુખ-દુઃખની લહર આપણને સ્પર્શે છે, ત્રણેક દિવસ પછી લિફ્ટમૅને મને કહ્યું, 'સાબ, લડકી ઠીક હો ગઈ. આપકી મદદ ન હોતી તો મર જાતી બિચારી.'

એ હાથ જોડી મને પગે લાગ્યો. પછી એણે ખિસ્સામાં ફંફોળી કંઈ બહાર કાઢ્યું. એક ગંદું કાગળનું એ પડીકું હતું. પાસે આવી મારા ટેબલ પર મૂકતાં એ બોલ્યો, 'દૂસરા તો હમ આપકો ક્યા દે સકતે હૈં? યહ હમારી ઘરવાલીને દિયા હૈ.' પડીકું મૂકી એ ચાલ્યો ગયો.

એ ખોલ્યા વગર પણ એમાં શું હશે એ હું કલ્પી શક્યો. કંઈ ખાવાનું, મીઠાઈ... એ ખોરાકમાં ખદબદી રહેલા અસંખ્ય જંતુઓની કલ્પના-માત્રથી હું થરથરી ઊઠ્યો. ધીરેથી એ

પડીકું મેં વેસ્ટ-પેપર બાસ્કેટમાં પધરાવ્યું. મને કિન્નરી યાદ આવી. એણે તો પડીકું ખોલી લહેરથી ખાવા માડ્યું હોત!

કિન્નરીની યાદે મનમાં કશુંક ખેંચાય છે. એ વેદના મીઠી છે, વારંવાર માણવી ગમે તેવી. પણ ત્યાં દોડી જવાનું મન થતું નથી. અહીંયાં, આ ધરતીમાં જ ફેલાઈ જવાની તમન્ના હજુય મનમાં જાગતી પડી છે.

ડૉક્ટર રમણીક બારણામાં ઊભો રહી ઊંડો શ્વાસ ખેંચતાં બોલ્યો, 'આહ... સરસ વાસ આવે છે!'

ડૉક્ટર રમણીક કિન્નરીનો ભાઈ નહીં તો મિત્ર તો કહેવાય. એ પણ જીવવાનો ઉત્સાહી, ક્ષણેક્ષણમાં જીવનારો માણસ છે. ગુલાબનું ફૂલ જોતાં જો મને કિન્નરી યાદ આવે તો કિનારે અફળાઈ ફીણફીણ થતાં મોજાંઓ જોતાં રમણીક અચૂક યાદ આવે.

'રહેવા દે, વાસ સારી છે; પણ અર્ધા શેરમાં પાશેર તો બૅક્ટેરિયા હશે.' કહી મેં લિફ્ટમૅનની વાત કહી.

એ ટેબલ ઠોકતાં બોલ્યો : 'યુ ડૉક્ટર, સાલા, નાકનું ટીચકું શેનું ચડાવે છે? આ દેશની પોણી વસ્તી એમાં જ જીવે છે ને એમાં જ મરશે.

એ લોકોની સેવા કરવા તૈયાર છું, પણ એમની જેમ મરવા તૈયાર નથી.' કહી મેં ટેબલ પરનાં કાગળિયાં અંદર ખાનામાં ખોસ્યાં ને બંધ કરતાં કહ્યું, 'હું એક બેકાર ડૉક્ટર છું. તારે કામ ન હોય તો ચાલ, આપણે બેઉ જરા ફરવા જઈએ.'

રમણીક ખુલ્લા દિલથી હસ્યો ને અમે નીચે ઊતર્યા.

ભીડ... ભીડ... પૃથ્વીનો અપરંપાર વિસ્તાર પણ જાણે માનવો માટે નાનો પડતો હતો. પુલ ચડીને ચોપાટી તરફ જતાં તો જાણે જીવ ગૂંગળાઈ ગયો. 'ઉફ! આ વસ્તીનો વધારો આ દેશને એક દિવસ ભરડામાં લેશે ને એનો શ્વાસ રૂંધી નાખશે.' ચોપાટીની રેતી પર બેસી પડતાં મેં કહ્યું.

'એમ જ થવું જોઈએ. સા... લ્લું, વી ડિઝર્વ ટુ ડાઈ.'

અમે બંને ચૂપચાપ બેસી રહ્યા. અચાનક મારે ખભે હાથ મૂકી રમણીક બોલ્યો : 'રજત, એક વાતમાં તારી સલાહ લેવાની છે.'

'જરૂર, બોલ.'

'તું જાણે છે, હું ને ડૉ. મોહિની... વેલ, પણ મોહિની માનતી નથી. લગ્ન કરવાની ના પાડે છે.'

'પણ કંઈ કારણ તો હશે ને?'

'કારણ?... હા, કારણ તો છે. એના પિતા Retinitis Pigmentosaના દર્દી છે.'

ધક્કો વાગ્યો હોય તેમ હું જરા ચમકી પડ્યો. એ ભયાનક દર્દ નથી. માત્ર દર્દીની આંખનો પડદો ધીરે-ધીરે ખવાતો જાય, કીકીની આસપાસ જાળાં બાઝે ને દર્દી આંખનું હીર ગુમાવતો જાય.

'પણ મોહિનીને એમાં શું? એ તો દીકરી છે.' મેં કહ્યું ખરું, પણ મારો અવાજ મને જ વિચિત્ર લાગ્યો. 'હા, પણ આ રોગ બાપ દીકરાને નથી આપતો, દીકરીને આપે છે ને દીકરી એનાં સંતાનોને આપે છે. મોહિની તંદુરસ્ત છે, પણ એનાં સંતાનો... ઓહ...!' રમણીક વેદનાથી કણસતો માથું પકડી બેસી રહ્યો.

'ઓહ, રજત, કેટકેટલી રાતો મેં વિચારમાં ને વેદનામાં ગાળી છે તે તું નહિ જાણે. પણ મોહિની માનતી નથી. એ કહે છે કે હું તને ખોડવાળાં સંતાનો નહિ આપું! સ્ટુપિડ સિલી વુમન!'

મારાથી બોલાઈ ગયું, 'સૉરી, રમણીક, પણ તમારે બાળકોની જરૂર નથી. તમે કોઈનું

બાળક દત્તક લઈ શકો. એમાં એટલી ગંભીર વાત શી છે?' મેં હળવા થવાની કોશિશ કરતાં કહ્યું.

રમણીકે ડોકું ધુણાવ્યું, 'રજત, દુનિયામાં ભગવાને સ્ત્રીઓને શા માટે સર્જી? ને સર્જી તો સર્જી, પણ એમાં અક્કલનો છાંટોય કેમ નથી મૂક્યો?'

'માણસ પેદા થયો ત્યારથી કદાચ આ સવાલ કરોડો પુરુષોએ કરોડો વાર પૂછ્યો હશે, પણ એનો જવાબ નથી મળ્યો, ને મળશે એવી ખાતરી નથી.'

'રજત, મોહિનીને મેં બહુ વાર સમજાવી, પણ એ સમજતી નથી. કહે છે કે બાળકના પિતા થવાનો તારો અધિકાર છે; મારે કારણે એ છિનવાઈ જાય તે મને મંજૂર નથી.'

'વ્હૉટ નોન્સેન્સ! હું મોહિનીને સમજાવીશ.' મેં કહ્યું.

ઓટનાં પાણી દૂર-દૂર સરી ગયાં હતાં. કાળા ઉદાસ ખડકોની હાર આંખોમાં ભોંકાતી હતી. રમણીક પણ જાણે ઉદાસ, દુ:ખી બની ચૂપચાપ બેઠો હતો. આ ઉમંગથી ઊછળતા યુવાનના હૈયા પર વિધિએ કેવો પથ્થર ફેંક્યો હતો!

આંખનો આ રોગ! કેવો વિચિત્ર રોગ! પુરુષોના બીજાણુઓમાં સમસ્ત પેઢીઓને પલટાવવાની અમાપ શક્યતાઓ ભરી પડી હતી. વારસાગત રોગોનાં ઊંડાં રહસ્યો ક્યારે પમાય? રમણીક કંઈ બોલ્યા વગર ચૂપચાપ ઊભો થયો.

'રજત, ડૉક્ટર તરીકે તું શું સલાહ આપે છે? લગ્ન કરાય કે નહિ?'

'ડૉક્ટર તરીકે નહિ, મિત્ર તરીકે સલાહ આપું છું કે...' કહી મેં ઝૂકી એના કાનમાં કંઈ કહ્યું. એ હસી પડ્યો, દરિયાનાં મોજાં પાછાં ભરતીએ ચડ્યાં હોય તેમ!

મહિના પછી રમણીકે એનાં અને મોહિનીનાં લગ્નની કંકોતરી મારા હાથમાં મૂકી.

'થૅન્ક્યુ, દોસ્ત! તારા વગર હું તો જિંદગીભર દુ:ખી જ રહેવાનો હતો.'

'પણ મોહિની તો મારા પર ચિડાઈ નથી ને?' મેં હસતાં-હસતાં પૂછ્યું, કારણ કે મારી સલાહ અનુસાર રમણીકે અજય પાસે પોતાને સંતાનો ન થાય તેવું ઑપરેશન કરાવી લીધું હતું! મોહિનીને હવે હા-ના કરવાનો સવાલ જ ન હતો.

5

નવાઈની વાત છે કે ક્યારેક-ક્યારેક અમુક-અમુક સંસ્કારો માનવચિત્તમાં કેવાં ઊંડાં મૂળ નાખી પડેલા હોય છે! બુદ્ધિ જ્યારે આપણને સમજાવીને કહે કે આ વાત ખોટી છે, ત્યારેય પેલા સંસ્કારોને વળગવા મન તરફડી ઊઠે છે!

કન્સલ્ટિંગ રૂમમાંથી હું વહેલો નીકળી તે દિવસે રમણીકના રૂમ તરફ જતો હતો. રાતના આઠેક વાગ્યા હશે. રસ્તાઓ પરની ઝાંખી બત્તી ને વરસાદી વાતાવરણથી ચોમેર ધૂંધળું ભાસતું હતું. માણસોની ભીડ અને વાહનોનો સતત અવાજ ન હોત તો તે કદાચ રહસ્યમયી નગરી જેવી તેજ-છાયાના મિશ્રણ જેવી લાગત.

ફૂટપાથની ધારે-ધારે હું ચાલતો હતો. લંડનનો સ્મૉગ, એડિનબરોની કાતિલ ઠંડી ને કિન્નરી અંતરમાં સળવળતાં હતાં. થોડે દૂર એમ ચાલ્યો હોઈશ ત્યાં આ સર્વ અવાજોમાં પણ એક ઘોઘરો, તરડાયેલો અવાજ કાન પર અથડાયો. કોઈ દેવીમાની સ્તુતિ ગાતું હતું.

પગ થંભી ગયા. પાછળ ફરીને જોયું તો એક માણસ લથડતે પગે, ગાતો-ગાતો ચાલ્યો આવે. અંધારામાં એની ઉંમર, રૂપ, રંગ – કશુંય કળાયું નહિ. એ ક્ષણે એ આખુંય દૃશ્ય એટલું વિચિત્ર, કઢંગું ભાસ્યું!

દારૂડિયાના મોંમાંથી શુદ્ધ સંસ્કૃત ભાષા અને તેમાંય શક્તિની સ્તુતિ કરનારા મંત્રો!

હું આગળ વધ્યો. પાછળ લહેરાતો-લહેરાતો પેલો માણસ નશામાં ઝૂકતો-ઝૂકતો ચાલ્યો આવતો.

એક હેડકી ખાઈ એ આગળ બોલ્યો.

ધીરે-ધીરે મારું મન પાછળ હટતું ગયું.

યાદ આવી સતપરાની શેરી, જેને નાકે હવન થતો હતો. નવરાત્રીના ઉત્સવની એ પરાકાષ્ઠા. હવનના પ્રારંભના મુહૂર્ત પહેલાં છોકરાંઓ અને મોટેરાંઓ ત્યાં ભરાઈને બેસતાં. મહાશંકર આચાર્ય ને જનમશંકર પાઠક આ હવનના સૂત્રધાર રહેતા – ગામના મુગટમણિ સમા નાગર ગૃહસ્થ.

હવન પ્રગટ્યો. પૂજા થઈ. બીડું હોમવાની વેળા...

મારી આંખો ભીની થઈ આવી. છાતીમાં કશુંક છટપટતું લાગ્યું. ભૂતકાળ જાણે ઘેરી વળ્યો. આ ઊભી મા... ભક્તિભાવથી જેની આંખોમાં આંસુ વહે છે... આ ઊભા મહાશંકર આચાર્ય. એમનું પીળું રેશમી પીતાંબર હવનની અગ્નિજ્વાળામાં નવીન શોભા ધારણ કરે છે... આ જનમશંકરનો શુદ્ધ સંસ્કૃત ઉચ્ચારોવાળો પહાડી કંઠ ગાજી રહે છે...

ને મારી પાછળ એ સ્તોત્ર કોઈ દારૂડિયાના કંઠે લહેરાતું અડબડિયાં ખાતું ચાલ્યું આવે છે.

પળવાર થયું : ઊભો રહું, પૂછી જોઉં કે ભાઈ, આ કંઠ શરાબથી તરબતર, તોય કોઈ પાઠશાળાનો છે. કોણ છે તું?

પણ હું ચાલતો રહ્યો. બીડું હોમાયું. 'અંબે માતકી જય!' કલશોર અમે કરી મૂકયો...

ને મારી પાછળ એક ધબાકો થયો. મેં પાછળ ફરીને જોયું તો પેલો માણસ ઇલિક્ટ્રસિટીના થાંભલા જોડે અથડાઈ જમીન પર પડ્યો હતો. હું જરા ત્યાં જ ખચકાઈને ઊભો રહી ગયો. હો-હો કરતા થોડા માણસો એકઠા થઈ ગયા. રસ્તે રખડતા દારૂડિયા કરતાંય પેલા સ્તોત્રે જાણે મને ખેંચી લીધો ને હું જઈ એના પર ઝૂક્યો.

રસ્તાની બત્તીના અજવાળામાં એક અઠંગ દારૂડિયાનો ચહેરો પ્રગટ થયો. એનો ચહેરો કાળો અને વિકૃત હતો. ગાલ ફૂલી ગયેલા અને આંખો નીચેથી સૂજી ગઈ હોય તેવી લાગતી હતી. ભેગા થયેલા લોકો બે કદમ પાછા હટી ગયા.

ધારીને જોતાં એના કપાળ પર Deep gash-on જણાયો, જેમાંથી થોડું-થોડું લોહી ઝરતું હતું. કદાચ ટાંકા વગર પણ એ રુઝાઈ જાય. એની આંખો ખોલી જોતાં કીકીઓ અનિયમિત લાગી. બેહોશી કદાચ પડવા કરતાંય નશાની વિશેષ હતી.

ધીરે-ધીરે એણે આંખો ખોલી. એને વાગેલી ચોટ કદાચ સખત હશે તોપણ નશામાં એને એ સમજાય તેવું ન હતું. મારી આજુબાજુના માણસો ધીરે-ધીરે ખસી ગયાં ને એકમાત્ર એક યુવાન ને પોલીસ ઊભા રહ્યા.

'કિધર રહેતા હૈ, સુવ્વર?' પોલીસે પૂછ્યું. પેલાએ આંખો બંધ કરી દીધી ને કંઈ બબડ્યો. રખે એ ફરી એની ગુલાબી સૃષ્ટિમાં ઊતરી પડે તે દહેશતે પોલીસે એને ઢંઢોળ્યો ને હાથ પકડી બેઠો કર્યો.

'સાલે, શરાબ પી કે ઝૂમતે હૈં ઔર મર ભી નહીં જાતે.' પોલીસે અફસોસ વ્યક્ત કર્યો.

અમે ત્રણ જણાએ મળી એને જેમ-તેમ ઢંઢોળતાં બેઠો કર્યો. અર્ધ-ભાનમાં, અર્ધ-નશામાં એણે ઘરનું સરનામું આપ્યું. માહિમની ઝૂંપડપટ્ટીનો વિસ્તાર હતો.

'રહેવા દો આંહીં જ. સવારે ઘરભેગો થાશે એની મેળે.' પેલો યુવાન બોલ્યો.

મેં ઉપર જોયું. અંધારી રાતનું એ અંધારું આકાશ મેઘની કાળાશથી વધારે અંધારિયું લાગતું હતું. સડકો સૂની થતી હતી. ક્યારેય જો વરસાદ મુશળધાર તૂટી પડે તો...

કદાચ એ કલ્પના કરવી નકામી હતી. આ દારૂડિયો રોજ રાતના ક્યાં- ક્યાં પડી રહેતો હશે, કોને ખબર! એની દશાની દયા ખાવાની જરૂર ન હતી. સહેજ અનિશ્ચિતતામાં હું ઊભો રહ્યો ત્યાં પેલાએ મારો હાથ પકડી કહ્યું :

'દુષ્ટ, વસંતસેનાનો વધ કરી તું ક્યાં ભાગી જાય છે?'

મારો નિશ્ચય થઈ ગયો. મેં પોલીસને કહ્યું : 'એને ઊંચકવામાં મને મદદ કરો તો હું એને ઘરે મૂકી આવીશ.' હું કોઈ નવા ગ્રહનું પ્રાણી હોઉં તે રીતે મારી તરફ એ જોઈ રહ્યો, પણ કંઈ બોલ્યો નહિ.

ટૅક્સી ઝૂંપડપટ્ટી આગળ આવી ઊભી રહી ત્યારે ટૅક્સી-ડ્રાઇવરે ને મેં મળી એને નીચે ઉતાર્યો. ડ્રાઇવર હસ્યો, 'ડૉક્ટરસા'બ, મુંબઈમાં તો હજારો દારૂડિયાઓ ફરે છે. એ બધામાં તમે ક્યાં પડશો? મૂકી દો એને આંહીં ને જાવ ઘરે.'

હું એમ જ કરત, પણ પેલી શક્રાદયની સ્તુતિ મારા કાનમાં સંભળાતી હતી. જરૂર કોઈ બ્રાહ્મણ – કદાચ સૌરાષ્ટ્ર તરફનો હોવો જોઈએ એની મને ખાતરી થઈ. એ સ્વસ્થ બને તો ફરી એક વાર પેલી સ્તુતિ ગવડાવું એવું મનમાં થઈ આવ્યું. મેં ડોકું ધુણાવ્યું : 'ભાઈ, તું નહિ સમજે. વર્ષો પછી કાનમાં જે સંભળાયું છે તેનું આકર્ષણ ટાળ્યું ટળે એમ નથી. એ ખોટું છે, એમ જાણ્યા પછી પણ મારામાં રહેલો બ્રાહ્મણ આ સંસ્કૃત શ્લોકોની પાછળ દોડી રહ્યો છે. આ દારૂડિયાને મારે સાજો કરવો જ પડશે.'

ના... આમ હું બોલ્યો નહિ. પણ બોલું તોય એ ક્યાં સમજવાનો હતો? અજયને કહ્યું ત્યારે એ પણ ખડખડાટ હસવા જ લાગ્યો હતો ને?

એક ભાંગીતૂટી ઝૂંપડીમાં એક ખૂણે એને સુવડાવ્યો. થોડી વાર પહેલાં પડી ગયેલા વરસાદનું પાણી હજુય તાડપત્રીઓનાં કાણાંમાંથી ગળતું હતું. ચારે બાજુ ગંદકી, કાદવ અને ભેજ હતાં. કેટકેટલા રોગોના જીવાણુઓ અહીં માનવશરીર પર હુમલો કરવા ટાંપીને બેઠા હતા! વિચાર કરતાં હું કંપી ઊઠ્યો.

એક જાડી કદરૂપી સ્ત્રી ગુસ્સામાં બરાડી રહી હતી. 'રૅશન કે પૈસે નહિ ઔર શાહજાદા શરાબ પી કે ચલે આયે!'

પાટાપિંડી કર્યા પછી મારે કરવાનું કશું રહેતું ન હતું.

પેલા દારૂડિયાનો નશો પણ સવાર પહેલાં ઊતરે એમ ન હતો.

'ઈસકા નામ ક્યા હૈ?'

'માલૂમ નહિ.'

'માલૂમ નહિ?' મારી તાજુબીનો પાર ન રહ્યો, 'તુમ્હારા ઘરવાલા હૈ?'

'ઘરવાલા કાયકા? હમ ઉસકી સાથ રહતે હૈં!'

સીધુંસાદું તત્ત્વજ્ઞાન હતું એ. મેં દલીલો કરવી છોડી દીધી. ઝૂંપડીના એક ખૂણે પેટી પડી હતી. એ પેટી પર એક પુસ્તક પડ્યું હતું. મેં જઈને ખોલ્યું. પહેલા પાના પર નામ લખ્યું હતું :

'ચંદ્રમૌલિશંકર પાઠક.'

મેં નજર ફેરવી ઘસઘસાટ ઊંઘતા ચંદ્રમૌલિશંકર તરફ જોયું. કૈલાસ પર બિરાજનાર, ચંદ્રને ભાલમાં રાખનારા ઓ મહાદેવ, તમારી આ દશા!

ચંદ્રમૌલિશંકરનું આકર્ષણ મને બીજી વાર એની ઝૂંપડી પર લઈ ગયું. હું પહોંચ્યો ત્યારે સાંજના આછા અંધારામાં એ ઝૂંપડીની બહાર વહેતી ખુલ્લી ગટર પર કાથીનો ખાટલો ઢાળી બેઠો હતો. આજુબાજુ અસહ્ય કોલાહલ હતો. આ દુનિયામાં વિધાત્રીએ જેમના ભાગ્યમાં કેવળ ચોકડી જ મૂકેલી એવાં અસંખ્ય અર્ધાં નાગાં છોકરાંઓ આમતેમ દોડતાં હતાં. મને ત્યાં આવેલો જોઈ આશ્ચર્યથી કેટલીક સ્ત્રીઓ ઝૂંપડીનાં બારણાંઓ આગળ આવી ઊભી રહી ગઈ. એ દરેકના હાથમાં કાં તો નાનું બાળક હતું અથવા એ સગર્ભા હતી.

'બાળક એ ઈશ્વરના ઘરની કવિતા છે.' કોણ મૂરખે એવું કહ્યું હશે! આ બાળકો જો કવિતા હોય તોપણ એ એક તદ્દન ખરાબ કવિએ લખેલી છંદલયમાધુર્ય વગરની જ કવિતા હતી.

વિચારમાં હું આગળ વધ્યો. ચંદ્રમૌલિ મને જોઈને હાકાબાકા જેવો થઈ ગયો. હાથમાંની બાટલી ખાટલા નીચે સંતાડી દઈ એ એકદમ નિર્દોષ દેખાવાનો પ્રયત્ન કરતો બોલી ઊઠ્યો, 'કિસકા કામ હૈ?'

'તમારું જ કામ છે, ચંદ્રમૌલિ.'

કદાચ મારી ગુજરાતી ભાષાને લીધે અથવા મારા દેખાવથી પણ એનો ચહેરો એકદમ પડી ગયો. આમેય તે દિવસે લોહી વહી જવાને કારણે એ થોડો એનિમિક તો લાગતો જ હતો.

'કોણ છો તમે? હું તમને નથી ઓળખતો.' એનો અવાજ તરડાઈ ગયો.

હું એની પાસે બેસી ગયો. કપાળ પરનો ઘા હજુ રુઝાયો ન હતો.

'હું ડૉક્ટર છું, ચંદ્રમૌલિ. તમને હું તે દિવસે ઘરે મૂકી ગયેલો.'

ચંદ્રમૌલિ માથું ઢાળી જરી વાર બેસી રહ્યો.

'અહીં શું કામ આવ્યા, ડૉક્ટર? તમારું અહીં કામ નથી.'

હું હસ્યો. ચંદ્રમૌલિનો કાળો ચહેરો, બેસી ગયેલા ગાલ, ખૂંધ વળી ગયેલું શરીર – આ બધાની સાથે એનો સ્વચ્છ, સ્પષ્ટ, ગૌરવ-ભર્યો અવાજ બંધબેસતો ન હતો.

'જો મારું માને તો તારું પણ અહીંયાં કામ નથી, ચંદ્રમૌલિ.'

'હું તો હવે આંહીં જ મરવાનો.' એ ગંદા હાસ્ય સાથે બોલ્યો, 'આ નરકમાં બ્રાહ્મણના દીકરાને જીવતે જીવ નરકવાસ મળ્યો છે.'

'ને એની સાત પેઢીને પણ – જનમશંકર પાઠકને પણ.'

એ એકદમ સડાક થઈને બેઠો. એની આંખો સળગી ઊઠી.

પળવાર ચહેરો દુ:ખથી તરડાઈ ગયો. પછી ધીરે-ધીરે એ આગ બુઝાઈ ગઈ. શરીર શિથિલ થઈ ગયું. આંખો મારા પર ઠેરવવાની કોશિશ કરી, પણ બહુ આછો તડકો પણ એની આંખને વાગતો હતો.

'જનમશંકર મારા દાદા થાય.'

'હા, ચંદ્રમૌલિ, એના વંશજ વગર શક્રાદય આટલું ભાવવાહી રીતે કોણ ગાય? તે રાત્રે હું ઘરે ગયો કે તરત જ મને તારી ઓળખાણ પડી. મને થયું...'

ને મારું વાક્ય અધૂરું રહ્યું. ચંદ્રમૌલિ એકદમ ઊઠ્યો ને દોડતો ઝૂંપડીમાં ભરાઈ ગયો. જરા છોભીલો પડ્યો. મને મારા પર રોષ ચડ્યો. ત્યાં અંદરથી મરિયમબાઈ કેડ હલાવતી મારી પાસે આવી ઊભી રહી.

'ઉસને બોલા હૈ તુમ ચલે જાવ.'

દલીલો કરવી નકામી હતી. ચંદ્રમૌલિને એટલી દાદાની શરમ નડી એ પેલા પૂર્વભવના જ સંસ્કાર હશે.

હું ઊઠ્યો. મરિયમબાઈને મારું કાર્ડ આપ્યું, કહ્યું, 'તુમ્હારે ઘરવાલે... જિસકી સાથ તુમ રહતી હો ઈસકો દેના. બોલના, જબ હમારી જરૂર હો તો બુલા લેના.'

મરિયમ મારી તરફ જરા જોઈ રહી. તે રાતનો ધૂંધવાયેલો કદરૂપો ચહેરો અત્યારના વધારે ઉગ્ર ને વધારે વરવો લાગતો હતો. મોઢા પર પાઉડરના લપેડા, લાલી ને કાળા હોઠ પર લાલભડક લિપસ્ટિક આ નરકાગારની સ્ત્રીનો ધંધો સૂચવતા હતા.

'ઈસકો શરાબ પીને કા બંધ કરાઓ. ઉસકે લિયે અભી હમકુ ભી રાતરાતકો ધંધા કરના પડતા હૈ.' મરિયમનો અવાજ મૃદુ – જરા મૃદુ હતો.

ચંદ્રમૌલિનું વ્યસન હવે સુધરવાની પેલે પાર પહોંચી ગયું હતું, પણ એ આ સ્ત્રીને કહેવાનો અર્થ ન હતો. મેં ડોકું ધુણાવ્યું ને ત્યાંથી બહાર નીકળ્યો.

નકામું જ હતું. દર્દીઓ વગરના ડૉક્ટરને પણ આવા દર્દીઓ પાછળ સમય બગાડવાનું પોસાય નહિ. આ પ્રૅક્ટિસ જમાવવાની રીત નથી. પ્રૅક્ટિસ જમાવવા ધનિક અને સમૃદ્ધ કુટુંબોમાં પગપેસારો કરવો જોઈએ.

આ ઝૂંપડપટ્ટી ને સંસ્કારી દુનિયા વચ્ચેનો કોઈ સેતુ નથી. આ દુનિયાના દર્દીઓ રોગમાં જન્મે છે, જીવે છે ને મરે છે, મરતા રહેશે. પણ ચંદ્રમૌલિ... ચંદ્રમૌલિને મળવાનો મેં બે-ત્રણ વાર પ્રયાસ કર્યો. એ મળ્યો નહિ. મરિયમે કહ્યું કે 'એ તે દિવસ પછી ઘરે આવ્યો જ નથી. રખડતો હશે ક્યાંક દારૂ પીને.'

લોકો કહે છે, ડૉક્ટરો લાગણીહીન થઈ જાય છે, રોગ અને દુઃખ જોઈને. કદાચ સાચું છે કે એમનું ચિત્તતંત્ર વધારે ધારદાર, વધારે સાવધ બને છે. પીડાના પ્રકારોને એ સમજતો થાય છે.

ભડ-ભડ બળતી આગમાંથી ખેંચી કાઢેલી મજૂરોની પીડા, ક્ષયની અદમ્ય, પ્રાણ ખેંચી કાઢતી ઉધરસોની પીડા, ધીરે-ધીરે મૃત્યુમુખમાં હોમાતા બાળકને જોઈ રહેતાં મા-બાપની પીડા, પાડોશણની કારપેંટ પોતાની કારપેટ કરતાં વધારે મોંઘી છે એ જોઈ સ્લીપિંગ પિલ્સ લેતી ધનિક સ્ત્રીની પીડા...

'શું વિચારે છે?' અપર્ણા કોઈ સાંજે એને ત્યાં દર્દીઓની ખાસ ભીડ ન હોય ત્યારે આવીને બેસે છે.

'અમસ્તો જ. એક સરસ પુસ્તક હાથમાં આવ્યું છે તે ઊથલાવતો હતો.'

'નસીબદાર છે તું, રજત. અજયની માફક ટંકશાળ ઊભી કરવામાં નથી પડ્યો એટલે.' અપર્ણાએ મારા હાથમાંથી પુસ્તક લીધું ને નામ વાંચ્યું : 'The Search for Meaning in Life.'

'ડૉક્ટરોને તો ઘરની બૈરી સામું પણ જોવાની ફુરસદ ન મળવી જોઈએ. તો જ એ મોટો ડૉક્ટર કહેવાય. હું કોણ?' મેં મારું ટેબલ બતાવ્યું. 'જો, આ આખા મહિનામાં કુલ છ દર્દીઓ આવ્યા છે. બે વિઝિટો થઈ છે જે સદંતર મફત હતી. મારે જિંદગીમાં કામ કરવાનું નથી એટલે

અર્થ શોધવા બેઠો છું.'

મારો અવાજ કડવો હતો? વ્યથિત હતો? અપર્ણાએ મારી તરફ જરા ધ્યાનથી જોયું ને કહ્યું : 'જો સાંભળ, આ પુસ્તક શું કહે છે?

A man who has once perceived, however temporarily and however briefiy, what makes greatness of Soul, can no longer be happy if he allows himself to be petty, self-seeking, troubled by trivial misfortunes, dreading what fate may have in store for him.'

અપર્ણા અટકી મારી તરફ જોઈ પુસ્તક બંધ કરતાં બોલી :

'સુંદર પુસ્તક છે. આમાંનું એકાદ વાક્ય પણ જો જિંદગીમાં ઉતારી શકાય... પણ એમ કહેવુંય નકામું છે. આપણા હાથપગ આપણે જ બાંધ્યા છે ને?'

અપર્ણાને ગંભીર, ઉદાસ જોવી મને ગમતી નથી, જેમ કિન્નરી મને ગંભીર થયેલો જોઈ શકતી ન હતી તેમ.

'આ વખતની ગાયનેકોલૉજી ઍસોસિયેશનની સેક્રેટરી તું છે ને?' મેં અમસ્તું જ પૂછ્યું.

'હા, કાલે એનું ઓપનિંગ લેક્ચર છે. તું આવશે?'

'કોણ બોલવાનું છે?'

'ડૉ. એનેસ્ટ રેમ્બલે. અમેરિકન સ્પેશ્યાલિસ્ટ છે.' અપર્ણાએ કહ્યું.

બીજો કોઈ વિષય મેં શોધવાનો પ્રયત્ન કર્યો, પણ ક્ષણો મૂંગી-મૂંગી ઊભી રહી. મેં ઘડિયાળમાં જોયું. સાત થઈ ગયા હતા.

'ચાલ, જરા બહાર જઈએ.' મેં કહ્યું.

અમે બંને બહાર નીકળ્યાં. અપર્ણા ગાડી વગર જ આવી હતી. અમે મરીનડ્રાઇવ તરફ ચાલવા માંડ્યું.

અપર્ણા થોડી વાર દરિયા તરફ જોઈ ચાલતી રહી, પછી મારા તરફ ફરી ઉદાસ હાસ્ય કરી બોલી, 'તું હવે અજય પાસેથી ટ્યૂશન લેતો જા જરા.'

'શેનું?' હું સમજ્યો નહિ.

'હોશિયાર થવાનું. જો, મારા મનમાં એક વાત રમે છે. કાલે અમે કાઇન્ડ બડ્ર્સની મિટિંગમાં જવાનાં છીએ.'

'કાઇન્ડ બડ્ર્ઝ? વૉટ્સ ધૅટ?'

'જો, રજત, એવું નહિ પૂછવાનું. કેટલાક લોકો પાસે પૈસો હોય છે. એ લોકોને પૈસાનું પ્રદર્શન કરવું ગમે છે. કેટલાક પાસે સમય છે, જેનું શું કરવું તેની તેમને સમજ પડતી નથી. પછી તેઓ ભેગા મળી એક ભાષણ ગોઠવે છે. ભાષણ પછી મોંઘીદાટ હોટલમાં ડિનર થાય છે. કાલે અજય "ભારતનાં ગામડાંઓમાં દાક્તરી સેવા" વિષે ભાષણ આપવાનો છે.'

'એમાં મારે શું કરવાનું?'

'તમાશો. અમે મિટિંગમાં જાહેર કરશું કે ચાર-પાંચ ડૉક્ટરો ગામડાંમાં ચાર દિવસનો સેવાયજ્ઞ કરશે. એમાં જજે.'

'પછી?'

'પછી તારા ફોટાઓ પડાશે. છાપાંમાં આવશે. ડૉક્ટરોને જાહેરખબર આપવાની મનાઈ હોય છે એટલે આ જાહેરખબરનો એક પ્રકાર જ સમજી લેવાનો.'

'ફોટાઓ પડાવવાની ઇચ્છા નથી અપર્ણા, પણ તું જો સલાહ આપતી હોય તો હું કૅમ્પમાં જરૂર આવીશ. કંઈ નહિ તો એ બહાને થોડું કામ મળશે.'

'કેવું વિચિત્ર છે, નહિ?' અપર્ણા પાળ પર બેસતાં-બેસતાં બોલી, 'આ દેશમાં રોગ અને

ગરીબીનો પાર નથી ને છતાં ડૉક્ટરો કામ વગર બેકાર ફરે છે!'

'મેંય બહુ વાર વિચાર્યું, અપર્ણા! કે હું કોઈ ગામડામાં જઈને બેસું. પછી વિચારું છું કે હું ત્યાં શું કરીશ? નથી ત્યાં કોઈ હૉસ્પિટલ, નથી સાધન-સગવડ. ઑક્સિજનના અભાવે મારે તો મારા દર્દીને મરતો જ જોવાનો રહ્યો.'

અંધારઘેરો દરિયો ઊછળતો હતો. આકાશ મેઘછાયું તોય આછું ઉજ્જ્વળ લાગતું હતું. સૂરજ ડૂબ્યા પછીની આછી અંધાર-માયા ચોતરફ વીંટળાવા લાગી હતી. દરિયા તરફની દૂરદૂરની ક્ષિતિજોની પેલે પાર વિશાળ દુનિયા... કેટકેટલા દેશો, પ્રજાઓ, ઉદ્યોગો, ભરી-ભરી સમૃદ્ધ વીર્યવાન સંસ્કૃતિઓ... ક્યાંક મારો સમાસ જરૂર થશે.

કિન્નરી ક્ષિતિજોની પેલી બાજુ વસે છે. આ બાજુ વસે છે બા, અથવા વસતી હતી.

જાડી, ગોરી, હસમુખી બા. ધોધમાર વરસાદ વરસતો ત્યારે બા આંગણમાં ઊભી-ઊભી મેઘને હાકોટા કરતી, 'એ... ઈ ને હાલ્યો આવ મારા બાપ! મારાં ખેતરો, મારી ગાયું તરફડે છે. હાયલો આવ, માબાપ... હાયલો આવ...'

એકદમ હું ચોંકી પડ્યો. પગે સ્મૃતિઓની જંજીર પડી છે. તોડીને નસાતું નથી.

અચાનક અપર્ણા પૂછી બેઠી, 'રજત, કિન્નરી કેવી છે?'

'કેવી એટલે? તારા જેવી તો નથી એટલું ચોક્કસ.'

'પણ તોય?'

'એ જીવી જવા માગે છે. પ્રત્યેક ક્ષણને ચૂસી લઈ એનો રસ પી લઈ ઊડી જશે. મૃત્યુનો ભય એને સતાવતો નથી.'

'એ અમારા જેવી ગણતરીબાજ ને હોશિયાર નથી. જો, મારા દવાખાનામાં હું વીસથી વધારે માણસોનો સ્ટાફ રાખતી નથી, નહિતર પ્રોવિડન્ટ ફંડનાં લફરાં થાય. વળી જે સિસ્ટર, આયા કે મહેતરાણીને હું કામે રાખું તેમની પાસેથી પહેલાં જ હું તેમનાં રાજીનામાંઓ પર સહી લઉં છું. જરૂર પડ્યે કાઢી મૂકી શકાય.'

'એક આખું વિષચક્ર છે. આપણે ત્યાં જો ઇંગ્લૅન્ડ જેવી નેશનલ હેલ્થ સ્કીમ હોય તો? દરેક કુટુંબના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે અમુક ડૉક્ટર કે તેની પૅનલ જવાબદાર. કુટુંબ દીઠ અમુક રકમ સરકાર ઉઘરાવી શકે. એક મોટું યુનિટ હોય, જ્યાં દરેક સ્પેશ્યાલિસ્ટની સેવા હોય, અદ્યતન પૅથૉલોજી ડિપાર્ટમેન્ટ, એક્સ-રે હૉસ્પિટલાઇઝેશનની સગવડ...'

'અરે ગાંડા, જે દેશમાં પૉઇન્ટ પાંચ પરસેન્ટ લોકો ઇન્કમટૅક્સ ભરતા હોય ત્યાં આવું સ્વપ્ન કેવું!'

ચૂપચાપ અમે ઊઠ્યાં. અપર્ણાથી નિઃશ્વાસ નખાઈ ગયો.

'જવા દે એ વાત.'

અમે બંને અમારા વિચારમાં ચૂપ ચાલ્યાં જતાં હતાં.

અપર્ણાનો સવાલ મારા મનમાં ઘૂમરાતો હતો : 'કિન્નરી કેવી છે?' 'કિન્નરી ક્ષણ-ક્ષણ ચૂસી લેવા માગે છે.'

કિન્નરી... તે દિવસે મેં કિન્નરીનાં જુલફાં એના કપાળ પરથી ખસેડી એની આંખોમાં ઊંડું ઝાંકતાં કહ્યું હતું : 'કિન્નરી, રસ પીવાનો જ આનંદ ક્યારેક મોળો નહિ પડી જાય? ક્ષણને નિચોવી નાખવા કરતાં આપણે એમાં કશુંક ભરવાની ઇચ્છા રાખીએ તો?'

એ ખડખડાટ હસી પડેલી : 'રજત, તું બ્રાહ્મણ જ રહ્યો. ટ્રૂ બ્રાહ્મિન. આ વિચારો આપણી આંખે બાંધેલા પાટા જેવા છે. ઘાણીના બળદને જો આંખે પાટા ન બાંધીએ તો એ ગોળ-ગોળ ફરવા રાજી થાય ખરો? એક દિવસ એ વિદ્રોહ નહિ કરે? એની આંખે પડદા બાંધી આપણે કહ્યું કે 'ભાઈ, દુનિયા આ ચાર દીવાલોમાં જ સમાયેલી છે.'

દરિયાનાં મોજાંઓ ચોતરફ અથડાઈ ફીણ-ફીણ થઈ રહ્યાં છે – કિન્નરીના હાસ્યની જેમ.

6

આશરે સોએક માણસોની પાર્ટી જામી હતી. પાર્ટી આપનાર હતો હું. ઘણાખરા જનરલ પ્રૅક્ટિસ કરનારાઓ, થોડા સ્પેશ્યાલિસ્ટો ને બાકીના અજયના દર્દીઓ, શહેરના નામાંકિત સજ્જનો.

ચોમાસું પૂરું થયા પછીના અકળામણ અને બફારાના દિવસો હતા. રાત પડી હોવા છતાં હવા ગરમ હતી. મુંબઈની એક આલીશાન હોટેલની ટેરેસ પર પાર્ટી હતી. નીચે નજર કરતાં અનેકાનેક દીવાઓ છાતી પર લઈ સૂતેલી નગરી હતી.

લોકોનું ખડખડાટ હાસ્ય, વાતોનો કોલાહલ મારી આજુબાજુ અથડાય છે. પાર્ટી ખરી જામી છે. અજય આવીને મારા કાનમાં કહી જાય છે.

અજયની સૂચનાથી આ પાર્ટી – અથવા સૂચના કરતાં એણે જ ગોઠવી છે, એમ કહીએ તોય ચાલે.

યાદ આવે છે, તે દિવસે જ્યારે એ બપોરે દોડતો આવેલો. એનું જરા જાડું શરીર હાંફતું હતું. ચહેરો હાસ્યથી ફાટી પડશે એવું લાગતું હતું.

'વી વન ધ ડે... વી વન ધ ડે.'

મારો હાથ પકડી એણે નૃત્યનાં બે-ત્રણ પગલાં ભર્યાં.

'તને ડી. કે.માં આસિસ્ટન્ટ ઑનરરીની જગ્યા મળી ગઈ છે. હમણાં જ મને ડૉક્ટર વર્માએ કહ્યું એટલે હું તરત દોડતો આવ્યો.'

ડી. કે.માં ઑનનરી! આ જાદુ કેવી રીતે થયું?

અપર્ણાએ પણ એ જ સવાલ પૂછ્યો.

'ડી. કે.ની આ પોસ્ટ માટે તો ઘણા સારા-સારા ઉમેદવારો ટ્રાય કરતા હતા. ને રજત તો કોઈની ઈન્ફ્લ્યુઅન્સ વગર જ ગયેલો.'

અજયે હાથ ઠોકતાં કહ્યું, 'એ તો ખૂબીલિટી છે, યાર! કોણ-કોણ ટ્રાય કરતું હતું તે પણ મને ખબર છે. એક તો ડૉ. ધડફળે, ફાઇનાન્સ મિનિસ્ટરનો પર્સનલ ફિઝિશ્યન.'

'કોણ? ધડફળે? એ તો ત્રણ હૉસ્પિટલમાં તો જાય જ છે.'

'ઘરડું થાય એમ ઝાઝો લોભ. એના દીકરાએ નહિ-નહિ તોય કરોડો રૂપિયા બનાવ્યા હશે, ફાઇનાન્સ મિનિસ્ટરના લાઇસન્સથી.'

'ને બીજા કોણ?'

'એક તો ડૉ. જયંત. આપણાથી બે-ત્રણ વર્ષ જુનિયર હતો. આ વર્ષે તો હજુ એમ. ડી.માંથી ડચકાં ખાતો બહાર નીકળ્યો. એના બાપે ડી. કે. ને આખો ઉપરનો નવો માળ બંધાવી આપવાની ઑફર કરી.'

અપર્ણાએ મોઢેથી િવ્હસલ વગાડી. 'એક માળ? સાત-આઠ લાખની ચૅરિટી?'

'ને બીજા બે-ત્રણ તો બિચારા સ્ટેટ મિનિસ્ટરોની લાગવગ લઈને આવેલા. શું ટ્રસ્ટીઓ વચ્ચે તો જામી'તી! એટલે અંતે ખાલી કવૉલિફિકેશન જ જોવાં એવું નક્કી કરી ડૉ. રજત દવેને પંસદ કરવામાં આવ્યા છે. ને બે-ત્રણ દિવસમાં તેમનો ઍપોઇન્ટમેન્ટનો લેટર પણ મળી જશે.'

મુંબઈની Crema da la crema સોસાયટીમાં મને દાખલ કરાવવા આ પાર્ટી અજયે યોજી છે. અજયે ઓળખાણ કરાવી તેમાંના થોડા ચહેરા યાદ રહી જાય છે.

મેકઅપના લપેડા નીચે મધ્યવયને ચાતરી જવાનો પ્રયત્ન કરતાં શ્રીમતી ચંચળ – ના, ચંચલ, અતિસ્થૂળકાય સુવિખ્યાત ઉધોગપતિ કાપડિયા, ગોરી ઠાવકી સ્વસ્થ નિરુપમા – આ બધાંને મારા જાદુઈ વ્યક્તિત્વમાં આંજી મારે મારા વેઇટિંગ રૂમ સુધી ખેંચી લાવવાનાં છે.

'સ્માઇલ.' અજય કાનમાં ઑર્ડર આપી છટકી જાય છે.

ડૉ. પાધ્યે – હાર્ટ સ્પેશ્યાલિસ્ટ પણ આવેલા છે. એ મારી સાથે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટેશનની વાત કરી રહ્યા છે.

'ઇટ ઇઝ એ મેજર બ્રેક થ્રૂ, ડૉક્ટર! વ્હૉટ એ મેજર બ્રેક થ્રૂ!'

એમની આંખો જરા લાલ છે. સૂકી જીભને વારંવાર ભીની કરવાનો તેઓ પ્રયત્ન કરે છે. અવાજ જાડો... એક પર બીજો ગોઠવ્યો હોય તેવો લાગે છે.

'હું તમને કહું. હાર્ટ ટ્રાન્સપ્લાન્ટેશન મેં પણ કર્યાં છે. વન્ડરફુલી સક્સેસફુલ! પણ સાલા ઇન્ડિયામાં આપણને કોઈ પબ્લિસિટી નહિ, અધરવાઇઝ...'

'ડૉક્ટર પાધ્યે, તમારો ટેલિફોન પ્લીઝ.' અજયે આવી જણાવ્યું.

'ઓહ, એકસ્ક્યુઝ મી પ્લીઝ.' ડૉ. પાધ્યે ઊઠ્યા ને ટેલિફોન તરફ ગયા.

'મને, ડૉક્ટર, વારંવાર છાતીમાં દુખાવો થઈ આવે છે. એક વાર કાર્ડિયોગ્રામ કઢાવ્યો, પણ નૉર્મલ હતો.' કાપડિયા મારી તરફ ઝૂકી બોલતા હતા.

એમની ભોજનની પ્લેટમાં એક નજર નાખવી બસ હતી!

'Some men are digging their graves by their teeth...' એ વાક્ય કેટલું સાચું હતું!

'કોઈ માઇલ્ડ ટ્રબલ હોય તો કદાચ એકાદ વારના કાર્ડિયોગ્રામમાં ન પકડાય. પણ એમ કરો, તમે એક વાર મને મળી જાઓ. હું તમને થરલી ચેક-અપ કરી આપીશ.' મેં કહ્યું.

ભોજનને વ્હીસ્કીના પેયથી ગળા નીચે એ ઉતારતા ગયા ને ઇન્કમટૅક્સ, નિકસન, વૉટરગેટ, ઇન્ડિયન ગવર્નમેન્ટ વગેરેની વાતો કરતા ગયા.

ડૉ. પાધ્યે આવી પહોંચ્યા. મારા તરફથી સરકી કાપડિયા ડૉ. પાધ્યે સાથે વાતે વળગ્યા.

'ડૉ. પાધ્યે, તમારો ફોન.' અજયે આવી કહ્યું. મોં બગાડી તેઓ ઊભા થયા. 'શું કરું, ડૉ. કાપડિયા, મારા દર્દીઓ મને જરા પણ જંપવા દેતા નથી.'

અપર્ણા આવી. એની સાથે મિસિસ નિરુપમા શાહ પણ હતી.

'રજત, મિસિસ શાહ મારી પેશન્ટ ને ફ્રેન્ડ બંને છે.'

નિરુપમાએ હાથ જોડી નમસ્તે કર્યા. શ્રીમંતાઈ બહુ થોડા માણસોને શોભે છે. નિરુપમા તેમાંની એક હતી.

'આપને મળી આનંદ થયો. અપર્ણા, કોઈ વાર એમને ઘરે લાવજે.'

'તું ફ્રી હો ત્યારે ને?' અપર્ણા મારી તરફ ફરી બોલી, 'જો, રજત, મારી ડાયરીનાં પાનાંની તું મશ્કરી કરે છે. પણ નિરુપમા-વિજયને તો એટલાં સોશ્યલ એન્ગેજમેન્ટ હોય છે કે ઘણી વાર એ લોકો એકબીજાને દિવસો સુધી મળતાં પણ નથી.'

નિરુપમા હસી પડી. 'ડોન્ટ બિલીવ હર, ડૉક્ટર. દિવસો સુધી નહિ, માત્ર એક દિવસ સુધી તો અમે ઘણી વાર મળતાં નથી.'

અમે ત્રણે હસી પડ્યાં. વેઇટર ટ્રેમાં ચિઠ્ઠી મૂકી લાવ્યો. એમાં ડૉક્ટર પાધ્યેનું નામ હતું.

અપર્ણાએ 'પી' નામ વાંચી બૂમ મારી, 'ડૉક્ટર પાધ્યે, તમારો ટેલિફોન.'

ડૉક્ટર પાધ્યે ઊઠ્યા ને બધા વચ્ચેથી માર્ગ કાઢતા, કોઈની માફી માગતા, તો કોઈની સામે સ્મિત કરતા ટેલિફોન બૂથ તરફ ગયા.

'મસ્ટ બી એ વેરી-વેરી બીઝી ડૉક્ટર. આટલા ટેલિફોન તો કદાચ પ્રાઇમ મિનિસ્ટરને પણ નહિ આવતા હોય!' નિરુપમાએ ઉદ્ગાર કાઢ્યો.

'આઈ ટેલ યુ, મિસિસ શાહ, હી ઇઝ નંબર વન હાર્ટ સ્પેશ્યાલિસ્ટ ઇન ઇન્ડિયા, ઇન ધ હોલ વર્લ્ડ!' કાપડિયા એક આંગળી ઊંચી કરી નાનાં છોકરાંને ભણાવતા હોય તેમ બોલ્યા.

એક હેડકી ખાઈ ફરી બોલ્યા, 'એણે કેટલાં હાર્ટ ટ્રાન્સ્પ્લાન્ટેશન કર્યાં છે, યુ નો? દસ. રીઅલી, આપણા ઇન્ડિયન લોકોને કંઈ કદર નથી, બાકી...'

'દશ ટ્રાન્સ્પ્લાન્ટેશન માય ફૂટ!' અજય દાંત કચકચાવી બોલ્યો, 'સાલો... એક ડેડ બૉડીમાંથી બીજામાં મૂક્યાં હશે!' મારી તરફ ફરી બોલ્યો, 'જો, તું પણ આ શીખી લે. ભાડૂતી માણસોને પૈસા આપી દશ-દશ મિનિટે ફોન કરાવવાના, સમજ્યો?'

'વ્હૉટ!' હું અજય તરફ બાઘા જેવો બની જોઈ રહ્યો.

'નહિતર? આ ગધેડાને એટલા બધા પેશન્ટો છે કે પાંચ-પાંચ મિનિટે એના ફોન આવે? આ તો થિયેટર છે, મારા ભાઈ! નાટક કરો નાટક!'

ડી. કે.નું મારું નાટક બીજા દિવસથી શરૂ થયું.

'વેલ કમ ટુ ડી. કે.' ડૉક્ટર વર્મા મારી જોડે હસ્તધૂનન કરતાં બોલ્યા. એમની ઝીણી આંખોમાં પહેલા બની ગયેલા બનાવનો કોઈ ઓછાયો હોય તો તે જોવા હું મથ્યો, પણ મને સમજ ન પડી.

'ચાલો હું તમને હૉસ્પિટલ બતાવું.' કહી એ આગળ થયા. એમનું જાડી દડીનું શરીર ટૂંકી-ટૂંકી ફાળો ભરતું આગળ વધ્યું. હું પાછળ ઘસડાયો.

ડી. કે. લગભગ પચાસેક વર્ષ જૂની હૉસ્પિટલ હતી. જોકે પ્રમાણમાં એની ચાર મજલાની વિશાળ ઇમારત મજબૂત અને સંગીન લાગતી હતી. નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર ઑફિસ, ટ્રેઝરરની ઑફિસ, સુપ્રિન્ટેન્ડન્ટની ઑફિસ અને એક બાજુનો ભાગ ઓ. પી. ડી.નો રાખવામાં આવ્યો હતો. બીજે-ત્રીજે માળે પુરુષો અને સ્ત્રીઓના જનરલ મેડિકલ અને સર્જિકલ વૉર્ડ્ઝ અને મોટું ઑપરેશન થિયેટર હતું. ચોથે માળે હારબંધ પ્રાઇવેટ રૂમો અને ત્રણેક ઑપરેશન થિયેટરો હતાં. મનને ગમી જાય તેવી વિશાળ ઇમારત

મેડિકલ વૉર્ડ આગળ ઊભા રહી તેમણે મારી ઓળખાણ કરાવી. મેટ્રન ને બીજી બે-ત્રણ સિસ્ટરો મને વીંટળાઈને ઊભી રહી.

'ગુડ મૉર્નિંગ, સિસ્ટર.' ડૉક્ટર વર્મા હાંફતા-હાંફતા મેટ્રનની ખુરશી પર બેસી પડ્યા : 'ધિસ ઇઝ અવર ન્યુ ઑનરરી ડૉક્ટર રજત દવે.'

'ગુડ મૉર્નિંગ, સર!' મેટ્રને મારી તરફ જોઈ નમસ્તે કરતાં કહ્યું. કાળી, જરા જાડી ને પ્રસન્ન લાગતી મેટ્રન મને ગમી ગઈ. જાણે કે એ મેટ્રન થવા જ સર્જાયેલી હતી.

'હું મિસ મિસ્કવીટા છું. આ છે સિસ્ટર જોસેફ ને સિસ્ટર પિન્ટો.'

બંને વિદ્યાર્થિની સિસ્ટરોએ અભિવાદન કર્યું.

એક ભૂમિકા રચાઈ ગઈ અમારી વચ્ચે. હૉસ્પિટલમાં જો ડૉક્ટર એ મગજ છે. તો સિસ્ટરો અને મેલ-નર્સો અમારાં અંગો બરાબર છે. મને સિસ્ટર મિસ્કવીટા ગમી. એ ચપળ અને કાર્યદક્ષ લાગી.

'ડૉ. દાસ આવ્યા છે?' ડૉ. વર્માએ પૂછ્યું.

'એ હમણાં જ ઓ. પી. ડી.માં ગયા. બોલાવું?'

'જરૂર નથી. સિસ્ટર, તમે જરા એમને વૉર્ડ બતાવી નીચે ઓ.પી.ડી.માં લઈ જશો? હું જાઉં.' ડૉક્ટર વર્મા ઊઠ્યા. 'બેસ્ટ લક.'

મેટ્રન જોડે હું જનરલ વૉર્ડમાં ફર્યો. દરેક ખાટલા આગળ થંભી હું નામ વાંચતો. કેસની વિગતો આંખ પર ચડતી ને મારું હૃદય ક્યારેક ધબકાર ચૂકી જતું.

Tuhercular Meningitis. ગઈ કાલથી દાખલ થયેલો. હજુ તાવની બેભાનીમાં જ હતો. Diabitic Coma, Cerebro Vascular stroke. યુવાન દર્દી. High blood pressure 210□120.

કોઈનો અટપટો મેડિકલ હિસ્ટ્રી, રોગનાં અચોક્કસ ચિહ્નો, ક્યાંય પાછી પડતી દવાઓ, તો ક્યાંક જિંદગી અને મોતનો ભયંકર મુકાબલો...

કદાચ મોટી હૉસ્પિટલ એ આશીર્વાદરૂપ હતી! કેટકેટલા કેસોને હું ટ્રીટ કરી શકતો! મારે હવે દર્દી શોધવા નહિ જવા પડે, દર્દીઓ મને શોધતા આવશે.

આઉટડોરમાં ડૉ. દાસ મળ્યા. એમનો ચહેરો જરા માટે અણગમતો કેમ લાગ્યો?

'રજત, બિવેર, માણસોના પરિચયમાં આવ્યા પહેલાં એમના વિશે અભિપ્રાય બાંધવો સારો નથી.' મેં મારી જાતને ટપારી. સ્વસ્થ થયો. એમની સાથે બેઠો. નર્સોએ તૈયારી કરવા માંડી. હાથમાં કેસનાં કાગળિયાં લઈ બીમાર નિર્બળ દર્દીઓ એક પછી એક આવતા ગયા.

કેસનાં કાગળિયાં લઈ ડૉ. દાસ ઝડપથી નજર ફેરવી જતા ને મારા હાથમાં આપતા.

Pain in the middle in the epigastrium near the xiphoid. Occassional Vomiting. Pain after meals.

'ઝાડામાં લોહી પડે છે કે કોઈ વાર?'

'હા, સાહેબ.'

'પછી એક્સ-રે કરાવ્યો?'

દર્દી ચૂપ રહ્યો.

'એક્સ-રે વગર હું દવા કેમ કરાવું? જાઓ, એક્સ-રે ડિપાર્ટમેન્ટ પર ચિઠ્ઠી લખી આપું છું. અર્ધી ફી લેશે.' ડૉ. દાસે ઝડપથી એક ચિઠ્ઠી ઘસડી કાઢી. દર્દી ગયો.

'શું લાગે છે?' એ મારી તરફ ફરી બોલ્યા.

મેં પૅથોલૉજિકલ રિપૉર્ટ જોયો. Gastric acidity ઘણી વધારે હતી.

'મને duodenal ulcer લાગે છે. એની વે, એક્સ-રે આવે તો ક્લીઅર પિક્ચર મળે.' મેં કહ્યું.

'એક્ઝેક્ટલી.' એ બોલ્યા. એમની આંખો દરવાજા પર મંડાઈ. આવનારી સ્ત્રી એક નિરુત્સાહી માંદલી સ્ત્રી હતી. દુઃખ, ભૂખ અને રોગે એના શરીરને ક્ષતવિક્ષત કરી નાખેલું.

હાઉસમૅને મારા હાથમાં એક્સ-રે ને રેડિયોલૉજિસ્ટનો રિપૉર્ટ આપ્યા. એક્સ-રે દીવા જેવો સ્પષ્ટ હતો. બંને ફેફસાં પરનાં ધાબાં યમરાજાનાં પગલાં સમાન હતાં. રિપૉર્ટ હતો :

Hazy infiltration both apices, with some cavitation on the right side, multiple small opacities in both lung- fields indicating miliary T. B.

ઉગ્ર ક્ષય હતો. ડૉ. દાસ ગુસ્સામાં બોલ્યા, 'તુમ કો દવા લિખ કે દી થી. ઇન્જેકશન્સ લેનેકું બોલે થે. અચ્છા ખાનાપીના, દૂધ, ઘી, ચીઝ... તુમને કુછ નહિ કિયા?'

પેલી સ્ત્રી સ્થિર અવાજે કહે છે, 'આપને બહોત મહંગી દવા લીખ દી થી! કુછ સસ્તીવાલી લિખ કે દો, બડા સા'બ!'

સવાર જોતજોતામાં ઉગ્ર બપોરમાં પલટાઈ ગઈ. ડૉ. દાસ સ્ટેથોસ્કોપ ગળામાંથી કાઢી પરસેવો લૂછતા ઊભા થયા.

'સર, વન મોર પેશન્ટ.' નર્સે જરા ગભરાતાં કહ્યું.

'ડેમ ઇટ. કાલે આવવાનું કહેજે.'

પણ એટલી વારમાં પેલો દર્દી અંદર ધસી આવ્યો. 'દાકતરસા'બ, દાકતરસા'બ!'

'સાંભળ્યું નહિ? કાલે આવવાનું કહ્યું તે?'

પેલો બિચારો જરા ઝંખવાણો પડી ગયો : 'સાહેબ, પણ કલાકથી લાઇનમાં ઊભો છું.'

એનો ચહેરો અત્યંત ફિક્કો હતો. હાથની આંગળીઓના નખ ને આંખો તપાસી જોયાં.

સફેદ ફિક્કાં હતાં. એની એનિમિક કન્ડિશન માટે શંકા ન હતી.

'શેલ આઈ હેલ્પ હિમ?' મેં ડૉ. દાસને પૂછ્યું.

'ઓ. કે. આવી બધી વાતોમાં બહુ સેન્ટિમેન્ટલ ન થવું. નહિતર આપણને હાર્ટએટૅક આવશે.' કહી ડૉ. દાસ બહાર ગયા.

મેં દર્દીને બેસાડ્યો. કેસ હિસ્ટરી ધારી હતી તે જ. એના બ્લડનો રિપૉર્ટ હતો. રેડ સેલ્સ લેસ ધેન થ્રી મિલીઅન. ઓવલ માક્રોસાઇટ્સ અને હાઇપરસેગમેન્ટેલ ગ્રેન્યુલોસાઇટિસ.

'કંઈ કામ થતું નથી, દાકતરસા'બ! છાતીમાં ધકધક થાય છે. અંદર તો એ બધું ઊછળે...'

'ટેકી કાર્ડિયા.' મેં કહ્યું. એનો ચહેરો શ્વેત મીણનો હોય તેવો લાગતો હતો.

'ક્યાં નોકરી કરો છો?'

'વાસણ બનાવવાની કંપનીમાં.'

'કંપનીનો કોઈ ડૉક્ટર નથી?'

'છે. પણ વારે ઘડીએ કે' છે ઇસ્પિતાલમાં જાવ. તો છોકરાંવ રઝળી પડે મારાં.'

'ઇસ્પિતાલમાં જવાની જરૂર નથી, હું દવા લખી આપું છું. ખાવાપીવામાં સત્ત્વવાળો ખોરાક લ્યો. દૂધ, તાજાં ફળ ને શાકભાજી વગેરે પૂરતા પ્રમાણમાં લ્યો.'

મેં એને પ્રિસ્ક્રિપ્શન લખી આપ્યું. મારી ખોરાક વિશેની સૂચનાનો કોઈ પડઘો પાડ્યા વિના એ બહાર નીકળી ગયો.

બહાર નીકળી હું ડૉક્ટર્સ રૂમ તરફ ગયો. બપોરનો એક થઈ ગયો હતો. હૉસ્પિટલ સૂની અને ઉદાસ લાગતી હતી. મોટી-મોટી ટ્રોલીઓ લઈને વૉર્ડ-વૉર્ડ જમવાનું લઈને દોડધામ કરતા વૉર્ડ-બૉય્ઝ થાકીને બાંકડાઓ પર સૂતા હતા. રડ્યાખડ્યા દર્દીઓ 'નર્સ'ની બૂમ મારી ચૂપચાપ સૂઈ ગયા હતા. ગરમ હવા પરસાળમાં થઈ સૂસવતી વહી જતી હતી.

એક ઊંડો શ્વાસ લઈ એ હવા મેં ફેફસાંમાં ભરી. ઍન્ટિસેપ્ટિક અને અનેક દવાઓની વાસથી ભરેલી હવા હતી. મારી નસો ઉત્તેજિત થઈ ઊઠી.

...આ દુનિયા... આ હવા... આ ગંધ...

...એ કદાચ મારો પ્રાણવાયુ હતો. આ દુનિયામાં ક્યારેક જિંદગી સળગી જતી તો ક્યારેક મોત આઘું હડસેલાતું. મારું ઘર હતું આ. દેહમંદિરની સાચવણી કરનારા અમે દ્વારપાળો હતા.

આ દિવાસ્વપ્ન જેવા વિચારો સમેટી લઈ હું ડૉક્ટર્સ રૂમમાં પ્રવેશ્યો.

અજય મારી રાહ જોઈને બેઠો હતો. 'વેલ કમ ટુ અવર ડૉક્ટર્સ રૂમ' કહી એણે મને આવકાર્યો ને ત્યાં બેઠેલા બીજા ડૉક્ટરો સાથે ઓળખાણ કરાવી.

'ફ્રેન્ડઝ, મીટ માય ફ્રેન્ડ ડૉ. રજત દવે, એમ.ડી. (બૉમ્બે) ને એમ. આર. સી. પી. (લંડન).'

'હેલ્લો, નાઇસ ટુ મીટ યુ.' અજયની બાજુમાં બેઠેલી વ્યક્તિએ ઊભા થઈને મારી જોડે હાથ મિલાવ્યો.

'ડૉ. રામનાથન અહીંના એનેસ્થેટિસ્ટ છે.' અજયે કહ્યું. ડૉ. રામનાથન પાતળા, ઊંચા ને સૂકા હતા. મોઢા પર એક પ્રકારની સ્વચ્છતા હતી.

ત્યાર પછી અજય ડૉ. જયકર – જનરલ સર્જન – ડૉ. પ્રસાદ પીડીઆટ્રીશ્યન, ડૉ. નરેન્દ્રનાથ – ઈ.એન.ટી. સર્જન... એમ ઓળખાણ કરાવતો ગયો. કોઈ હસતા, કોઈ સ્વસ્થ, તો કોઈ સાશંક ચહેરાઓ મારી તરફ જોઈ રહ્યા.

થોડી ઔપચારિક વાતચીત કરી સહુ છૂટા પડવા લાગ્યા. અજયનો ઑપરેશનનો પેશન્ટ હજુ ભાનમાં નહોતો આવ્યો. એ ભાનમાં આવે પછી ઘરે જવા માટે અમે ત્યાં બેસી રહેવાના

હતા. અજય એની ખબર કાઢવા ગયો.

હાથ-મોં ધોઈ તૈયાર થતાં ડૉ. જયકરે પૂછ્યું, ‘કેવી લાગી અમારી હૉસ્પિટલ?’

‘ઘણી વિશાળ અને સુસજ્જ છે. મને લાગે છે કે મને અહીંયાં ગમશે.’ મેં કહ્યું.

ડૉ. જયકરે બે-ત્રણ વાર જોરથી ડોકું ધુણાવ્યું. પછી કોટ પહેરી બહાર નીકળતાં એ દરવાજા આગળ ઊભા રહ્યા. મારી તરફ જોઈ એ બોલ્યા :

‘અહીં બધું સારું જ છે. પણ…’ સહેજ ખભા ઉછાળી એમણે કહ્યું, ‘Beware of dirty politics.’

એ બહાર નીકળી ગયા. પચાસ વર્ષનો એ અનુભવી સર્જન, જેના હાથમાંનાં શસ્ત્રો રોગીની ઢાલ બની ઊભાં હતાં એનો અવાજ આવો કડવો કેમ હતો? કયા પોલિટિક્સની એ વાત કરતા હશે તે મને સમજાયું નહિ.

સંસ્થામાં નવી વ્યક્તિ દાખલ થતાં કેટકેટલા લોકો પર કેટકેટલા પ્રત્યાઘાતો પડતા હશે? સદ્ભાવ, આશંકા, ભય, ઉદાસીનતા અથવા નરી ઈર્ષા… અત્યારે મળેલા આ બધા માણસોના પ્રત્યાઘાત આવા જ હશે ને. પણ શા માટે? હું કંઈ કોઈનું ઝૂંટવી લેવા નથી આવ્યો. મારે તો આપવું છે ને પામવું છે. મારી સુખની શોધ મારું આપી દેવામાં છે. પણ… ના… આપણી શુભ ભાવનાઓ અને નિષ્ઠાની પ્રતીતિ તો માત્ર કાળ જ કરાવી શકે. એ કહ્યાથી તો ઊલટી હાંસીપાત્ર બને છે. વિચારમાં હું બેસી રહ્યો. અજય આવી પહોંચ્યો.

‘ચાલ’, તારો દર્દી બરાબર છે?’

‘હા, સિસ્ટર રજા પર છે ને આ નવી શિખાઉ નર્સોને હાથે બિચારાને મારે છોડવો ન હતો. એની વે, હી ઇઝ માય ફર્સ્ટ ક્લાસ પેશન્ટ. બારસો રૂપિયાનું બિલ કંઈ મફત થોડું મળવાનું છે?’

અમે નીચે ઊતર્યા. અજયે ડૉક્ટર્સની પાર્કિંગ જગ્યામાંથી ગાડી બહાર કાઢી.

રસ્તામાં મેં એને ડૉ. જયકરની વાત કરી. અજય હસવા લાગ્યો.

‘બિચારો જયકર!’

‘કેમ? એની પ્રૅક્ટિસ બરાબર નથી કે?’

‘એ તો હિસ્ટ્રી છે, એની ને ડૉ. ભગતની. ડૉ. જયકર અહીંના સિનિયર સર્જન. ડૉ. ભગત એના આસિસ્ટન્ટ, તાજો જ આવેલો, પણ ભારે કાબો. સાલાએ મેટ્રન અને નર્સોને શું ખવડાવ્યું તે ભગવાન જાણે, પણ જ્યારે ઇમરજન્સી કેસ આવે કે તરત જ મારી બેટીઓ ડૉ. જયકરને બદલે ડૉ. ભગતને ફોન કરે.’

`પણ એણે કંઈ કર્યું નહિ?’

`એકબે વાર તકરાર કરી, પણ મેટ્રન તો એમ જ કહે કે તમારો ફોન લાગ્યો નહિ એટલે ડૉ. ભગતને બોલાવવા પડ્યા.’

અજય હસી પડ્યો : ‘આજે ડૉ. ભગત ચીફ ઑનરરી છે ને ડૉ. જયકર બાપડો એનો આસિસ્ટન્ટ. આ દુનિયા છે, મારા ભાઈ!’

મંદિરના દ્વારપાળોની અંદરોઅંદરની ઈર્ષા, દ્વેષ ને ખટપટ હોય તો પ્રભુ મંદિરમાં ક્યાંથી બેસે? અથવા પ્રભુ મંદિરમાં છે જ નહિ.

અજયે મારો ખભો થાબડ્યો,’ Don’t worry. બધાને આવું થતું નથી. ડૉ. ભગત મારા મિત્ર છે ને ડૉ. દાસના પણ દોસ્ત છે. એ બે જણા, જ્યાં સુધી હું છું ત્યાં સુધી, તારું નામ નહિ લે.’

મોટર સડસડાટ જતી હતી. ભીડમાંથી માર્ગ કાઢતો અજય પૂરી સાવધાનીથી ગાડી ચલાવતો હતો. બારી બહાર અસંખ્ય ચહેરાઓ ઝબૂકતા ને અદૃશ્ય થતા હતા. શિયાળા

પહેલાંની ગરમી શરૂ થઈ ગઈ હતી.

હું વિચારતો હતો, 'કદાચ આવું બન્યું તોય શું? મારું સુખ મને અનુસરે છે, હું સુખને અનુસરતો નથી. એટલે કશુંય અજાણ્યું મને ડરાવતું નથી. It is written in many languages and in the idiom of many cultures that if a man is to find happiness he must reconstruct not merely his word but, first of all, himself.'

'So, how was your first day?'

અપર્ણાએ હસતાં-હસતાં પૂછ્યું, શાળાએ જતા બાળકને મા પૂછે એટલી મમતાથી..

'ગભરાવી માર્યો પેલા જયકરે.'

'ઓહ.' અપર્ણા વાતથી પરિચિત લાગી. 'ચાલ્યા કરે એવું. ચાલો જમવા.'

જમતાં-જમતાં અજયે ડી. કે.ની ઘણી વાતો કરી. ડૉ. સિંહા, જે બે-ત્રણ પેગ પછી જ ઑપરેશનના મૂડમાં આવતા ને ડૉ. સિંઘવા જેઓ સિસ્ટર ફર્નાન્ડીસના રૂમમાંથી રાત્રે પકડાયેલા ને ડૉ. વિભાકર જે દર્દી મરી જાય તો ઑપરેશનની ફીઝ મળે પછી જ દર્દીને મૉર્ગમાં લઈ જવા દેતા. અજય મને કદાચ સમજાવવા માગતો હતો કે આ બધા માણસો હતા, માણસમાત્રમાં હોય તેવી નિર્બળતાવાળા. એમની પાસે દેવત્વની અપેક્ષા રાખવાની નહોતી – ના, કદાચ માણસાઈની પણ નહિ.

અજયને ત્યાં રહ્યે મને છ મહિના થઈ ગયા હતા. અપર્ણાનો સ્નેહ ને અજયની દોસ્તીની સાંકળે મારા પગ બાંધી દીધા હતા. હવે અહીંથી જવું જોઈએ. આટલી નાની જિંદગીમાં આટલા ઉપકારનો બોજો...

'આવતા મહિના સુધીમાં કોઈ એકાદ રૂમ મળે તો...'

અપર્ણાએ આંખો કાઢી ને હાથ ઝટકાવી મારી વાત કાપી નાખી...

'તારા એકનો ખર્ચો મને ભારે નથી પડતો, રજત, માટે જવાનું નામ નહિ લેતો.'

'પણ આમ કેટલા દિવસ ચાલે, અપર્ણા? તમારા પર બોજો બની...'

'ચાલો, તમે લોકો તમારી આ પ્રિય રમત 'જા-ન-જા' રમો, ત્યાં હું હૉસ્પિટલમાં જઈ આવું. શેઠિયાજી ઊંચાનીચા થતા હશે.' અજય હાથ-મોં ધોઈ જવા તૈયાર થયો.

'પછી બધાને ફોન કરી દીધા છે?' ગાડીની ચાવી હાથમાં રમાડતાં એણે અપર્ણાને પૂછ્યું.

'હા, બધાએ હા પાડી છે. લગભગ પચાસેક જણા થશે.'

'વેરી ગુડ. આલા ગ્રાંડ પાર્ટી થશે.' અજયે કહ્યું ને મને સમજાવ્યું, 'આ વખતે અપર્ણાનો બર્થ ડે સેલિબ્રેટ કરવો છે એકદમ ધામધૂમથી.'

'જ્યાં સુધી લોકો મારી ઉંમર ન પૂછે ત્યાં સુધી મને ઊજવવામાં કોઈ વાંધો નથી.' અપર્ણાએ કહ્યું.

'રજતને મજા પડશે જોવાની. એક બાજુ ઊભો-ઊભો તારા ફિલોસોફરોને યાદ કરજે. બાકીના બધા ડ્રિંક્સમાં નાહશે.' અજયે કહ્યું.

અજયના ગયા પછી હું અને અપર્ણા વરંડામાં બેઠાં. બપોરનો તડકો મકાનો, સડકો પર સળગતો ઝીંકાતો હતો. આકાશ સ્વચ્છ-ભૂરું હતું. વરંડાની બહાર બે કબૂતરો ઘુઘવાટ કરી રહ્યાં હતાં.

થોડી વાર એ મૂંગી-મૂંગી કબૂતરો તરફ જોઈ રહી. પછી મારા તરફ ફરી બોલી, 'લેટ અસ સ્ટાર્ટ ધ ગેમ. જો તું લગ્ન કરે તો હું તને અહીંથી જવા દઉં.'

મારી આંખ આગળ કિન્નરીનું હાસ્ય ઝિલમિલ કરી ઊઠ્યું. હવા જાણે બ્રાન્ડી ને સિગારેટની વાસથી મહેકી ઊઠી. ક્ષણના એ અંશમાં કિન્નરી જાણે મારી પાસે આવી બેસી ગઈ

– પાસે છતાં દૂર.

‘એ જ એક શરત હોય તો તારો ઉપકાર લેવામાં મને બાધ નથી.’ હું હસ્યો, ખાસ પ્રયત્ન કરીને.

અપર્ણા હસી નહિ.

‘તમે બંને આવાં વિચિત્ર કેમ છો– તું અને પેલી કિન્નરી? તમે એકબીજાનો સતત સાથ નથી ઝંખતાં? ઘર, છોકરાં, ધંધો એ કશાનોય તમને લોકોને મોહ નથી?’

‘અપુ, અમારી વચ્ચે અમારા વિચારો, સંસ્કારો ને ભવિષ્યનું અંતર છે. કિન્નરી ક્ષણક્ષણમાં જીવવા માગે છે, જ્યારે હું...’

‘તું હેરાન થવામાં ને કરવામાં માને છે.’ અપર્ણા ચિડાઈને બોલી, ‘ગામ આખું ભણે છે, ધંધો કરે છે, પરણે છે. એમાં તમે બે જ આટલાં નવી નવાઈનો વિચાર કરવા બેઠાં છો?’

હું ચૂપ થઈ બહાર ઘૂઘવતાં કબૂતરોને જોઈ રહું છું. ધીરેથી ઊઠીને એ લોકોને ઉડાડી મૂકું છું. બપોર શાંત ને વિષાદમય બની જાય છે...

‘ગુસ્સે થયો?’ અપર્ણાએ પૂછ્યું ને પછી મારા જવાબની રાહ જોયા વગર એ બોલી, ‘જો મારા તરફ. હું પણ ધંધો કરું છું. દર્દી જો પૈસાદાર હોય તો એની કુદરતી સુવાવડ નથી થવા દેતી, સિઝેરિયન કરી નાખું છું. ઑપરેશનનો ચાર્જ રૂ. સાતસોથી હજાર. બોલ, આમાં ખોટું શું છે?’

‘અપર્ણા, ખરું કે ખોટું હું કહેતો નથી, કારણ કે હું એમાં માનતો નથી. વ્યક્તિ-માત્ર સ્વતંત્ર છે પોતાના વિચારોને અનુસરવા, જ્યાં સુધી એ સમાજને ચોક્કસ હાનિ ન પહોંચાડે ત્યાં સુધી. કિન્નરીને પણ હું મારા વિચારોથી બાંધી નહિ લઉં.’

અપર્ણા નિઃશ્વાસ નાખી ચૂપ રહી. ‘તું નહિ માને. માને તો રજત શાનો! કદાચ એટલે જ અમને પ્રિય છે.’

ટેલિફોનની ઘંટડી વાગી. અપર્ણા ઊઠી. ફોન લઈ એ ક્યાંય સુધી સાંભળતી રહી, એક પણ શબ્દ બોલ્યા વિના. આશરે પંદરેક મિનિટ એ શાંતિથી રિસીવર પકડી બેસી રહી. પછી બોલી :

‘નિરુપમાબહેન, જરાય ગભરાશો નહિ. રજતભાઈ એટલા હોશિયાર ડૉક્ટર છે કે એમનો હાથ અડ્યો એટલે બસ! તમે સાંજે જ એમના દવાખાને આવી જાઓ.’

મારું નામ ને સ્તુતિ સાંભળતાં હું ચમક્યો. ટેલિફોન મૂકી અપર્ણા હસતી-હસતી આવી.

‘ચાલ, તારું નસીબ જોરદાર છે. આ નિરુપમાબહેનને દરેક ચાલુ ફૅશનની બીમારી થઈ આવે છે. આ તારી “ફિક્સ્ડ ડિપોઝિટ” સમજવી...’

‘માંદગી સિવાય એમને બીજું કંઈ નહિ હોય!’

‘એક્ઝેક્ટલી. ને કોઈ પણ જાતની માંદગી એમને પરવડી શકે એમ છે. ઇન્વેસ્ટીગેશનને હિસાબે તું બે દિવસ એમને ઍરકન્ડિશન્ડ રૂમમાં રાખજે. પછી એક્સ-રે, બ્લડ ટેસ્ટ...’

‘એના કરતાં ગીતા વાંચવાનું કહું તો?’

‘તો એ આખું મહાભારત ખરીદી લેશે ને પછી આંખ દુઃખે છે કહી આંખના સર્જન પાસે જશે.’

અમે હસી પડ્યાં. અપર્ણાની એ કુશળતા હતી. ઉદાસ, ધીરે વહી જતી બપોર એની સાથે હોઈએ તો ઉતાવળાં ડગે ચાલી જતી. એટલે એ લોકપ્રિય ડૉક્ટર પણ હતી. સ્ત્રીઓનાં શરીર ને વિશેષ તો મનના કોઈ અગોચર ખૂણા સુધી એની દવા પહોંચી જતી ને દર્દીઓને પ્રસન્ન ને ઉપકૃત ચિત્તે ઘરે મોકલતી.

7

'જોજે હોં, થોડી વાર બહાર બેસાડી પછી અંદર દાખલ કરજે.' એવી અપર્ણાની કાનફૂંક હું ભૂલી ગયો ને નિરુપમાબહેનને મેં તરત જ અંદર બોલાવ્યાં.

એમના મોઢા પર અધીરાઈ હતી, સંભ્રમ હતો. ચાલ ઉતાવળી હતી.

'થૅંક્યુ ડૉક્ટર. મને એમ કે બહાર વેઇટિંગ રૂમમાં બહુ બેસવું પડશે.' બોલતાં એમણે ચારે બાજુ નજર કરી. એ નજરમાં ખાલી વેઇટિંગ રૂમ મારી ધંધાકીય સફળતાનો ક્યાસ આપતો સમાઈ ગયો. એમણે મારા તરફ જોયું. એમનો ચહેરો તંગ હતો. એ હજુ ઊભાં જ હતાં.

'પ્લીઝ સિટ ડાઉન.' મેં એમને બેસાડ્યાં.

'ઓહ... પણ ડૉક્ટર, આપને કેટલી વાર લાગશે? મારે ડ્રાઇવરને એ ટાઇમે બોલાવવાનો છે.'

'બહુ ઉતાવળ છે?'

'હા, જુઓ ને, વિજયને ઑફિસેથી પિક-અપ કરી કૉકટેલ્સમાં જવાનું ને ત્યાંથી ડિનરમાં જવાનું છે. અર્ધોએક કલાકમાં પતી જશે?' એકસાથે બોલવાથી એમની સ્થૂળ કાયાને શ્રમ પડ્યો હતો. એમની ગૂંચવણથી મને રમૂજ થઈ. એમની બેશરમ પ્રદર્શનવૃત્તિએ મને ચીડવ્યો.

સામાન્ય રીતે હું ચિડાતો નથી.

અટપટી ગૂંચવાડાભરેલી આ મનુષ્યદેહની રચનાને તો અમે ક્યારેક સમજી શકીશું; પણ આ મગજ, આ હૃદયના અસીમ વિસ્તારને સમજવા તો માણસને કદાચ બીજો યુગ વીતી જશે. એટલે મારા દર્દીઓ મારી દૃષ્ટિએ વિશિષ્ટ છે. પ્રત્યેક દેહ, પ્રત્યેક મગજ, પ્રત્યેક હૃદયની આ રહસ્યમય, અગોચર અપ્રમેય સૃષ્ટિ મારે માટે હંમેશાં વિસ્મયજનક અને નવીન જ છે. નિરુપમાબહેનની આંતરસૃષ્ટિ પણ આગવી જ. એનાં દલેદલને સમજવાનું મને કુતૂહલ હતું જ, પણ એમનું આ પ્રદર્શન મને ન ગમ્યું.

'બીજી કોઈ વાર નિરાંતે આવો તો?' આવેલા દર્દીને પાછો ન ધકેલાય, તો એ હાથમાંથી જાય જ, એમ જાણ્યા પછીય મેં એમને કહ્યું.

'ના... ના... પણ ટાઇમ ક્યાં છે? આ રવિવારે તો અમે દિલ્હી જઈએ છીએ ટ્રેડ ફેરમાં, વિજયની ફૅક્ટરીનાં મશીનો મૂકવા માટે. આજે જ પતાવી દો.'

એ મારી સામે ખુરશી પર બેઠાં હતાં, પણ એમનું આખુંય શરીર આરામદાયક અવસ્થાને બદલે તંગ હતું. વારંવાર ઘડિયાળ પર નજર નાખી એ આજુબાજુ જોઈ લેતાં હતાં.

'શી કમ્પ્લેઇન છે તમારી?' હું સ્વસ્થ હતો. એમની અધીરાઈનો આઠમો ભાગ પણ મારામાં ન હોય તેટલી સ્વસ્થતાથી હું રિવૉલ્વિંગ ચૅર પર જરા આમતેમ ગોળ ફરતો એમની સાથે વાત કરતો હતો. મારા ફરવાની સાથે એમની આંખો આમતેમ ફરતી હતી. એમને કદાચ આ મારી બેદરકારી લાગતી હતી ને એની ચીડ એમના મોઢા પર દેખાતી હતી.

'એવું છે ને, ડૉક્ટર, મને વારંવાર ગભરામણ થઈ આવે છે. આમ છાતી તો ધકધક થાય. આમ બીજું પણ ઘણું થાય છે.'

'શું બીજું થાય છે?'

'ખાવાનું ભાવતું નથી. સવારના તો એટલી નબળાઈ લાગે કે માંડ ઉઠાય.'

'હં... કેટલા વખતથી આવું છે?

'આમ જુઓ તો...' ઘડિયાળ પર નજર નાખી એ બોલ્યાં, 'દશેક વર્ષ તો થયાં હશે. આપણને મોડું તો નહિ થાય ને? વિજય કદાચ ગુસ્સે થઈ જશે.'

એ ચહેરા પરની ઉતાવળ, અધીરાઈ ને આ તંગ અવસ્થાએ મને અકળાવી મૂક્યો, તેમ કદાચ મારામાં દયા પણ પ્રેરી.

'વાંધો નહિ. આ બહુ મહત્ત્વની વસ્તુ છે. તમારા પતિને હું સમજાવી દઈશ.'

ધીરે-ધીરે એમનું શરીર ઢીલું પડ્યું. ખુરશી પર એ થોડી વાર ઢગલો થઈ બેસી રહ્યાં. રૂમાલ કાઢી મોઢા પરનો પરસેવો લૂછતાં એ બોલ્યાં :

'હેં ડૉક્ટર, મને હાર્ટ ટ્રબલ છે ને?'

એ મોઢા પર જે ઉત્સુકતા હતી તે મારી હા સાંભળવાની હતી! બિચારાં, મારી ના સાંભળી નિરાશ થાત!

'એમ તમને તપાસ્યા વગર તો હું કેમ કહી શકું? જેની જરૂર હશે તે બધું જ આપણે કરીશું.'

'કાર્ડિયોગ્રામ તો મેં બે વાર કરાવ્યો, પણ કંઈ આવ્યું નહિ.'

કંઈ હોય તો આવે ને? – મારા મનમાં થયું. આ પણ અજબ હતું ને પ્રાણી! ઘણુંખરું રોગ માણસને થાય છે ને કોઈ-કોઈ વાર માણસ રોગને થાય છે.

'તમને કોઈ ગંભીર રોગ પહેલાં થયેલો? એની કાંઈ હિસ્ટ્રી છે?'

નિરુપમાબહેન પ્રસન્નચિત્તે કહેવા લાગ્યાં, 'હા. એપેન્ડિક્સનું ઑપરેશન મેં કરાવી લીધું છે. આ પહેલાં હું ડૉ. સ્વામીનાથનની દવા કરતી હતી. એમનું નામ તો તમે જાણતા જ હશો. પ્રેસિડેન્ટની ટ્રીટમેન્ટ માટે એમને દિલ્હી પણ બોલાવે છે કોઈ વાર. વિજય તો કહે, આપણે ગમે તેવા ડૉક્ટર પાસે જવાય જ નહિ.'

નિરુપમાબહેન મારા તરફ ઝૂકી જાણે મને ખાનગી વાત કરતાં હોય તેમ બોલ્યાં : 'અહીં હું આવી છું એ એમને ખબર નથી. તમે એમને કંઈ કહેતા નહિ. હું કંઈ બહાનું શોધી લઈશ.'

ગુસ્સાથી હું કાંપી ઊઠ્યો. મારા પગમાંથી કશુંક બળતું-બળતું ઉપર ચડી આવ્યું ને મારી રગોમાં થઈ કંઈ હૃદયમાં ટપકતું હોય, ભારે શીશા જેવું ને એના ભારથી મારી છાતી ચંપાતી હોય તેવો ક્રોધનો આવેશ મેં અનુભવ્યો.

નિરુપમાબહેનનાં વચનોથી મારી છાતી ભીંસાવા માંડી. હું સેકન્ડ ક્લાસ ડૉક્ટર હતો! અપર્ણાની સખીને દાવે એ 'ઠીક છે, ક્યાં પૈસા આપવા છે' એ વિચારે ખાલી ગમ્મત કરવા આવ્યાં હતાં? આ ધનિક, ઉડાઉ, મૂર્ખ સ્ત્રી, જેનાં અંગોમાં ખાઉધરાપણાને લીધે આવેલા મેદ સિવાય બીજો કોઈ રોગ નથી તેની આ હિંમત!

મારા ચહેરાને તંગ થતો, મારા દાંતને પિસાતા હું અનુભવી શક્યો. હાથની મુઠ્ઠીઓ વાળી હું મને શાંત રાખવાની કોશિશ કરવા લાગ્યો. 'આ સ્ત્રી નથી, સોનાની ખાણ છે. એની પાસેથી લેવાય તેટલું લેવાનું છે.'

છટ્... હે પ્રભુ! ગિરગામની પેલી ગંદી ચાલની છોકરીને આ ધનનો એકાદ અંશ પણ આપ્યો હોત તો એનું બાળપણ હસતું-રમતું જાત! પેલા ઝૂંપડાંવાળાઓ આ ધનમાંથી કદાચ સારાં ઘરોમાં રહી શકત!

નિરુપમાબહેન હજુ મારી તરફ રમૂજભરી આંખે તાકી રહ્યાં હતાં.

એક ઊંડો શ્વાસ લઈ મેં આ સઘળું અંદર શમાવ્યું. મારે આ કશા સાથે નિસ્બત નથી. If she is sick, I will treat her – મેં વિચાર્યું.

નિરુપમાની તપાસ કરવી સહેલી જ હતી. એના નખ લાલ અને તંદુરસ્ત હતા. આંખોમાં જોતાં Conjunctives પણ ગુલાબી ચમકતાં લાગ્યાં. આંખોની કીકી પર બૅટરીનો ઝબકારો થતાં સંકોચાઈ ગઈ.

બ્લડ પ્રેશર સાધારણ બરાબર હતું, 120/180 પર. ડોક પર હાથ ફેરવી જોયો. માંસલ

ભરાવદાર અંગોની ચામડી લીસી ને સ્થિતિસ્થાપક હતી.

નિરુપમાબહેન પ્રસન્ન વદને બેઠાં હતાં. હમણાં કંઈક ક્યાંક ખામી હશે જ, પોતે માંદાં છે જ એવી ઉત્સુક પ્રસન્નતાયે હતી. નાડીના ધબકારા મિનિટના 78ના હિસાબે દોડતા હતા.

ક્યાંય કશું ખોટું ન હતું. 'તમારા બ્લડ ટેસ્ટ કે યુરીન ટેસ્ટની મને જરૂર લાગતી નથી, છતાં તમારી ઇચ્છા હોય તો કરાવી લ્યો.'

'હેં! ના... ના... બધું બરાબર હોય તો પછી...' જરા ઉદાસ સૂરે એમણે કહ્યું.

'માનસિક તાણ અને પુષ્કળ દોડધામથી તમને માંદાં હો તેવું લાગે છે.' મેં કહ્યું.

લિફ્ટનું બારણું ખૂલ્યું ને જોરથી પાછું ભટકાયું. વેઇટિંગ રૂમમાં કોઈ ઝડપથી દાખલ થયું. નિરુપમાબહેન ચમક્યાં. એમની નજર ઘડિયાળ પર ગઈ. બાપ રે! પોણો કલાક થઈ ગયો! કોઈ અંદર આવ્યું. એ પાછળ ફર્યાં ને એમની આંખો સાશ્ચર્ય ભયથી પહોળી થઈ ગઈ. હું અનુમાન કરી શક્યો : એ એમનો પતિ વિજય હતો.

'તમે? હું...' એ મારી તરફ યાચક નજરે તાકી રહ્યાં.

વિજય ઠીંગણો હતો. બહુ જાડો હતો નહિ, પણ બેઠાડુ જિંદગીને લીધે એનું પેટ ઘણું આગળ નીકળી આવ્યું હતું. શ્રીમંત વ્યક્તિઓના મોં પર જોવા મળે તેવી બનાવટી હાસ્યની તોછડાઈ એના મોં પર રમતી હતી.

'વેલ!...' એ ઊભો રહ્યો. 'ડ્રાઇવરે તને અહીં ઉતારી એટલે મને થયું કે તું અહીં જ હોઈશ.'

'હું ડૉક્ટર રજત દવે. હાઉ ડુ યુ ડુ?' કહી મેં હાથ લંબાવ્યો. નાછૂટકે એને હસ્તધૂનન કરવું પડ્યું. કોઈ વાર આવા માણસોની મોટાઈના કિલ્લામાં ગાબડું મારવાની મને મજા આવે છે.

'અહીં શું કામ આવેલી?' વિજયે નિરુપમા તરફ ફરી પૂછ્યું.

'ડૉક્ટરસાહેબને... અપર્ણાબહેને કહેલું... ખાસ કંઈ છે નહિ. જોકે...'

'તમને ઉતાવળ ન હોય તો બેસો જરા.' મેં ખુરશી બતાવી.

'હા જી હા. અમારે જોકે જરા ઉતાવળ છે. વી આર ગોઇંગ ટુ કૉકટેલ પાર્ટી.'

'આઈ સી. અઠવાડિયામાં ત્રણ-ચાર વાર જતા હશો, નહિ?'

'અરે, લગભગ રોજ જ જવાનું થાય એમ કહો ને!'

વિજયની આંખો ચમકતી હતી. એની મહત્તા હું પિછાની શક્યો હતો એવું એને લાગ્યું હતું.

'બીજાં પણ કામો ઘણાં હશે?'

'વાત જવા દો, ડૉક્ટરસાહેબ! કૉન્ફરન્સ, સેમિનાર, બોર્ડની મિટિંગો – કોઈ વાર પરવારાતું જ નથી ને.'

'ત્યારે તો તમને પણ નિરુપમાબહેનની જેમ થોડી ફરિયાદો રહેતી હશે, ખરું?'

એ સહજ સાવધ બન્યો. નિરુપમા તરફ જોયું, ગળું ખોંખાર્યું, પછી બોલ્યો, 'ઊંઘ ન આવે, ખાવાનું પચે નહિ... ઠીક છે, મારા ભાઈ!'

નવાઈની વાત હતી કે એણે આવ્યા પછી નિરુપમાની તબિયત વિશે જરા સરખી પણ પૃચ્છા કરી ન હતી. એણે અધીરાઈમાં ઘડિયાળ તરફ જોયું. મને હસવું આવ્યું.

'વાત જાણે એમ છે, મિ. શાહ, કે મેં તમારાં વાઇફને હમણાં જ એક્ઝામિન કર્યાં છે ને આઈ વુડ લાઇક ટુ ટૉક ટુ યુ અબાઉટ ઇટ.'

નિરુપમાનો ચહેરો આનંદિત થયો. વિજય તરફ જોયું – 'હું શું કહેતી હતી?' એવા ભાવ સાથે જોયું.

'હું કહેતી'તી ને કે મને કાંઈક છે? આ તમારા સ્વામિનાથન...'

'પ્લીઝ, આપણે બીજા કોઈની વાત કરતાં આપણી જ કરીએ તો?' મેં હાથ ઊંચો કરી એમને અટકાવ્યાં.

વિજયની મુખમુદ્રા જરા તંગ બની. આ વાતચીત લંબાવવાની એની ખાસ ઇચ્છા હોય એવું લાગ્યું નહિ. એની પરવા કર્યા વગર મેં કહ્યું :

'એમના રોગો વિશે હું તમને ટ્રીટમેન્ટ લખી આપું છું. થોડા મહિનામાં જ એમને આરામ થઈ જશે.'

બંને જણાં આતુરતાથી મારા તરફ જોઈ રહ્યાં. નિરુપમાબહેન મારા તરફ ઝૂકી પડ્યાં. વિજય ખુરશીના હાથા પર બંને હાથ ટેકવી સ્વસ્થ દેખાવાનો પ્રયત્ન કરતો બેસી રહ્યો.

ગંભીર ભાવે મેં પ્રિસ્ક્રિપ્શન લખ્યું. વિજયે લેવા હાથ લંબાવ્યો. મેં એના હાથમાં ન આપતાં કહ્યું, 'તમને સમજાશે નહિ. હું જ વાંચી સંભળાવું. જુઓ ટ્રીટમેન્ટ છે : ગધેડા પર બેસવું.'

બંનેની આંખો પહોળી થઈ ગઈ. મોં ફાટી રહ્યાં. માથા પર ધડામ દઈને કંઈક પડ્યું હોય તેમ તેઓ થોડી વાર ચિત્રિત થઈ ગયાં.'

વિજયનું બનાવટી હાસ્ય વિલાઈ ગયું. મોં ખેંચાયેલું થઈ ગયું. એની છાતીમાં ઊછળતો શ્વાસ એના ગુસ્સાનું નિદર્શન કરતો હતો.

'શું મશ્કરી કરો છો, ડૉક્ટરસાહેબ? અમને શું મફતિયાં ધારી લીધાં?'

'ના. આ માટે હું ફી લેવાનો જ છું. પણ ફર્સ્ટ લેટ મિ એક્સપ્લેન.'

મારું હાસ્ય એને જરૂર ખૂંચ્યું હશે. નિરુપમાએ ડરતાં-ડરતાં પતિ તરફથી નજર ચોરી લીધી.

'જુઓ, વિજયભાઈ!' રિવૉલ્વિંગ ચૅરમાં એક ગોળ ચક્રાકાર ઘૂમતાં મેં કહ્યું : 'ધારો કે આપણે બહારગામ ફરવા નીકળ્યાં. રસ્તો સરસ છે. આજુબાજુ મજાનાં વૃક્ષો છે. વૃક્ષોમાં અનેક રંગ ને ભાતનાં પક્ષીઓ છે.'

'હા, પણ...'

'જુઓ, હું વાત કરતો હોઉં ત્યારે ઘડિયાળ તરફ ન જુઓ. ઘડિયાળ તમારા કાંડા પર હોવી જોઈએ, માથા પર ચડી ન બેસવી જોઈએ.'

કદાચ મારી દલીલની અથવા મારા અવાજની અસર એમના પર થઈ હશે. એમણે ઘડિયાળ કાઢી બાજુ પર મૂકી.

'ચાલો, તમારી વાત કબૂલ, પછી?'

'તો આપણે ફરવા નીકળ્યાં. હવે જો મોટરમાં બેસી એંસી માઈલની સ્પીડે નીકળી જઈએ તો નીકળી જઈ શકાય, પણ રસ્તે ફરવાનો આનંદ, એ વૃક્ષો, એ પક્ષીઓ તમને જોવા નહિ મળે. ઝડપ... ઝડપ... પણ જવું છે ક્યાં?'

નિરુપમા તરફ ફરી મેં કહ્યું : 'તમારી દોડધામ, પાર્ટીઓ અને સોશ્યલ એન્ગેજમેન્ટની ડાયરીઓ તમને જીવન જીવવાનો આનંદ નથી આપતી. એ બધાનો ભાર ઊંચકી તમે ચાલો છો પેલા મજૂરની જેમ. રાત પડ્યે દિવસની વેડફાયેલી ક્ષણો ઠાલવી દઈ, ફરી નવા દિવસની મજૂરી શરૂ કરો છો.'

પર્સમાંથી રૂમાલ કાઢી નિરુપમાએ મોં લૂછ્યું. હવામાં અત્તરની સુવાસ વેરાઈ ગઈ. વિજય એક ઊંડો નિઃશ્વાસ નાખી ખુરસી પર ગોઠવાઈને બેઠો.

'એટલે મોટર છોડી તમે ગધેડા પર બેસવાની સલાહ આપી, ડૉક્ટર?'

'હા. હું ધારું તો તમને બે દિવસ નર્સિંગ હોમમાં રાખું, જાતજાતની તપાસ કરું, પણ

એનો અર્થ નથી. તમે સમજો છો કે પ્રત્યેક ક્ષણે તમને નવો આનંદ મળવાની એક જ રીત છે – તમે પોતે એ ક્ષણમાં તમારો કોઈ અંશ મૂકી શકો તો.'

થોડી વારે એ દંપતી વિદાય થયાં. બહુ સહજતાથી જતી વખતે વિજયે હાથ લંબાવ્યો. એ હાથ ઉષ્માભર્યો હતો. આંગળીઓ અને આંગળીઓના સ્પર્શમાં કશુંક પ્રગટ થયું, જે કેવળ અનુભવી શકાય તેવું હતું.

અપર્ણાએ રાતના ડિનર વખતે મારી મૂર્ખાઈની વાત અજયને કરી.

અજય ખડખડાટ હસવા લાગ્યો : 'નિરુપમા ગધેડે બેસે તો નિરુપમા તો ઠીક, પણ બિચારા ગધેડાનું શું થાય? ખરેખર રજત, તારું ભેજું અજબ છે! મને તો એમ કે તું પાંચસો-સાતસોની કમાણી કરીશ, પણ તારા નસીબમાં જ –'

એને બોલતો અટકાવી મેં કહ્યું, 'ભમરડાનો ભ લખ્યો છે, ખરું ને?'

'ના, ભોળાભાઈનો ભ લખ્યો છે, બીજું શું?' અજયે કહ્યું.

'ચાલ, કંઈ નહિ. નિરુપમા અને વિજય હૃદયનાં સાચુકલાં માણસો છે. એમની મૈત્રી તને ઉપયોગી થઈ પડશે.' અપર્ણાએ મારા મૂર્ખાઈયજ્ઞનું સમાપન કર્યું... કે કદાચ એ યજ્ઞ પૂરો જ નહોતો થવાનો?

બીજે દિવસે હું દવાખાને જવાની તૈયારી કરતો હતો. અપર્ણા તૈયાર થઈ નીચે નર્સિંગ હોમમાંથી મેટ્રનના ફોનની રાહ જોતી હતી.

હાથ-મોં ધોઈ હું આયનામાં વાળ ઓળતો હતો. સેંથી પાડતાં એક-બે રૂપેરી વાળ ઝબકી જાય છે. મનોમન વિચારું છું : કેટલાં વર્ષો પૂરાં થઈ ગયાં? તેત્રીસ? આપણે તો પાછળ રહી ગયા ને વાળ પાકટ થઈ ચાલ્યા!

એવામાં અપર્ણા ચા લઈને આવી. 'ચાલ, થોડી વાર છે, ત્યાં તને રૂમ્સ પર ઉતારી દઉં.' એણે કહ્યું. ચા પીતાં-પીતાં હું અપર્ણાનો ચહેરો જોઈ રહ્યો. અપર્ણા કૉલેજકાળમાં હતી તેવી જ દેખાય છે. એવું જ એકવડિયું શરીર, સ્ફૂર્તિ અને આંખોની ચમક! પણ મોં પરની ચામડી જરા શિથિલ પડી છે. આંખો નીચે કાળા ખાડા ને થોડા સફેદ વાળ...

'એમ મારી સામે જોયા નહિ કર તું! હું કંઈ હજુ બહુ ઘરડી થઈ નથી.' અપર્ણાએ મને પકડી પાડ્યો. હું લજાયો. 'સૉરી, અપર્ણા, હું વિચારતો હતો કે માત્ર પાંચ વર્ષ પહેલાં આપણે કેટલાં યુવાન હતાં– માત્ર પાંચ વર્ષ! આપણાં મન જાણે થાકી ગયાં!' મારો અવાજ ધીરે-ધીરે ડૂબી ગયો. અપર્ણા ચૂપચાપ બેસી રહી.

મસ્તી, થનગનાટ ને સાહસનાં વર્ષોમાંથી અમે પ્રૅક્ટિસ, પૈસા ને પ્રતિષ્ઠાની ખાઈમાં ફેંકાઈ ગયાં હતાં! કે પછી અમારાં હૈયાં જ એવાં આળાં બની ગયાં હતાં?

અજય કંઈ ગાતો-ગાતો પ્રવેશ્યો.

'હલ્લો, મૅડ હેટર્સની ટી પાર્ટી ચાલે છે ને શું!'

'તું વિઝિટે જવાનો હતો ને? એટલે તારી ચા નહિ બનાવી.' પણ એનું વાક્ય પૂરું થાય તે પહેલાં અપર્ણાનો કપ મોઢે માંડી અજય ચા ગટગટાવી ગયો ને ખુરસી પર પગ ચડાવી આરામથી ગોઠવાયો.

'જવાનો તો હતો, પણ રેડિયોલૉજિસ્ટનો ફોન નથી આવ્યો. સાલો એક્સ-રે ડિલે કર્યા કરે ને ત્યાં પેલો દર્દી જાણે મરવા પડ્યો હોય તેમ ચીસો પાડે.'

'શું થયું છે?' મેં પૂછ્યું.

અજય હસી પડ્યો. 'દેશી ભાષામાં કહું તો ગૂમડું. ઑર્ડિનરી બૉઈલ છે ને થોડું સેપ્ટિક થયું છે એમાં તો શેઠસાહેબે ફૅમિલી ડૉક્ટર, સ્પેશ્યાલિસ્ટ ને સર્જનનું લશ્કર એકઠું કર્યું છે. સા... લાઓ વધારાનો પૈસો નાખે ક્યાં?'

'આપણે માટે તો એ જ સારું છે ને? અજય, રજતને તારી જોડે લઈ જા, જરા ઓળખાણ કરાવ.' અપર્ણાએ કહ્યું.

'હું?'

'હા, લંડનનો સ્પેશ્યાલિસ્ટ તો ખરો ને? જોઇન્ટ હિન્દુ ફૅમિલી છે ને ચિક્કાર પૈસો છે. વીસ-પચીસ માણસોમાંથી કોઈ ને કોઈ તો માંદું હોય જ! રજત, તને ઘણી હેલ્પ થશે, જા.'

અપર્ણાનો ઑર્ડર થાય પછી બીજો કોઈ વિચાર કરવાનો રહેતો ન હતો.

'ધૅટ ઇઝ એ ગુડ આઇડિયા.' અજયે પણ કહ્યું, 'ચાલ મારી સાથે. પછી હું તને તારે દવાખાને મૂકી જઈશ.'

હું અજયની સાથે ગયો. મોટું જૂના સમયની બાંધણી ને ફર્નિચરવાળું મકાન હતું. વાલકેશ્વરના ઘૂઘવતા દરિયાનાં મોજાં ત્યાં અફળાતાં હતાં. ઘરની સજાવટ ને ગોઠવણ કોઈ અમીરી ઇમારતમાં શોભે તેવી જ હતી. પેઢીઓની સમૃદ્ધિ અને સ્થિર ગૌરવ ત્યાં પ્રગટતાં હતાં.

દર્દી હતા ઘરના દાદાજી. અજયે એમને બહુ ગંભીરતાપૂર્વક તપાસ્યા, પગ પરનું ગૂમડું એ જાણે ઇતિહાસમાં નોંધાયેલો પહેલો રોગ હોય તેમ. મારી ઓળખાણ કરાવી. ઘરના સભ્યોનાં મોઢાં મારી ડિગ્રીઓના અક્ષરે એક-એક ઇંચ પહોળાં થતાં ગયાં.

'અ... હા... હા... નાની ઉંમરમાં કેટલી વિદ્યા!' દાદાજીએ મારો ખભો વડીલભાવે થાબડ્યો. આજુબાજુ ટોળે મળેલા પૌત્રોના પરિવારને સંબોધીને કહ્યું, 'આ ડૉક્ટર જેટલું ભણીગણીને હોશિયાર થાવ, ગધેડાઓ!' ને મને કહે, 'આ અજયભાઈ બહુ હોશિયાર. બીજા કોઈ સમજ્યા નહિ. એમણે પે'લું જ કીધું કે એક્સ-રે કાઢવો પડશે. હવે આ દર્દ મટ્યું સમજો.'

અજયના મોં પર મલકાટ હતો. ફીના એંશી રૂપિયા ને બીજું સારા કુટુંબમાં ઓળખાણ એ બંનેનો આનંદ હતો. એ જ્યારે ગંભીરતાપૂર્વક એક્સ-રે તપાસતો હતો ત્યારે ચારે બાજુ વાતાવરણ એકદમ આશંકિત અને તંગ થઈ ગયું હતું. દવા, મલમપટ્ટી પતાવી અમે બહાર નીકળ્યા.

વિઝિટ પતાવી અમે બહાર નીકળતા હતા ત્યાં એક નાનું બાળક દોડતું આવ્યું. મને કહે, 'મારી મમ્મી બોલાવે છે.'

અજયનો આનંદ જાણે ઢોળાઈ ગયો. 'જા... જા...' એણે મને ધક્કો મારવાનો જ બાકી રાખ્યો.

હું અંદર ગયો. અંદરના શયનગૃહમાં કોતરણીકામવાળા એક સોફા પર એક પ્રૌઢા બેઠી હતી.

મને જોઈ ઊઠી એણે નમસ્તે કર્યા. 'માફ કરજો, તમને તકલીફ આપી...'

'ના... ના... એમાં શું? યુ આર વેલકમ.'

'મને...' એ બોલતાં અચકાઈ. આજુબાજુ જોઈ કહે, 'મને ઝાઝાં વર્ષ નથી થયાં હો! આમ તો નાની જ કે'વાઉં, પણ...'

બહુ ખાનગી રહસ્ય જણાવતી હોય તેમ મારી પાસે સરી આવી બોલી, 'આ મારા વાળ ધોળા થઈ ગયા છે. તમે મોટા દાક્તર કે'વાવ. ધોળા વાળ ફરી કાળા થાય એવી કોઈ દવા બતાવો ને?'

મોટરમાં અજયે ઉત્સુકતાથી પૂછ્યું, 'શું હતું? આઈ મીન, હું તારા દર્દીની કંઈ ખાનગી વાતમાં માથું...' બોલતાં એ અટકી જઈ મારી તરફ જોઈ રહ્યો. મેં મોટી માછલી પકડ્યાનો હરખ એની કીકીમાં ઝગમગતો હતો.

'કંઈ નહિ. એને જરા અમસ્તી સલાહ લેવી હતી.'

'પણ મૂરખા, એને રૂમ્સ પર બોલાવી? ટ્રીટમેન્ટ, ઇન્વેસ્ટિગેશન, એક્સ-રે...'

‘એ શક્ય ન હતું.’ મેં ડોકું ધુણાવ્યું.

‘એટલે?’

‘એને ધોળા વાળ કાળા કરવા હતા.’

‘પછી? તેં શું કહ્યું?’

મેં કહ્યું : બહેન, એ જ દુ:ખ છે ને? આપણે કોરાં રહી જઈએ ને માત્ર વાળ પરિપક્વ થઈ જાય છે. મારી પણ એ જ ફરિયાદ છે.’

અજય ચમકી પડ્યો, પછી હસી પડ્યો. ‘ભોળાભાઈનો ભ. દવા તો કરવી હતી! બે-ચાર વિટામિન્સ લખી દેવાં’તાં.’

અજયની હોશિયારી મારામાં નથી જ એ મારે કબૂલ ક્ર્યા વગર છૂટકો ન હતો.

સાંજના અપર્ણાએ પૂછ્યું. પછી ભમ્મર સંકોચી એ મારી તરફ જોઈ રહી. મેં એને વાત સમજાવી. એ હસી પડી. પછી ગંભીર થઈ બોલી, ‘આમ ધંધો ન ચાલે, રજતશ્રી. દર્દીઓને દવાથી સાજાં કરો. એ પણ ખુશ ને તમે પણ ખુશ.’

8

અજયની પાર્ટી એણે ધારી હતી તેવી જ 'આલા ગ્રાન્ડ' રહી. ડી. કે.ના લગભગ બધા જ ડૉક્ટરો ઉપરાંત અજયના બીજા ઘણા મિત્રો હતા. વિજય અને નિરુપમા પણ આવ્યાં હતાં. વિજયે મારી માફી માગતાં કહ્યું, 'આજનો દિવસ ગધેડે નહિ બેસીએ તો ચાલશે ને?'

અજય પોતે તો સોશિયલ ડ્રિન્કર હતો. ખાસ પીતો ન હતો, પણ અન્ય મહેમાનો માટે છૂટે હાથે વિદેશી શરાબ વહેંચતો હતો.

ધીરે-ધીરે રાત્રિનું નીલ કમળ વિકસતું જતું હતું. એક પછી એક તારાઓની પાંદડીઓ ફૂટતી જતી હતી. અગાશી પર પાર્ટી હતી ને બહુ વખતે આકાશ નિરભ્ર અને સ્વચ્છ અંધારસૌરભ ફેલાવતું હતું.

શરાબ હળવે-હળવે આંતરમનને પંપાળી જાગ્રત કરે છે, પૂર્વગ્રહોની દીવાલ તોડી નાખે છે. માણસના ચહેરા પર જે હિંસક પશુની સાવધતા છે તે ભૂંસાઈ જાય છે ને ચહેરો અનેક ભાવોના આવેગમાં આમતેમ ફંગોળાતો અંતે આકારહીન બની જાય છે.

ડૉક્ટર વર્મા મારા તરફ ઊંચું જોઈ એમના સ્થૂળ હાથ વડે મને બાથમાં લેવાનો પ્રયત્ન કરે છે.

'યુ સી, રજત, આઈ એમ એ વેરી ગુડ મૅન બાય હાર્ટ.' એ મને લગભગ ભેટી પડે છે. એમની આંખોમાં આંસુ છે. મારા ખભા પર માથું ઢાળી રડી પડવાની એમની તૈયારી છે. શરાબના નશાની આ એક પળ છે, જ્યારે તમને તમારી જાત દુશ્મન દેખાય છે ને આખી દુનિયા મિત્ર ભાસે છે.

ડૉ. શ્યામ દાસ, ડૉ. ભગત, ડૉ. દારૂવાળા વગેરે જુદી મિજલસ જમાવી બેઠા છે. ડૉ. ભગત મોટે અવાજે કહેતા હોય છે, 'યુ નો, લાસ્ટ ટાઇમ મેં બોસ્ટનમાં કૉન્ફરન્સ એટેન્ડ કરેલી ત્યારે...' પછી એ પોતાના અમેરિકન દુનિયાના રંગીન અનુભવોમાં સરકી જાય છે. ડૉ. દાસ, ડૉ. જયસ્વાલની ફીઝ અને પોતાની ફીઝ વચ્ચેનો કોઈ તફાવત સમજાવતા હતા.

ત્યાંથી ઊઠી હું પૉર્ટેબલ બાર પાસેની એક ખાલી ખુરસી પર બેસી જાઉં છું. આજુબાજુનાં મકાનો ધીરે-ધીરે આંખ બંધ કરતાં જતાં હોય છે. હવા આછી ઠંડી છે. 'બ્યુટીફુલ નહિ?' મારી પાછળથી અવાજ સંભળાયો. મેં ચમકી પાછળ જોયું. ડૉ. રામનાથન – ડી.કે.ના એનેસ્થેટિક્ટ સ્પેશ્યાલિસ્ટ ઊભો હોય છે.

મારી પાસેની એક ખાલી ખુરસી ખેંચી એ બેઠો. એક ઊંડો શ્વાસ લઈ એણે રાતની હવા પીધી, આંખોમાં આકાશ ભર્યું. વિશાળ અવકાશ હોઠ ભીડી ચૂપચાપ જાણે કશુંક બનશે એવા ભાવથી સ્તબ્ધ ઊભું હતું. અમારી પાછળ મહેમાનોનો કોલાહલ, પ્યાલીઓનો રણકાર ને આછું પરદેશી સંગીત જાણે મૌનને ચીરી નાખવાનો પ્રયાસ કરતાં હતાં.

'હું ચાલ્યો જઈશ અને પંખીઓ તો ગાતાં જ રહેશે.'

રામનાથનના મોંમાંથી એક કાવ્યપંક્તિ સરી પડી.

ધીરેથી મારા ખભા પર હાથ મૂકી એ બોલ્યો, 'આજ બપોરે વાંચી ત્યારે એનો અર્થ નહોતો સમજાયો. અત્યારે આ નીરવ રાત્રિમાં, જ્યારે ગાઢ અંધકાર આમંત્રે છે ત્યારે આ સુખ અને દુઃખ બંનેની વેદના સાથોસાથ અનુભવાય છે.'

સુખ અને દુઃખની વેદનાની આહ ફૂટી નીકળે છે માનવઅંતરમાં ને સમાય છે શાશ્વત શાંતિના વરદાનમાં...

એ બોલતો હતો. એ શબ્દો ધીરે-ધીરે પ્યાલીના ઘૂંટ સાથે મારી અંદર ઓગળતા જતા હતા... રગોમાં લોહી બની ભળી જતા હતા.

ધડાક દઈને મારી પીઠ પર ધબ્બો પડ્યો. એ હાથ અજય સિવાય બીજો કોનો હોઈ શકે? પણ અજય એકલો ન હતો. સાથે પિડિયાટ્રિશ્યન ડૉ. પ્રસાદ પણ હતા. 'એ... ઈ... એમ એકલા-એકલા નહિ બેસવાનું. ડૉ. પ્રસાદ, આ મારા ફ્રેન્ડ્ઝ અને કલીગ્ઝ ડૉ. રજત દવે ને ડૉ. રામનાથન. રજત, આ ડૉ. પ્રસાદ – ડી. કે.માં ચાઇલ્ડ સ્પેશ્યાલિસ્ટ તરીકે હમણાં જ આવ્યા છે.'

ડૉ. પ્રસાદનું હૃદયકમળ વિકસેલું જ હતું. એમની આંખો ચળકતી હતી.

'આ ડી. કે. તમને કેવી લાગી? કામ કરવું ગમે છે?' ખુરસીમાં અઢેલી, એક ખુરસી પર પગ લંબાવી એ સિગારેટ સળગાવતાં બોલ્યા.

ડી. કે.માં કામ શરૂ થયાને લગભગ મહિનો થવા આવ્યો હતો, પણ એનો કોઈ અનુભવ ખાસ કહેવાય તેવો મારે માટે ન હતો. એના વાતાવરણમાં હું હજુ એકરૂપ થયો ન હતો.

'વેલ... ઈટ ઈઝ ડિફિકલ્ટ ટુ સે, ડૉ. પ્રસાદ. કોને ખબર કેમ, પણ હજુ હું ત્યાં આઉટસાઈડર છું.'

'એક્ઝેક્ટલી. દિલ્હીમાં હું એટલો સરસ ગોઠવાઈ ગયેલો, પણ અહીંયાં... વેલ...' હાથમાંનો શરાબનો ઘૂંટ ગટગટાવતા એ બોલ્યા, 'કહેવાય નહિ. આપણે હજુ નવા છીએ.' એક નિઃશ્વાસ નાખી એ બોલ્યા, 'સાલા... એક સબ્જેક્ટ શીખવા પાંચ-પાંચ સાત-સાત વરસ ગધ્ધાવૈતરું કરો તોય નવી હૉસ્પિટલ એટલે તમે નવા જ કહેવાઓ. નવું શહેર, કોઈ ઓળખીતું મળે નહિ. લોકો તમારું પાટિયું વાંચીને પણ તમારા પર વિશ્વાસ રાખે નહિ. હેલ!!'

રામનાથન ડૉ. પ્રસાદ તરફ સમભાવથી જોઈ રહ્યો હતો. આમ જુઓ તો કદાચ પ્રસાદનાં વચનો પર અમે ઝટપટ વિશ્વાસ મૂક્યો તે યોગ્ય ન હતો. અજય હાજર હોત તો મને કોણીનો ગોદો મારી જરૂર સાવધ કરત : કોને ખબર, ટ્રસ્ટીઓનો કોઈ સગો-બગો નીકળે તો...

પણ એવું ખાસ શક્ય ન હતું. પ્રસાદનો ચહેરો ભલો અને નિખાલસ હતો. પ્રસાદના પ્યાલામાં એક પેગ રેડતાં રામનાથન બોલ્યો :

'દિલ્હી છોડી અહીં આવવામાં તમે ભૂલ કરી હોય તેવું લાગે છે?'

'મારી વાઇફ મુંબઈની છે. મને પરાણે અહીં ખેંચી લાવી. એના ફાધરની લાગવગથી ડી. કે.માં ઘુસાડ્યો. બાકી હું દિલ્હીનો પ્રેમી છું. મને એ શહેરની હવા ગમે છે. ત્યાં તમે શ્વાસ લઈને જીવો છો, જ્યારે...'

'જ્યારે અહીં કાળાં નાણાં વડે.' ડૉ. રામનાથને પૂરું કર્યું. મારા તરફ ફરી એ બોલ્યો :

'માફ કરજે, રજત, તું એમ ના માનીશ કે હું સિનિક છું. હું જીવનને બહુ નિરાશાવાદી દૃષ્ટિથી જોઈ શકતો નથી; છતાં ક્યારેક આ બધું છોડી ભાગી જવાની ઇચ્છા થાય છે ખરી.'

પેલા દૂરના ખૂણામાં થોડી ગડબડ થઈ. થોડા અવાજો વધ્યા. 'લેટ અસ જોઇન ધ ક્રાઉડ' કહી ડૉ. પ્રસાદ ઊઠ્યા. અમે પણ પાછળ ગયા.

હૉસ્પિટલમાંથી ફોન હતો – ઇમરજન્સી કોલ – ડૉ. ભગત માટે. મોટર ઍક્સિડન્ટનો કેસ હતો.

ડૉ. ભગત જરા ગુસ્સે થયેલા હતા : 'સા... લો પાર્ટીમાં હેરાન કરે છે! ત્યાં જ મરી જતાં શું થતું'તું?'

જરા અસ્થિર પગલે એ જવા તૈયાર થયા. અપર્ણા દોડાદોડ નીચે ગઈ. સ્ટ્રૉંગ બ્લૅક કૉફી કરી લાવી.

'અજય, તું પણ ચાલ.'

'યસ, સર!' કહી અજય પણ સાથે થયો.

'ચાલો આપણે જમવાનું શરૂ કરીએ. એ લોકોને આવતાં વાર લાગશે.' અપર્ણા બોલી.

ભોજન પીરસાયું. ડૉ. પ્રસાદ મારી પાસે ઊભા હતા. થોડી-થોડી વારે એ મને કહેતા હતા :

'મારી વાઇફ બહુ... વેલ, આઈ ડોન્ટ નો વ્હૉટ ટુ કૉલ હર, પણ... એ બહુ પુશિંગ છે. એ ઇચ્છે છે કે હું ગમે તેમ ગમે ત્યાંથી પૈસાની ટંકશાળ ઊભી કરું. એ મારા જ્ઞાનને નહિ, ડિગ્રીઓની ટંકશાળને પરણી છે.'

રાતના અંધારામાં આવી વાતો અનાયાસ ફૂટી નીકળે છે, ખીલે છે ને પ્રભાત થતાં મૂરઝાય છે. એ વાતોમાં કોઈ આવરણ હોતું નથી, કોઈ નકાબ હોતો નથી. એ વાતો રાતની હવામાં વહી જતી હોય છે. એને વહી જવા દેવાની હોય છે. એ પકડાતાં છિન્નભિન્ન થાય છે.

હું ચૂપ રહ્યો. ડૉ. જયકર અમારી પાસે આવી ખુરસી ખેંચી બેઠા. 'આપણાથી ઊભા નહિ રહેવાય, ભાઈસા'બ.'

ડૉ. પ્રસાદ ચૂપ થઈ ગયા. ડૉ. જયકર ખાવાનું ઝટપટ ગળા નીચે ઉતારતા હતા.

'ખાઓ, ખાઓ. પેટ ભરીને ખાઓ. ફરગેટ યૉર વરીઝ ફૉર સમટાઇમ.'

તે દિવસે હૉસ્પિટલમાં કૉમન રૂમમાં જોયેલા. ગંભીર ને ભયજનક ચેતવણી આપતા ડૉક્ટર જયકર અત્યારે જુદા જ લાગતા હતા. ખાવાના પર એમણે રીતસરનો હુમલો આદર્યો હતો.

'યુ ફિઝિશ્યન્સ, તમે બધા નસીબદાર છો.' બે કોળિયા વચ્ચેના બહુ થોડા અંતરમાં એ બોલ્યા.

'કેમ? ઊલટું સજર્યનો નસીબદાર. એક એપેન્ડિક્સ કાઢ્યું કે લાવ હજાર રૂપિયા.' ડૉ. પ્રસાદ બોલ્યા.

'હા, પણ ફિઝિશ્યનોનું ફીલ્ડ કેટલું મોટું! બધી જાતના લોકો, બધી જ ઉંમરના તમારી પાસે આવે. સાંજ પડ્યે ટંકશાળ ઊભી થાય.' એ વિનોદમાં એક કાળો ડાઘો હું પારખી શક્યો.

'શી... ટંકશાળ શબ્દ બોલતા જ નહિ, નહિતર મારી વાઇફ બ્લડહાઉન્ડની માફક દોડતી આવશે.' ડૉ. પ્રસાદ બોલ્યા.

'તમારી વાઇફ? અરે, મારી પણ.' જયકરે કહ્યું. બંને ખડખડ હસ્યા. મને કિન્નરી એકદમ યાદ આવી. હું ને કિન્નરી પરણ્યાં હોત તો... તો કદાચ એ આ બીજી સ્ત્રીઓ જેવી લોભી ને લઢકણી થઈ જાત?

કિન્નરીએ એક વાર કહેલું, 'માણસ છૂટી-છૂટી ક્ષણોને સાથે બાંધી રાખે છે. એને કહે છે સમય. ને પછી સમયની સલામતી માટે પોતે પોતાની જાતને પણ એ પળો સાથે બાંધી લે છે. ક્ષણો છૂટી કરી નાખો. પ્રત્યેક પળ, એક નવી વાત, પ્રત્યેક દિવસ એક નવો દિવસ...'

કિન્નરીની એ વાતોએ હું ડરી ગયો હતો. હા, દવે કુટુંબનો, ધર્મ-કર્મના સંસ્કારોના ને હિન્દુ ફિલસૂફીના થાંભલાઓ પર રચાયેલો મારો સંસાર એ વાતોથી તૂટી પડ્યો હતો.

કિન્નરીએ લગ્નની ના પાડી હતી. કદાચ એ સારું જ થયું હતું.

'પૈસા... પૈસા...' એક હળવો નિઃશ્વાસ નાખી પ્રસાદ બોલ્યા, 'લોહીની ગંધે શિકાર પકડે એવો હિંસક પશુની માફક આપણે પૈસાને સૂંઘતા-સૂંઘતા ફરીએ છીએ. આપણે જ શા માટે, આખુંય જગત પ્રેમ, દયાભાવ, અરે માણસાઈના નામેય એકાદ ઓલિયો ફકીર મળી આવે છે ત્યારે...

હું તમને એક વાત કહું. હું દિલ્હીમાં હતો ત્યારે હું આસિસ્ટન્ટનોય આસિસ્ટન્ટ એવો ઓનરરી હતો. એક વાર એક રાત્રે એક છોકરાને ઇમર્જન્સી કૅઝ્યુઅલ્ટીમાં દાખલ કર્યો. છોકરાનું શરીર આખું દાઝેલું. સેકન્ડ ડિગ્રી બર્ન્સ. આઇ ટેલ યુ ડૉક્ટર્સ, મારાથી બધું સહન થાય છે, પણ નાનાં બચ્ચાંઓને રડતાં, ભીખ માગતાં કે આટલી ભયંકર વેદના સહન કરતાં

મારાથી નથી જોવાતાં. ડૉ. સેને ઇમર્જન્સી ડ્યૂટી પર ફોન કરી મને બોલાવ્યો. અમે બંનેએ બાળકને તપાસ્યો. એ કાળો, દૂબળો ને નિસ્તેજ હતો. એને લાવનાર વ્યક્તિને અમે કેટલાય સવાલો પૂછ્યા. કેસ અકસ્માતનો હતો કે ઇરાદાપૂર્વક કોઈએ તેને બાળી નાખ્યો તે અમારે જાણવું હતું. ડૉ. સેન મારા તરફ જોતા હતા ને હું તેમના તરફ.

આમાં જો પોલીસનું લફરું હોય તો... ?

અચાનક ડૉ. સેનને જાણે પહેલી વાર વિચાર આવ્યો હોય તેમ પેલા માણસને પૂછ્યું 'આનાં મા-બાપ ક્યાં છે?

પેલી લાવનાર વ્યક્તિ પળવાર ખચકાઈ. અમારા તરફ વારાફરતી જોઈ એણે કહ્યું, 'એ ઘરમાં પડ્યાં છે.'

'પડ્યાં છે એટલે? એ લોકો પણ દાઝેલાં છે?'

એ માણસના મોઢા પર દુઃખ, ગભરાટ કે ઉદાસીનતા – શું હતું તે હું ન કળી શક્યો. કદાચ બધું જ હતું.

'ના... ના, ડૉક્ટરસાહેબ, પડ્યાં છે એટલે કે પીધેલાં છે.'

એક બાજુ પીડાને લીધે તરડાઈ ગયેલો બાળકનો ચહેરો, એની વેદનાનો તરફડાટ ને ગળામાંથી નીકળતું આછું આક્રંદ... ને બીજી બાજુ પોલીસ કેસની બીક!

ડૉ. જયકર બોલ્યા : 'આ દુનિયા જુઓ. યોર ડ્યૂટી ઈઝ ટોવડ્ર્ઝ ધી ચાઇલ્ડ. તમારે પોલીસની શા માટે ચિંતા કરવી જોઈએ?'

'પોલીસ કેસનું લફરું હજી તમને વળગ્યું નથી, માટે આમ કહો છો. એની વે...' ડૉ. પ્રસાદ આગળ વધ્યા.

'પેલા લાવનાર માણસ પાસેથી એટલું જાણી શક્યા કે એ આ છોકરાનો પાડોશી હતો. છોકરાના ઘરમાંથી ચીસોનો અવાજ સંભળાતાં એ ત્યાં દોડી ગયો ને જોયું તો મા-બાપ સળગતું લાકડું લઈ છોકરાને મારતાં હતાં. બાપ કહેતો હતો... 'રોટી મંગતા હૈ... અરે, રોટી કે બદલે બોતલ પી લે...'

ડૉ. સેન જરા ખચકાયા ને પછી પાસે ઊભેલી સિસ્ટરને કહ્યું :

'ટેઇક હિમ ટુ પ્રાઇવેટ રૂમ. આઈ વિલ ટ્રીટ ધ ચાઇલ્ડ.'

'ડૉ. દવે!,' ડૉ. પ્રસાદ એક આછો નિઃશ્વાસ નાખી બોલ્યા, 'એ છોકરાની હાલત જોતાં અમારી આંખો ભરાઈ આવી. આખા શરીર પર ચામડી ઊખડી ગયેલી. તેમાંથી માંસના લોચા બહાર દેખાતા હતા. સારા નસીબે મોઢું બચી ગયું હતું. કદાચ એણે બે ઘૂંટણ વચ્ચે માથું છુપાવી દીધું હશે. સહેજેય સેકન્ડ ડિગ્રી બર્ન્સ હતા.

ડૉ. સેને ધીરે-ધીરે ઍન્ટિસેપ્ટિકથી બ્લિસ્ટર ક્લીઅર કર્યા. વેસેલીન ગોઝ દબાવી ઉપર પાટા બાંધ્યા. સિસ્ટર ગરમ કૉફી લઈ આવી. છોકરો એટલો હબકી ગયો હતો કે એ આટલી ભયંકર વેદના છતાં ઊંહકારો કાઢ્યા વિના પડી રહ્યો. વેલ, ઈટ વોઝ એ પેથેટીક સાઇટ.

બહાર નીકળતાં ડૉ. સેને પેલા માણસને બોલાવ્યો ને પોલીસને ખબર આપવાની સૂચના કરી. હૉસ્પિટલમાંથી પણ ફોન ગયો હશે, કદાચ. એની વે, પોલીસ આવી. કાગળિયાં થયાં.'

ડૉ. પ્રસાદ અટક્યા. અમારા બધા તરફ એક નજર નાખી બોલ્યા, 'છોકરાનાં મા-બાપનું શું થયું તે ખબર નથી. છોકરો સાજો થઈને ગયો. એ ગયો ત્યારે સિસ્ટર ને વૉર્ડબૉયોએ એને ઘણાંબધાં રમકડાં ભેટ આપ્યાં. કારણ... કારણ, ડૉ. સેને છોકરાને દત્તક લઈ લીધો હતો! આ રીતે હૉસ્પિટલમાંથી દત્તક લીધેલો એ એમનો ત્રીજો દીકરો હતો!'

સહુ ચૂપચાપ બહારના જામતા અંધકારને જોઈ રહ્યાં.

તારામંડિત આકાશનો વિસ્તાર આંખોમાં તેજ-અંધારનાં આંજણ આંજતો હતો. નીચેનું

નગર ધીરે-ધીરે શાંત, ચૂપચાપ કોઈ અગમ્ય ઉદાસીનો પિછાડો ઓઢી સૂતું. પાર્ટીમાંનો કોલાહલ શાંત થતો જતો હતો. હું અંધારી ક્ષિતિજ પર ડૉ. સેનને જોવાની કોશિશ કરતો હતો.

'ડૉ. પ્રસાદ, ડૉ. સેનની સાથે કામ કરવું એ એક જિંદગીનો અનુભવ હોવો જોઈએ.' મેં પ્રસાદને કહ્યું.

'હા, રજત, ડૉ. સેને મને એક વાર કહેલું : ડૉ. પ્રસાદ, આપણે ભણેલા બુદ્ધિશાળી લોકો સહુથી વધારે કાયર છીએ, કારણ કે આપણે આગળપાછળનો ને સારાબૂરાનો વિચાર કરીએ છીએ ને પછી વિચારમાં જ ખોવાઈ જઈએ છીએ. ક્રિયા કરવાની હિંમત નથી આવતી આપણી પાસે, કારણ કે આપણે કદનો વિચાર કરીએ છીએ, વ્યક્તિનો નહિ.

વૉલ્યુમ અને વ્યક્તિ... અનેક અને એક... અનેકનું વજન આપણને કુંઠિત કરી નાખે છે.'

ડૉ. જયકર થોડી વાર ચૂપ રહ્યા. પછી નિઃશ્વાસ નાખી બોલ્યા : 'વિચાર અને કાર્યના અંતરમાં જ શૂન્યતા રેલાય છે. આપણો ધંધો નોબલ પ્રોફેશન; પણ કોણ પરવા કરે છે એની? એ એક વિષચક્ર છે. હૉસ્પિટલ માગે છે પૈસા. પૈસા માટે પૈસાદાર દર્દીઓ જોઈએ. પૈસાદાર દર્દીઓ માટે ચાલાક ડૉક્ટરો જોઈએ. આ ભગત ડૉ. ઇમર્જન્સી ઑપરેશન માટે દર્દીને ચીરી નાખશે. એમાંથી ટેન પરસેન્ટ કટ હૉસ્પિટલને મળશે. પછી એ પીધેલો ઑપરેશન કરવા જાય તોય કોણ પૂછે છે?'

ધીરે-ધીરે સહુ વીખરાયા. ડૉ. ભગત કે અજય હજુ આવ્યા ન હતા. જતાં-જતાં ડૉ. પ્રસાદે મારો હાથ ઉમળકાભેર દાબ્યો : 'આપણને એકબીજા જોડે ફાવશે. આઈ થિન્ક વી હૅવ ગ્રેટ મેની થિંગ્ઝ ઈન કૉમન.'

મહેમાનોને વિદાય આપવા અપર્ણા નીચે ઊતરી. એક પછી એક મોટરો સ્ટાર્ટ થતી, રાતની શાંતિની કબર પર હથોડો ઠોકતી રવાના થવા લાગી.

નર્સિંગ હોમનો છેલ્લો રાઉન્ડ મારી અપર્ણા સૂવા ચાલી ગઈ.

આંખો ઘેરાતી હતી પણ તરત જ સૂવું ગમ્યું નહિ. કંઈ વાંચવાને બહાને હું પુસ્તક લઈ ટેબલલૅમ્પ ચાલુ કરી બેઠો.

There are serveral reasons for the reluctance to use antibiotics unless necessary. Treatment may stop development of natural immunity...

ચોપડી બંધ કરી બાજુ પર મૂકું છું. એકની એક વાત કેટલી વાર ફરીફરીને કહેવાય છે! ઍન્ટિબાયોટિક્સનો ઉપયોગ મર્યાદિત કરો. જીવને બચાવે છે તે જીવને હણે પણ છે. પણ દર્દીને સાજો કરવાની અધીરાઈમાં અધકચરા ડૉક્ટરો આ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ બેધડક કરતા જ જાય છે...

કેમ રોકવા એમને?

એવી કોઈ હેલ્થ સ્કીમ હોય જ્યાં દર્દીને સાજો કરવાની સાથે થોડું પ્રાથમિક વૈદકીય જ્ઞાન, આરોગ્યની સમજણ...

વરંડામાં ઊભો રહી હું શાંત સમાધિસ્થ ઘરોને જોઈ રહું છું. આવડો મોટો દેશ ગરીબી, અજ્ઞાન, રોગોથી ખદબદતો...

વૉલ્યુમનો વિચાર નહિ, વ્યક્તિનો વિચાર...

પણ વૉલ્યુમ વધતું જાય છે... બાળકો... બાળકો... વસ્તીવધારો.

અપર્ણાની મિત્ર ગીતા તે દિવસે હસાવતી હતી. એ ફૅમિલી પ્લાનિંગ સેન્ટરમાં કામ કરે છે. ફૅમિલી પ્લાનિંગની ગાડી જોતાં જ ઘરમાં છુપાઈ જતાં પુરુષો ને સ્ત્રીઓ. સરકારી

આંકડાઓની ઇંદ્રજાળ માટે મોટી ઉંમરના ને વિધુરનું થતું વેસેક્ટોમી... હસવાની વાત છે આ...

મધુકર એકદમ યાદ આવ્યો. મહિનાઓ થયા એનો પત્ર નથી! સમાચાર નથી! મધુકર મળે ત્યારે અચૂક સરકારી આંકડાઓની રમત સમજાવે.

બાલ્કનીને ભરી દેતા અંધારમાં મધુકરનો કડવો, છેતરાયેલો નિર્ભ્રાન્ત ચહેરો હું આલેખી શકું છું. આખલાઓની ઓલાદ, થીજેલા વીર્યકણો ને ગાયોના દૂધમાં અભિમન્યુના સાત-સાત કોઠાઓની માયાજાળ એ વર્ણવતો. એનું હાસ્ય મારી આજુબાજુમાં જીવંત થયું.

'કેમ સૂતો નથી?' અચાનક અજયનો અવાજ સંભળાય છે.

'વાંચવાનો પ્રયત્ન કરતો હતો.'

'ગુડ નાઇટ.' કહી એણે ટેબલલૅમ્પ બુઝાવી નાખ્યો.

'ગુડ નાઇટ.' કહી મેં પલંગમાં લંબાવ્યું. અચાનક મને યાદ આવ્યું, 'શું થયું તમારા પેશન્ટનું?'

અજય બહાર નીકળી ગયો. દરવાજામાંથી બહાર નીકળતાં એણે મોં ફેરવ્યા વગર જ કહ્યું, 'ડેડ.'

શબ્દ હવામાં તરતો રહ્યો. બરફની પાટ પર સુવડાવેલો છિન્નભિન્ન થઈ ગયેલો માનવદેહ... મૉર્ગ! અસંખ્ય શબો જ્યાં જીવતરની જ્વાળા બુઝાવી ચિરશાંતિમાં સૂતાં હશે.

ડેડ. રમત ખલાસ. અમે મૃત્યુને જીતી શક્યા નથી... ચેતનાનો એક કણ અમારી પ્રયોગશાળામાં ઉત્પન્ન કરી શક્યા નથી... ડેડ...!

ને ઘણી વાર શરીર ચાલતું રહે છે, લોહી ફરતું રહે છે, હૃદયનો પંપ ધ્રૂજતો રહે છે ને છતાં ઘણા માણસો હોય છે 'ડેડ'... મરી ગયેલા... બરફની પાટ પર સૂતેલા બરફના માણસો...

9

ડી. કે.માં કામ શરૂ થયાને લગભગ ચારેક મહિના થવા આવ્યા.

કોઈ અતળ કૂવામાં હું અવશપણે ખેંચાતો જાઉં છું એવું મને શા માટે લાગે છે? કામ કરવાની મજા નથી આવતી...

સાંજ પડ્યે મારા કન્સલ્ટિંગ રૂમમાં હજુ દર્દીઓની ભીડ થઈ નથી. તોય ઘણા પેશન્ટો આવે છે. અપર્ણાના શબ્દોમાં કહું તો 'મફતિયા' – બિલ્ડિંગના લિફ્ટમૅન ને એનાં સગાંવહાલાંઓ... વૉર્ડબૉય્ઝ ને એમનાં સગાંવહાલાં... ઓળખીતા-પાળખીતા ધમ દઈને સલાહ લેવા ઊતરી આવે છે.

કોઈ-કોઈ શ્રીમંતો સેકન્ડ ઓપિનિયન માટે આવે છે. મારો ઓપિનિયન લઈ જતા રહે છે. વળગી રહે છે પેલા આઉટડૉરના પેશન્ટો. તેજહીન, દ્રવ્યહીન આ દર્દીઓ રંક મોં કરી મારી સામે ઊભાં રહે છે. એમાંનાં ઘણાંખરાંને હૉસ્પિટલાઇઝેશનની જરૂર છે.

'ડૉક્ટરસા'બ, માફી વૉર્ડમાં રખાવી આપો. મારો દીકરો નોધારાનો આધાર છે.' કોઈ મા આંખો લૂછતી મને કહે છે. કોઈ-કોઈ સ્ત્રીનાં આંસુઓમાં તુલસીનું વન, દીવો ને ધૂપસળી તરતાં દેખાય છે. એનાં ચીંથરાં જેવાં વસ્ત્રોમાં નવરાત્રીના હવનની પવિત્ર વાસ ફોરે છે. 'સારું! હું પ્રયત્ન કરી જોઈશ, માજી!'

આવાં પાંચ-છ દર્દીઓને મેં જનરલ વૉર્ડમાં કે માફી વૉર્ડમાં રાખવાની અરજી કરી.

ડી. કે. ઑફિસમાં બે-ત્રણ ધક્કા ખાધા. એક-બે વાર કારકુને ગલ્લાંતલ્લાં કર્યાં, ઉડાઉ જવાબ આપ્યા, પણ મેં મારી વાત છોડી નહિ. હું કદાચ એટલો સમજદાર ન હતો.

ઑફિસમાંથી નીકળતાં એક વાર ડૉ. રામનાથન મળી ગયા. એમના જાડા કાચનાં ચશ્માં લૂછતા એ જતા હતા. મારી સાથે અથડાઈ પડ્યા. 'સૉરી, ડૉક્ટર...' એ ખચકાયા ને ચશ્માં પહેરી મારી તરફ જોયું.

'હું દવે, અજયનો ફ્રેન્ડ છું.'

'ઓહ યસ યસ. વ્હાય ઓન્લી અજય-સ ફ્રેન્ડ? વી આર ઑલ યોર કલીગ્ઝ. ચાલો, કૉફી પીવા આવો છો કે?'

'ચાલો' કહી હું ઉપર દાદર તરફ વળ્યો.

'નહિ નહિ, ત્યાં નહિ. ત્યાંની તે શી કૉફી છે? નર્યું કાળું પાણી.'

'તો...?'

'અહીંયાં હૉસ્પિટલની બહાર, ઉડીપીમાં. એક્સેલન્ટ સાઉથ ઇન્ડિયન કૉફી!'

ડૉ. રામનાથન ખરા હતા. કૉફી સ્ટ્રૉંગ અને સ્વાદિષ્ટ હતી. તાજી દળેલી કૉફીની સુવાસ મગજમાં એક ધમધમાટ ઊભી કરતી હતી.

'જસ્ટ વન્ડરફુલ!' ડૉ. રામનાથને ઊંડો શ્વાસ લઈ કૉફી રગેરગમાં ઉતારતાં કહ્યું.

'મને લાગે છે કે હું પણ એનો રેગ્યુલર ઘરાક થઈ જઈશ, જો...' બોલતાં અનિચ્છાએ મારાથી આમતેમ જોવાઈ ગયું.

કાળી ગંદી દીવાલો, સડેલાં વાસ મારતાં કોહી ગયેલાં ટેબલ-ખુરશીનાં લાકડાં, અત્યંત કાળું, ચીકણું ગંદું કપડું લઈ કપ-રકાબી સાફ કરતો એક નાનો છોકરો... કેટકેટલા જીવાણુઓ અહીંયાં અમારા પર હુમલો કરવા નિશાન તાકી બેઠાં હતાં! વિચારતાં હસવું આવ્યું, કમકમાં ઊપજ્યાં.

રામનાથન મારું કહેવાનું સમજી ગયો. ખુલ્લા દિલે હસતાં કહ્યું:

'માઇક્રોસ્કોપમાં જોયેલાં જીવડાંઓ ભૂલી જા. ને થોડાંક પેટમાં જાય તોય પરવા નહિ.

આ દેશમાં રહેવું હોય તો થોડા ઇમ્યુન થવું જ પડશે.'

થોડી ઇધર-ઉધરકી બાત ચલાવતાં અચાનક એ પૂછી બેઠો : 'સેક્રેટરી મળ્યા?'

'ના. બાય ધ વે... તને ક્યાંથી ખબર...?'

'નવા ડૉક્ટરો બિચારા શરૂઆતમાં સેક્રેટરીને મળવા ફાંફાં જ મારતા હોય છે – પેશન્ટને ઍડમિટ કરાવવા.' સહજભાવે હાથ લંબાવી મારા હાથનો સ્પર્શ કરી એ બોલ્યો :

'ખરાબ ન લગાડશો, રજત, હું ઈ.એન.ટી. ડૉક્ટર છું. એટલે તમારી મુસીબતોનો મને અનુભવ નથી, છતાં હું સમજી શકું છું.'

'કંઈ નહિ. બધા જ મારી જેમ શરૂમાં ફાંફાં મારતા હશે એ વિચારે થોડો દિલાસો મળે છે જરૂર.'

એક નિઃશ્વાસ નાખી એ બોલ્યો, 'જવા દે એ વાત, દવે. આપણા દર્દીઓનો ભાર ઉપાડવો એ જિસસના ક્રૉસ ઊંચકવા કરતાંય વધારે અઘરું છે. કોઈ માંદો હોય તો આપણે રાજી થવાનું, કારણ કે રોગ એ આપણી કમાણીનું સાધન છે. રોગીની ઝાઝી પરવા ન કરવી.'

ખાલી કૉફીના પ્યાલા પર માખીઓ બણબણતી રહી. પૈસા ચૂકવી અમે બહાર આવ્યા.

'હું સિનિક નથી, પણ... વેલ, એની વે, I have shut my balcony window because I do not want to hear the weeping.'

અમે છૂટાં પડ્યાં. સાંજે એને ઘરે જમવાનું ભાવભીનું આમંત્રણ મેં સ્વીકાર્યું હતું. હૉસ્પિટલમાં પાછો ફર્યો ત્યારે સેક્રેટરી પગથિયાં પર સામા મળ્યા.

મેં મારા દર્દીઓ વતી માફી વૉર્ડમાં બે-ત્રણ બેડ્ઝની જરૂરિયાત જણાવી.

સેક્રેટરીના ગોરા ચહેરા પર ઝાંખી વાદળી છવાઈ ગઈ.

'યસ... યસ...' કહેતાં એમણે રૂમાલથી બે-ત્રણ વાર મોં લૂછ્યું.

'પ્રૅક્ટિસ કેવી ચાલે છે? તમને ફાવે છે અહીંયાં?' એમણે સામેથી પૂછ્યું.

'હા જી. કામ તો બરાબર ચાલે છે, પણ આ જરા હૉસ્પિટલાઇઝેશનનું...'

મારું વાક્ય માથાના એક ઝટકાથી ધૂળ ચાટતું કરી દેતાં એ બોલ્યાઃ

'જુઓ ને, ડૉક્ટર, એ બધાનું તો કરવાવાળા અમે બેઠા જ છીએ. તમે થોડા "ક્લાસ" પેશન્ટ જો...'

મારું વાક્ય પડી જ રહ્યું. ઊભું કરવાની જરૂર ન હતી. 'પૈસા લાવો...' 'પૈસાદાર દર્દી લાવો...' એ સ્પષ્ટ આદેશ હતો.

તે વહેલી સવારે મેં મનમોહનને સેકન્ડ ક્લાસમાં દાખલ કરાવ્યો, મારા ખર્ચે. એને દાખલ કરાવવામાં વાટ જોવાય એમ ન હતું. અર્ધ-અજ્ઞાન, અર્ધ- બેદરકાર એવા મનમોહને ડાયાબિટીસ માટે જરૂરી સાવચેતી રાખી ન હતી. પગમાં કશું વાગી જતાં પગ પાક્યો હતો અને પગની પીડામાં ઇન્સ્યુલીન લેવાનું ભુલાઈ જતાં મનમોહન ધીરે-ધીરે ડાયાબિટીક કોમામાં સરતો ગયો.

સિસ્ટર મીસ્કવીટા અને સિસ્ટર કુમઠેકરની મદદથી મેં એનું પેટ ખાલી કર્યું. પ્રવાહી ભરાઈ જતાં ફુલાઈ ગયેલા પેટને સાફ કરતાં મહેનત પડી. મનમોહન બેભાનીમાં ઊંડો ગરકતો જતો હતો. કૅથેટર કરી મેં પેશાબનો નમૂનો લીધો. પંદર મિનિટમાં ધાર્યો હતો તે જ રિપૉર્ટ આવ્યો.

Urine - Sugar Ketones + +.

ઇન્સ્યુલીનનાં ઇન્જેક્શન્સ શરૂ કર્યાં. બ્લડ ટેસ્ટમાં સુગરનું પ્રમાણ 400 મિ.ગ્રા. પરસેન્ટ જણાયું.

મનમોહનની રગોમાં ગયેલું ઇન્સ્યુલીન હવે મોત સામે મુકાબલો કરતું હતું.

હાથની ધોરી નસમાંથી એને સેલાઈન આપવાનું ચાલુ કર્યું. પંદર મિનિટે એક લિટરથી શરૂ કરી પ્રમાણ ઘટાડતો ગયો.

બપોર વીતતી ગઈ. અર્ધા-અર્ધા કલાકે બ્લડ અને યુરિન ટેસ્ટથી અમે સાકરનું માપ કાઢતા રહ્યા. પેશાબમાં સાકર ઓછી થતી ગઈ ને લોહીમાં સાકરનું પ્રમાણ 120 મિ.ગ્રા. પરથી 100 મિ.લિટર આવ્યું. હું નિરાંતનો શ્વાસ મૂકી રામનાથનને ઘરે ગયો.

મારા આગમનના માનમાં રામનાથને એનો ખજાનો ખોલી બતાવ્યો. એ હતાં એનાં પુસ્તકો, નવલકથાઓ, નાટકો, કાવ્યો, નિબંધો... કોઈનાં થોડાં પાનાં એણે વાંચી સંભળાવ્યાં, તો કોઈ કાવ્યો, કોઈ કવિના જીવનની નાની હકીકત, તો કોઈની સાત પેઢીની વંશાવળી...

રામનાથન અને જ્યોત્સ્નાની રસોઈએ પેટ ભર્યું... હા ભર્યું જ. આટલું દબાવી-દબાવીને કદી ખાધું હોય તેવું કોઈ વાર થયેલું નહિ.

રામનાથન અને જ્યોત્સ્નાના માધુર્ય અને આદરસત્કાર આખા અસ્તિત્વને વીંટળાઈ વળ્યાં. જ્યોત્સ્ના શ્યામ, નીચી ને પાતળી હતી. દુન્યવી દૃષ્ટિએ કદાચ સૌંદર્યની કોઈ માત્રા એનામાં ન હતી; પણ એ સ્વચ્છ મુખ, મોટી શાંત આંખો ને ઉષ્માભર્યો અવાજ અજાણ્યાની આજુબાજુ અકલિત આત્મીયતાની સુગંધ ફેલાવી દેતાં.

નાનકડું ઘર હતું છતાં અમે એ ઘરમાં ખૂબ મોટાં લાગતાં હતાં. બહારની સૃષ્ટિનો સંકોચ ને અંદરનો વિસ્તાર એ પ્રત્યેક સુખી સંસારનું જે આગવું ફિઝિક્સ છે તેનો અનુભવ મને રામનાથનના ઘરમાં થયો. ભોજન પછી જ્યોત્સ્નાએ કર્ણાટકી સંગીતના ઢાળમાં મીરાંનું ભજન સંભળાવ્યું.

રાતે ઊંઘમાં પણ એ ભજન મારી નસોમાં વહી રહ્યું. આજુબાજુ એ શબ્દો મને વીંટળાઈને ઘૂમતા હતા.

પ્રયત્ન છતાં આ સંસ્કારો ટળાતા નથી. રામ કે કૃષ્ણનું નામ પડતાં લોહીમાં કશું જાગી ઊઠે છે, કશોક પ્રતિસાદ થાય છે.

સવારે મનમોહનને જોવા જવા વહેલો નીકળ્યો. એ જાગ્રત હતો. બ્લડપ્રેશર નૉર્મલ હતું અને લોહીમાં સાકરનું પ્રમાણ પણ સાંજથી નૉર્મલ હતું તે જ જળવાયેલું. એને થોડું પાણી ને પછી થોડું-થોડું દૂધ ને ગ્લુકોઝ આપવાની સૂચના કરી હું બહાર નીકળ્યો.

ડૉ. દાસ સામા જ મળ્યા. ‘બહુ કોમ્પ્લિકેટેડ કેસ છે કે?’ એમણે પૂછ્યું.

‘ડાયાબિટીક કોમા.’ મેં કહ્યું ને એમણે મોઢેથી આછી વ્હિસલ વગાડી.

‘સેક્રેટરીને તમે કોઈ રિક્વેસ્ટ કરેલી– ફ્રી બેડ માટે?’

‘હા જી. પણ મને લાગે છે ત્યાં સુધી...’ હું અટક્યો.

‘એકાદ બેડ માટે વ્યવસ્થા થઈ શકશે. કાલે જ કોઈનું ડોનેશન આવ્યું છે. તમે ટ્રાય કરો.’ ડૉ. દાસે કહ્યું.

ડૉ. દાસને મારા તરફ ભાવ દાખવવાનું ખાસ કારણ ન હતું, પણ તોય એમના આ કૃત્ય માટે મેં તેમનો મનોમન ઉપકાર માન્યો. ઓ.પી.ડી.માં તે સવારે એક માણસ આવ્યો, એની પત્ની ફાતિમાબાઈને માટે. ફાતિમા હૉસ્પિટલમાં આવી શકે એમ ન હતી. એ માણસના વર્ણનમાં મને રસ જાગ્યો. એની સાથે હું એના ઘરે ગયો.

હાઈ ટેમ્પરેચર, બેહોશી અને થોડી-થોડી વારે આવતી તાણથી હું સાશંક બન્યો. મેં એને જનરલ વૉર્ડમાં દાખલ કરાવી. એ એક અત્યંત ગરીબ સ્ત્રી હતી એટલી એની ઓળખાણ બસ ન હતી?

આ જનરલ વૉર્ડમાં આવનારાં બધાં ગરીબ હોય છે. તેમાંય એ ગરીબ હતી. ઉંમર હતી આશરે બાવીસેક વર્ષની.

એ અર્ધ-ઊંઘમાં પડી રહેતી હતી ને જ્યારે માથાનો દુખાવો અસહ્ય થતો હતો ત્યારે ચીસ પાડી જાગી ઊઠતી હતી. મારા પ્રશ્નોના એ ઉત્તર આપતી છતાં એ જાણે આ બધાથી અલિપ્ત હોય તેમ વર્તતી હતી. હિસ્ટ્રી સ્પષ્ટ હતો. ઓરી નીકળ્યા પછી થયેલો Encephalitis. વચલું મગજ અને central nerve centre પર સોજો હતો.

આવાં દર્દો માટે જુદી-જુદી દવાઓ જુદા-જુદા દર્દીઓ પર અસર કરે છે. મેં ઍન્ટિબાયોટિક્સને બદલે સ્ટેરોઈડ્ઝ ચાલુ કર્યાં. ACTH 40 યુનિટનાં ઇન્ટ્રામસ્ક્યુલર ઇન્જેક્ષન્સ શરૂ કર્યાં.

જનરલ વૉર્ડમાં ડૉક્ટરી સારવાર મફત હોય છે, પણ દવાનો ખર્ચો દર્દીએ ભોગવવાનો હોય છે. ફાતિમાના પૈસા એનો પતિ આપવાનો ન હતો એની ખાતરી હતી. મેં વિજયને ફોન ક્ર્યો. સાંજના જરૂરી દવાઓ લઈ નિરુપમા આવી ગઈ.

ફાતિમાને દાખલ થયાને બે દિવસ થઈ ગયા પણ એની સ્થિતિમાં ખાસ ફરક પડ્યો નહિ.

સિસ્ટર મિસ્ક્વીટા પાસે કોઈ જાદુ હતો. દર્દીને દવા પાતાં-પાતાં એ મધુર અવાજે એના અંતરમાં પ્રવેશી શકતી ને દર્દ જાણી શકતી હતી.

બેએક દિવસ પછી ફાતિમાબાઈ જરા-જરા ભાનમાં રહેતી હતી. હજુ એની આંખો કોઈ નિયંત્રણ વગર બધે ભટકતી ને પ્રકાશથી ભડકતી હતી. સિસ્ટર હળવે-હળવે વાતો કરતાં જાણી શકી કે ફાતિમાના છોકરાને શીળી નીકળેલાં ને મ્યુનિસિપલ હૉસ્પિટલવાળા એને દૂર કોઈ હૉસ્પિટલમાં લઈ ગયા. મા પછી દીકરાને દેખવા પામી જ નહિ ને અધૂરામાં પૂરું સત્તાવાળાઓએ આજુબાજુના લત્તામાં જે રસી મૂકી એને પરિણામે ફાતિમાને Vaccinia થયો. જવલ્લે જ આવું બને. પણ પુત્રના મૃત્યુના આઘાતે ફાતિમાબાઈ હવે જીવવા નથી માગતી.

દવાની અસર ન થવાનું એક કારણ ક્યારેક એ પણ હોય છે કે દર્દી જીવવા નથી માગતો હોતો. એની મોત સામે લડવાની ઇચ્છા નથી હોતી ને કોઈ અજ્ઞાત કારણસર શરીરતંત્ર પણ એ વાત સમજી જતાં જરૂરી એવી રાસાયણિક પ્રક્રિયા થતી નથી.

ફાતિમાબાઈએ જીવવું જોઈએ. મિસ્ક્વીટા પાસે એક સુંદર મીનાકારી કોતરણીમાં જડેલો આયનો હતો. એક દિવસ ટેમ્પરેચર લઈ મિસ્ક્વીટાએ થરમૉમિટર બાજુ પર રહેવા દઈ ફાતિમાબાઈને આયનો બતાવ્યો. ‘દેખો તુમ્હારા મુંહ! કૈસા હો ગયા હૈ!’

‘તને ગમે છે? તો લે રાખ.’ કહી સિસ્ટરે એને આયનો આપી દીધો.

આંખો જરા સ્થિર બની ચમકી ઊઠી! બપોરે હું આવ્યો ત્યારે સિસ્ટર મિસ્કવીટાએ મને ઉત્સાહભેર વાત કરી. હું ફાતિમા પાસે ગયો ત્યારે એ ધ્રૂજતે હાથે અરીસો પકડી પોતાને જોઈ રહી હતી. મને જોઈ એને ઓળખાણ પડી. આજ ત્રણ દિવસે એ જાણે બેહોશીની સૃષ્ટિમાંથી રોજિંદી દુનિયામાં સરી આવતી હતી.

બીજા બે દિવસ વીતી ગયા. ફાતિમાબાઈ કોઈ અદૃશ્ય દોરીએ પોતાના ચહેરા જોડે બંધાઈ ગઈ, જીવવા લાગી.

ને એક રાત્રે એને તાણ ઊપડી. તાવ ઝડપથી વધવા લાગ્યો. મોડી રાતની એની પીડાની જાણકાર હતી આયા રામૈયા. જનરલ વૉર્ડમાં એ બાજુના દર્દીને બબડતી ‘બેડપૅન’ આપતી હતી. રામૈયા ન તો સિસ્ટરને બોલાવી લાવી, ન કોઈ હાઉસમૅનને. ફાતિમાબાઈની ચીસો સાંભળી સિસ્ટર દોડતી આવી ત્યારે એણે છેલ્લો શ્વાસ ખેંચ્યો. સિસ્ટર કુમઠેકર અને સિસ્ટર મિસ્ક્વીટા આંસુભીની આંખે ત્યાં ઊભાં રહ્યાં. સફેદ ચાદરમાં વીંટાળેલ ફાતિમાબાઈને મૉર્ગમાં ખસેડવામાં આવી. જિંદગીભર ચીથરાંઓ વડે જેણે લાજ ઢાંકેલી એને મૃત્યુ પછી અમે સુશોભિત કરી.

આ વાત મેં જાણી ત્યારે મારા ગુસ્સાનો પાર ન રહ્યો. ફાતિમા માત્ર મારી દર્દી ન હતી, મોતને ચેલેન્જ આપી અમે જીવનને ખીલવ્યું હતું. એ મારા જ્ઞાન અને કૌશલ્યનો વિજય હતી. મારું અંગ કોઈ પ્રચંડ આવેશથી ધ્રૂજતું હતું. રામૈયાએ અમારી ફાતિમાબાઈને મારી નાખી! અમારો સંકલ્પ એને જિવાડવાનો હતો. એક ઇંજેક્ષને એ બચી જાત! ઘોર બેદરકારી અને નરદમ નાગાપણા માટે એક દર્દી ગુમાવ્યો!

‘ચલતા હૈ, યાર!’ ડૉ. જયકરે કહ્યું, ‘આવડી મોટી હૉસ્પિટલમાં રોજ એક-બે… એક-બે…’

અપર્ણા બેચેન હતી. કદાચ ફાતિમાબાઈના મરવાથી નહિ એટલી મારે માટે! ‘રજત, હું ડરપોક નથી. હું પણ આ ફોર્થ ક્લાસ એમ્પ્લોયીઝ સાથે સખત થવાની જરૂર જોઉં છું, પણ બની શકે તો કારણ વગર એ લોકોને છંછેડતી નથી.’

‘કારણ વગર? એક માણસ મરી જાય એનાથી વધારે કયું મોટું કારણ હોઈ શકે?’

‘તોપણ… તું જાણે છે એ લોકોનું યુનિયન… નકામી ધાંધલ કરશે તો હૉસ્પિટલવાળા હેરાન થઈ જશે.’

આમ છતાંય મેં આ આખો પ્રસંગ હૉસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટને લખી આ વિશે ફરિયાદ કરી.

હૉસ્પિટલોમાં વૉર્ડબોય, આયાઓ, મહેતર-મહેતરાણીઓની એક દાદાગીરીની દુનિયા હોય છે. યુનિયનોની સ્થાપના, કામમાં દિલચોરી ને જનતારાજને નામે પ્રવેશેલા તોછડાઈભર્યા વર્તનથી આ કર્મચારીઓ હૉસ્પિટલમાં રાજ્ય કરે છે ને ગરીબ દર્દીઓને પરેશાન કરે છે ને હડધૂત કરે છે.

દર્દી કયા ક્લાસમાં છે એ પરથી આ ચતુર સુજાણોનો વર્તાવ રહેતો. બેડ-પૅન કે પાણીની બૂમો મારતા, નર્સ કે ડૉક્ટરને બોલાવવા આજીજી કરતા, દર્દીઓની ચીસો દીવાલો જોડે ભટકાઈ-ભટકાઈને પાછી પડતી – જો એ દર્દી માફી વૉર્ડનો હોય તો.

ઝાડા, પેશાબ કે ઊલટીની ગંદકી સાફ કરાવતાં સિસ્ટરોનાં લોહીનાં પાણી થઈ જતાં.

સફેદ કપડાં ને સફેદ ટોપીમાં સજ્જ વૉર્ડબૉય ને આયાઓ સવારના ચીફના રાઉન્ડ સમયે દોડધામ કરતાં, બાકીનો સમય એ અંદરોઅંદર કે સિસ્ટર જોડે ગપ્પાં મારતાં, લડતાં, બીડી પીતાં કે મટકાના નંબર જાણવા વૉર્ડ બહાર ભાગી જતાં.

નમિત મારો હાઉસમૅન હતો. પચીસેક વર્ષનો જુવાન. તાજો જ એમ.બી.બી.એસ. પાસ કરી એ અમારી હૉસ્પિટલમાં હાઉસમૅનશિપ કરવા આવેલો. એમ.ડી.ની તૈયારી કરતો હતો.

ડૉ. દાસની પાછળ-પાછળ ફરતો ને ડૉ. દાસના દર્દીઓની સેવા કરતો.

મુગ્ધ હતો એ. મને કહે, ‘ડૉ. દવે, તમે ખરાબ ન લગાડો તો એક વાત પૂછું?’

એનો ચહેરો એટલો સ્વચ્છ અને નિખાલસ હતો, દરેક વસ્તુને કૌતુકથી જોતા ને એની ‘ફેસ વેલ્યુ’થી એને સ્વીકારી લેતા યુવાનોનો હોય છે તેવો.

‘બોલ ને, ભાઈ!’

‘તમે કંઈ ડૉક્ટર વર્માને કમ્પ્લેન કરી?’

‘શેના માટે?’

‘આ વૉર્ડબૉય્ઝ… આયાઓ…’

‘હા, કરી છે. એનું પરિણામ…’

‘તમે ઓળખો છો– પેલો શેટ્ટી?’

‘કયો?’

‘સર્જિકલ મેલ વૉર્ડમાં કામ કરે છે તે.’

'ખ્યાલ નથી. કેમ?'

'એ આજ મને કહેતો હતો કે જો રામૈયાને કાઢશો તો વૉર્ડબૉય્ઝ બધા સ્ટ્રાઈક પર જશે.'

એનો ચહેરો વ્યથાથી ઉઝરડાયેલો બન્યો. આમ જુઓ તો મારે ને એને ખાસ એવો સંબંધ ન હતો, પણ અમે સાથે કામ કરતા એટલે એ કદાચ મને ચેતવવા માગતો હતો.

'થૅન્ક્સ, ડૉ. નમિત, પણ મને લાગે છે કે એવું કંઈ થશે નહિ.'

'કેમ?'

'રામૈયાને કાઢવાનું ડૉક્ટર વર્માના હાથમાં છે. આવી બધી ધમાલ થવાની હશે તો એ પોતે જ એવું પગલું નહિ ભરે.'

'હા... એ તો ખરું... પણ... આ તો ડૉક્ટર દાસ કહેતા હતા. આઈ મીન હી ઈઝ રાઇટ... એટલે કે તમે જો આમ કમ્પ્લેન કરશો તો આ બધા ફોર્થ ક્લાસ કર્મચારીઓની આંખે ચડશો તો... વેલ... તમારા પેશન્ટોને જ સહન કરવું પડશે...' નમિત અટકી પડ્યો.

એ સાચો હતો, પણ એણે મૂકેલી આ ત્રિરાશિ મને મંજૂર ન હતી.

બધાએ ધાર્યું હતું એટલું ભયંકર કશુંય થયું નહિ, કારણ કે ડૉક્ટર વર્માએ રામૈયાને થોડી ધમકાવી પ્રકરણ પૂરું કર્યું.

'હાશ!' અપર્ણાએ કહ્યું, 'માથેથી ઘાત ગઈ!'

એટલે સહેલાઈથી ઘાત જશે? રોજ-રોજ ઘર્ષણના પ્રસંગો ઊભા થશે જ. કોઈ વાર તો...

હું બોલ્યો નહિ પણ અપર્ણા સમજી ગઈ. મારી પાસે આવી સ્નેહપૂર્વક બોલી : 'રજત, આ બધી વસ્તુ બહુ ગંભીરતાપૂર્વક નહિ લેવાની. જો ને, મારી આ હૉસ્પિટલ કેટલી નાની છે! છતાં કેટલી ગંદી રહે છે! જો હું વધારે કચકચ કરું તો આ નર્સિંગ હોમ જ બંધ કરવું પડે.'

દલીલોનો અર્થ નથી. એ લોકો સાચા છે. માત્ર મારા મનમાં કંઈ ઊંડું ખટકી રહે છે. હું બહાર જોઉં છું. આથમતી બપોર, સ્વચ્છ ભૂરું આકાશ, વરંડામાં ઘૂઘવતાં કબૂતરો...

મધુકરે છેલ્લા પત્રમાં છેલ્લી ચૂંટણી વિશે લખતાં કહ્યું હતું : 'આપણે લોકશાહીને લાયક નથી. અસંખ્ય પાપો, ભ્રષ્ટાચાર ને ઘૃણાસ્પદ બેજવાબદારીના હથોડાથી આપણે લોકશાહીનાં અંગેઅંગ છૂટાં કરી એને ખાઈ જઈએ છીએ.'

મધુકરની આ કડવાશ મને ચોંકાવી દે છે. થોડા સમય પર મેં છાપામાં વાંચેલું કે નૃસિંહન નિવૃત્ત થનાર છે. નૃસિંહન મધુકરના ઉપરી હતા. એ જાય તો એની જગ્યા મધુકરને મળવી જોઈએ. પણ નહિ મળી હોય? એણે એ વિશે કશુંય લખ્યું નથી.

મધુકરનો એક ફોટો અમસ્તો જ હાથે ચડી આવ્યો – જ્યારે ડિબેટમાં ભાગ લેતો મધુકર સૌમ્ય ચહેરાવાળો તરુણ હતો ત્યારનો. આ કાગળમાં દેખાતો ચહેરો કોઈ નિર્ભ્રાંત યુવાનનો છે.

વિચાર થાય છે કે ઊઠીને અરીસામાં જઈને જોઉં... કદાચ એ મારો ચહેરો પણ હોય!

દિવસો વીતી જાય છે. દિવસની ધમાલમાં કિન્નરી, મધુકર, ફાતિમાબાઈ વિસરાય છે ને રાતના એકાંતમાં કોઈ-કોઈ ક્ષણે પ્રગટ થતાં રહે છે. કિન્નરીને મેં કાગળ લખેલો. જવાબમાં એણે ત્યાં નવા થયેલા મિત્રો ને નવા મળેલા દર્દીઓની જાતજાતની વાતો લખેલી. કિન્નરી ક્ષણેક્ષણ જીવતી હતી – પ્રસન્ન, પ્રફુલ્લિત. ના... છેલ્લી લીટીમાં એણે લખ્યું હતું, 'રજત, ક્યારેક મને સમજાતું નથી કે દિવસો આટલા લાંબા ને રાતો આટલી ઉદાસ શું કામ છે! ત્યાં પણ એવું છે?'

કાગળ મેં અપર્ણાના હાથમાં આપ્યો. કાગળ વાંચી એ હોઠ કરડી બેસી રહી.

'કેમ? કાગળ ન ગમ્યો?'

'મૂરખ... મૂરખ... બેઉ મૂરખ... એ તારે માટે કેટલી તરફડે છે એ જોતો નથી? આ

ગુલાબી પાનાં પરની ગુલાબી વાતોથી એ પોતાની જાતને છેતરી રહી છે એટલુંય નથી સમજતો?'

'મેં લગ્નની ના નથી પાડી, અપુ, એણે ના પાડી છે. એને ત્યાં રહેવું છે, મારે અહીંયાં.'

'હા, હવે તો સ્ત્રી-સ્વાતંયનો જમાનો થયો.'

'તું ભણેલી સ્ત્રી થઈને સ્ત્રી-સ્વાતંયનો વિરોધ કરે છે?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'ભણતર? આ ભણતરે નથી અમને સીતા-સાવિત્રી બનાવ્યાં, નથી માદામ ક્યુરી.' અપર્ણા એકદમ ત્યાંથી ચાલી ગઈ.

રૂમ્સ પર પહોંચ્યો ત્યારે એક અત્યંત ક્ષીણકાય હાડપિંજર પર ચામડી ચોટાડી હોય તેવો માણસ બેઠેલો હતો. મને જોઈને એ ઊભો થવા ગયો, પણ ઉઠાયું નહિ. જોડેની સ્ત્રીને મેં થોડી વારે ઓળખી. મરિયમ સાથે હતો ચંદ્રમૌલિશંકર.

મારી પાછળ-પાછળ એ અંદર આવી. મેં ચંદ્રમૌલિશંકરનો હાથ પકડી એને અંદર લઈ જઈ બેસાડ્યો.

મરિયમના આવવાનું કારણ પૂછવાની જરૂર ન હતી. ચંદ્રમૌલિની સ્થિતિ પરથી હું કલ્પી શક્યો.

એક્ઝામિનેશન table પર એને સુવડાવી એને તપાસતાં લિવર વધેલું જણાયું. abdomenમાં ભરાયેલું પ્રવાહી, કમળાથી પીળી પડી ગયેલી આંખો, લિવર soles, opaque nails... પગ પરનો સોજો...

નિદાન કરતાં વાર ન લાગી મને. ચંદ્રમૌલિશંકરને Cirrhosis -Alchoholic Cirrhosis હતો.

એને જલદી હૉસ્પિટલમાં દાખલ કરવાની જરૂર હતી. મરિયમની સજળ આંખો મારા પગમાં આળોટી પડી. જે ભવિષ્ય બનવાનું નક્કી જ હતું એ જાણ્યા પછીય અમે એને વૃથા કરવા તૈયાર થયાં.

મરિયમના હોઠ કે ગાલ અત્યારે રંગેલા ન હતા. આંખો ઉજાગરાથી લાલ ને ચહેરો ભયથી ત્રસ્ત હતાં. મરિયમ ચંદ્રમૌલિની પડખે ઊભી હતી ત્યારે જન્મશંકર પાઠકના કંઠે ગવાતું 'સાવિત્રી-આખ્યાન' મારા મનમાં સ્ફુરી આવ્યું.

ખૂબ દોડાદોડી કરી ચંદ્રમૌલિશંકરને મેં જનરલ વોર્ડમાં દાખલ કરાવ્યો. તેની ટ્રીટમેંટ શરૂ કરી. હું જાણું છું કે યમરાજને હવે પાછા નહિ વાળી શકાય.

હૉસ્પિટલના જે થોડા ડૉક્ટરો સાથે હું વિચારોની આપ-લે કરી શકતો તેમાં ડૉ. રામનાથન એક હતા.

એક બપોરે તેઓ મને ખાસ મળવા આવ્યા. તેમના હાથમાં એક ડાયરી હતી. જરા શરમાતા બોલ્યા, ''મારી પત્ની અંગ્રેજી સાથે બી.એ. છે. તેની લખેલી આ થોડી કવિતાઓ તમે વાંચો એવી અમારી ઇચ્છા છે.''

''જરૂર હું વાંચી લઉં.

પછી આપણે મળીએ.'' મેં વાયદો કર્યો.

10

રામનાથનની સાથે ઉડીપીમાં બેસીને સ્ટ્રૉંગ કૉફી પીતાં-પીતાં ઘણી ચર્ચાઓ થઈ – હૉસ્પિટલ, દર્દી, બર્નાર્ડ શૉથી માંડીને તાજી કૉફી અને ઇન્સ્ટન્ટ કૉફીની સરખામણી સુધીની. વાતોમાં વચ્ચે-વચ્ચે જ્યોત્સ્નાનાં કાવ્યની પંક્તિઓ પણ ઘૂસી આવે... મારું જ્ઞાન એટલું પરિમિત હતું કે એ પંક્તિઓ મારે માટે તો હુમલાખોર સમાન જ નીવડતી. રામનાથન એનો અર્થ સમજાવતો ત્યારે એનો ચહેરો દીપક જેવો ઉજ્જ્વળ લાગતો, બપોરના તડકા જેવો સર્વદર્શી લાગતો.

ચંદ્રમૌલિની વાત મેં એને કરી. મારા તરફ ઝૂકી એ એકચિત્તે સાંભળી રહ્યો. સંસ્કૃતનો પંડિત ને બેવડો ઢીંચનારો એ બે વાતનો મેળ બેસાડવા જાણે મથતો હતો.

'એની તબિયત કેવી છે? હું એક વાર એને જોવા આવું?'

'જરૂર. Acute Cirrhosis છે. High Potency Vitamin B with nutritious diet ચાલુ કર્યાં છે. પણ કહેવાય નહિ. કદાચ લાસ્ટ ફેઈઝ પણ હોઈ શકે.'

બીજે દિવસે સવારે હું હૉસ્પિટલમાં પહોંચ્યો ત્યારે એ ઑપરેશન થિયેટરમાં હતો. આજે ઉપરાઉપરી ત્રણ ઑપરેશન હતાં.

જનરલ વૉર્ડમાં પહોંચ્યો ત્યારે સિસ્ટર મિસ્ક્વીટા ચંદ્રમૌલિનો ચાર્ટ વાંચતી હતી.

'ઇન્ટરેસ્ટિંગ.'

'હા, એની મેન્ટલ કન્ડિશન કેમ છે?'

ચાર્ટ મારા હાથમાં આપતાં સિસ્ટર બોલી : 'Delirium treatment'થી કન્ટ્રોલ નથી થયો.' ચંદ્રમૌલિશંકરને સનેપાત ઊપડ્યો હતો.

થોડી વાર અટકી બોલી, 'ડૉક્ટર, તમે આ લોકોને ઓળખો છો?'

'હા, થોડોઘણો.'

'તો તમે સેક્રેટરી સાહેબને રિક્વેસ્ટ કરો ને કે એની વાઇફને અહીંયાં રહેવા દે!'

સિસ્ટર મિસ્ક્વીટાનું શ્યામ મુખ કોઈ પીડા અને સહાનુભૂતિમાં પીગળી જાય છે. 'પૂઅર વુમન!'

'મેલ વૉર્ડમાં યુઝવલી આપણે કોઈ સ્ત્રીને રહેવા નથી દેતા, સિસ્ટર! બીજા દર્દીઓને સંકોચ થાય.'

'હું જાણું છું, ડૉક્ટર. પણ આ તો આમ મરી જશે.' બોલતાં એણે હાથ લાંબો કરી બહાર પરસાળની બહેન્ચ બતાવી.

લાંબી પરસાળના ખૂણે ગોઠવેલી એ બહેન્ચ પર મરિયમ બેઠી હતી. સ્તબ્ધ, શૂન્યમાં આંખો ટેકવેલી. બે હાથ ગોઠવાયેલા નિર્જીવ શા પડ્યા હતા. ન રુદન, ન વલવલાટ, ન રોદણાં. નરી એકલતા અને અસહાયતા ત્યાં આજુબાજુ રણનો વિસ્તાર ફેલાવતી બેઠી હતી.

'સાંજથી આમ બેઠી છે. નથી ખાધું, નથી સૂતી. સિસ્ટર કુમઠેકરે માંડ- માંડ સમજાવી રાત્રે થોડી ચા પાઈ. અત્યારે ડ્યૂટી પરથી જતાં મને ખાસ તમને રિક્વેસ્ટ કરવાનું કહી ગઈ છે.'

બહાર જઈ હું મરિયમ પાસે ઊભો રહું છું.

'મરિયમ.'

'ડૉક્ટર.'

'જા, ખાઈ આવ.' મેં એના હાથમાં પાંચ રૂપિયા મૂક્યા.

'તું નહિ ખાય તો ચંદ્રમૌલિ પણ નહિ ખાય.' મેં કહ્યું.

ન સમજતી હોય એમ એ મારી તરફ જોઈ રહે છે. સિસ્ટરે પ્રેમથી એની પીઠે હાથ મૂક્યો.

'દેખો, મરિયમ, ખુદા પર ભરોસા રખ્ખો. સબ ઠીક હો જાયેગા. જાઓ, નીચે કેન્ટિનમેંસે કુછ ખાના ખા લો.'

ટપ... ટપ... આંખમાંથી આંસુ દડી પડ્યાં. ધીરે-ધીરે એની ધાર ગાલ પરથી વહી ગઈ. આંખ સાફ કરી એ બોલી :

'ખાના નહિ ખાઉંગી. હમને મન્નત રક્ખી હૈ, માઉન્ટ મૅરી કી.'

પ્રેમની આ અકળ લીલા વિશે હું વિચારું છું. જન્મશંકર પાઠકનો દીકરો! મરિયમ મુસલમાન! માનતા મા મૅરીની!

રામનાથન ચંદ્રમૌલિશંકર પાસે આવીને ઊભો રહે છે. મરિયમની માનતા સાંભળી એ નિઃશ્વાસ નાખે છે. બે ડૉક્ટરો ને સિસ્ટરને ત્યાં જ ઊભેલાં જોઈ આજુબાજુ મોત હળવા પગલે લસરતું આવતું નથી ને?

ડૉ. દાસ નજીકના પેશન્ટને તપાસતા હતા. અમારી પાસે ઊભા રહ્યા. મરિયમ બારણામાંથી ડોકાઈ અમને જોઈ લેતી હતી. ચંદ્રમૌલિનું મન સંસ્કૃત સાહિત્યથી માંડી ઝૂંપડપટ્ટીની ગાળો સુધી ભમતું હતું. હાઈ ડોઝની પણ અસર ન હતી. તે સતત કાં શ્લોકો કાં ગાળો બોલતો હતો.

'ગીવ હિમ હિઝ બૉટલ.' ડૉ. દાસ હસતાં-હસતાં બોલ્યા. અમે બહાર નીકળ્યા. 'તમને સર્ક્યુલર મળ્યો કે?' એમણે મને પૂછ્યું.

'ના. કયો સર્ક્યુલર?'

'હૉસ્પિટલ ખોટમાં ચાલે છે. એને માટે ડૉક્ટરોને શિખામણો આપવાની છે.' રામનાથને કહ્યું.

ડૉક્ટર્સ કૉમન રૂમમાં ચા પીતાં-પીતાં અંદરોઅંદર સહુ એ સર્ક્યુલર વિશે ઘુસપુસ કરે છે. 'ડૉક્ટરોની ફીઝમાંથી હૉસ્પિટલ પાંચ ટકા કટ માગે છે...', 'ઑપરેશન ફીઝમાં દશ ટકા...', 'બાકીના ઇન્કમટૅક્સવાળા લઈ જાય છે એટલે આપણે ખાવું શું?' એવાં-એવાં વાક્યો મારે કાને અથડાય છે.

મારે એ હાયવરાળમાં ખાસ કહેવાપણું નથી. હું હજી અજયનો મહેમાન છું. મારે ખાવાપીવાનો ખર્ચો નથી. થોડાઘણા પૈસા મળે છે તે હું દર્દીઓની દવા પાછળ વાપરી નાખું છું. ચિડાય છે, પણ ક્યારેક નિઃશ્વાસ નાખી કહે છે, 'તું એવો બેજવાબદાર છે એટલે જ તને એકલો મુકાતો નથી.'

કદાચ કિન્નરીનો વિશ્વાસ પણ એને નથી. એ પણ મારા જેવી જ બેજવાબદાર...

'લોસ્ટ કેસીઝને નામે આપણે એક પુસ્તક લખવું જોઈએ.' ડૉ. પ્રસાદે કહ્યું, 'લોકોને સમજાવવા કે દર્દી મરી જાય તેમાં આપણો વાંક નથી.'

ડૉક્ટર વિનયચંદ્ર સ્કિન સ્પેશ્યાલિસ્ટ હતા. નવા આવેલા. એ બોલ્યા, 'લખાય શા માટે નહિ? વેસ્ટમાં તો કેટલાય ડૉક્ટરો પોતાના ઇન્ટરેસ્ટિંગ કેસીઝ માટે લખે છે.'

'પણ એ માટે તમારી પાસે બે વસ્તુ જોઈએ. ફર્સ્ટ, યુ મસ્ટ ફીલ ઇટ. સેકંડ, યુ મસ્ટ રાઇટ ઇટ.' ડૉક્ટર શાહ ગરમ ચાને ફુત્કારતા બોલ્યા.

'લખતાં તો આવડતું હોવું જોઈએ ને?' વિનયચંદ્ર કાઠિયાવાડી ઢબે હસતાં બોલ્યા, 'ફઈબાને મૂછો હોય તો ગામ કાકો કહે.'

'વ્હૉટ ઈઝ ધેટ?' ડૉ. પ્રસાદ સમજ્યા વિના એકથી બીજાના મોઢા તરફ તાકી રહ્યા. 'એટલે એમ કે ઈફ યોર આન્ટ હેઝ...' વિનયચંદ્ર સમજાવવા ગયા, પણ ડૉ. પંચાલે હાથ જોડીને કહ્યું :

'રહેવા દે, ભાઈ, તું રહેવા દે. ગુજરાતી અને અંગ્રજી બંને ભાષાનું ખૂન ન કર.'

બધા હસવા મંડ્યા. ત્યારે મીઠું હસતા સેક્રેટરી અંદર દાખલ થયા. સહુ સ્વસ્થ બની બેસી ગયા. ઊંડા પાણીમાંથી મગર સરકીને સપાટી પર તરી આવ્યો હોય તેમ એ અમારી જોડે બેસી ગયા.

સેક્રેટરી ટ્રસ્ટીઓના માનીતા હતા ને વધારે માનીતા થવાના પ્રયત્નમાં અવિરામ મંડી રહેતા. શુદ્ધ નાગરી ઉચ્ચારો અને મીઠા મલકાટ સાથે એ કહેતા :

‘આપણે તો, ભાઈ, ધોળા કોટવાળા જોડે કાળા કોટવાળા ભળી ગયા છીએ.’ સેક્રેટરી વકીલ હતા. કાયમ કોટ પહેરતા ને કાયમ આ મશ્કરી કરતા ને કાયમ બધા એ સાંભળીને હસતા.

બધા હસ્યા, પછી હાસ્ય પૂરું થઈ ગયું. કોઈ નવી વસ્તુ જલદી ‘સ્વિચ ઓન’ થઈ શકી નહિ. તંગ શાંતિ પળભર પ્રસરી રહી.

‘મને લાગે છે...’ ખોંખારો ખાઈ સેક્રેટરી બોલ્યા, ‘હૉસ્પિટલની આવક વધારવા આપણે કંઈક કરવું જોઈએ. તમને શું લાગે છે?’

‘વધારે પૈસા કોને નથી ગમતા?’ ખભા ઉછાળી ડૉ. પંચાલ બોલ્યા.

‘નહિ... નહિ... ડૉક્ટર, મને ખોટી રીતે ન સમજશો. આપણો ઉદ્દેશ અંતે તો બહુજનહિતાય, બહુજનસુખાય જ છે ને? જેટલા વધારે પૈસા, તેટલી ગરીબોની વધારે સેવા.’

‘એકાદ ચૅરિટી શો કરીએ.’ ડૉ. દાસે સૂચવ્યું.

‘એકાદ ફિલ્મ સ્ટારને પકડી લાવવાની.’ વિનયચંદ્રે ઉત્સાહથી સૂર પુરાવ્યો.

‘એ તો થશે જ. ટ્રસ્ટીમંડળ એ બધું વિચારશે. પણ તમે શું કરી શકશો તે બધાએ વિચારવાનું છે.’

સહુએ એકબીજાની સામે જોયું ને નજર ચુકાવી.

કોઈ બોલ્યું નહિ. સેક્રેટરી જરા મધુર હસ્યા, પછી વિચારમાં ડૂબી ગયા હોય તેમ કપાળ પર કરચલીઓ પાડી શાંત બેસી રહ્યા. અંતે કહ્યું:

‘અમે કોઈ ડૉક્ટરોને તો જાણે ફરજ ન પાડી શકીએ, પણ જો કોઈ ફીઝમાં વોલન્ટરી કટ સ્વીકારે...’ એમનો અવાજ હળવો, સ્નિગ્ધ, ચીકણો હતો.

‘તમે શું માનો છો, ડૉ. રજત?’ એ મારા તરફ ફરી બોલ્યા, ‘તમારી સેવાવૃત્તિથી પ્રેરાઈને હવે આપણે ત્યાં ઓ.પી.ડી.માં ઘણાં દર્દીઓ આવે છે. પણ આપણા લોકોનો સ્વભાવ એવો છે ને કે મફત થતું હોય તો કોઈ પૈસા ન ખરચે. હમણાં-હમણાં મેલ મેડિકલ વૉર્ડમાં ઘણો ધસારો રહે છે, પણ ફર્સ્ટ ક્લાસના રૂમ્સ ખાલી પડ્યા રહે તો આપણને પૈસા કેવી રીતે મળે?’

એમનું એ હાસ્ય ને એ અવાજ ચીડવનારાં હતાં. મેડિકલ વૉર્ડનું નામ પડતાં આ ઇશારો મારા તરફ છે એમ હું સમજી ગયો – શક્યો.

‘એવું છે, મિસ્ટર વકીલ!’ મારો અવાજ સ્વસ્થ રાખવાની કોશિશ કરી પણ એનો ભાર મને વર્તાતો હતો – ‘કે સંસ્થાની નાણાકીય વ્યવસ્થામાં ડૉક્ટરોને સંડોવવાનો કોઈ અર્થ નથી. મારી દૃષ્ટિએ ફર્સ્ટક્લાસ કે જનરલ વૉર્ડના દર્દી વચ્ચે કોઈ તફાવત નથી. ડૉક્ટરો જો માણસાઈ ગુમાવી બેસશે તો બિચારા ગરીબ લોકો જશે ક્યાં?’

‘ઑફ કોર્સ... ઑફ કોર્સ...’ વકીલનો અવાજ લસરવા લાગ્યો, ‘આખરે આ બધું જનતાની સેવા માટે જ છે ને?’

સેક્રેટરી ગયા. સહુ એકબીજા તરફ જરા જોઈ નજર ચુકાવી ગયા. ડૉ. જયકરે કોટ ઠીકઠાક કર્યો. વિનયચંદ્ર ઘસીઘસીને લાઈફબૉયથી હાથ ધોવા લાગ્યા. ડૉ. પંચાલ કોઈ કેસનાં કાગળિયાં જોવા લાગ્યા. થોડી વારે ખોંખારો ખાઈ વિનયચંદ્ર બોલ્યા :

‘માળો બેટો મીંઢો! ઠીક ઘા કરી ગયો!’

'શી... શી...' ડૉ. પંચાલે જરા ખચકાઈ આજુબાજુ જોયું : 'આસ્તે, ભાઈ, આસ્તે! તમે નવા છો. બાકી અહીંનું સ્કૉટલૅન્ડયાર્ડ જબરું છે હો!' બધા વધારે ચર્ચા વિના છૂટા પડ્યા.

રાતના વાત કરતાં અપર્ણા જરા ક્ષુબ્ધ બની. 'સેક્રેટરીએ ખાસ તને જ કહ્યું, રજત! ખાસ તને જ!'

અપર્ણાના અવાજની વ્યાકુળતા મને સમજાઈ નહિ.

'"ખાસ તમે ડૉ. રજત" એમ તો નથી જ કહ્યું.' મેં કહ્યું 'પણ... પણ... વેલ... આઈ ફીલ ઈટ.'

'ઓહ! એટલે કે તારા વિચારો એ જાણવા માગતો હતો, એમ?'

'સા... લો... એ વળી કોઈના વિચારો શેનો જાણવા માગે? એ કોઈના વિચારો જાણવા નથી માગતો, પોતાના વિચારો લાદવા માગે છે.' અજય હાથ ઠોકી બોલ્યો.

મારા તરફ ફરી એ બોલ્યો, 'ડોન્ટ વરી, આપણી પાસે બધી જાતના રસ્તા છે, સમજ્યો?' એણે આંખ મારી.

હું સમજ્યો નહિ, કયે રસ્તે થઈને મારે ક્યાં જવાનું અજય કહેતો હતો તે.

તે સાંજે હૉસ્પિટલમાંથી સિસ્ટરનો ફોન આવ્યો. કોઈ લૅડી પીતાંબરદાસ મારા પેશન્ટ તરીકે દાખલ થયાં હતાં!

લૅડી પીતાંબરદાસ! આ વ્યક્તિનું નામ પણ હું પહેલી વાર સાંભળતો હતો! એ મારી દર્દી!

હૉસ્પિટલમાં જઈ ખબર કાઢી. ઍરકન્ડિશન્ડ રૂમમાં એમને રાખવામાં આવ્યાં હતાં. ત્યાં જઈને જોઉં તો અજબ વિસ્તાર હતો!

ખાટલા પર સ્થૂલકાય લૅડી શરીર ફેલાવી પડ્યાં હતાં. બાજુમાં પ્રાઇવેટ નર્સ ઊભી હતી. ત્રણ-ચાર નોકરો બહાર ઊભા હતા. ટેબલ પર ફળો, જાતજાતનાં ટૉનિકના બાટલાઓ, ગ્લુકોઝ, ટ્રાન્ઝિસ્ટરનો વૈભવ રાજાના ઐશ્વર્ય જેવો પથરાયેલો હતો.

મને જોઈ લૅડી પીતાંબરદાસ વધુ સ્ફૂર્તિમાં આવી ગયાં, એટલે કે વધુ માંદાં ને દયામણાં જેવાં થઈ ખાટલામાં વધુ ફેલાયાં.

'ગુડ ઈવનિંગ, ડૉક્ટર!' નર્સે ચપળતાપૂર્વક કહ્યું ને લૅડી તરફ જોઈ બોલી, 'ગભરાશો નહિ મૅડમ, ડૉક્ટર આવી ગયા છે.'

'ઓહ... હાશ, હું તો એટલી બીતી હતી!'

પલંગની ધાર આગળ ઊભા રહી મેં દર્દીનું નિરીક્ષણ કર્યું. મજબૂત કિલ્લાની કાંકરીય ક્યાંયથી ખરી હોય તેવું લાગતું ન હતું.

'આપને શી તકલીફ છે?' મેં ઊભા રહીને જ પૂછ્યું.

'તકલીફ તો જાણે, ડૉક્ટર, હું જ્યારે પરણીને આવી...' લૅડીએ શરૂ કર્યું.

નર્સે મને ખુરશી પર બેસવાનો ઇશારો કર્યો. હું બેઠો.

'હું તો હમણાં શું થયું છે તે પૂછું છું.'

'હમણાં?'

'તમને હમણાં કંઈ તકલીફ છે? તમે આ હૉસ્પિટલમાં શા માટે દાખલ થયાં?'

'ડૉક્ટર, મને તો લાગે છે કે મારા લોહીનું પાણી થઈ ગયું છે. ભૂખ નથી લાગતી, ખાધું પચતું નથી, બેચેની રહ્યા કરે છે.'

'કેટલાં વર્ષ થયાં હશે તમને?

'પંચાશી તો ખરાં જ.' નર્સે જરા ઝૂકીને કહ્યું.

'સિત્તેરેક ગણો ને મને પાછી પે'લાં જેવી કરી દો. ડૉક્ટરસાહેબ. આ ઉંમરે આટલી

માંદગી, તો આગળ જાતાં મારું શું થશે?' એ રડવાની તૈયારીમાં હતાં.

'કંઈ નહિ થાય. હું બેઠો છું ને. લાવો તમારી નાડ જોઈએ.'

મેં નાડીના ધબકારા ગણ્યા. બરાબર હતા. બ્લડ પ્રેશર નૉર્મલ હતું. હાર્ટબીટનો અવાજ ને બે ધબકારા વચ્ચેનું અંતર સામાન્ય હતાં.

'આપણે છાતીનો એક્સ-રે કઢાવીએ તો?' લૅડી પીતાંબરદાસે મને આગ્રહ કર્યો, 'નહિતર કાર્ડિયોગ્રામ તો કઢાવી જ લઈએ.'

'મને એવી જરૂર જણાતી નથી. તમે અહીંયાં રહો એની જ જરૂર નથી. ઘડપણના હિસાબે અમુક...'

'ઘડપણ?' લૅડી પીતાંબરદાસ બેઠાં થવા ગયાં. નર્સે મદદ કરી. તકિયાને અઢેલીને એ બેઠાં. આટલા શ્રમથી એ જરા હાંફી ગયાં હતાં.

'હું મરી જવાની? હેં ડૉક્ટર, હું મરી જવાની?'

અત્યાર સુધી માંદગીમાં રાચતું, તબીબી તપાસનો આનંદ માણતું શરીર ધીરે ધીરે ચીમળાઈ ગયું. અનેક કરચલીઓથી છિન્નભિન્ન થઈ ગયેલું એમનું મોં મોતની વાત કરતાં ભાંગી પડ્યું. ચહેરા પર રહ્યો નર્યો નીતર્યો ભય...

આ સ્ત્રીએ શું કદી મૃત્યુ વિશે વિચાર્યું નહિ હોય? મને ગુસ્સો આવ્યો અને દયા પણ.

'ડૉક્ટર, મને જિવાડી દો. જે ખર્ચો કરવો હોય તે કરો, પણ...'

'એવી કશાની જરૂર નથી. તમે સ્વસ્થ છો. આરામ કરો. તમારે ઘરે જઈ શાંતિથી સંતાનો વચ્ચે જીવન વિતાવો.'

મેં નર્સને કહ્યું, 'એમને આજે સૂવાની એક ગોળી આપજો. હું નામ લખી આપું છું. ટૉનિક ચાલુ રાખજો. કાલે ઘરે લઈ જજો.'

એ વૃદ્ધાને આશ્વાસન આપી હું બહાર નીકળ્યો.

જનરલ વૉર્ડમાં ગયો ત્યારે ચંદ્રમૌલિશંકર શૂન્ય છતને તાકતો પડ્યો હતો. મરિયમ નીચે ખાટલા પાસે એનો હાથ પકડી બેઠી હતી. મને જોઈને એ ઊભી ન થઈ. એની ઊંડી ઊતરી ગયેલી આંખોમાં હવે વ્યાકુળતા કે ગભરાટ ન હતાં. આવતા મૃત્યુની સામે સ્વસ્થતાપૂર્વક જોઈ શકવાની તૈયારી હતી. 'તમારી જ રાહ જુએ છે.' એ ધીરા અસ્પષ્ટ અવાજે બોલી. પણ તોય એનો અવાજ સાંભળી ચંદ્રમૌલિએ મારા તરફ નજર ફેરવી. એક પળ આંખોએ ઓળખાણનો ભાર ઝીલ્યો. પછી ધીરે-ધીરે એણે ફોકસ ગુમાવી દીધું. ખાલી કૂવા જેવી એ આંખોના તળિયામાં કેવળ મોતનો સાપ સરકતો હતો.

લિવર કામ કરતું બંધ થઈ ગયું હતું. abdomenમાં ભરાયેલા પ્રવાહીથી પેટ ફૂલેલું હતું. કાળા સુકાયેલા ચહેરા પર બે પીળાં કરેણનાં ફૂલ જેવી આંખો લાગતી હતી. મહાદેવના મંદિરના ઓટલા પર બેસી અમે કરેણનાં ફૂલોની માળા બનાવતાં એ જ ફૂલો. ચંદ્રમૌલિ સન્નિપાતમાં બબડતો રહે છે. ઘડીઓ ગણાય છે. આજુબાજુના દર્દીઓ ટૂંટિયું વાળી જાણે યમની નજર ચુકાવવા મથે છે.

મરિયમને મેં પૈસા આપ્યા. એને નીચે ચા પીવા મોકલી. આજ એના ઉપવાસનો બીજો દિવસ હતો. પણ હું જાણતો હતો કે જ્યાં સુધી ચંદ્રમૌલિમાં પ્રાણ છે ત્યાં સુધી એને કશુંય નહિ થાય. બાપુની છેલ્લી માંદગીમાં માનેય ક્યાં ઉપવાસો નહોતા થયા?

હું ત્યાં બેઠો. સિસ્ટર બે-ત્રણ વાર આવી ગઈ. નર્સ જોસેફિન નવી હતી. ખાટલાની ઈસ પકડી એ ત્યાં ઊભી રહી.

થોડી વારે ચંદ્રમૌલિના ગળામાંથી મહા કષ્ટે અવાજ નીકળ્યો, પણ અર્થ હું સમજી શક્યો નહિ. એનો હાથ મેં પકડ્યો. નાડીના ધબકારા હવે ધીમા... ધીમા થતા હતા.

બુઝાતા દીપકના છેલ્લા ઝબકારા જેવો એક શબ્દ સરી પડ્યો, 'મરિયમ.'

'હમણાં આવે છે, ભાઈ.' મેં કહ્યું. એણે સાંભળ્યું. એણે આંખો ફેરવી. બારણા તરફ નજર માંડી. મરિયમ ઉતાવળે પગલે અંદર દાખલ થતી હતી. ચંદ્રમૌલિએ એને જોઈને પછી ડોકું ઢાળી દીધું.

મરિયમ રડી નહિ. ચૂપચાપ એ એનો હાથ પકડી બેસી રહી. નર્સ જોસેફિનનો ચહેરો શ્વેત થઈ ગયો. આ કદાચ એણે પહેલો મરેલો દર્દી જોયો હતો! વૉર્ડબૉય સ્ટ્રેચર લઈ આવી પહોંચ્યા. ચંદ્રમૌલિશંકરને મૉર્ગમાં ખસેડ્યો. યોગ્ય કાર્યવાહી પછી ચંદ્રમૌલિનું શબ મેં મરિયમને સોંપી દીધું. ડૉ. રામનાથન ત્યારે ત્યાં જ હતા.

'એના અગ્નિસંસ્કાર?' ડૉ. રામનાથને પૂછ્યું.

ચંદ્રમૌલિના અગ્નિસંસ્કાર કરનાર આપણે કોણ? ને સારું જ છે કે એને હજુ બાળ્યો નથી. નહિતર દોડતીકને પેલી મરિયમ એમાં જ ઝંપલાવત!

'મરિયમને પૂછી જોઈશું.' મેં કહ્યું.

'ડૉક્ટરસા'બ, વો પઢેલા લિખેલા થા. હિન્દુ થા. ઉસકે બાપકી તરહ ઉસકો ભી જલાના હૈ!'

'સારું. પૈસા છે?'

'મિલ જાયેગા.' મરિયમે કહ્યું. એ અવાજ મારી છાતીમાં ભોંકાયો. એ ખૂબ રડી હોત તોય આઘાત ન લાગત.

મરિયમ સાથે આવેલા ઝૂંપડપટ્ટીના પુરુષોને મેં થોડા પૈસા આપ્યા ને ચંદ્રમૌલિ પાઠકનો અગ્નિસંસ્કાર કરાવ્યો.

એ પછી મરિયમ એક સાંજે આવી. એના હાથમાં સૂતળીએ બાંધેલી એક કાળી પતરાની પેટી હતી.

ચંદ્રમૌલિનાં પુસ્તકો એ મને આપવા આવી હતી.

એક પુસ્તક ખોલી હું વાંચું છું :

દાદા જન્મશંકરના આશીર્વાદ.

એક નિઃશ્વાસ નાખી હું પુસ્તકો લઈ લઉં છું.

રાતનાં એ પુસ્તકો ખોલીને હું વાંચું છું. અંદરથી એક કાગળ સરકી પડે છે. એક બાજુ બહુ ઝાંખી શાહીમાં કેટલાંક નામો વંચાય છે : મહીપતરામ, પરભુરામ, લાલજીભાઈ, ઘેલાભાઈ...

હાથમાંનો કાગળ ફફડી ઊઠે છે. આ નામો તો મારાં જ! મારા જ ગામનાં! જન્મશંકરના યજમાનોની યાદી! પાનું ફેરવી જોઉં છું. પાછળ કેટલાક આંકડાઓ લખ્યા છે. વરલી મટકાના કદાચ... અપર્ણા આવીને ક્યારે ઊભી રહી તેની મને ખબર ન રહી. મારી સામેની ખુરશી ખેંચી એ બેઠી.

'નિરુપમાનો કાગળ આવ્યો છે. તને ખૂબ યાદ કરે છે.'

'એમ? ક્યાં ગયા છે એ લોકો?'

'વિજયના ગામમાં. ત્યાં એમનું ઘર છે. હવાફેર કરવા.' અપર્ણાએ કાગળ કાઢી મારા હાથમાં મૂક્યો.

'પ્રિય અપ્પુ,

આ ઉંમરે ચોરી જરા શરમજનક તો કહેવાય, ખરું ને? પણ એ માટે જો દોષ તારે કોઈને આપવો હોય તો તારા મિત્ર ડૉક્ટર રજતભાઈને જ આપજે. આ વૅકેશનમાં અમારા ઘણા મિત્રો મસૂરી જવાનો વિચાર કરતા હતા. સમરમાં કહે છે કે ત્યાં ફર્સ્ટ ક્લાસ ક્રાઉડ એકઠું થાય છે.

ડાન્સિંગ, કૅબરે, બ્યૂટી કોન્ટેસ્ટ...

વિજય એક દિવસ અહીંની ટિકિટ લઈ આવ્યો. મને કહે, 'ચાલ, હવે તો ખરેખર ગધેડે બેસીએ.' મિત્રોને જાણ થાય તે પહેલાં અમે ચૂપચાપ આ બાજુ નીકળી આવ્યાં.

અહીં નાનકડું ખેતર છે. ખેતરમાં ખાસ કંઈ ઊગતું નથી, કારણ, ખડકાળ જમીન છે. પણ તોય સવારનાં અહીં આવીને ઊભાં રહીએ છીએ ત્યારે ચપટી ધૂળ લઈ મોંમાં મૂકવાનું મન થાય છે.

અહીં બધું સારું છે એવું હું કહી શકતી નથી. ગરમી પુષ્કળ છે. આ વખતનું ચોમાસું ઊણું ઊતર્યું એટલે કૂવામાં પણ પાણી ઓછું છે. હજુ તો ઉનાળાની શરૂઆત છે. ગામલોકો ઉનાળો કેમ કાઢશે, રામ જાણે!

પણ એવી ચિંતા આપણને વળગવી એય એક અનુભવ છે. સુખ... સુખની શોધમાં બહારની ઘણીબધી ચીજો ખરીદી ઘરમાં ભરી. હવે થોડું આપણામાંથી કાઢી-કાઢી બહાર વહેંચતા જવાનો આ અનુભવેય કરવા જેવો છે.

અહીંયાં દિવસો ધીરે-ધીરે સરકે છે. કશીય ઉતાવળ નથી. રોજ સવારે ચા-પાણી પી હું 'વાલ્મીકિ રામાયણ' થોડું-થોડું વાંચું છું.

હસે છે? તો હું વધારે નહિ લખું. કુશળ હશે. ડૉક્ટરો અજયભાઈ- રજતભાઈને વંદન.

તારી સખી

નિરુપમાના રામરામ.'

અપર્ણા કાગળ ફરી વાર મનમાં વાંચી ગઈ. એક હળવો નિઃશ્વાસ હવામાં ભળી ગયો!

'હું આવું હનીમૂન ક્યારે ઊજવીશ! કદાચ એંશી-નેવું વર્ષની થાઉં ત્યારે.' હસવાનો પ્રયત્ન કરતાં એ બોલી.

'એંશી – નેવું!' શબ્દોની સાથે મને અચાનક લૅડી પીતાંબરદાસ યાદ આવ્યાં! 'પણ તું એંશી-નેવુંની થાય ત્યારે ને? તું પંચોતેરથી આગળ વધવાની જ ના પાડી દે તો?'

અપર્ણા જરા મૂંઝાઈ. મારી સામે જોઈ રહી.

મેં એને લૅડી પીતાંબરદાસની વાત કરી. વાત પૂરી કરતાં મેં કહ્યું :

'કોઈ વાર એવું લાગે છે, અપર્ણા, કે આ મેડિકલ સાયન્સ આટલું આગળ ન વધ્યું હોત તો સારું થાત! ઘણી વાર માણસ જીવ્યા જ કરે છે... ક્યારેય એ મૃત્યુને માટે તૈયાર હોતો જ નથી.'

મારી વાત વચ્ચેથી કાપી નાખતાં અપર્ણા બોલી : 'લૅડી હૉસ્પિટલમાં દાખલ થઈ ગયાં કે?'

એનો આનંદ અછતો ન હતો. 'તું ઓળખે છે એમને?'

'ઓળખું છું! અરે, મેં જ એમને તમારી ટ્રીટમેન્ટ લેવાનું કહ્યું હતું.'

'તેં? શા માટે? ધેર ઇઝ નથિંગ રૉંગ વિથ હર એક્સેપ્ટ હર ઓલ્ડ એઈજ.'

અપર્ણા જરા ચૂપ રહી. કમરાનો આછો પ્રકાશ એના મુખ પર આછી અકલિત તેજ-અંધારભરી રેખાઓ ખેંચતો હતો.

'કેમ કંઈ બોલી નહિ?'

'બોલે શું, ગાંડાભાઈ! જરા સમજ. તે દિવસે તું જ કહેતો હતો કે સેક્રેટરીએ જાણે તને જ ઉદ્દેશી વાત કરી! દુનિયામાં અનેક દુઃખીઓ પડ્યા છે. તું કેટલાકને પહોંચી શકશે?'

'હું સમજ્યો નહિ.'

'હવે સમજે તો સારું. લૅડી પીતાંબરદાસ ભલે દશેક દિવસ હૉસ્પિટલમાં રહેતાં. એ બહાને તું થોડો તારી જાતને એસ્ટાબ્લિશ કર. આ ધંધો છે. અહીંયાં સહુને કમાઉ દીકરો

વહાલો લાગે છે.'

અપર્ણાના શબ્દો ધીરે-ધીરે સંભળાતા બંધ થયા. આંખો બંધ કરી હું એ શબ્દોમાંથી ઊઠતી અર્થની આકૃતિ જોઉં છું. એ આકૃતિથી છળી મરું છું.

લાત મારીને કોઇએ ગૌરવહીનતાને તળિયે મને ફેંકી દીધો છે.

લૅડી પીતાંબરદાસ મારા નામથી આકર્ષાઇ ત્યાં આવ્યાં નથી. અપર્ણાએ એમને સમજાવીને મોકલ્યાં છે, મારા નામે કોઇ 'ક્લાસ પેશન્ટ' રજૂ કરવા.

ધીમેથી કશુંક અમળાવા માંડે છે. પેટમાંથી કોઈ લોચા બહાર ખેંચી કાઢવા મથતું હોય તેવી રીતે! એક ઉગ્ર સંતાપ મને દઝાડી રહ્યો!

શા માટે આવી લજ્જાસ્પદ સ્થિતિમાં હું મુકાયો? ક્યાં મારું જ્ઞાન? મારી સાધના? રાતોની રાતો બેસી મેં માનવશરીરની સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રક્રિયાઓનો ઊંડો અભ્યાસ કર્યો – આ માટે કે અપર્ણા મારે માટે ખોટા કેસ ઊભા કરે?

અપર્ણાના મુખ તરફ જોઉં છું ને મારું માથું લજ્જાથી ઢળી પડે છે. ના, અપર્ણા પર ગુસ્સો કરાય કેવી રીતે? એ મારી નિકટમાં નિકટની મિત્ર છે. કેવળ મારા હિત સિવાય એણે બીજું કશું વિચાર્યું નથી.

કદાચ એને આ સ્થિતિમાં મૂકવા માટે મારે શરમાવું જોઈએ!

ઘણાબધા વિચારો ઘૂમરાતા જાય છે, મનમાં. મન ભારે બની જાય છે. કિન્નરી પાસે ચાલ્યો જાઉં... લંડનમાં હજુ તકો ઘણી છે. સુબોધ ત્યાં જ રહી ગયો. આજે એ ગાયનેકનો ઍસોસિયેટ પ્રોફેસર છે.

'અપર્ણા, હું તારો ઘણો આભાર માનું છું. તું ખરેખર...'

'રજત, વ્હાય ધિસ ફૉર્માલિટી?' એનો અવાજ ઘવાયેલો હતો, 'જ્યારે સમય આવશે ત્યારે વ્યાજ સાથે પાછું વાળજે. બસ!'

'એટલું ભેગું થતાંમાં કદાચ જિંદગી વીતી જશે. હું હજુ તારો મહેમાન જ છું.'

'જો પાછો...'

'સૉરી.'

'અજય એકાદ પાર્ટી પ્લાન કરે છે. તને ઘણી ઓળખાણો થશે.'

ઉનાળાની શરૂઆતની રાતમાં ઠંડી હવાની લહેરખી ક્યારેક દોડી આવે છે. રસ્તાઓ દિવસભરના દાઝેલા, દુભાયેલા માંડ-માંડ જંપ્યા છે.

ચંદ્રમૌલિનાં પુસ્તકો લઈ વાંચું છું.

ગીતા, સત્યનારાયણની કથા, ભાગવતસાર... એક-એક પુસ્તકને પાને- પાને દાદાએ દીકરાને આશીર્વાદ લખ્યા છે.

'દાદાનું ઋણ દીકરો ફેડી ન શક્યો. માનું ઋણ મારે માથે છે. અપર્ણાનું ઋણ પણ એક દિવસ પાછું વાળવું પડશે... ઋણોની પરંપરા... કોઈની લેણદેણ, કોઈનાં અન્નજળ... ક્યાં, ક્યારે પૂરાં થાય છે?

એક નિઃશ્વાસ નખાઈ જાય છે મારાથી. અચાનક ટેલિફોનની ઘંટડી વાગી. નીચેના નર્સિંગહોમમાં કોઈ પેશન્ટ દાખલ થઈ હતી. બાઈની ચીસો છેક અહીં સુધી સંભળાતી હતી.

પ્રસવની વેદનામાંથી એક નવો જન્મ, નવો સંબંધ, નવું ઋણ.. કાળ દોડતો રહે છે, ચક્ર ફરતું રહે છે, કિન્નરી આઘેઆઘે છે... ને મારે માથે હજુ માનું ઋણ છે.

11

સવારના હું સ્વસ્થ છું. બ્રેકફાસ્ટ લઈ હું હૉસ્પિટલ જાઉં છું. થોડી બેચેની અંતરમાં વર્તાય છે. આજ પેથૉલૉજી ડિપાર્ટમેન્ટમાંથી રિપૉર્ટ આવવાનો છે, મહેશનો.

એ સાધારણ કુટુંબનો દૂબળો-પાતળો શ્યામ યુવક છે. કોઈ દુકાનમાં સેલ્સમૅન છે. હાથ પર મોટી ગાંઠ હતી. મારી તપાસ દરમિયાન એ હાથ ધ્રૂજતો હતો. આંખોમાં ભય હતો. મેં એને અજય પાસે બાયોપ્સી કરવા મોકલ્યો હતો. મૂળ તો એ Severe anaemic condition માટે દાખલ થયેલો. શેઠની લાગવગે એને જગ્યા પણ મળી ગઈ ને યુવાન શરીર પર દવા જલદી અસર કરી ગઈ. પણ ત્યાં આ ગાંઠ...

ઍરકન્ડિશન્ડ રૂમમાં લૅડી કોઈ ફિલ્મી છાપું સાંભળતાં હતાં. નર્સ વાંચતી હતી. ફરી એક વાર મેં એમને તપાસ્યાં.

'લેડી, આપને કશું નથી. આપ ઘરે જઈ શકો છો.'

'બસ? હેં સાચે જ?' એ અવાજમાં સાનંદાશ્ચર્ય હતું કે દુઃખ તે હું સમજી ન શક્યો. મારે સમજવાની જરૂર ન હતી. મેં ડિસ્ચાર્જ સર્ટિફિકેટ લખી આપ્યું. મારી ફી લખી ત્રણસો રૂપિયા. લૅડી એ આંકડો વાંચી ખાસ ખુશ ન થયાં. હું સસ્તો ડૉક્ટર હતો.

એ કામ પતાવી હું ડૉ. કર્ણિક પાસે ગયો. ડૉક્ટર કર્ણિક પેથૉલૉજિસ્ટ હતા. મહેશનો રિપૉર્ટ હજુ તૈયાર ન હતો.

'અર્ધા કલાકમાં આવશો?' ટેક્નિશિયને મને પૂછ્યું.

'ઓ.કે.' કહી હું બહાર નીકળ્યો. રામનાથનને એક-બે દિવસથી મળાયું ન હતું એટલે ઑપરેશન થિયેટરમાં પહોંચ્યો.

ડૉ. ભગત બહાર આંટા મારતા હતા. વારંવાર ઘડિયાળ તરફ જોતા હતા. 'હલ્લો, ડૉક્ટર દવે, રામનાથનને જોયો?'

'હું એમને શોધવા જ અહીં આવ્યો છું. એને ઘરે નથી?'

'ના. ફોન કર્યો. એની વાઇફ કહે છે કે એ સવારના બહાર નીકળી ગયા છે. મારો પેશન્ટ ટેબલ પર વેઇટ થાય છે.'

ડૉ. શુક્લ પ્રવેશ્યા.

'ચાલો.'

રામનાથનને બદલે એમને બોલાવવા ભગતે ફોન કર્યો હતો.

ડૉક્ટર્સ રૂમમાં ગયો. ડૉ. પંચાલ ને ડૉ. વિનયચંદ્ર કોટ કાઢી સફેદ કોટ પહેરતા હતા.

'સાંભળ્યું કાંઈ?' પંચાલે મારી પાસે આવી પૂછ્યું.

'શું?'

'તારી સિસ્ટરને પૂછજે.'

હું જરા ગૂંચવાયો. હૉસ્પિટલના ગંદા રાજકારણમાં સંડોવાવાની મારી ઇચ્છા ન હતી. છતાં કંઈ એવું બન્યું હોય તો કદાચ એ વિશે જાણવાની જરૂર પણ હોય!

જવા પગ ઉપાડ્યો. પાછો પડ્યો. જવા દો...

ઘડિયાળમાં જોયું. પંદરેક મિનિટમાં ડૉક્ટર કર્ણિકનો રિપૉર્ટ આવવો જોઈએ. હાથમાં 'ટાઇમ્સ' લઈ હું ઊથલાવતો બેઠો. સવારના હેડલાઇન્સ ઉતાવળે વાંચી હતી. બીજા સમાચારો વાંચવા બીજું પાનું ખોલ્યું ને આંખો જડાઈ ગઈ.

'દિલ્હીના વૈજ્ઞાનિકનો આપઘાત!'

છાતી ધડ-ધડ થવા લાગી. આંખો અથડાતી-કુટાતી ન્યૂઝ પર દોડી ગઈ : 'મધુકર

શાહ... ઍગ્રિકલ્ચરલ ડિપાર્ટમેન્ટ... પ્રોમોશન ન મળતાં નિરાશ થઈને આપઘાત... પત્ની, એક બાળક...

સરકારે આ અંગે તપાસ કરવાનો હુકમ આપ્યો છે.'

છાપું પકડી હું આંખો બંધ કરી બેઠો. બધું ખાલી-ખાલી થઈ ગયું. જાણે કોઈએ શરીરમાંથી ચેતન ખેંચી લીધું. ઊંડે-ઊંડે માત્ર કંઈ 'ધબ-ધબ' થતું હતું. મધુકરે આપઘાત કર્યો... આ શું કર્યું? મને વાત તો કરવી હતી... ત્યાં દોડી જાઉં. મધુકરને રોકી લઉં. મધુકર મરી ગયો. મધુકરે... આપઘાત કર્યો... એ મરી નથી ગયો. એને જીવતા રહેવાની ફાંસીની સજા મળી હતી.

'ડૉ. રજત!' સફાળો હું ચમકી પડ્યો. જોયું તો વૉર્ડબૉય ઊભો હતો. હાથમાં રિપૉર્ટનું કવર હતું.

ઝડપથી કવર લઈ મેં ખોલ્યું. આવા રિપૉર્ટ વાંચતી વખતે એકાદ વાર મારું હૃદય પણ તાલ ચૂકી જાય છે. લાગે છે મારા જ કોઈ અંશનો જાણે રિપૉર્ટ ન હોય!

આંખો ઝડપથી દોડી ગઈ.

No signs of malignancy seen. Histological Picture of chronic teno-synovitis.

બ્લડ રિપૉર્ટ પણ 'ક્લીઅર' હતો. લોહીમાં જરૂરી તત્ત્વો હવે ઉમેરાયાં હતાં. હવે ટ્રીટમેન્ટ એ ઘરે રહીને પણ લઈ શકશે. એ ઘરે જશે. હાશ, એ સહીસલામત ઘરે જશે. એની માને હું એની થાપણ પાછી સોંપીશ.

ગાંઠ મૅલિગ્નંટ નથી. મહેશનો હાથ સલામત રહેશે. એ હાથે કામ કરશે. ઘરબાર ને ઘરડી માને સંભાળશે કે દુઃખી થઈ નિરાધાર બૈરી-છોકરાં મૂકી આપઘાત કરશે? મધુકર...

રડી લીધું હોત તો સારું થાત. ગરમ-ગરમ વરાળો કાઢતી જમીન પર ચાલવા કરતાં ભલે ધોધમાર તૂટી પડે.

જનરલ વૉર્ડ બાજુ જતાં મહેશની મા બહાર પરસાળમાં બેઠેલી જણાઈ. મને જોઈ દોડતી આવી.

'શું કીધું હેં મોટા સાહેબે?'

એ આંખો મારા પર ફરી વળી. વિસ્ફારિત, વ્યગ્ર, વીનવતી, ભયત્રસ્ત.

'કંઈ નથી. સારું થઈ જશે.' મારે એને સ્નેહથી, સમજાવટથી કહેવું હતું, પણ એ સૂર તરડાયેલો, કંટાળેલો હતો. 'મધુકર' 'મધુકર' એમ હજુ ઊંડે-ઊંડે હથોડાની માફક ઠોકાતું હતું.

મહેશ મને જોઈ ઝડપથી બેઠો થયો.

'રિપૉર્ટ આવ્યો?' એણે તેજહીન આંખો મારા પર ઠેરવી.

એક ઊંડો શ્વાસ લઈ મેં મારા પર કાબૂ મેળવ્યો. મહેશ મારા તરફ જોઈ રહ્યો. ફરી એની આંખો ચાર શ્વેત દીવાલો પર અથડાઈ, ફરી મારા પર ઠરી. એ રિપૉર્ટ જાણવા ઉત્સુક હતો ને છતાં નહોતો જાણવા માગતો.

મહેશને ખભે હાથ મૂકી મે કહ્યું, 'કંઈ નથી, ભાઈ. સાદી ગાંઠ છે. તમારા સેલ્સ હેલ્થી છે. તમે ખુશીથી ઘરે જાઓ.'

એં... એ... એં... એક વિચિત્ર અવાજ એના ગળામાંથી નીકળ્યો. મોઢું પહોળું થયું... આંખોમાં પાણી ચમકવા લાગ્યાં. હોઠ ધ્રૂજતા હતા. મહેશ ખાટલા પર ભાંગી પડ્યો. એની માની આંખમાંથી આંસુ વરસી પડ્યાં.

'સાચે? સાચે મને કૅન્સર નથી?' મહેશે તૂટતા અવાજે પૂછ્યું.

'ના, કંઈ નથી. તમારી બાયોપ્સીનો રિપૉર્ટ તદ્દન ક્લીઅર છે.'

સિસ્ટર કુમઠેકરે ચશ્માં કાઢી રૂમાલથી સાફ કર્યાં. મા-દીકરો અડધાં રડતાં ને અડધાં હસતાં હતાં.

ઘણીય વાર આ દૃશ્ય જોયું છે ને જેટલી વાર જોયું છે તેટલી વાર મારી આંખો પણ છલકાઈ આવે છે, મને કોઈએ જાણે મૃત્યુમાંથી બચાવ્યો હોય તેમ.

આજે આંખો કોરી રહે છે. રડવાનો દિવસ છે ત્યારે ગળામાં ડૂમો બાજ્યો છે.

પૃથ્વીની સપાટી પર અબજો જીવો જન્મ્યા છે, જન્મતા રહેશે. ભયંકર વિગ્રહો, સંસ્કૃતિઓ અને યુગોના ભાગ્યપલટામાં માણસો હોમાયા છે. ને છતાં એક જીવ બચી જાય છે... એક હસતું-રડતું, ઊગતું-કરમાતું ચેતનતત્ત્વ...

I dress the wounds. God heals them...

ડૉક્ટર ભરૂચા વારંવાર એ વાક્ય બોલતા.

'એય ને લીલાલહેર કરો, માડી! ઉપરવાળો, હજાર હાથવાળો બેઠો છે. તમારા દીકરાની રક્ષા કરશે.' બાજુના ખાટલામાં સૂતાં-સૂતાં આ આખુંય દૃશ્ય રસપૂર્વક જોઈ રહેલા એક વૃદ્ધ બોલી ઊઠ્યા. હવે મા-દીકરો હસી પડ્યાં. બધાં હસી પડ્યાં.

'અમે ઘરે જઈએ?' માએ પૂછ્યું.

'ખુશીથી.'

મેં ડિસ્ચાર્જ સર્ટિફિકેટ લખી આપ્યું. સિસ્ટર કુમઠેકરે મદદ કરાવી. માએ સામાન એકઠો કરવા માંડ્યો.

માએ કુમઠેકરના હાથ પકડી ગળગળા અવાજે કહ્યું : 'ઝાઝી પહોંચ નથી, દીકરી, પણ ભગવાન તારું ભલું કરે!'

મા ઉતાવળાં હતાં. ઘરે જવાની અધીરાઈમાં. મેં મહેશને થોભાવ્યો. 'જો, ભાઈ, એક-એક મહિને બતાવવા આવતો રહેજે, સમજ્યો?'

જરા બેસમજપણે એ મારી તરફ જોઈ રહ્યો. એક કાળું વાદળ એના મોં પર ઊતરી આવ્યું.

'ગભરાશો નહિ. કંઈ છે નહિ. હું માત્ર સાવચેતી રાખવા કહું છું.'

'ઓહ...' પણ પળમાં ચહેરો બદલાઈ ગયો. જરા વાંકો વળી ગયો. ''કંઈ નથી.'' કહી મેં તેની પીઠ થાબડી ને બહાર નીકળ્યો. નીચે જઈ મેં અપર્ણાને ફોન કર્યો. એ ઑપરેશન થિયેટરમાં હતી. સિઝેરિયન ચાલતું હતું.

'ડૉક્ટરને બોલાવું? બહુ અર્જન્ટ કામ છે?'

'ના, રહેવા દે.' મેં ફોન મૂકી દીધો.

ખાસ આજે બીજું કંઈ કામ ન હતું. ઓ.પી.ડી.માં ડૉ. દાસ હતા. એપ્રિલની શરૂઆત હતી. વૅકેશનને હિસાબે ત્યાં પણ દર્દીઓની ખાસ ભીડ ન હતી. મધુકરના ગયા પછી દુનિયા એમ જ ચાલે છે.

નીચે ઊતરતાં પગલાં રામનાથનના ક્વાર્ટર્સ તરફ વળ્યાં. હૉસ્પિટલના બિલ્ડિંગમાં એક ખૂણે કેટલાક નાના છૂટા બંગલાઓ બાંધ્યા હતા. ત્યાં એ રહેતો હતો.

જ્યોત્સ્ના મને જોઈ નવાઈ પામી. 'એ તો અ ાજ સવારથી બહાર નીકળી ગયા છે. હૉસ્પિટલમાં નથી?' એનો અવાજ ચિંતિત થયો.

'ના.'

'ડૉ. ભગતનો પણ બે-ત્રણ વાર ફોન આવ્યો. મને સમજાતું નથી કે એ ક્યાં ગયા હોય!' એની ભમ્મરો સંકોચાઈ. મોઢું ઝાંખું પડ્યું.

'ડઝન્ટ મૅટર. મારે ખાસ કામ ન હતું.' મેં કહ્યું. પણ જ્યોત્સ્નાનું ગભરાયેલું મોઢું જોઈ

મને ત્યાંથી જવાનું મન ન થયું.

'કોઈને ત્યાં એ જવાનો હતો? કોઈ ખાસ કામ કે...'

પણ વધારે બોલવાની જરૂર ન રહી, એવામાં રામનાથન ઘરમાં દાખલ થયો. 'ક્યાં ગયો હતો, રામ? હું તને શોધવા આવવાનો હતો.' મેં કહ્યું.

'પહેલાં ખોવાઈ ગયો હતો. આજે હવે હું જ મને જડ્યો છું.' એણે ખુરશી પર બેસી એક લાંબો શ્વાસ લેતાં કહ્યું. પછી અમારા તરફ જોઈ એ બોલ્યો, 'આજ સવારે ફરવા ગયો હતો. રસ્તામાં બાબા મળી ગયા. બાબા જોડે બેસીને ખૂબ-ખૂબ વાતો કરી.'

'કોણ બાબા?'

'હું નથી ઓળખતો. ગુજરાતના કોઈ ગામમાં લેપ્રસી સેન્ટર ચલાવે છે. અહીં થોડી દવાઓ ખરીદવા આવેલા છે. સવારે બીચ પર ફરવા આવેલા. હું જઈને પગે લાગ્યો ને પછી...' ખભા ઉછાળી એ બોલ્યો, 'માત્ર દશ મિનિટમાં ચારેક કલાક પસાર થઈ જાય એવું તો મેં આજે જ અનુભવ્યું.'

જ્યોત્સ્ના ઉત્કંઠાપૂર્વક એના તરફ જોઈ રહી હતી. થોડી વાર શાંતિ છવાઈ ગઈ. પછી એ બોલી, 'મને એક વાર દર્શન કરવા લઈ જશો?'

રામનાથન જ્યોત્સ્ના તરફ જોઈ રહ્યો. જરા વ્યથિત, ઉદાસ.

'ના, જ્યોત્સ્ના, તું ધારે છે એવું નથી. અહીં એમની પાસેથી કશું પામવાનું નથી. જે કંઈ મળે છે તે આપણને જ આપણા તરફથી મળે છે.'

એમની વાતચીત અંગ્રેજીમાં ચાલતી હતી, પણ હું એનો અર્થ સમજી ન શક્યો.

જવા ઊઠ્યો ત્યારે રામનાથન બહાર મને મૂકવા આવ્યો.

'જ્યોત્સ્ના બાળક માટે તરફડી રહી છે. દવાઓની કોઈ અસર થઈ નથી. હવે એ સાધુઓ ને સ્વામીઓના આશીર્વાદ માગે છે.' એણે કહ્યું.

મધુકરના અવસાનના સમાચારથી અપર્ણા રડી પડે છે. હું અને અજય બહારના ધગધગતા તડકાને જોઈ રહીએ છીએ.

'એકાદ વાર અહીં આવ્યો હોત તો? આપણને વાત કરી હોત તો?' અજય શુષ્ક કંઠે વિચારને વાગોળતો રહે છે. 'એક વાર... એક વાર... આમ કે તેમ... મધુકર હવે નથી.'

વિગતોની ખબર પડે છે. આસિસ્ટન્ટ સેક્રેટરીની ખાલી જગ્યામાં કોઈ આઈ.એ.એસ. અધિકારી નિમાય છે, ખેતીવાડી કે ડેરીવિજ્ઞાનનું જરા પણ જ્ઞાન નથી તેવા કોઈ. મધુકરની અરજી પર ચોકડી મરાય છે.

'આ દેશ માત્ર કાયરોને જીવવા યોગ્ય છે. સારા માણસે ખસી જવું જ બરાબર છે.' એવી ચિઠ્ઠી લખી એ રોષિત, હતાશ, અપમાનિત આત્માએ વિદાય લીધી.

લોકો જરા ખળભળ્યા. સરકારે તપાસ કરી. જે કંઈ રિપૉર્ટ આવ્યો તે સરકારી ફાઈલોમાં પુરાઈ ગયો. નાણાં ઊભાં કરવા હૉસ્પિટલે એક ચેરિટી શો કર્યો.

મધુકર નામશેષ બની ગયો. તો શું?

હૉસ્પિટલની કાર્યવાહી ચાલુ હતી. રોજ સવાર પડતી. રોજ જિંદગી એક નવી કરવટ બદલતી. રોજ વાહનોની ભીડ, રોજ જનસમૂહનો કોલાહલ... શા માટે? શા માટે? મારા મનમાં શલ્ય ઊઠતું, મધુકર મારી ચોપાસ ભમતો. મને એ દઝાડતો.

રામનાથને મને અચાનક એક દિવસ પૂછ્યું : 'આજ સાંજના કન્સલ્ટિંગ રૂમ્સ પર મળશે કે?'

'કેમ?'

'મારે બાબાને લઈ આવવા છે.'

'કોણ બાબા, રામનાથન?'

'ભૂલી ગયો, તે સવારે મને મળેલા તે? એક દિવસ માટે આવ્યા છે. મારે એમનો ચેક-અપ કરાવવો છે.'

'વ્હૉટ ઇઝ રોંગ?'

'આમ કંઈ નથી. પણ બાબા લેપ્રસી સેન્ટર ચલાવે છે. કોઈ ડૉક્ટરી સારવાર નહિ, પણ સામાજિક સંસ્થા જેવું. એ લોકોને કામધંધો શીખવવો વગેરે. મને થયું કે...'

'હું સમજું છું. સાંજે જરૂર લઈ આવજે. એમને મળવું મને ગમશે.' મેં કહ્યું.

'માણસ જો આંખ-કાન ખુલ્લાં રાખે તો આ જિંદગીની પ્રત્યેક ક્ષણમાં કેટલું બધું અનુભવવા જેવું છે! જુઓ, બારી બહાર જુઓ, આ સાંજનો સમય, આ નગર, આ ગરમ સડકો ને આ વાહનોની ભીડ... એક પળમાં કેટલું બધું તમારા અંતરમાં સમાઈ જાય છે!'

કુતૂહલથી હું બોલનારની સામે જોઉં છું. લગભગ ચાળીસેક વર્ષની વય, કોઈ અલૌકિક આભાથી દીપતું લલાટ, ખભા સુધી ઝૂલતા કાળા વાળ, દેહને વીંટળાઈ રહેલો ભગવો ઝભ્ભો...

કોઈ જો મને કહેત કે આ વ્યક્તિને હું છેલ્લી વીસ મિનિટથી જ ઓળખું છું તો હું માનત નહિ. કેટલાક માણસો મળતાંની સાથે જ આપણી કોઈ જૂની ઓળખાણ તાજી થાય છે. જાણે એને મળ્યા છીએ. આ હાસ્ય, આ બોલવાની ઢબ, આ હસતી આંખો – બધું જ પરિચિત છે.

રામનાથન ખોટો નથી. બાબા તો જીવનના કસબી છે.

બાબાની તપાસ મેં કરી લીધી. શરીર પર Hypro-pigmented anesthetic patches ન હતા. શરીર નીરોગી ને તેજસ્વી લાગતું હતું. 'Skin Biopsyની જરૂર મને લાગતી નથી. પણ બ્લડ ટેસ્ટ કરાવો તો સારું. આ રોગનો Incubation period ઘણો લાંબો છે.' મેં કહ્યું. પછી થોડા જરૂરી સવાલો હું પૂછું છું. 'કોઈ હિસ્ટ્રી છે? ફૅમિલીમાં? આપનાં મા-બાપ – કોઈને થયેલો ખરો?'

બાબા હસીને કહે છે, 'ઑલ માય રિલેટિવ્ઝ આર લેપર્સ.' એ શુદ્ધ અંગ્રેજી ઉચ્ચારો બોલનારને નવું ગૌરવ આપે છે.

'મેં કહ્યું ને, રજત, કે બાબા એક સેન્ટર ચલાવે છે. એટલે એ બધા...' રામનાથને કહ્યું.

'હા, એક વાર હું એ જોવા આવવાનો છું.'

'હા, એ પણ એક અનુભવવાની ચીજ છે. તમે તો ડૉક્ટર છો. જેને મરવાની સજા મળી હોય એને તમે ઉગારી લ્યો છો, પણ એક વાર ઊગરી જવાથી મરતાં બચાતું નથી. આ રોગ એવો છે જ્યાં રોજ-રોજ તમને મરવાની સજા થાય છે. તમારું ઘર, સ્વજનો, અરે! તમારાં અંગો છિનવાઈ જાય છે ને બાકી રહે છે માત્ર શાપિત શરીર ને કદીય ન અટકનારું હૃદય, જે ધબક્યા જ કરે છે.'

બાબાનાં વચનો આંખ આગળ અનેક ખંડિત કલેવરો ઊભાં કરતાં હતાં. મને લાગ્યું, અમે માત્ર તનની દવા કરીએ છીએ, બાબા તો તન અને મન બંનેની.

'એમને ફરી આ ચોકઠામાં ગોઠવવાં એ પણ એક યજ્ઞ હોવો જોઈએ, બાબા! તમારી સાધનાની હું કલ્પના પણ કરી શકતો નથી.'

બાબા હસ્યા. મારી પાસે આવી મારી જોડે હાથ મિલાવી બોલ્યા, 'તમે મારી જોડે વાત કરો છો એ પરથી મને લાગે છે તમે પણ મારી જેમ "જીવનારા"ઓના પંથના લાગો છો.'

બાબાનો ચહેરો નિરભ્ર આકાશ જેવો સ્વચ્છ ને રહસ્યમય લાગ્યો.

'કોઈ લોકો મને પૂછે છે, "તમારો પંથ ક્યો?" હું કહું છું, "મારો પંથ છે જીવનારાઓનો." જિંદગીનાં અવનવાં રૂપોને સમગ્ર અસ્તિત્વથી અનુભવનારાઓનો. આ મારો

પંથ છે.'

'તમારી વાત હું સમજી શકું છું. મૉર્ગમાં સૂતેલાં "ડેડ બૉડીઝ" કરતાં ઘણાં વધારે ડેડ બૉડીઝ બહાર ફરતાં હોય છે. એ બોલેચાલે છે, હરેફરે છે માત્ર એટલું જ. બાકી ધે આર ડેડ, બાબા.' મેં કહ્યું.

બાબા હસ્યા.

'ખરું છે, બાબા. અમારી લાગણીઓ ભોંઠી બની જાય છે. જીવન જીવીએ છીએ, કારણ કે જીવવાની ટેવ પડી છે. ક્યારેક એમ થાય છે કે આમાંથી કેવી રીતે બચી જવાય?'

'બચી જવાની ઇચ્છા એ જ મોટામાં મોટી બારી છે, ભાઈ! તું અમારે ઘરે જરૂર આવતો રહેજે. દર્દીઓની સારવારનાં ખાસ સાધનો બનાવી શકાય તોય બસ છે.'

જતાં-જતાં રામનાથને કહ્યું : 'સિસ્ટર ડી'સોઝાએ ભારે હિંમત બતાવી કહેવાય.'

'શેની હિંમત?'

'કેમ તને ખબર નથી? આખી હૉસ્પિટલ આજ છેલ્લા છ દિવસથી એ વાતથી ગાજે છે ને?'

અચાનક મને ડૉક્ટર પંચાલ યાદ આવ્યા. એમણે કંઈ કહેલું ખરું, પણ મધુકરના અવસાને હું એટલો બેચેન થઈ ઊઠ્યો હતો કે એ વાતનો પછી મેં વિચાર જ નહિ કરેલો.

રામનાથને વાત કરી. થોડા દિવસ પર કોઈ મુફલિસ જેવો દેખાતો માણસ મોટર એક્સિડન્ટમાં સખત ઘવાયો. ડી. કે.માં એને લઈ આવ્યા. એ વખતે ડૉ. ભગત ઇમર્જન્સી ડ્યૂટી પર હતા. ડૉક્ટર ભગત કોઈને ત્યાં પાર્ટીમાં ગયા હતા. ઉપરાઉપરી ત્રણ ટેલિફોન કર્યા પછી એ આવ્યા. માણસને જોઈ પાછા ચાલ્યા ગયા. એ વખતે ઇમર્જન્સી ડ્યૂટી પર ડૉ. શેઠના હાઉસમૅન હતા. એમણે માણસને તપાસ્યો. ફરી એણે ડૉક્ટર ભગતને બોલાવ્યા.

ડૉક્ટર આવ્યા. માણસને દાખલ થયે લગભગ દોઢેક કલાક વીતી ગયેલો. He was sinking... પણ ડૉક્ટરે ઑપરેશન ટેબલ પર લીધો ત્યારે એ જીવતો હતો. ભગતે ગુસ્સામાં કહ્યું :

'સાલા રસ્તામાં મરતા નથી કે અહીં મરવા આવે છે!'

શુક્લે ઍનેસ્થેસિયા આપ્યો. પણ માણસ મરી ગયો હતો. હૉસ્પિટલમાં દાખલ થયા પછી જો એની તાત્કાલિક સારવાર થઈ હોત તો એ બચી જાત!

વાત ત્યાં પૂરી થાત, જો માણસ મિલમજૂર હોત તો! એમ તો હમણાં દિલ્હીની હૉસ્પિટલમાં દર્દી મરતો હતો ત્યારે ડૉક્ટરોએ અંદરોઅંદરની તકરારમાં ક્યાં વખત બગાડ્યો ન હતો?

પણ અહીં બીજું જ થયું. પેલો મજૂર જેવો દેખાતો માણસ મજૂર ન હતો. એ હતો શેઠ રમણલાલ શ્રોફનો દીકરો. કૉલેજના સોશ્યલ સર્વિસના કૅમ્પમાંથી એ રાતના પાછો ફરતો હતો. બાજુના ગામમાં રસ્તો બાંધવા ગયેલા વિદ્યાર્થીઓમાં એ પણ એક હતો. કપડાં મેલાંઘેલાં, શરીર માટીવાળું ને પરસેવાથી ગંધાતું. 'ઘરે જઈને નાહીશ' એ વિચારે સીધો એસ. ટી.ની બસમાં ચડી બેઠેલો! શેઠે ડૉક્ટર ભગત પર ક્રિમિનલ નેગ્લીજન્સનો કેસ કરેલો ને સિસ્ટર ડી'સોઝા એમની મુખ્ય સાક્ષી હતી!

ડૉક્ટર ભગત સંસ્થાના પ્રાણ હતા. ને એથીય વિશેષ સંસ્થાની આબરૂ પર બટ્ટો લાગતો હતો.

ડૉક્ટર વર્મા ને હૉસ્પિટલના ટ્રસ્ટીઓ હાંફળાફાંફળા થઈ ગયા હતા.

વર્તમાનપત્રોએ વાત ઉપાડી લીધી. જગબત્રીસીએ ચઢેલી આ વાતે જાહેરમાં ડૉક્ટરોની ઠીક-ઠીક વગોવણી કરી.

સિસ્ટર ડી'સોઝા પર દબાણ થયું, એમની સાક્ષી બદલવાનું. હૉસ્પિટલમાં એ દાખલ થયો ત્યારે જ એ મરેલો હતો કે લગભગ મરેલો હતો એમ ડૉક્ટર શેઠે કહ્યું. પણ પણ સિસ્ટર ડી'સોઝાએ સાક્ષીના પીંજરામાં જ્યારે બાઇબલ પર હાથ રાખી ડૉક્ટર ભગતના શબ્દો ટાંક્યા ને જ્યારે એ ઑપરેશન ટેબલ પર હતો ત્યારે એ સંપૂર્ણ જીવિત હતો એની પોતે તપાસ કરેલી એવું નિવેદન કર્યું ત્યારે કૉર્ટે ભગતને ગુનેગાર ઠરાવ્યા ને છ માસની સાદી સજા અથવા રૂપિયા પચાસ હજારનો દંડ પુત્રનાં માતાપિતાને ભરવાનો!

આજેય બેસીને વિચારું છું કે આ જગતમાં ઈશ્વર યોજના કેવી અકળ છે! માણસના અભિમાનના એ ચૂરેચૂરા કરે છે ને એ પણ એવા ખૂણેથી, જ્યાં માણસ પોતાને સહુથી વધારે સલામત ગણતો હોય ત્યાંથી!

લાગે છે કે આ પરીકથા છે! લાગે છે કે આ સ્વપ્ન છે! આવું બની શકે?

સહુ કોઈ સજાગ બની ગયા છે. ડી. કે.માં ભયની હવા ફેલાઈ ગઈ.

સહુ હિંસક પશુની માફક દરેક ખૂણેથી ભયની વાસ સૂંઘે છે, પ્રત્યેક દર્દીને સહુ શંકાની નજરથી નિહાળે છે.

ને એમાંથી સર્જાઈ અમારી કારમી રાત!

12

તે રાત્રે મુરારિ નામનો એક દર્દી હૉસ્પિટલમાં દાખલ થયો. દમનો સખત હુમલો થયો હતો. બે દિવસ ઘરે અસહ્ય ત્રાસ ભોગવ્યા પછી એને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. સિસ્ટરે મને ફોન કર્યો ને તરત જ હું અપર્ણાની ગાડી લઈ હૉસ્પિટલ પહોંચ્યો.

અનેકાનેક રોગોમાં તરફડતા દર્દીઓમાં સહુથી વધુ ત્રાસજનક, દયાજનક જો દૃશ્ય હોય તો એ દમના દર્દીનું છે. અફાટ સરોવરને કાંઠે માણસ ટીપું પાણી માટે ટળવળે એમ દર્દી શ્વાસ માટે તરફડે છે. જીવ રૂંધાય છે. હવા... હવા... બધી બાજુ ફેલાયેલા હવાના આ સાગરમાંથી કોઈ એક બુંદ તો આપો!

એવી સ્થિતિ મુરારિની હતી. એની છાતી ધમણ પેઠે હાંફતી હતી. હાથથી જાણે એ આજુબાજુ ઝાવાં નાખતો હતો. મોઢેથી વારંવાર હાં... હાં... અવાજ નીકળતો... ચિત્કાર ઊઠતો... દાક્તર... દાક્તર...

મોડી રાતની શાંતિમાં એની વેદનાના સ્વરો ઘૂંટાઈને શ્વેત દીવાલો જોડે માથું અફાળતા હતા. અન્ય દર્દીઓ ત્રસ્ત બની આજુબાજુ જોવા લાગ્યા હતા. મોત ધીરે પગલે ફરતું હતું. ક્યાંથી આવશે? કોણ ઝડપાશે?

મુરારિનો આ દમનો હુમલો ખાળવા મેં Adrenalineનું ઇન્જેક્ષન આપ્યું. પાંચ મિનિટ પછી બીજું આપ્યું. ઑક્સિજન માસ્ક એના મોઢા પર મૂકી, હું બાજુ પર બેઠો.

ધીરે-ધીરે પાણીમાંનાં વમળો શાંત બનતાં જાય તેમ મુરારિ શાંત થયો. નાડીના ધબકારા નિયમિત થયા. સ્વાસ-ઉચ્છ્વાસની પ્રક્રિયા સરળ, સ્વાભાવિક રીતે ગોઠવાતી ગઈ. અંદર ગયેલી દવા એના રૂંધાયેલા શ્વાસમાર્ગને ખોલવા લાગી... તંગ બનેલી છાતીની દીવાલ ધીરે-ધીરે શિથિલ બની. Bronchial wallsના alpha અને beta receptors ખૂલવા લાગ્યા.

હાં... હાં... કરતી હવા માટે ફાંફાં મારતી ધમણ શાંત થઈ ગઈ. નાકમાંથી નીકળતો સિસોટી જેવો અવાજ અટકી ગયો. હું ઊઠીને બહાર નીકળ્યો. નર્સને સૂચનાઓ આપી. મુરારિની પત્ની ને મા મારી પાછળ આવ્યાં; બંનેની આંખોમાં આંસુ હતાં.

‘ડૉક્ટરસા’બ, અભી ઠીક હો જાયગા?’ એની પત્નીનું નિઃશબ્દ મૌન પણ એ જ પ્રશ્ન પૂછતું હતું.

‘હાં... અભી ઠીક હૈ! કુછ ખતરા નહિ હૈ, માજી! આપ ચિંતા મત કરો.’ મેં કહ્યું. હા, દર્દીના જાનને બહુ ખતરો હોતો નથી. દમ એના દર્દીને રિબાવે છે, પીડે છે ને પછી દુષ્ટ હાસ્ય કરી ફરી જીવવા છોડી દે છે.

મારો આભાર માની બંને જણાં અંદર ગયાં. હું લિફ્ટમાં નીચે ઊતર્યો. પહેલે માળે આવતાં નીચેથી આવતો એક ઉગ્ર અવાજ મારા કાને ભટકાયો.

‘કોણ છે ડૉક્ટર આ હૉસ્પિટલમાં? કોઈ પૂછવાવાળું છે કે નહિ?’

લિફ્ટ નીચે ઊભી રહી. હું બહાર નીકળ્યો. સામેના જ કાઉન્ટર પાસે કોઈ પડછંદ, પહોળી વ્યક્તિ બરાડતી હતી. ‘મારો દીકરો માંદો છે. મારે હમણાં ને હમણાં ચાઇલ્ડ સ્પેશ્યાલિસ્ટ જોઈએ...’ કાઉન્ટર પર બેઠેલો રિસેપ્શનિસ્ટ બિચારો ગૂંચવાઈ ગયેલો હતો.

પેલી વ્યક્તિનો અવાજ નક્કર ને વજનદાર હતો, એના માલિકના પેટ જેવો, હાથમાં પહેરેલી હીરાની વીંટી જેવો.

એ અવાજ સત્તાનો હતો, તોછડો હતો. મોં ફુલાવી ચારે બાજુ ગર્જના કરતા પેલા પુરુષ પાસે જઈ હું ઊભો રહ્યો.

આ દરમિયાન ઑફિસમાંથી નાઈટ ડ્યૂટી પરનો ક્લાર્ક અને અજયનો હાઉસમૅન ડૉ.

જગદીશ શાહ પણ આવીને ઊભા.

પ્રેક્ષકો જોતાં જેમ અભિનેતાને શૂર ચડે છે તેમ પેલા પુરુષે હવે કાઉન્ટર પર હાથ ઠોકી કહ્યું, 'હુ ઈઝ એ ચાઇલ્ડ સ્પેશ્યાલિસ્ટ હિયર? આઈ વૉન્ટ હિમ ઈમીડિયેટલી!'

'જરા શાંતિ રાખો, મિસ્ટર! આ હૉસ્પિટલ છે. અહીં અત્યારે અમારા દર્દીઓ સૂતા છે.' મેં કહ્યું ને રિસેપ્શનિસ્ટને કહ્યું, 'ડૉક્ટર પ્રસાદને ફોન કર.'

મારી શાંતિથી કે મારી ઉપેક્ષાથી કે ગમે તેમ, પણ પેલા મહાશયનું મુખ ક્રોધથી ફુત્કારી ઊઠ્યું. એમનો અવાજ તરડાઈ ગયો. 'ડૉક્ટર, મને ઓળખો છો? હું જેરામ છું. એમ. પી. છું. મારા છોકરાને માટે મારે હમણાં ને હમણાં ડૉક્ટર જોઈએ!'

જેરામ એમ. પી. હતા! પાર્લમેન્ટના સભ્ય હોવાને નાતે એમને સરકારી ખર્ચે મફત સારવાર મેળવવાનો હક્ક હતો. એ હક્ક એ ભોગવવા આવ્યા હતા.

હાસ્તો! ભગવાનની મૂર્તિ ગધેડા પર બેસાડીએ ત્યારે ગધેડાને પણ દેવ જ કહેવો પડે ને!

ડૉક્ટર પ્રસાદને ત્યાં ફોન લાગ્યો ત્યારે એમનાં પત્નીએ ખબર આપી કે કોઈ અર્જન્ટ કેસ માટે ડૉક્ટર પંદર મિનિટ પહેલાં જ હૉસ્પિટલમાં આવવા નીકળી ગયા છે!

'તમે પેશન્ટને અહીં દાખલ કરી દો, ત્યાં સુધી ડૉક્ટર આવી પહોંચશે.' ક્લાર્કે જરા ડરતાં સૂચન કર્યું.

'શું? પેશન્ટને હું શું અહીંયાં લઈ આવું? બે દિવસથી છોકરાને એક-બે ડિગ્રી તાવ છે. અત્યારે ત્રણ તાવ છે ને હું ઘર બહાર કાઢું?' જેરામ ભમ્મરો સંકોચતા બોલ્યા, 'હું એમને ઘરે લઈ જવા આવ્યો છું.'

રાતના બેએક વાગ્યા હશે. આ વિશાળ ઇમારતમાં ઝાંખી બત્તીઓ નીચે થોડી શાંતિ, થોડી વેદના, થોડી નિદ્રા એકાકાર થઈ ગઈ હતી. બહારની સડકો સૂમસામ હતી. સહુ કોઈ ડ્રાઇવ વેની તરફ ડૉ. પ્રસાદની ગાડી આવવાની રાહ જોતા હતા.

'મારા ડૉક્ટર બહારગામ ગયા છે. નહિતર...' વાક્ય અધૂરું મૂકી જેરામ ડૉ. જગદીશ શાહ તરફ ફરી બોલ્યા, 'આ ડૉક્ટર સાચી ડિગ્રીઓવાળા છે કે પછી માણસખાઉ? જેવો-તેવો લબાડ...'

આવેગ, ક્રોધ અને ઘૃણાથી મારી છાતીમાં કંઈ વજનદાર ઘૂંટાવા લાગ્યું. હાથ તત્પર બન્યા, બોલનારનું મોં દબાવી, એને લાત મારી ફેંકી દેવા માટે. હાથની મુઠ્ઠીઓ ભીડી દઈ મેં દાંત પીસી સંયમ મેળવ્યો.

'તમે જરા સંયમ અને શાંતિથી વાત કરો. અમારા કોઈ પણ કલીગને માટે ગમે તેવા શબ્દો તમારાથી વપરાય નહિ.' મેં કહ્યું.

'ડૉ. પ્રસાદ જાણીતા ચાઇલ્ડ સ્પેશ્યાલિસ્ટ છે.' ક્લાર્કે કહ્યું.

મારા શબ્દો જેરામની પીઠ પર છરીની જેમ ભોંકાયા હશે, કારણ કે એકદમ એ મારી તરફ ફર્યો. એની આંખો હિંસક પશુ જેવી ઉગ્ર, ત્રાટકવાને અધીર હતી. 'તમે...' એ આગળ બોલવા જાય તે પહેલાં ડૉ. પ્રસાદની ગાડી પોર્ચમાં આવી ઊભી રહી. ડૉ. પ્રસાદ ગાડી ચાલુ રાખી ઝડપથી, લગભગ દોડતા નીકળ્યા. પગથિયાં ઝડપથી વટાવી મારા તરફ ચાવી ફેંકી બોલ્યા, 'ગાડી પાર્ક કરી જલદી આવ... Anaphylactic shockનો કેસ છે.'

જગદીશે મોઢેથી વ્હીસલ વગાડી. હું ચાવી લઈ ગાડી તરફ જવા જતો હતો. ત્યાં જેરામ બરાડ્યા : 'ક્યાં ગયા ડૉક્ટર? હું અહીંયાં વાટ જોઉં છું ને એ હાલ્યા ગ્યા?'

'આઈ એમ સૉરી.' મેં કહ્યું, 'ડૉ. પ્રસાદ ઓછામાં ઓછા બે કલાક તમારી સાથે નહિ આવી શકે. એક બાળકને પેનિસિલીનનું રિઍક્શન થયું છે.'

મારો ખુલાસો પૂરો સાંભળ્યા વગર જેરામે રિસેપ્શનિસ્ટને કહ્યું, 'તમારા ટ્રસ્ટીનો નંબર

જોડી આપો. મારે એમની સાથે વાત કરવી છે.'

રિસેપ્શનિસ્ટ જરા ડઘાઈ અમારા તરફ ને પછી કારકુન તરફ જોઈ રહ્યો. કારકુને કહ્યું, 'આપ ડૉ. વર્માને ફોન કરો. અમારા હૉસ્પિટલના બીજા ચાઇલ્ડ સ્પેશ્યાલિસ્ટ રજા પર છે. પણ ડૉક્ટર વર્મા જો કોઈ હાઉસમૅનને મોકલી આપે તો...'

'હાઉસમૅન? શિખાઉ છોકરડો? મારા છોકરાને રસ્તે રખડતો ભિખારી સમજો છો? ઠીક છે. હું ટ્રસ્ટીને કાલે સવારે ફોન કરીશ. આનું પરિણામ સારું નહિ આવે.' એ પગથિયાં ઊતરવા લાગ્યા.

'તમને વાંધો ન હોય તો હું આવું?' મેં મારી ધંધાકીય સભ્યતાને બાજુએ મૂકી એમને સામેથી પૂછ્યું.

મારી તરફ નજર નાખી એ ઝડપથી નીચે ઊતરી ગયા.

ડૉ. પ્રસાદની ગાડી પાર્ક કરી હું ચિલ્ડ્રન્સ વૉર્ડમાં ગયો. જેરામનો ગુસ્સો હજુ મને દઝાડતો હતો. એ લોકોનો ચૂંટાયેલો સેવક હતો ને અમારો માલિક હતો! એના અવાજમાં સત્તાનો રણકાર હતો. છોકરાની સાધારણ માંદગી કરતાં વિશેષ તો પોતાની સત્તા ખાતર એને તાત્કાલિક ડૉક્ટર જોઈતો હતો. હું ન જઈ શક્યો તે એક રીતે સારું જ થયું, એવું પણ મને લાગવા માંડ્યું.

પ્રસાદના પેશન્ટને સાધારણ શરદી-ઉધરસ થયાં હતાં. રાતના થોડો તાવ ચડ્યો. માબાપે બાજુમાં રહેતા ડૉક્ટરને બોલાવ્યા ને ઉત્સાહી નવા ડૉક્ટરે બાળકને પેનિસિલીનનું ઇંજેક્શન આપી દીધું! એ નાનકડા શરીરના રસાયણે પેનિસિલીન સ્વીકારવાની ના પાડી. આખા શરીર પર લાલ ચામઠાં થઈ આવ્યાં. ડૉક્ટર ગભરાયો ને બાળકને હૉસ્પિટલમાં લાવવામાં આવ્યું. Acute anaphylatic reaction હતું.

ડૉ. પ્રસાદે તરત જ adrenalineનું ઇંજેક્ષન આપ્યું. બાળક મૃત અવસ્થામાં પડ્યું હતું. બ્લડ પ્રેશર લઈ શકાતું ન હતું. એના હાથપગ ઠંડા હતા. ડૉક્ટરે હૃદય પર કાન મૂક્યો ને ચમક્યા, 'માય ગૉડ, હિઝ હાર્ટ હેઝ સ્ટૉપ્ડ!'

અમે બંનેએ મળી કાર્ડિએક મસાજ કર્યો. પાંચ મિનિટ બહુ જ ધીરેથી પસાર થઈ. અમારાં હૃદયો એકદમ કૂદ્યાં! બાળક હલ્યું! ઍડ્રેનાલિનની અસર થઈ! ટક... ટક... મિનિટો સરવા લાગી. બાળકની નાડી નિયમિત ધબકવા લાગી. શ્વાસ નિયમિત અને સ્પષ્ટ બન્યો.

પૂતળાં જેવાં સ્તબ્ધ બની ગયેલાં મા-બાપ બાળક પર ઝૂક્યાં, 'દીપક બેટા!'

અંધારામાં દીવો પ્રગટ્યા જેટલો આનંદ વ્યાપી ગયો... સાથે આવેલો ડૉક્ટર કપાળ પરથી પરસેવો લૂછતો હતો.

ઘડી બે ઘડીની જીવલેણ રમત ખેલાઈ ચૂકી. લાલ કપડાથી ભડકતા આખલા જેવું મોત શિંગડાં ધરી ધસી આવ્યું. અમે એનાં શિંગડાં પકડી એને પરાજિત કર્યું.

ડૉ. પ્રસાદ અને હું ત્યાં બેસી રહ્યા. કલાકેક સુધી હજી ત્યાં બેસી રહી દર્દીને સંપૂર્ણ સ્વસ્થ કરવાનો હતો. હજુ બ્લડ પ્રેશર બરાબર રેકર્ડ થતું ન હતું.

મને જેરામનો પ્રસંગ યાદ આવ્યો. ડૉ. પ્રસાદ તો એ વિશે બેખબર જ હતા. એમને જોતાં લાગતું હતું કે એમનું સમગ્ર અસ્તિત્વ અત્યારે પેલા બાળકની આસપાસ વીંટળાઈ ઊભું હતું. બહારની દુનિયાની એમને જાણે કોઈ ખબર ન હતી. એ એક સાચો ચિકિત્સક હતો, રોગ અને મોતની વચ્ચે ઊભેલી કાળમીંઢ દીવાલ સરીખો.

ડૉ. પ્રસાદને કહેવું કે નહિ એ ગડમથલમાં હું જરા ચૂપ રહ્યો. કાલ સુધીમાં કંઈ થશે જ. કાં તો સેક્રેટરી કાં તો ડૉ. વર્મા પ્રસાદ પાસે ખુલાસો માંગશે જ. બહેતર છે કે એને કહી દેવું.

પેલો બાળક શાંત સૂતો હતો. એની મા કોઈ દૈવી સત્ત્વ સરખી એની પાંગતે બેઠી હતી.

'ડૉ. પ્રસાદ, એક બીજો પેશન્ટ પણ અહીં તમારી જ રાહ જોતો હતો.'

'કોણ?'

મેં માંડીને વાત કરી. એમના ગુસ્સાની અને ધમકીની પણ. પછી ઉમેર્યું :

'તમારે જો હજુ જવું હોય તો...'

'જવા દે. હવે તો કોઈ બીજાને એણે બોલાવી લીધો હશે... યુ નો, રજત, આ છોકરો ત્રણેક મિનિટ 'ક્લિનિકલી ડેડ' હતો. એને છોડી હું જો ત્યાં ગયો હોત તો મેં કદાપિ મારી જાતને માફ કરી ન હોત!'

'તમે સાચા છો, ડૉક્ટર પ્રસાદ. તમે એકને નહિ પણ બહેને જીવતદાન આપ્યું છે.' મેં ખાટલા પર બેઠેલી કરુણતાની પ્રતિમા સમી એ બાળકની માને બતાવી.

ડૉ. પ્રસાદનો ચહેરો પ્રફુલ્લિત થયો. આંખો હસી ઊઠી : 'ડૉ. સેન અહીં હોત તો એમણે પણ મને એમ જ કહ્યું હોત!'

ત્યાંથી બહાર નીકળતાં હું વિચારતો હતો, 'કેવી ગહન, કેવી રહસ્યમય, કેવી અપરિચિત આ આયુષ્યલીલા! માણસના દેહની ગૂઢાતિગૂઢ રહસ્યમય પ્રક્રિયાઓ જાણવી એ કેવડું મોટું સદ્ભાગ્ય છે! આજે મૃત્યુ પર જીવનનો વિજય થયો. હું એનો સાક્ષી બન્યો. અહીં તો પળે-પળે દિવસે-દિવસે આ સંઘર્ષ ખેલાતો હોય છે ને કેવી વિચિત્ર વાત છે કે એનો આનંદ, એનું આશ્ચર્ય હજુ મારા મનમાંથી નથી જતાં!'

ત્યારે મને ખબર ન હતી કે એ દૃશ્યનો સાક્ષી મટી જઈ હું એનું મુખ્ય પાત્ર બનવાનો છું!

ડૉ. પ્રસાદના કિસ્સાએ શાંત પાણીમાં અનેક આંદોલનો ઊભાં કર્યાં. ડૉ. ભગતના કિસ્સાથી બદનામ થયેલી ડી. કે.ની પ્રતિષ્ઠાના પાયા પર જાણે કુઠારાઘાત પડ્યા!

જેરામે એનું વચન પાળ્યું. એની ધારદાર જીભે લોકસભામાં પ્રશ્નો ઉપસ્થિત કર્યા ને એની લાગવગના લાંબા હાથે વર્તમાનપત્રોમાં કાળા કૂચડાઓ ફેરવાવ્યા.

હકીકતો જાણવાની કોઈને પડી ન હતી, જરૂર પણ ન હતી.

સત્ય સૂર્ય જેવું છે. એના તેજે અંધારઘેરી સૃષ્ટિ ઝળહળી ઊઠે. એ ઘુવડોને ગમતું નથી. ઘુવડ સૂરજની સામે ધૂળ ઉડાડે છે ને આ જમાનો ઘુવડોનો છે.

ઘુવડ ડાહ્યું પ્રાણી છે ને એ જાણે છે કે લોકશાહીમાં હવે સૂર્ય નહિ પણ સૂત્રો રાજ્ય કરે છે. જેરામ એવું ડાહ્યું પ્રાણી હતા ને એમણે તબીબીશાસ્ત્ર, લોકશાહીમાં તબીબોની ફરજ, હૉસ્પિટલોમાં ગરીબોને મફત સારવાર આપવાની સગવડ વગેરે વિવિધ વિષયો પર સૂત્રો ઉચ્ચાર્યાં ને પરિણામે હૉસ્પિટલના ટ્રસ્ટીઓએ ડૉ. પ્રસાદને કાં તો જેરામની જાહેરમાં માફી માગવાની ને કાં તો હૉસ્પિટલમાંથી રાજીનામું આપવાની સજા ફરમાવી.

ડૉક્ટર્સ કૉમન રૂમમાંથી અનેક અળશિયાં ધીરે-ધીરે જમીનમાં અદૃશ્ય થઈ ગયાં. સલામતીનો ભેજવાળો અંધારો ખૂણો વધારે સારો હતો.

ડૉ. પ્રસાદ એક મહિનાની રજા પર ગયા. હાઉસમૅનો, નર્સો ને વૉર્ડબૉય સુધ્ધાં આ પ્રકરણની ચર્ચા કરવા લાગ્યાં.

વીસેક દિવસ વીતી ગયા. આખાય પ્રસંગનો પૂરો ખુલાસો લખી મેં એક પ્રસિદ્ધ વર્તમાનપત્રમાં છાપવા મોકલ્યો હતો. એ છપાયો ન હતો.

આઉટડૉરમાં ડૉ. દાસ હજુ આવ્યા ન હતા. હું એક-બે દર્દીઓના એક્સ-રે તપાસતો બેઠો હતો.

રામનાથન દાખલ થયો. આવીને એ બારણામાં ઊભો રહ્યો. વહેલી સવારનો કુમળો તડકો એના ચહેરા પર પડતો હતો, પણ એ ચહેરો તાજો, સ્વસ્થ ન જણાયો. અચાનક મને લાગ્યું કે રામનાથન જાણે ઘણો થાકી ગયેલો જણાય છે. એનું વજન પણ ઘટી ગયું હોય તેવું

લાગ્યું.

'હલ્લો રામ, કમ ઇન.' મેં સ્વરને ઉત્સાહિત કરવાનો પ્રયત્ન કર્યો.

રામનાથન અંદર આવ્યો. સિસ્ટર ભેડે કંઈ ગણગણતી એક્સ-રે ગોઠવતી હતી તે બંધ થઈ ગઈ.

'ગુડ મૉર્નિંગ, ડૉક્ટર.'

'ગુડ મૉર્નિંગ, સિસ્ટર. ગુડ મૉર્નિંગ, રજત.'

'કેમ આજ વહેલી સવારના? ઑપરેશન નથી? અજયને આજે સવારે હતું તો ખરું!' મેં પૂછ્યું.

'હતાં, બે હતાં. પણ મેં શુક્લને મોકલ્યો છે. મારે થોડું તારું કામ હતું.' એના અવાજમાં બર્ફીલી નિરાશા ને સ્વસ્થતા હતી. મેં એના તરફ જોયું. એ મારી તરફ જ જોઈ રહ્યો હતો. એની થાકેલી આંખોએ મારી આંખોને થોડી વાર જકડી રાખી.

'યસ, રામ? સમથિંગ વેરી સીરિયસ?' રામનાથને પોતાનો હાથ ગળા પર મૂક્યો.

એના અવાજમાં સમતા હતી. આંખોમાં ઉદાસી.

'અહીં ટ્યુમર જેવું લાગે છે, રજત.'

એક ઠંડી કંપારી મારી રગોમાંથી પસાર થઈ ગઈ. છાતીમાં કોઈએ પ્રબળ નખ વડે જાણે કશુંક તોડી નાખ્યું. વેદના થાય છે, વેદના ઘૂંટાય છે, વેદના નઃશબ્દ છે, બોલાતું નથી. હું એની તરફ જોઈ રહું છું. સિસ્ટર ભેડેની આંખો વિસ્ફારિત છે, હાથમાંના એક્સ-રે ધ્રૂજે છે, ચહેરો આખોય તરડાઈ ગયેલો છે.

ગળા પરની ગાંઠ સ્પષ્ટ હતી, હાથમાં આવે તેટલી. પ્રિયજનો માટે આપણો સ્નેહ હંમેશાં શંકિત હોય છે. હું પણ સાશંક બન્યો.

'બાયોપ્સી કરાવી?' મેં પૂછ્યું.

રામનાથન હસી પડ્યો :

'ડૉક્ટર થઈ મને એટલી ખબર ન પડે, રજત! હીઅર યુ આર.' કહી એણે રિપૉર્ટ મારા હાથમાં મૂક્યો.

The node shows change of a malignant lyphomia probably lympho sarcoma.

કાગળ હવામાં ફફડી રહ્યો.

રિપૉર્ટ સ્પષ્ટ હતો. અમારી સઘળી શક્તિઓ, જ્ઞાન અને આધુનિક યંત્રો વડે પણ એમાંનો એક પણ શબ્દ ભૂંસવા અમે સમર્થ ન હતા.

કૅન્સરના કેટકેટલા દર્દીઓ મેં તપાસ્યા છે, તાતામાં મોકલ્યા છે, પણ એ વખતે આ બળતરા ન હતી. દુનિયાનાં સર્વ દુઃખો, સર્વ પીડાઓ સ્વથી શરૂ થતાં હશે ને પછી સૃષ્ટિમાં વિસ્તર્યાં હશે! એટલે જ પેલી મીરાંબાઈ કહી ગઈ છે : 'ઘાયલકી ગત ઘાયલ જાને.'

રામનાથન સ્વસ્થ થઈ બેઠો. ધીરે-ધીરે મોં પર હાથ ફેરવી એણે ચહેરાની બધીય રેખાઓ ભૂંસી નાખી, પછી કહ્યું :

'ના, મારા નહિ, પણ એના વિચારે હું અત્યંત વ્યગ્ર બની જાઉં છું. આ ભર્યા સંસારમાં એ એકલી પડી જશે. જ્યોત્સ્ના એવી સ્ત્રી છે કે એને જીવવા માટે કોઈ કેન્દ્ર જોઈએ જ. છેલ્લે-છેલ્લે એની બાળક માટેની ઝંખનાનો એક 'મૅનિયા' થઈ ગયો છે.'

મારી આંખો સામે જ્યોત્સ્નાની શીળી, મધુર છબી તરી આવી. એ ચહેરા પરની મૃદુતા ને કોમળતા જ કહી આપતી હતી કે એ સ્ત્રી દુઃખી થવાને જ સર્જાયેલી છે.

રામનાથને ગળું ખંખેર્યું. હવામાં રૂના પોલ ઉડાડી મૂકીએ તેમ એક કૃત્રિમ હાસ્ય કરી

એણે સઘળી વ્યથાના તંતુઓને વિખેરી દેવા પ્રયત્ન કર્યો.

'ધિસ ઇઝ લાઇફ. બાબા કહેતા હતા કે 'જીવનારાઓ'ના પંથના લોકો મૃત્યુને પણ 'જીવી' જતા હોય છે. નાઉ લેટ મી લિવ માય ડેથ.'

'રામ, એમ ન બોલ. મૉડર્ન મેડિસિન પાસે ઘણી દવાઓ છે.'

'જવા દે. વિજ્ઞાન 'અસ્તિત્વ'માં માને છે. આપણે અસ્તિત્વથી વિશેષ અનુભવમાં માનીએ છીએ. બાય ધ વે, તારો કાગળ છપાયો?'

'ના.'

'હું ધારતો જ હતો, રજત! આ દેશની પ્રજાને થયું છે શું? શા માટે લોકો અન્યાય સામે, લાંચરુશવતની સામે, ભ્રષ્ટાચારની સામે વિરોધ કરતા નથી?'

'કારણ કે જે વિરોધ કરનારાઓનો વર્ગ છે તે બુદ્ધિવાદીઓનો છે. બુદ્ધિવાદી પાસે તર્ક છે, કર્મ નથી.' મેં કહ્યું. મને મધુકર યાદ આવ્યો. એકલે હાથે એ કેટલું લડ્યો! અંતે એ હોમાઈ ગયો!

'નૉનસેન્સ! કોઈ ન બોલે તો કંઈ નહિ, આપણે બે બોલીએ. રજત, આપણે ડી. કે.ના ડૉક્ટરોની એક મિટિંગ બોલાવીએ. ડૉ. પ્રસાદને થયેલા અન્યાયની સામે વિરોધ કરીએ.' રામનાથને હવામાં હાથ વીંઝ્યો. એને ગળામાં વેદના થઈ. હાથ ઢીલો પડી નીચે પડ્યો. મોં તંગ થયું.

'રજત, આપણાથી ચૂપ ન રહેવાય. આપણે કશુંક કરવું જ જોઈએ.'

ડૉક્ટર્સ કૉમનરૂમમાં અમારી મિટિંગમાં ઘણા ડૉક્ટરો આવ્યા હતા. ડૉ. દાસ, ડૉ. ભગત (પચાસ હજારમાંથી પચીસ હજારની રકમ પર કેસ માંડવાળ થયો હતો), ડૉ. વિનયચંદ્ર, ડૉ. કર્ણિક, ડૉ. પંચાલ, ડૉ. જયકર અને એ ઉપરાંત સ્કિન અને ગાયનેકૉલૉજિસ્ટ યુનિટના ડૉક્ટરો, હાઉસમૅનો પણ આવ્યા હતા.

ધાર્યા કરતાં ઘણો વધારે સારો ટેકો મળ્યો જોઈ ડૉ. રામનાથનનો ચહેરો ખીલી ઊઠ્યો.

મેં ઊભા થઈ સહુને ત્યાં એકઠા થવાનું કારણ સમજાવ્યું. મેં આખીય ઘટના જે રીતે બની હતી તે સમજાવી. જેરામનો ગુસ્સો વિષ સમાન હતો, એટલું જ નહિ, પણ આ પ્રથા જો પડશે તો ભવિષ્યમાં એના જેવા છાણના દેવો અનેક નિર્દોષ ડૉક્ટરોની દુર્દશા કરી શકશે એ પણ સમજાવ્યું.

સહુ સ્થિર બની, નિશ્ચલ પૂતળા જેવા બની બેસી રહ્યા.

પાછલી ખુરશીમાંથી કોઈએ ખોંખારો ખાધો. કોઈનો સ્નિગ્ધ સુંવાળો અવાજ સાપ જેવો સરકી આવ્યો. મેં એ તરફ જોયું. સેક્રેટરી ત્યાં બેઠા હતા.

'એવું છે, ડૉ. રજત, આ વિશે આપણે જો સત્તાવાળાઓ પર જ નિર્ણય છોડી દઈએ તો?'

'તો અન્યાય થયો છે એ વાતનો તમે સ્વીકાર કરો છો ખરા?' મેં સામેથી પૂછી જોયું.

'ન્યાય-અન્યાયની વાત જવા દો ને, ભાઈ! પણ મને લાગે છે કે તમે બધા આ સંસ્થાના માણસો છો ને સંસ્થા થકી આગળ આવ્યા છો. તમારી જવાબદારી સંસ્થા તરફ છે.' સેક્રેટરી મલકાઈને બોલતા હતા.

બેચાર ડોકાં ધૂણ્યાં.

'એવું છે ને, ડૉ. રજત, કે આપણે એકલાં છીએ. આવડી મોટી સંસ્થા સામે બાથ કેમ ભરી શકીએ?' ડૉ. પંચાલ અચકાતાં બોલ્યા. 'એક્ઝેક્ટલી!' વિનયચંદ્ર બોલ્યા. 'એટલે આપણે ડૉ. પ્રસાદની વિરુદ્ધમાં નથી, પણ આપણે આપણી ફરજ બરાબર બજાવીએ, પછી બીજાનું શું થાય છે તે…'

'આપણે કંઈ ઉતાવળું પગલું ભરવા જતાં વળી એકમાંથી બીજું થાય.' ડૉ. મિસિસ શાહ બોલ્યાં.

ધીરે-ધીરે સહુ અંદરોઅંદર વાત કરવા લાગ્યાં. ચર્ચા, દલીલો, ચૂપકીદીની આડીઅવળી લીટીઓમાંથી એક ચિત્ર ઊભું થતું હતું.

એક જ વાત હતી. કોઈને કશું કરવાની જરૂર લાગતી ન હતી. કોઈનું લોહી ઊકળી નથી આવ્યું. કોઈ પરેશાન નથી.

મને યાદ આવ્યો સેવંતીલાલ. થોડા દિવસો પર એને હૉસ્પિટલમાં એક રાત્રે દાખલ કરેલો. સેવંતીલાલની પત્ની મરી જતાં એના વિરહમાં એણે માકડ મારવાની દવા પી લીધી હતી. આપઘાતનો કેસ હતો.

હું થોડો મોડો પહોંચ્યો હોત તો એ મરી જાત, પણ એ બચી ગયો...

એ બચી ગયો, પછી મરેલી પત્નીને ભાંડતો હતો. એના લીધે જ એ મરી જાત ને! માંડ બચ્યો.

વેદનાનાં અસંખ્ય પડો વચ્ચેથી ફૂટી નીકળેલું એક સત્ય! તું ભલે મરી ગઈ, મારે જીવવું છે!

આ સામે બેઠેલા સ્વસ્થ, માનવદેહના નિષ્ણાતો એ જ કહી રહ્યા હતા. ડૉ. પ્રસાદ ભલે હોમાઈ ગયો, અમે જીવીએ છીએ. અમારે ઝેર નથી પીવું.

મિટિંગ ધીરે-ધીરે વીખરાઈ ગઈ. ડૉ. વિનયચંદ્ર મારી પાસે આવી કાનમાં ફૂંક મારી ગયા, 'ડૉ. દવે, રિમેમ્બર જેરાજાણી! નકામા આંખે ચડશો નહિ.'

હું અને રામનાથન એકલા પડ્યા. એ દુ:ખભર્યું હસ્યો. એના ગળા પર મારી નજર ગઈ. હે ભગવાન! જ્યોત્સ્નાનાં આંસુઓથી આ ધરતી ભીંજાઈ જશે.

ના, અહીં અનેક જ્યોત્સ્નાઓ, અનેક પ્રસાદો, અસંખ્ય કરોડો જીવો રહેંસાઈ ગયા છે.

ક્ષુબ્ધ મને હું ઘરે પાછો ફરું છું. અજય કોઈ કેસ માટે બે દિવસથી નડિયાદ ગયેલો છે. અપર્ણા મારી રાહ જોઈ બેઠી છે. એણે મારા હાથમાં બાબાનો કાગળ આપ્યો. પ્રસાદના કિસ્સા પછી મેં બાબાને એક પત્ર લખેલો. એના જવાબમાં એમણે લખેલું :

'માણસ જ્યારે 'જીવનારા'ના પંથનો હોય છે ત્યારે એને માટે અનુભવવું જ કેવળ પૂરતું નથી. ચેતનાનો એક બીજો અંશ છે પ્રતિક્રિયા. શરીરમાં દાખલ થતા વિષાણુઓ સામે એને પોતાની તમામ તાકાતથી લડવાનું હોય જ છે એવી રીતે પોતાને થતા આઘાતોની સામે સજીવ વ્યક્તિ કશોક પ્રત્યાઘાત તો અનુભવે જ. ક્યારેક, રજત, આ પ્રત્યાઘાતો જ એની ચેતનાની પારાશીશી બની જાય છે.'

કાગળમાં આશ્રમના સમાચાર હતા. રામનાથન અને જ્યોત્સ્નાને આશીર્વાદ લખ્યા હતા.

કાગળ મેં અપર્ણાના હાથમાં મૂક્યો. એકીશ્વાસે એ કાગળ વાંચી ગઈ.

'હવે?' એની મારા પર ઠરેલી આંખો પ્રશ્ન પૂછતી હતી.

'હવે'નો જવાબ હું ગોઠવતો હતો.

13

આવડી મોટી સંસ્થા વિશાળકાય અજગર માફક આગળ સરકતી હતી. બહારથી બધું જ બરાબર લાગતું હતું. કોઈ પીડાનો પોકાર ઊઠ્યો ન હતો ને ઊઠ્યો હોત તો એ બધિર કાનો પર અથડાઈ અશબ્દ થઈ ગળાઈ જવાનો હતો. રામનાથનની વાત મેં અજયને કહી સંભળાવી. રામનાથનનો રિપૉર્ટ મેં એના હાથમાં આપ્યો.

'બૅડ લક!' એક ઊંડો શ્વાસ લઈ એ જરા વારે બોલ્યો.

'કેવી છે જ્યોત્સ્ના? તું એને મળ્યો છે કોઈ વાર?'

'હા. એ એક સુંદર અને મધુર સ્ત્રી છે.' મેં કહ્યું.

'એકે બાળક નથી, નહિ?'

'ના.'

'એક રીતે સારું. એ સ્વતંત્ર છે. એને જો ફરી વાર લગ્ન કરવાં હોય તો-તો...'

'અજય, પ્લીઝ!' અપર્ણા ચિડાઈને બોલી ઊઠી, 'શા માટે એવું બોલે છે? હિ ઈઝ સ્ટિલ લિવિંગ.'

'જવા દે એ વાત.' અજય મારા હાથમાં રિપૉર્ટ આપતાં બોલ્યો : 'એમાંથી એક વાત સમજાય છે, રજત!'

'શી વાત?'

'કે હવે તારી ડી. કે. સાથેની લડાઈમાં તું એકલો છે. મારું માન, આ તંત જવા દે. માંડ હૉસ્પિટલમાં અટૅચમેન્ટ મળ્યું છે એમાં પથરો નાખી તારી કેરિયર ધૂળધાણી ન કર.'

વાત સાચી છે. ડહાપણભરેલી છે. મારો સાથીદાર રામનાથન હવે કોઈ અદૃશ્ય રણમેદાનમાં અદૃશ્ય શત્રુ સાથે યુદ્ધ કરવા તૈયાર થયો છે. હું એકલો છું.

પણ ના, મન એ વાત માનતું નથી. હું અજયને કહું છું :

'વી વિલ ફાઇટ.'

'રજત, જવા દે. આ બધા લડાઈ-ઝઘડામાં તારે શું કામ પડવું? અમસ્તુંય બધી સંસ્થાઓમાં આવું જ ચાલતું હોય છે.' અપર્ણાએ આજીજી કરતી હોય તેમ મારો હાથ પકડી લીધો.

'સંસ્થાઓમાં સડો હોય જ. એમાં આપણે એકલે હાથે શું કરી શકીએ?' અજયે ઉમેર્યું.

મન વોલ્ટેરનું વાક્ય યાદ આવે છે :

'When one tries to change institutions without having changed the nature of man, that unchanged nature will soon resurrect those institutions.'

માણસનો સ્વભાવ કોણ બદલે? કાં તો સરમુખત્યાર લશ્કરી શાસન, કાં તો સંત.

હું બેમાંથી એકેય નથી, પછી? પણ... ના... આ અથડામણ આજ માટે નહિ, આવતી કાલ માટે કરવાની છે. આજે જો આ અન્યાય સામે અવાજ નહિ ઉઠાવાય તો આવતી કાલની પેઢી એને જ ન્યાય માનશે. કોઈએ તો બોલવું જ પડશે.

અપર્ણા બે-ત્રણ વાર મને સમજાવવા આવી છે. એ કહે છે :

'રજત, તું સાચો છે. પણ તારી સાચ ભયજનક છે. તું અત્યારે અહીંથી ક્યાં જશે? ફરી લંડન?'

'હું નથી જાણતો, અપર્ણા. હજુ એક વર્ષ જ માંડ થયું છે. મને મારા પગ સ્થિર થવા દે.'

'જાણી-જોઈને ઠોકર ખાય છે પછી સ્થિર કેમ થવાશે, રજત?'

મને ઊંડો વિષાદ ઘેરી વળે છે. અપર્ણાને દુઃખી કરવા બદલ હું મારા પર ચિડાઉં છું, ખિન્ન થાઉં છું. ઇચ્છું છું કે અપર્ણાનાં મોં પરની પ્રસન્નતા અને આંખોમાંથી ઢોળાઈ જતી હાસ્યધારા કદીય ન વિલાઈ જાય. ને છતાં એમ થતું નથી.

'કેવળ તારી જીદ છે આ.' કોઈ કહે છે.

'હા, જીદ. પણ... પણ...' મારે મને જ શો ઉત્તર આપવો?

થોડાં વર્ષો પર વાંચેલું હરમન હેસનું પુસ્તક યાદ આવે છે – 'સિદ્ધાર્થ.' સંસારના સઘળા ભોગવૈભવ, ધન, સુંદર સ્ત્રી સર્વેને છોડી જતાં એ વિચારતો હતો, 'I had to become a fool again in order to find Atman in myself.' મૂર્ખતા... કોઈ-કોઈ લોકોને મૂર્ખતાની આદત પડી જાય છે.

'આમ કરવાથી ફાયદો શો? તારી જામતી જતી પ્રૅક્ટિસ, આગળ આવતું જતું નામ, આવડી મોટી હૉસ્પિટલની સગવડ... રોકાઈ જા...'

'પણ ચાલવામાંય મજા છે, અપર્ણા.' હું મનોમન અપર્ણાને ઉદ્દેશીને કહેતો હોઉં છું. ચાલ્યા કરો ત્યાં કોઈ ચિંતા વળગતી નથી. અનિકેત પ્રવાસી. એટલે જ બાબા ઘણી વાર આશ્રમની જવાબદારી કોઈને સોંપી નીકળી જાય છે હિમાલયનાં જંગલોમાં. માથેથી ગબડતા પથ્થરો ને અટપટી કેડીઓમાં રસ્તો શોધતા એ આત્માનું ભાથું બાંધે છે.

કર્મબંધનથી ન બંધાતા માનવીને ઓળખાવતા કૃષ્ણ પણ આવા ચાલતા રહેનારની જ વાત કરે છે ને?

અપર્ણા કોઈ વાર ગુસ્સે થઈ મને કહે છે, 'જો મારું કહ્યું નહિ માને, તો હું ઘણી કડક સજા કરીશ. યાદ રાખજે, રજત.'

'કઈ સજા?' હું ગંભીર મોં રાખી કહું છું, 'જો અપુ, તારે જે સજા ફરમાવવી હોય તે ફરમાવજે; પણ મહેરબાની કરીને તારી હૉસ્પિટલની પેશન્ટોને, "બહેન, અત્યારે રાબ પીશો કે શીરો ખાશો?" એવું પૂછવાની સજા નહિ કરતી.'

ધીરે-ધીરે અપર્ણાના મોં પર હાસ્ય ફૂટી નીકળે છે, ખડકની બખોલમાં ખીલી ઊઠેલાં સફેદ પીળાં જંગલી ફૂલો જેવું શોભતું.

મારી નજીક આવી એ ઊભી રહે છે. મૃદુ અવાજે પૂછે છે :

'કિન્નરીનો કાગળ આવ્યો?'

'છેલ્લા એક મહિનાથી નથી. પણ હમણાં તો એ "લૅપ લૅન્ડ"માં ગઈ છે, એટલે ફુરસદ પણ નહિ મળતી હોય.'

'લૅપ લૅન્ડ?' અપર્ણા જરા ચમકી પડે છે. એક આછો નિઃશ્વાસ નાખી એ બોલી, 'તું આમ રઝળતો અહીંયાં ફરે છે ને એ ત્યાં. સાવ મૂરખ છો બંને જણાં.'

સ્લેજમાં બરફ પર લસરતી, સવાર-સાંજ રમૂજભરી આંખે લૅપ બાળકોને દવાદારૂ આપતી, બર્ફીલી હવામાં આખાય અસ્તિત્વમાં રોમાંચ અનુભવતી કિન્નરી હું કલ્પી શકું છું. ધીરે-ધીરે શરીર રણઝણી ઊઠે છે. લંડનની હૂંફાળી એ પબો, કિન્નરીનું હાસ્ય... ડૉ. પ્રસાદને થયેલો અન્યાય, બાબાનો સત્સંગ, રામનાથનનું કૅન્સર...

પિકાસોના અનેક દૃષ્ટિકોણની અનેક રેખાઓની અકળ આકૃતિઓ અહીં દોરાય છે, ભૂંસાય છે.

ડી. કે. હૉસ્પિટલ ફંડ ઊભું કરવાને એક દમામદાર બીજો ચૅરિટી શૉ યોજવાની છે. હૉસ્પિટલની પરસાળોમાં, વૉર્ડોમાં, ડૉક્ટરોના કૉમનરૂમમાં સેક્રેટરી અને ટ્રસ્ટીઓ વારંવાર વારાફેરા કરતા હોય છે. ટિકિટો, ડોનેશન, સોવેનિયરની દોડધામમાં વિનયચંદ્ર ડૉ. વર્માના જમણા હાથ સમાન થઈ પડ્યા છે. અમારી મિટિંગ પછી ઘણા ડૉક્ટરો મળે છે, ત્યારે સુંવાળી

લાદી પરથી ઝડપથી સરવા લાગે છે.

છેલ્લા ચારેક દિવસથી રામનાથનને મળ્યો નથી. જનરલ વૉર્ડમાંના મારા બે-ત્રણ દર્દીઓની સારવારમાં હું ગૂંચવાયેલો હતો. તાતામાં ફોન કરી મેં એને માટે એપૉઇન્ટમેન્ટ મેળવી લીધેલી હતી. હૉસ્પિટલની પાછળના કંપાઉંડમાં હું રામનાથનના ઘર તરફ વળું છું. પગમાં લોઢું જડાયું છે. ગળામાં કંઈ ખટકે છે. એક ક્ષણ ત્યાં ઘર બહાર પગ જડાઈ રહે છે. દરવાજા પર મોટું તાળું છે. રામનાથન ઘરે નથી. ડૉ. શુક્લનાં પત્ની બાજુના બંગલામાંથી બહાર આવે છે. એમને પણ નવાઈ લાગે છે. બંને જણાં ક્યાંક ચાલ્યા ગયાં છે.

હૉસ્પિટલની ઑફિસમાં, ઑપરેશન થિયેટરમાં, ડૉક્ટર્સ કૉમન રૂમમાં હું બધાને પૂછી વળું છું. સહુ કોઈ નકારનું માથું ધુણાવી પછી ચૅરિટી શૉની વાત કરે છે.

તાતા હૉસ્પિટલમાં ખબર કાઢું છું. ડૉ. રામનાથન નામનો કોઈ પેશન્ટ હમણાં દાખલ થયો નથી.

અજયની પાસેથી જાણવા મળ્યું છે : હૉસ્પિટલના સત્તાવાળાઓ મક્કમ છે. જેરામ પાર્લમેન્ટના વગ ધરાવનાર સભ્ય છે. હૉસ્પિટલ સરકાર પાસેથી હજુ વધુ ગ્રાન્ટ મેળવી શકે એમ છે, જો જેરામ ધારે તો.

હૉસ્પિટલનો ચૅરિટી શૉ ધામધૂમથી ઊજવાઈ ગયો છે.

ઉનાળાની વહેલી સવાર છે. વરંડામાં હું બેઠો છું. હાથમાં છે ‘સુપ્રભાતમ્’ દૈનિક છાપું.

હોંસીલા રિપૉર્ટરે હૉસ્પિટલના દમામદાર સમારંભનો આંખે દેખ્યો અહેવાલ છાપ્યો હતો. હા, એણે જે જોયું હતું તેટલું જ લખ્યું હતું.

‘ડી. કે. હૉસ્પિટલમાં આરોગ્ય ખાતાના પ્રધાનનું મનનીય પ્રવચન!

તબીબો એ આજના જમાનાના તપસ્વીઓ છે. એમણે આદરેલા સેવાયજ્ઞમાં સહુએ યથાશક્તિ આહુતિ આપવી જોઈએ.

મુંબઈના સુપ્રસિદ્ધ ડૉક્ટરો, ઉદ્યોગપતિઓ સમક્ષ સન્માનનીય આરોગ્ય ખાતાના પ્રધાને ઉપર મુજબના ઉદ્ગારો કાઢ્યા હતા.

આ પ્રસંગે વિવિધ વક્તાઓએ ડી. કે.ની સેવાને અંજલિ આપતાં ભાષણો કર્યાં હતાં. ત્યાર બાદ પ્રધાનશ્રીના વરદ હસ્તે સર્વ ડૉક્ટરોને, નર્સોને પ્રમાણપત્રો અપાયાં. બાદ જાણીતાં અભિનેત્રી રૂપાલીના નૃત્યનો કાર્યક્રમ રજૂ થયો હતો.’

પ્રધાનનો હસતો ફોટો હતો. હું હસી પડું છું. રિપૉર્ટ બરાબર હતો, જેવો જોઈએ તેવો જ. રિપૉર્ટરે થોડું બીજું કંઈ લખ્યું હશે તો તે છપાયું ન હતું.

એના રિપૉર્ટમાં એ ઉલ્લેખ ન હતો કે પ્રમાણપત્રો વહેંચાયાં ત્યારે જાણીતા તબીબ અને છાતીના રોગોના નિષ્ણાત ડૉ. રજત દવેએ પ્રમાણપત્ર સ્વીકાર્યું ન હતું. સ્તબ્ધ બનેલા સભાગૃહને સંબોધતાં મેં કહેલું :

‘મિત્રો, આ પ્રમાણપત્ર ન સ્વીકારી હું મારો વિરોધ પ્રગટ કરવા માગું છું. મારો વિરોધ હૉસ્પિટલ પ્રત્યે નથી, પણ એની કાર્યવાહી સામે છે. આ હૉસ્પિટલના એક અન્ય તબીબને – બાળરોગોના નિષ્ણાત ડૉ. પ્રસાદને અન્યાય કરવામાં આવ્યો છે ને એમને કશાય કારણ વગર અત્યંત અપમાનજનક પરિસ્થિતિમાં મૂકવામાં આવ્યા છે.

એ અન્યાયના વિરોધ રૂપે હું રાજીનામું આપું છું ને ઇચ્છું છું કે ભાવિમાં તબીબોના તપમાં વિઘ્ન નાખતા રાક્ષસોને યોગ્ય સજા થાય.’

આછો ગણગણાટ... એકબીજા તરફ વિસ્મિત ને મૂંઝાયેલી નજરો, પૂતળા જેવા બેઠેલા ડૉક્ટર્સ : પંચાલ, જયકર, દાસ, વિનયચંદ્ર.

ટ્રસ્ટીઓ ખદબદવા લાગ્યા. ડૉક્ટર વર્મા ગળું ખંખેરી ઊભા થાય છે. માઈક પર આવી

હાજર રહેલાંઓને મોટે અવાજે સમજાવે છે :

'બહેનો અને ભાઈઓ,

આપની સમક્ષ રજૂ થયેલી આ વાત આખી સાચી નથી. એના પુરાવારૂપે હું અહીંયાં રજૂ કરું છું' – ને હાથમાંનો કાગળ હલાવી એ બોલે છે, 'ડૉ. પ્રસાદનો માફીપત્ર.'

હો.. હો... હો... સભાગૃહમાંથી ઘેરો નાદ ઊઠે છે. ડૉક્ટર વર્મા મારી તરફ ફરીને કહે છે :

'ડૉ. દવે, આપના તરફ મને અત્યંત માન છે. આ આખાય પ્રસંગ માટે અમને ખૂબ દુઃખ છે પણ મને કહેવા દો કે ડી. કે. હૉસ્પિટલમાં પ્રારંભથી જનતાની સેવા એ જ મુદ્રાલેખ રહ્યો છે ને હજુ પણ રહેશે. તબીબો જો લોકો તરફ બેદરકારીથી વર્તે તો અમારે યોગ્ય પગલાં લેવાં જ પડે. ગઈ કાલે સાંજે ડૉ. પ્રસાદનો આ પત્ર અમને મળ્યો છે ને એની એક-એક નકલ અમે જાણીતાં વર્તમાનપત્રોમાં મોકલાવી છે. બંધુઓ અને બહેનો, સત્યનો જય હો.'

હું મંચ પરથી નીચે ઊતરું છું. દરવાજાની બહાર જાઉં છું. છેલ્લી બેઠક પર બેઠેલા ડૉ. પ્રસાદ રૂમાલથી મોં લૂછવાનો ઢોંગ કરી મોં છુપાવે છે, પણ હું જોઈ જાઉં છું. સ્થંભિત કામકાજ આગળ વધે છે. હું બહાર નીકળી રસ્તા પર ચાલી નીકળું છું – અનિકેત, સ્થિરમતિ, ત્યક્ત, વંચિત.

દૈનિકનાં પાનાંઓ ઊડવા લાગે છે. રામનાથનના કોઈ સમાચાર નથી. એના કે જ્યોત્સ્નાના વતનમાં તો એ નહિ ચાલ્યો ગયો હોય?

એ બપોરની ટપાલમાં મને કાગળ મળ્યો. બાબાનો હતો. રામનાથન અને જ્યોત્સ્ના બાબાના આશ્રમમાં રહેવા ગયાં હતાં. જો બની શકે તો મારે એક વાર આવી જવું, એવો સ્વામીજીનો આગ્રહ હતો.

ઉનાળાની મોડી રાતે હું જવાની તૈયારી કરું છું. અપર્ણા આજે દોડધામમાં છે. ઉપરાઉપરી બે મુશ્કેલ કેસોમાં રોકાયેલી છે. અજય ચૅરિટી શૉના બનાવની રાત પછી મળ્યો નથી. તે રાત્રે એ આવી ઘણું બડબડ કરી ગયેલો. એની લાગણી હું સમજી શક્યો. અપર્ણા ને અજય માટે ચિઠ્ઠી લખી ટૅલિફોન નીચે દબાવી હું એક નાનકડી પેટી ને જરૂરી દવાઓની સામગ્રીવાળી મેડિકલ બૅગ લઈ નીચે ઊતરી પડું છું. મારી આંખોમાં પાણી ભરાઈ આવે છે. 'અજય-અપુ, ક્ષમા કરજો. તમારા આટઆટલા ઉપકારનો બદલો હું આવી રીતે આપું છું.' અપર્ણાનું હાસ્ય મારી સાથે ગુંજતું આવે છે : 'બધો ઉપકાર વ્યાજ સાથે પાછો વાળવો પડશે હં...'

આંખો લૂછી નાખી હું ચાલ ઉતાવળી કરું છું.

* * *

ઘાસણી ગામ ગુજરાતના નકશામાં દેખાતું નથી, પણ સાધારણ સારું ગામ હશે એવું મેં અનુમાન કર્યું. બાબાનો આશ્રમ ગામના બસ-સ્ટૉપથી આશરે માઈલેક દૂર હતો. રાજપુર જંક્શન ઊતરી મેં ઘાસણી જવા માટે બસ પકડી ત્યારે બીજા દિવસની સવારનો કોમળ તડકો ધીરે-ધીરે ધખતો જતો હતો. રામનાથનનો વિચાર કરતાં હું બસ બહાર જોતો હતો. સૂકી ઉનાળાની હવા મોં પર ભટકાઈ ઘૂમરાતી હતી. ધરતીના અંગ પર ઉઝરડા પડ્યા હોય તેવી તરડાયેલી કથ્થઈ માટીવાળાં ખેતરો બંને બાજુ સૂકાં ઉજ્જડ પડ્યાં હતાં.

'આ સાલ વરસાદ તો નામનો જ પડ્યો છે. આ વરસ કેમ ખેંચશું એ જ સમજાતું નથી.' બાજુમાં બેઠેલા કોઈ ઊજળાં કપડાંવાળા સદ્ગૃહસ્થ નિરાશાથી ડોકું ધુણાવતા બોલ્યા.

ક્ષિતિજો મારી સાથે દોડતી હતી. સૂકી, ઊંડા ઘાવાળી, ઉદાસ. 'આ દેશ મારો...' કોઈ કવિની પંક્તિ મારા અંતરમાં સ્ફુરી આવી.

'...આ દેશ કાજે મુજ સર્વ શક્તિ...!'

આ મારો દેશ દીનહીન, જીર્ણશીર્ણ અંગોવાળો, આંખને ઠારે એવી લીલોતરીની ક્યાંય ઝાંખીય થતી નથી. અછત, દુષ્કાળ, બેકારી ને રામનાથન.

ઘાસણી ગામનું સ્ટૉપ આવી ગયું. નવું ગામ, નવા લોકો. બસમાંથી સામાન ઉતરાવતી વખતે હું ચારે બાજુ જરા કુતૂહલથી જોઈ રહું છું. બસ-સ્ટૉપની ગંદી દીવાલ, ઊખડી ગયેલા પોપડાઓનાં મોટાં-મોટાં બાકોરાંવાળી અસંખ્ય આંખોમાંથી મારી સામે જુએ છે, કોઈ ખોપરી એની આંખના ખાડાઓની કબરમાં આપણને દફનાઈ જવાનું આહ્વાન આપતી હોય તેવી રીતે.

મારી ત્રસ્ત આંખો કોઈ જીવંત શરીર પર ઠરવા માગે છે, પણ સ્ટૅન્ડ લગભગ ખાલી છે. બે-ત્રણ સાફાવાળા પુરુષો અને એક-બે સ્ત્રીઓ ગામ તરફ વળતાં દેખાય છે.

ગરમ પવનનો એક ઝપાટો આવે છે. ચારે બાજુથી ઊડતી ધૂળ આંખમાં ભરાઈ બેસે છે. રૂમાલથી મોં ઢાંકી દઈ હું ધીરે-ધીરે સ્વસ્થ થાઉં છું.

અચાનક ગળું સુકાવા લાગે છે. તરસથી હોઠ ચીપકવા લાગે છે. રામનાથનની ગળાની ગાંઠ મોટી – વધુ ને વધુ મોટી થતી જાય છે. હે પ્રભુ! એ ભયંકર પીડા કેવી હશે!

ત્યાં દૂર ઝાડના ઓટલા પર બેઠેલા એક-બે માણસો મારા તરફ જોઈ રહ્યા છે. ધીરેથી ઊઠીને એક જણ મારી પાસે આવે છે.

'ક્યાં જાવું છે તમારે?'

એનો 'જ'નો ઉચ્ચાર રણઝણી ઊઠે છે. 'જ', 'ચ'ને 'સ'ના મિશ્રણરૂપ એ ઉચ્ચાર બોલાય છે ત્યારે હવામાં એક ઝણઝણાટી મૂકી જાય છે.

'મારે બાબાના આશ્રમે જવું છે.'

અચાનક મને લાગ્યું કે સ્વસ્થ થઈ ઊભેલા પેલા માણસનાં અંગો ધીરેથી સંકોચાઈ ગયાં. મારી ને એની વચ્ચે એક પાતળી હવાની ભીંત રચાઈ ગઈ. આશ્રમમાં રોગીઓ હતા. ખવાયેલા અંગોવાળા.

'ટપ્પામાં જાવ. અમે તો હાલ્યાં જઈએ, પણ તમારાથી આ તડકામાં નહિ હલાય.' એણે શિખામણ આપી.

સવારના સાડાદસનો સુમાર હતો. જમીન તપતી હતી. હવા અકળાતી હતી. એ માણસ ટપ્પાવાળાને બોલાવી લાવ્યો ને એનો આભાર માની હું બાબાના આશ્રમ તરફ રવાના થયો.

ગામથી એક બાજુ ફંટાઈ અમે ધૂળિયા રસ્તે આગળ વધ્યા. દૂરથી દેખાતી ગામની ભાગોળે રમતાં નાગાં કાળાં છોકરાંઓ ચિત્ત પર પગલાં છાપી અદૃશ્ય થઈ ગયાં.

'આશ્રમમાં શું કામ જાવ છો? કોઈ સગું છે તમારું?' ટપ્પાવાળો મને પૂછતો હતો.

'ના, બાબાને મળવા.'

'હં...' બે-ત્રણ વાર 'હં' મનમાં ઉથલાવી એ બોલ્યો, 'સાધુ માતમાને મરવાનો ભો થોડો હોય? બાકી રગતપીતિયાં જોડે રે'વું ઈ કાંઈ રમતવાત છે?'

'સેવાનાં કામ જ એવાં હોય ને? ગામલોકો નસીબદાર કે અહીં આવું પુણ્યનું કામ ચાલે છે.' બોલતાં હું અટકી ગયો. મને પેલી હવાની પાતળી દીવાલ યાદ આવી. હથોડાથી પથ્થર ભંગાય, હવા નહિ ભંગાય. 'આ ગામ જ અકોણું છે. ઈ લોકોને આવા માત્મા ન પોહાય. ઈમને તો આઠ-આઠ દા'ડે થાણે હાજરી નોંધવા તગડવા જોઈએ.' બોલતાં એણે ગામની ખીજ ઘોડા પર કાઢી. ઘોડો જરા વધારે ઝડપથી ચાલવા લાગ્યો.

વડના ઝાડ આગળ એણે ટપ્પો થોભાવ્યો.

'લ્યો, પાણીબાણી પીવું છે? એણે કૂવા તરફ આંગળી ચીંધી.

જીભ પાણીના સ્વાદ માટે લપકારા મારી ઊઠી. હું ખચકાયો. ગામડાના કૂવામાંના

પાણીમાં જે થોડાં અદૃશ્ય ભયાવહ ઓળાઓ છે તે મારી નજર સામે તરી આવ્યા. મેં ડોકું ધુણાવી ના પાડી.

ટપ્પાવાળો જરા આગળ ગયો.

હું કૂવા તરફ ફર્યો ત્યાં મારી નજર ઝાડને અઢેલી બેઠેલા એક યુગલ પર પડી. પુરુષના હાથપગના આંગળાં ખરી પડ્યાં હતાં... ઘૂંટણમાં ને કોણી આગળનાં ઘારાંઓમાંથી લોહી ને પરુનો રંગ એના અંગને વિકૃત બનાવતો હતો. એનું નાક દબાઈ ગયું હતું. પાંપણ વગરની આંખો હતપ્રાણ બની ગોખલામાં લપાતી હતી.

'હાલ ને ઝટ.' એ એની સાથેની સ્ત્રીને કહેતો હતો.

'જાશું, જરા પોરો ખાવ.' પેલી સ્ત્રી પોટલું છોડતાં બોલી. એની આંખો ઊંચકાઇ, મારા પર ઠરી ને એ પહોળી આંખોમાં ભય, શરમ, દુઃખ હું વાંચી શક્યો, પણ એ પળવાર જ. ધીરે-ધીરે એ ચહેરો કઠોર થયો. આંખમાં ભયને સ્થાને આહ્વાન ને નિર્ભીકતા પ્રવેશ્યાં. સખત અવાજે એ બોલી :

'બેઠાં છીએ આંઈ! કોઈના બાપનું ઝાડ નથી હા વળી!'

બાણ મારા તરફ ફેંકાયું છે. ના... મારા જેવા લાખો લોકોના સમાજ પર, જ્યાંથી એ હડધૂત ને તિરસ્કૃત થયેલાં છે.

રક્તપિત્ત – પરાપૂર્વથી અત્યંત ઘૃણાસ્પદ મનાયેલો આ રોગ... ના... ના... એ મટાડી શકાય છે.

Mycobactarium lepral જંતુઓથી થતો આ રોગ દુનિયામાં સર્વ સ્થળે ને સર્વ કાળે મળી આવ્યો છે. ચામડીમાં ઘારાં પાડી વસતાં ને વધતાં જંતુઓ અંતે peripheral nervesને હણી નાખે છે. સંવેદનાતંત્ર બધિર બને છે. હાથપગને થતી ઈજાઓની રોગીને ખબર નથી પડતી. અનેક ઈજાઓને કારણે રોગીના હાથપગનાં આંગળાં ખરી પડે છે. અંગ પરનાં ઘારાંમાંથી દેખાતું માંસ ને પરુ કમકમાટીભર્યું દૃશ્ય ઉપજાવે છે.

લાંબા સહવાસે આ રોગનો ચેપ લાગી શકે છે. પણ આ જ્ઞાન સાધારણ લોકોને ખપતું નથી.

રોગનું નામ પડે છે ને જીવતી કબર રચાઈ જાય છે, રોગોની આસપાસ. સમાજથી બહિષ્કૃત, હડધૂત એ ભિખારીઓ બને છે. અંધારા ખૂણામાં ભરાઈ રહે છે. ન કોઈ ઔષધ, ન ઉપચાર.

ત્યાં ટપ્પાવાળો પાછો આવ્યો. પેલાં બહેને જોતાં ભવાં સંકોચી, કપડાં સંકોરતો બોલ્યો, 'આંઈ શું કામ ભરાણો? અમારુંય મોત ઊભું કરવું છે?'

પોટલું બાંધતી પેલી સ્ત્રીના હાથ થંભી ગયા. આંખોમાં જ્વાળા ઝબકી. ઊભી થઈ કેડે હાથ દઈ એ ટપ્પાવાળાની સામે ઊભી રહી. ટપ્પાવાળો બે ડગલાં પાછળ હટી ગયો.

'તારા કરમમાં અમરપટો લખાવી લાવ્યો છે તે મોતથી બીએ છે, લખુડા? મોત સઉ પોતપોતાનું ઉપરવાળા પાંહેથી લખાવીને આવ્યાં છે. ફોગટ ફીફાં શેનાં ખાંડે છે બેઠો-બેઠો?'

એ ભાષામાં જે ગામઠી બળકટપણું હતું ને જે તીખાશ હતી તેથી લખુડો લેવાઈ ગયો. ભોંઠો પડી ટપ્પામાં બેઠો ને અમે આગળ ચાલ્યા.

પોતાની ભોંઠપ ઓછી કરવા એ મોટેથી રસ્તામાં બોલતો હતો, 'માતમા આમ તો હાચા છે, પણ આ ગામ આગળ રોગીવાડો ઊભો કર્યો છે. મેં એને કીધું એમાં કંઈ ખોટું કીધું છે?' ટપ્પાવાળો બાબાને દૂરથી વંદન કરી શકતો હતો, પણ દર્દીની સામે પણ જોઈ શકતો ન હતો.

'કોણ હતાં એ?' મેં એને સામેથી પ્રશ્ન પૂછ્યો.

'મકનજી ને એની વહુ હીરી. બહુ જોરુકી બાઈ છે. સો ભાયડા ભાંગી એક બાયડી ઘડી

છે ભગવાને!'

એ માટે લખુડાના પ્રમાણપત્રની મારે જરૂર ન હતી.

દૂરથી આશ્રમનું મકાન દેખાવા લાગ્યું. આજુબાજુની લીલોતરી વચ્ચે લાલ મકાન આંખમાં સુંદરતા અને શીતળતા ભરી ગયું. મકાનથી થોડે દૂર લખુડાએ ટપ્પો ઊભો રાખ્યો.

પૈસા ચૂકવી હું મકાન તરફ વળ્યો. સફેદ ફાટક ખોલી હું અંદર દાખલ થયો. નાના-નાના ક્યારાઓમાં તુલસીના છોડ વચ્ચે ક્યાંક-ક્યાંક સૂરજમુખીઓ ફૂટી નીકળતાં હતાં. વૃક્ષો, પાંદડાં અને માટીની સુગંધ દેહનાં છિદ્રોમાંથી ભીતરમાં પ્રવેશતી હતી. અંતરમાં કશુંક જાગતું હતું, લોહીમાંના કોઈ અગોચર તત્ત્વને સાદ કરતું હતું. ફળિયામાં તુલસીના છોડ આગળ બા દીવો કરતી ત્યારેય આવી સુવાસથી કશુંક જાગતું હતું. અંદર અને બહારની દુનિયા વચ્ચે કોઈ તાંતણો બંધાતો લાગતો હતો.

એક નિઃશ્વાસ મૂકી હું ઓસરીનાં પગથિયાં ચડ્યો. લાંબી પરસાળને છેડે એક આરામખુરશીમાં રામનાથન આંખો બંધ કરી બેઠો હતો. સામે ગોઠવેલા નાનકડા સ્ટૂલ પર એણે પગ ટેકવ્યા હતા. એની આંખો બંધ હતી. નજર ચહેરા પરથી નીચે ઊતરી. ગળા પરની મોટી ગાંઠ હવે ચોખ્ખી દેખાતી હતી – જીવતરનું મોટું પોટલું બાંધી કચકચાવીને બાંધેલી ગાંઠ.

ક્યારે એ દેહના નૉર્મલ સેલ્સમાંથી આ બીજો ગ્રોથ શરૂ થયો હશે? વધતા જતા એ સેલ્સના જથ્થાએ ક્યારે આજુબાજુના ટીસ્યુઝને છિન્નભિન્ન કરી નાખ્યા, લોહીમાં ભળી જઈ આંતરડામાં ઠર્યા, શ્વાસનળી સંકોચી અને ધમનીઓના માર્ગમાં રુકાવટ ઊભી કરી હશે?

ખોરાક ન લેવાને કારણે એ અત્યંત દુર્બળ લાગતો હતો ને છતાં ચહેરા પર એક પ્રકારની મૃદુતા હતી.

એ પોતાના 'મૃત્યુ'ને 'જીવતો' હતો.

અંદરથી જ્યોત્સ્ના પ્રવેશી. મને જોઈ ત્યાં જ સ્તંભિત થઈ. એની આંખોમાંથી આંસુઓ દુર્બળ ગાલ પર થઈ વહી રહ્યાં. મારી આંખો ભરાઈ આવી. ધીરે-ધીરે એ સ્વસ્થ બની. આંખો લૂછી નાખી સહેજ હસવાનો પ્રયત્ન કરતી બોલી, 'ડૉ. દવે! તમે!'

'મને 'રજત' કહો, પ્લીઝ.'

અમારો અવાજ સાંભળી રામનાથને આંખો ખોલી. સાંજના ફિક્કા ઉદાસ શ્યામલ આકાશમાં એકાદ ખરતો તારો લિસોટો મૂકી જાય તેવું સ્મિત મુખ પર અંકાઈ ધીરે-ધીરે ઊંડી પીડામાં ઓગળી ગયું.

'રજત, મને માફ કર. તને એકલો મૂકી હું અહીં ચાલ્યો આવ્યો.'

'ભૂલી જા એ, દોસ્ત. હું પણ એ ભૂલી ગયો છું. એ એક જીવનની આંધળી કેડીનું આંધળું જોખમ હતું.'

એ થોડી વાર શાંત પડી રહ્યો. જ્યોત્સ્નાએ એક નાનકડી વાટકીમાંથી એને અર્ધી ચમચી દૂધ પાવાની કોશિશ કરી. એટલું દૂધ પણ ગળા નીચે ન ઊતરી શક્યું.

'છેલ્લા બે દિવસથી એમણે કશુંય ખાધુંપીધું નથી.' એ ઉદાસ સૂરે બોલી. રામનાથને ધીરેથી એનો હાથ સાહ્યો. એના તરફ જોઈ રહેતાં એ બોલ્યો, 'બાબાને કહે, રજત આવ્યો છે. એનાં ખાવાપીવાની વ્યવસ્થા કરે.'

'બાબા બાજુના ખેતરમાં ગયા છે. ત્યાં આજે નવો પંપ મૂકવાના હતા. હું જોઈ આવું.' કહી જ્યોત્સ્ના ઊઠી, અંદર ગઈ.

અદ્ભુત દંપતી! વ્યથાના વાવંટોળમાં સ્વસ્થ લીલા ઘાસથી ઢંકાયેલા જ્વાળામુખીનું મુખ હવે ધીરે-ધીરે પ્રજ્વલિત થવા લાગ્યું છે. ક્રૂર પારધીના અદૃશ્ય હાથે પ્રેમક્રીડામાં મગ્ન આ ક્રૌંચદંપતીમાંથી એક હણાઈ જશે. ઓ પારધી! તને શાશ્વત સમય સુધી શાંતિ ન મળો એવો

શાપ કોણ આપી શકે?

પાસે બેસી મેં બનેલી બધી વિગતો કહી. રામનાથન શાંતિથી સાંભળતો રહ્યો. રોગથી ઘેરાયેલી આંખો ક્વચિત્ કોઇ ઘેરી વ્યથા કે બેભાનીમાં સરી પડતી હતી. થોડી-થોડી વારે એ આંખોમાં ફરી તેજનો ઝબકારો હું જોઈ શકતો હતો.

વાત પૂરી થઈ. આંખો ખોલી એણે મારા તરફ જોયું. એક ક્ષણમાં એ આંખોમાં કેટલા રામનાથન ઝળકી ઊઠ્યા! ધીરે-ધીરે એ શમી ગયા... અનેક આકારો ઓગળતા-ઓગળતા એક વિરાટ રૂપમાં ફેરવાતા ગયા... ગરમ હવામાં મૃત્યુની શીતળતા વ્યાપી ગઈ.

... વિરાટ રૂપ અતિ વિરાટ થતું-થતું અનંતમાં રેલાઈ ગયું... આંખો ખુલ્લી જ હતી. હોઠ પર છેલ્લા શબ્દો હતા :

‘વી વન ધ ફાઇટ.’

પ્રચંડ, શક્તિશાળી સંસ્થા સામે પોકાર ઉઠાવનાર હું એકલો જ હતો. હું શેરડીના છોતરાની જેમ ફેંકાઈ ગયો. એકલો. લોકોએ મને મૂર્ખ ગણી હસી કાઢ્યો. એમાં કશું ખોટુંય ન હતું. પણ ‘જીવનારાના પંથ’માં ત્યાં રહેવું એ મૃત્યુ હતું ને આમ ફેંકાઈ જવું એ ‘જીવન’ હતું. કદાચ મારી વાત સાંભળવા જ રામનાથને પ્રાણ ટકાવી રાખ્યા હતા.

ધીરેથી ઝૂકી મેં એની આંખ બંધ કરી, ત્યારે જ્યોત્સ્ના અને બાબા ફાટકમાંથી દાખલ થયાં.

14

રામનાથનનું માથું ખોળામાં રાખી જ્યોત્સ્ના બેઠી રહી, રુદનની પ્રતિમા સમી. આંખો પર ઝૂકેલી કાળી લાંબી પાંપણોમાંથી ફૂટતાં થોડાં આંસુઓ દાહક વેદનામાં બળી જતાં હતાં. બાબા ગીતામંત્રો બોલતા હતા. એ બોલવામાં તેઓ એકલા જ ન હતા. અમારાથી થોડે દૂર બેસી રહેલા થોડા આશ્રમવાસીઓ પણ એમાં જોડાયા હતા. એક ખૂણે ઊભી રહી હીરી આંખો લૂછતી હતી.

હવામાં શબ્દો ગુંજે છે. સામે પડેલા શબ પર શબ્દ વિજય મેળવે છે. કેટલી વાર આ શ્લોક સાંભળ્યો છે! કેટલી વાર ઉચ્ચાર્યો છે!

પણ મૃત્યુના પોલાણની ભીષણતા ઓછી નથી થતી. આત્મા અમર છે. આત્મા અચળ છે, અવિભાજ્ય છે, બળતો નથી, સુકાતો નથી...

સામે પડેલા ખાલી ખોખાને છાતીએ ચાંપી દેવા, પરમાત્માની સામે ચીસો પાડી-પાડી ફરિયાદ કરવા મન વ્યાકુળ બની ઊઠે છે. વિદ્રોહ, અસહાયતા, લાચારી અને ઘોર વ્યથા મને વિકળ બનાવે છે. બેભાન જેવો હું એ મૃતદેહને પકડી બેસી રહું છું. પણ અગ્નિસંસ્કાર તો કરવા જ પડે છે.

બપોર ઢળી પડે છે. સાંજ ઊતરી આવે છે. જ્યોત્સ્ના પરસાળની ખાલી આરામખુરશી પાસે ઘૂંટણ પર માથું ઢાળી બેઠી છે. એ ખૂબ રડતી હોત તો સારું થાત એવો વિચાર મને આવી જાય છે. રડતાને છાનું રાખવાનું સહેલું છે. જે પાષાણવત્ થઈ ગુમસૂમ પડી રહે છે, તેની દીવાલ ભાંગવી થોડી મુશ્કેલ બને છે.

બાબા આવી એની પાસે બેઠા. જ્યોત્સ્નાના માથા પર હાથ ફેરવી એ મારી પાસે આવે છે.

બહાર નીકળી રસ્તા પર અમે મકાનની બાજુમાં એક નાની વાડી છે, જ્યાં આશ્રમની જરૂર પૂરતાં શાકભાજી ઉગાડવામાં આવતાં હતાં ત્યાં આવ્યા. વાડીમાં બાંધેલા છાપરા નીચે થોડા આશ્રમવાસીઓ નેતરની ખુરશીઓ બનાવતા હતા.

બાબા ચૂપ રહ્યા. વારંવાર આંખો બંધ કરી એ ભીતર સરકી પડતા હતા. હું સમજી શક્યો કે તેઓ મનોમન કોઈ પરમ શક્તિને પ્રાર્થના કરી રહ્યા છે.

ચારે તરફ ખુલ્લાં ખેતરો, દૂર દેખાતી લાલ છાપરાંઓથી ભંગાતી, સંધાતી ક્ષિતિજની રેખાઓ, સંધ્યાના ઘેરા થતા રંગો વચ્ચેથી એક વ્યક્તિ વિલોપ થઈ ગઈ. કેવડી મોટી ઘટના ને છતાં કરોડાધિક કરોડો પ્રાણીઓ વચ્ચે એ કેટલી તુચ્છ હતી!

'જ્યોત્સ્નાને આશ્વાસન આપવા જાઉં છું ત્યારે લાગે છે કે શબ્દો કેવળ નિષ્પ્રાણ કાષ્ઠના ટુકડા જેવા છે – આપણા દુઃખનો, સમભાવનો એક અંશ સુધ્ધાં વ્યક્ત કરવાને અસમર્થ.' બાબા બોલ્યા.

થોડી વારે નિઃશ્વાસ નાખી કહ્યું, 'ના, પણ આશ્વાસન આપવું જ મિથ્યા છે. શા માટે દિલાસો? ગાઢ દુઃખ અંદરના અણુએ-અણુએ પ્રસરતું જાય છે, પણ એ દુઃખને શબ્દો દૂર નહિ કરે. સમય સમયનું કામ કરશે. એના સંજીવની-સ્પર્શે ધીરે-ધીરે ઝેર ચુસાતું જશે. રહેશે માત્ર સુખદાયક સ્મૃતિઓ. એ સ્મૃતિઓમાં ડંખ નહિ હોય, હોય છે માત્ર સુવાસ.'

બાબાના શબ્દો હું મનોમન વાગોળતો રહ્યો.

બીજે દિવસે જ્યોત્સ્નાએ મને રામનાથનની ડાયરી આપી. જીવનના આખરી તબક્કે એણે મૃત્યુનો ભય સેવ્યા વગર એને નક્કર વાસ્તવિકતા રૂપે સ્વીકાર્યું હતું. એના મૃત્યુના થોડા દિવસ પૂર્વે એણે લખ્યું હતું : 'કૅન્સર એ કેટલો ઉપકારક રોગ છે! માણસ જ્યારે માંદો પડે છે

ત્યારે પોતાના બંને હાથે જિંદગીને બાઝી પડી એ મૃત્યુના ઓળાને આઘો રાખવા મથે છે. તોય જો મૃત્યુ આવી પડે તો? પણ આ કૅન્સરના રોગમાં મૃત્યુનો આઘાત નથી, દુઃખ નથી. રોજ-રોજ એક-એક કદમ આગળ વધતા યમદેવને સત્કારવા માણસ તૈયાર હોય છે. આ રોગની ભયંકર પીડા, અંગો તોડી નાખે તેવા સણકાઓ જિંદગીની મોહક અનિવાર્યતા તોડી નાખે છે. માણસ યમદેવને ઝંખતો થઈ જાય છે ને એનાં સ્વજનો પણ. 'આવ, હે શાંતિદાતા! આવ!' યમનાં પગલાંની રાહ જોવાય છે.

ને એ જાય છે ત્યારે રુદન નથી હોતું, હોય છે માત્ર શાંતિનો ઉચ્છ્વાસ!

રામનાથનના અવસાન પછી એકાદ મહિને જ્યોત્સ્ના દક્ષિણ ભારતમાં એને ઘરે ચાલી ગઈ. એના પિતા રામનાથનના અવસાન પછી તરત જ આવેલા. એક માસ પછી બાબાની ચરણરજ લઈને જ્યોત્સ્ના ઘોડાગાડીમાં બેઠી ત્યારે મોંફાટ રડી પડી. તુલસીવન વચ્ચે ઊભાં રહેલાં અમે સહુએ પણ સજળ આંખે એને વિદાય આપી. ગાડી દેખાતી અદૃશ્ય થઈ ત્યાં સુધી એ દિશામાં જોઈ હીરી ઊભી રહી. હું દરવાજા આગળ આવી ઊભો રહ્યો. વારંવાર મનમાં રટતો હતો :

'આ પ્રચંડ દુઃખની ગાઢ અનુભૂતિ વ્યર્થ ન જશો. હે પ્રભુ, એમાંથી કંઈ મંગલ પ્રગટાવજો.'

ને એ માંગલ્યનો માર્ગ મારે શોધવો ન પડ્યો. એ ચીલો આપોઆપ શરૂ થયો.

બાબાના આશ્રમમાં કોઈ મોટા ડૉક્ટર આવ્યા છે એ ખબર ગામમાં ફેલાઈ ગયા ને મને આવ્યાને ચાર-પાંચ દિવસ નહિ થયા હોય ત્યાં વહેલી સવારે આશ્રમના મકાનથી થોડે દૂર નીચે એક વૃદ્ધ માણસને સુવડાવી એક યુવાન મને બોલાવવા આવ્યો.

હું સહેજ વિમાસણમાં પડ્યો. થોડી જરૂરી દવાઓ, થોડી સ્ટરાઈલ કરેલી નીડલો ને સ્ટેથોસ્કોપ સિવાય મારી પાસે ખાસ કોઈ દવાઓ ન હતી. બ્લડ પ્રેશરનું ઍપેરેટસ પણ ન હતું. છતાં હું ત્યાં ગયો.

વૃદ્ધનું આખુંય અંગ તાવથી ધીખતું હતું. તપાસ કરતાં રોગનાં બીજાં કોઈ ચિહ્નો જણાયાં નહિ. માથું ગરમ હતું. જે સાધારણપણે તાવમાં હોઈ શકે.

'બહુ ઠંડી વાઈ તાવ ચડે છે.' પેલા યુવાને કહ્યું.

મેલેરિયા હોઈ શકે અથવા પાઇલાઈટિસ. હું મૂંઝાયો. વૃદ્ધના પેશાબની જો તપાસ થઈ શકે તો નિદાન સહેલું હતું. પણ અહીંયાં એ શી રીતે શક્ય બને?

મેં મારી મૂંઝવણ બાબા પાસે વ્યક્ત કરી. બાબા જરી વાર ચૂપ રહ્યા. પછી કહે, 'આ ચીલે ચાલવું છે? તો સામાન તૈયાર કર.'

'એટલે શું? હું સમજ્યો નહિ.'

'જો તારી ઇચ્છા હોય તો કાલે જ તને જોઈએ તેવાં સાધનો મંગાવી દઉં. તું તારી નાનકડી પેથૉલૉજિકલ લૅબોરેટરી ઊભી કર. હું એ બધી સગવડ કરવા તૈયાર છું, પણ વાત આટલી : આમાં આખોય આત્મા રેડી જીવવાની ઇચ્છા છે?'

તે રાત્રે આશ્રમના ચોગાનમાં ફરતાં હું મારી જાતને આ પ્રશ્ન પૂછતો રહ્યો : છે તૈયારી?

ઉનાળાની રાતની હવા અંગને વીંટળાતી હતી. દૂરદૂરના લૅપ-લૅન્ડની બરફીલી હવાય અંગમાં પ્રવેશી કંઈક જગાડતી હતી. અહીં દટાઈ જવાનું, વરસાદમાં ઊગતાં બી જેવા તાપમાં, ઠંડીમાં શાંતિથી ઊભાં રહેતાં વૃક્ષની જેમ. બીજો મારગ કોઈ શહેરમાં લઈ જાય, કોઈ હૉસ્પિટલ, કોઈ સત્તાની સાઠમારી, કોઈ પ્રતિષ્ઠાની ચક્કીમાં ફસાવતી.

આવા એકાદ ગામમાં બાપુ મરી ગયા, દવાદારૂ વિના. બા મરી ગઈ. જો ઑક્સિજન આપી શકાયો હોત તો... ઘણાં બધાં મરી ગયાં – સાધન, સગવડ ને સેવા વિના. કદાચ આ

વૃદ્ધ પણ... હું અહીં ઊગું? વિસ્તરું?

બીજે દિવસે બાબાએ કાગળ લખ્યો. બાબાના મિત્ર કોઈ ઉદ્યોગપતિ હતા. કાગળના જવાબમાં થોડા દિવસોમાં સઘળી સામગ્રી આવી પહોંચી.

એક માઇક્રોસ્કોપ, સેન્ટ્રીફ્યુજ, ફોટોમીટર વગેરે ઍપેરેટસ જેવાં થોડાં પ્રાથમિક સાધનો અને કૅમિકલ્સથી અમારી નાનકડી પ્રયોગશાળા શરૂ થઈ. બહુ અઘરી કે મુશ્કેલ સીરમ ઇલેક્ટ્રોલાઇટ્સ કે સાયકૉલૉજિકલ તપાસ શક્ય ન હતી. પણ મને મારા સાધારણ નિદાનમાં મદદરૂપ ઝાડા-પેશાબની તપાસ થાય તો મારે માટે બહુ હતું. આ ઉપરાંત થોડાં ઑક્સિજન સિલિન્ડર્સ, બેડ-પૅન્સ વગેરે પણ મેં મંગાવ્યાં.

બાબાનો આશ્રમ ગામથી દૂર હતો ને વળી આશ્રમની સાથે જોડાયેલું તિરસ્કૃત દર્દ પણ ગામલોકોને જરા પાછા પાડી દે તેવું હતું. પરિણામે બાબાએ મને ગામમાં રહેવાનું સૂચવ્યું. ઇચ્છા તો બહુ હતી આશ્રમમાં રહેવાની, પણ બાબાનો આશય હું સમજી શક્યો. તેઓ ઇચ્છતા હતા કે આશ્રમની છત્રછાયાથી ભિન્ન હું મારો વિકાસ કરું, એક સ્વતંત્ર દિશામાં પ્રયાસ કરું.

અથવા ફક્ત એ જ કારણ હતું? રક્તપિત્તના આશ્રમના નામથી ભડકતા લોકો કદાચ મારા સુધી પહોંચવા પણ રાજી ન હોય તેવું ન બને, માટે એમણે આ સૂચવ્યું નહિ હોય ને?

'બાબા, જો મારું ચાલે તો લોકોના કાન ફાડી નાખે તેવા મોટા અવાજે સંભળાવું કે લેપ્રસી ચેપી દર્દ નથી ને થાય તો એની શરૂઆતના દિવસોમાં એ ફક્ત પાંચ રૂપિયામાં જ મટાડી શકાય છે.'

બાબા હસી પડ્યા. સ્વચ્છ. 'ગાંડા ભાઈ, જરા ધીરે-ધીરે. અહીંયાં તું ધારે છે એટલું કશુંય સહેલું નથી. હજારો વર્ષનાં અંધારાં ઉલેચતાં વાર લાગશે.'

'પણ શા માટે? સરકાર જો કાયદો કરે તો-તો...'

બાબા મારી સમીપ આવે છે. મારા ખભા પર હાથ મૂકી કહે, 'તું તો ડૉક્ટર છે, રજત. તું સમજી શકશે. પોલીસ આવીને જો તારા શરીરને આ બાજુથી ચાલવાનો હુકમ કરશે તો પગ માનશે ખરા? વાત તો પહેલાં મગજ સુધી પહોંચાડવી પડે, ભાઈ, પછી હાથ-પગ ચાલે.'

બાબાનું કહેવાનું ઘણું સાદું, સીધું, સરળ છે. સૂર્યપ્રકાશ જેટલું જ સ્વચ્છ અને સ્પષ્ટ પણ છે.

મારે માટે ગામમાં ઘર શોધવામાં ઝાઝી તકલીફ ન પડી. ડેલીબંધ નાનકડું ઘર હતું. ઘરમાલિક થોડાં વર્ષોથી અમદાવાદ ચાલી ગયેલો ને એના ભાઈએ 'ઘરમાં ખીલીય ખોડવી નહિ' એવા સ્પષ્ટ આદેશ સાથે મને ત્યાં રહેવાની રજા આપી.

આશ્રમમાંથી જ્યારે બૅગ લઈને સ્વામીજીને પ્રણામ કરી બહાર નીકળ્યો ત્યારે અસંખ્ય દૃશ્યો મને વીંટળાઈ એક ધુમ્મસ ઊભું કરતાં હતાં. લંડનના ધુમ્મસમાં માર્ગ શોધતાં એકબીજાને વળગીને ચાલતાં હું અને કિન્નરી, ડૉક્ટર વર્મા, અપર્ણાનો દુઃખી, ઉદાસ ચહેરો, રામનાથનની કૅન્સરની ગાંઠ ને બાબાનાં છેલ્લાં વચનો : 'આ ધરતી અન્નપૂર્ણા નથી. જોગમાયા છે. એના ખપ્પરમાં કેટકેટલા બત્રીસલક્ષણાઓનો ભોગ માગે છે, બેટા!'

ટપ્પો ઊપડે છે. ચોતરફ ફેલાયેલી ધરતી વહેલી સવારના આછા ઉજાસમાં સૌમ્ય મધુર અને ઉદાસ લાગે છે, ધાવણ વગરની ગરીબ માતાનાં સુકાયેલાં સ્તનો જેવી, કોઈ અગોચર અસહાયતા અને વ્યાકુળતાભરી.

હું મનોમન વિચારું છું. આ ગામમાં હું રહીશ. હું ગામને નાતજાતના ભેદ ભુલાવીશ. એક નિશાળ, એક હૉસ્પિટલ, એક લાઇબ્રેરી... ખેતીની જમીન પાસે નહિ હોય તો તે લોકોને શીખવવા નાના-મોટા ઉદ્યોગો ખીલવી શકાય. ખેતીમાં નવી ટેકનિકો.

મધુકરનો ચહેરો એકદમ નજર સામે તરવરી ઊઠ્યો. વેદનાનો એક સણકો ઊઠ્યો. ધીરેથી શમી ગયો. એ હોત તો આજે એને બોલાવી શકાત.

ખુલ્લા આકાશના ભૂરા રંગમાં આછાં સફેદ વાદળાં તરતાં હતાં. વચ્ચે-વચ્ચે લીલાં વૃક્ષો અને ક્યાંક લીલી વાડીઓ અચાનક દૃષ્ટિમાં છવાઈ, અંજાઈ જતી હતી.

'તમે આંઈ જ રે'વાના છો?' અચાનક ટપ્પાવાળાએ મોં મારી તરફ ફેરવી પૂછ્યું.

'હા.'

'કેટલો વખત?'

'ખબર નથી. થોડાં વર્ષો તો ખરો જ.'

'હેં! થોડાં વરસ? સારું. આ ગામમાં પેલાં કોઈ ધોળિયો દાગતર આવતો'તો. આંઈ થોડા દી દવાખાનું પણ કાઢેલું.'

'પછી?'

'પછી શું?' ફરી પેલો 'શ' 'ચ' 'ઝ'ના મિશ્રણ જેવો રણકાર મારા કાનમાં ઊઠ્યો. 'ગામવાળાએ ભગાડી દીધો.'

'પણ કંઈ કારણ તો હશે ને?'

'હાસ્તો વળી. ગામનાં હરિજનોને ચગાવતો'તો. બે-ચાર જણાં તોય વટલાઈ ગયાં.'

ગામલોકોએ ભેગા મળીને હરિજનોના ધર્મનું રક્ષણ કર્યું હતું ને એનું અભિમાન એના મોઢા પર સ્પષ્ટ હતું.

ગામ નજીક આવી ગયું. દૂરથી વાંકાચૂકાં લાલ નળિયાનાં છાપરાંઓ, બાળકોનો કોલાહલ ને કૂતરાના ભસવાનો અવાજ – બધું અમને સામટું ઘેરી વળ્યું.

ગાડી ગામના ઝાંપા તરફ વળી. અચાનક એક ભયંકર, તીવ્ર દુર્ગંધથી મારું માથું ફરી ગયું. નાક પર રૂમાલ દબાવી રાખ્યો તોય બદબૂએ પીછો છોડ્યો નહિ.

મેં ચારે બાજુ જોયું. ઝાંપાથી થોડે દૂર કેટલાંક ઝૂપડાં હતાં. મળમૂત્રની વાસથી અને ગાયભેંસના છાણથી આ દુર્ગંધ ઊઠતી હતી. ઝૂંપડાં પર ક્યાંક ઘાસ છાયું હતું તો ક્યાંક ગારમાટીની દીવાલો પણ ન હતી. કાથીના ખાટલાની આડે ફાટેલાં લૂગડાં બાંધી રાખવામાં આવ્યાં હતાં. નાગાં, કાળાં, ગંદાં છોકરાંઓ એ ઉકરડાઓમાં નાચતાં હતાં.

એક કમકમાટી મારા શરીરમાંથી પસાર થઈ ગઈ. આ માનવ વસ્તી ન હતી. માનવજીવનનું ગૌરવ, ધન્યતા, અરે અસ્તિત્વનું જ કોઈ નામનિશાન ન હતું.

અમારી ગાડી પાછળ થોડાં છોકરાં દોડવા લાગ્યાં. ટપ્પાવાળાએ બરાડો નાખ્યો, 'આઘાં રો, તમારી માનાં...' એ સાથે એણે પાછળ ચાબુક વીંઝી. એક મોટા છોકરાના ખભા પર એ પૂરા વેગથી ચંપાઈ.

એક આર્ત ચીસ સાથે એ ઊભો રહી ગયો. બધાં જ છોકરાંઓ ઊભાં રહી ગયાં. ગાડી ગામમાં પ્રવેશી ગઈ.

* * *

ટાઇફૉઈડ, ઝાડા, ઊલટી, ખસ, પેશાબમાં બળતરા, કમળો...

અહીંયાં એ બધાંના સૂક્ષ્મ જીવાણુઓ અસંખ્ય માર્ગે છિદ્રોમાં પ્રવેશી રહ્યાં છે. ક્વચિત્ મારા માઇક્રોસ્કોપની નીચે નર્તન કરતાં હું જોઉં છું ત્યારે કમકમાટી ઊપજે છે. આ ગામની ગંદકીની એ નીપજ છે. બંને બાજુ મળમૂત્ર, ઘરનો કચરો, ગાય-બળદનું છાણ – શરૂશરૂના આ દિવસોમાં મારું માથું ભમવા લાગ્યું.

'Accept it.' કોઈ મને કહે છે, 'તેં સામે ચાલીને આ જિંદગી પસંદ કરી છે. You are one of them.'

સાંજના હું ગામ બહાર જરા ફરવા નીકળ્યો. ગામની છાતી વીંધીને જતાં હું જોઉં છું. ઉનાળાને લીધે ઢગલાબંધ નવરા બેઠેલા માણસો ચોરે ગપ્પાં મારે છે. કોઈ નવા ઉદ્યોગો ક્યાંય દેખાતા નથી. શાળાનું મકાન બંધ હોવાથી ઉજ્જડ અને ભેંકાર લાગે છે. મારી છાતીમાં ગમગીનીની શિલા ખડકાઈ છે. મન અનેક ઓથારોથી દબાતું, એમાંથી છૂટવા છટપટવા લાગે છે. એક-બે જગ્યાએ લગ્નના ઢોલ પિટાતા હતા ને ત્યાં આખું ગામ ઊમટ્યું છે.

મને યાદ આવે છે મારું ગામ, મારું ઘર. ત્યાં પણ આમ જ જીવનનું ચક્ર ચાલતું, મારા પિતાના સમયમાં પણ, મારા પ્રપિતામહના સમયમાં પણ.

ચંદ્રને આંબી જતા વૈજ્ઞાનિકો અહીંના માણસોનાં ખોળિયાંમાં પ્રવેશ્યા નથી. અહીંયાં આ સ્થળે... ના... ના... આના જેવાં બીજાં હજારો – લાખોની સંખ્યામાં જ્યાં ગામડાંઓ છે ત્યાં વિજ્ઞાન, સમાજવાદ ને પ્રગતિની સરિતા સ્પર્શ્યા વિના જ ચાલી ગઈ છે. અહીંયાં હજુ હળથી જમીન ને રિવાજોથી સમાજ ખેડાઈ રહ્યો છે.

અહીંના માણસોનો થોડો-થોડો પરિચય થવા લાગ્યો છે. સરપંચ, ભૂધરકાકા, જેરામ, શંકર, રુક્ષ્મણી – ધીરે-ધીરે એ બધાંની આકૃતિઓ સ્પષ્ટ થવા લાગે છે.

દવાખાનું શરૂ થતાં જ ભીડ થવા લાગી. શંકર શહેરની બૉર્ડિંગ સ્કૂલમાં દશમા ધોરણમાં ભણતો હતો. રજાઓને હિસાબે એ ઘરમાં હતો. દવાખાનું વાળવા-ઝૂડવાનું, સહુના કેસનાં કાગળિયાંઓ કાઢી આપવાનું કામ એણે ઉપાડી લીધું. ગડ-ગૂમડથી પીડાતાં બાળકોને જોતાં ત્રાસ વછૂટી જતો. પરુથી ખદબદતા વ્રણો પર માખીઓ બણબણતી ને બાળક શેરીની ધૂળમાં આળોટતું. પાટો બાંધી હું માને સમજાવતો, પણ અમારી ભાષા અમારા વિચારોનું અંતર સાંધી શકતી નહિ.

વળી ત્યાં હાજર રહેતા સરપંચ ક્યારેક મુરબ્બીવટથી કહેતા : ‘આનું કાંક કરો, હો દાક્તર! આખા ગામનાં છોકરાં આમાં જ સબડતાં હોય છે.’

‘તમે લોકો...’ આટલું બોલી હું અટકી જાઉં છું. ‘પહેલી વાત એ કે બેટા, ગામલોકોને ‘તમે લોકો’ કહી જુદા ન પાડીશ. એ એક શબ્દ પણ એક દીવાલ ખડી કરી શકે છે.’ મને બાબાના શબ્દો યાદ આવે છે. હું જરા અટકી આગળ કહું છું. ‘આપણે જો સ્વચ્છ હોઈએ, ઘર-શેરી જો ચોખ્ખાં હોય...’

ગાંધી પછીનાં પચીસ વર્ષના સમાજવાદી ભારતમાં હું હજુ સ્વચ્છતાનો જ પાઠ ભણાવવા બેઠો છું, પણ અર્થ નથી એ વાતનો.

ગામમાં લટાર મારતાં મેં બે-ચાર ચાની ગંદી હોટલો જોઈ છે. દેશી દારૂ ને ફ્રેન્ચ પૉલિશ પર ઝૂમતા ગામલોકોમાંના કોઈ-કોઈ સાંજના અથડાઈ પડે છે. વરલી મટકાનો નંબર પાણી ભરવા જતી બાઈઓ ઇશારાથી પૂછી લે છે.

આધુનિકતાનાં કોઈ સુખ-સગવડ વગર અહીં કેવળ એની બદબૂ ફેલાઈ ગઈ છે.

હું અહીં આવ્યો ત્યારે ગામમાં ટાઇફૉઈડ ચાલુ હતો. ઍસ્પિરિનની ગોળીઓથી તાવ ઊતરી જતો તોપણ તરત જ ટેમ્પરેચર વધવા માંડતું.

બે-ત્રણ દર્દીઓનું લોહી લીધું. એ લોહી પણ કેવળ એમની ચિકિત્સા અર્થે હું લઉં છું. એ સમજાવતાં મને કેટલી તકલીફ પડી! સારે નસીબે ગામની શાળાના શિક્ષક જગજીવનરામે પહેલ કરી ને મેં મુંબઈથી રસાયણ મંગાવી લોહીની તપાસ કરી. ટાઇફૉઈડનું નિદાન સ્પષ્ટ હતું. ક્લૉરોમાઇસેટિન ચાલુ કરી.

એ થોડા દિવસોમાં બાબા પાસે જવાનો ટાઇમ ન હતો. સવાર-સાંજ દવાખાનું ને વૃદ્ધ કે બાળક દર્દીઓ માટેની વિઝિટો મને થકવી નાખતી હતી. ફરીફરીને એ ગંદાં, દુર્બળ, દુર્ભગ ઘરોમાં હું જતો ને મારું હૃદય કોઈ અકથ્ય દુઃખ અને અનુકંપાથી ભરાઈ જતું. ગરીબી ને

અસ્તિત્વ વચ્ચેનો સંઘર્ષ કેવો કારમો હતો!

ને મૂળ તકલીફ ક્લૉરોમાસેટિનની હતી. આટલા મોટા જથ્થામાં જોઈતી એ દવાના પૈસા માટે બાબાને વાત કરતાં શરમ ઊપજી. અપર્ણાને લખું તો કામકાજ છોડી દોડતી આવે! આ મારાં દર્દીઓ હતાં ને 'જીવો કે મરો' એમ એમને કહી દેવા માટે હું અહીં દવાખાનું ખોલી બેઠો ન હતો.

અચાનક નિરુપમા ને વિજય યાદ આવ્યાં. મેં એક કાગળ લખ્યો, ત્યારે ખ્યાલ પણ ન હતો કે એ લોકો પોતે જ દવાના જથ્થા સાથે આવી પહોંચશે!

અઢારમી સદીમાંથી જાણે ફરી વીસમી સદીનો સ્પર્શ થયો! અજય, અપર્ણા ને બીજા ઘણા મિત્રોની વાતો થઈ. મોડી રાત લગી અમે વાતો કરતાં બેઠાં. સૂવાની તૈયારી કરતાં હતાં ત્યાં અચાનક ઢોલનો અવાજ ગાજવા લાગ્યો. સાથે હોકારા ને પડકારા.

મહેમાનોની સરભરા માટે રુક્ષ્મણી મોડે સુધી રોકાઈ હતી. એણે કહ્યું, 'માતાનો વરઘોડો કાઢ્યો છે.'

'માતાનો વરઘોડો? એટલે શું?' નિરુપમાએ પૂછ્યું.

અમારા અજ્ઞાન પર હસી પડતાં રુક્ષ્મણીએ સમજાવ્યું કે ગામમાં હમણાં રોગચાળો ચાલે છે એટલે માતાનો કોપ મટાડવા ગામલોકોએ માતા આગળ હોમ કરી એનો વરઘોડો કાઢ્યો હતો.

'Oh! How exciting...' નિરુપમા બોલી ઊઠી.

મોડી રાત સુધી એ શોરબકોરમાં હું ઊંઘી ન શક્યો. ગુસ્સાથી મન સળગતું હતું. થયું, જઈને કહું, 'ઓ મૂર્ખાઓ! આ શરીર છે. એક મશીન છે. એક અદ્ભુત લૅબોરેટરી છે. એની જાળવણી વૈજ્ઞાનિક રીતે કરો. આ જડતા, આ અંધશ્રદ્ધા... ફેંકી દો એને!'

કોઈએ ડેલી ખખડાવી. રુક્ષ્મણીએ ડેલી ખોલી. બહાર શંકર ઊભો હતો. જલદી અંદર આવી એણે અમારા હાથમાં કોપરું ને સાકર આપ્યાં.

મેં ચૂપચાપ ઊઠી એ બહાર ફેંકી દીધાં!

નિરુપમા ને વિજય બીજા દિવસે બાબાને મળી ચાલ્યાં ગયાં.

દિવસભરના શ્રમ પછી ફરી એક વાર હું રાતના એકલો પડ્યો-પડ્યો આભના તારા જોતો હતો.

લાગતું હતું કિન્નરી હસી રહી છે. એના મોંમાંથી ફેલાતી સ્કૉચની હલકી વાસ મારા અંગોમાં રણઝણી ગઈ. શરીર કંપવા લાગ્યું. અંગોમાં એક તરસ જાગી.

ગામડાની રાતનું વિશાળ રૂપ, માથે ઝગમગતા તારાઓ, સૂમસામ શાંતિમાં ભસી ઊઠતાં કૂતરાંઓ ને શિયાળની લાળીઓના અવાજો મને કચડવા લાગ્યાં. મન છૂટવા માટે દોડવા લાગ્યું. ટાઈફૉઈડના અસંખ્ય જીવાણુઓ મને ઘેરી વળતા લાગ્યા.

રાતની અધૂરી ઊંઘ અને ગમગીન મન લઈ હું સવારે બાબાના આશ્રમમાં ગયો. વાડીમાં મકનજી ને ટપુ હતા. થોડા દિવસોથી વાડીમાં મધમાખી-ઉછેરનાં ખોખાંઓ પણ ગોઠવ્યાં હતાં. બાબાના આશ્રમમાં ચારે બાજુથી મુક્ત હવા વહી આવતી હતી. જે કંઈક કશું નવું નિર્માણ કરે, રોગીઓને ગૌરવ બક્ષે તે બધું જ એમના આશ્રમમાં એ સ્થાપિત કરતા.

'બાબા ક્યાં છે?' મેં પૂછ્યું.

'બાબા હાફિસમાં બેઠા છે. કોઈ ધોળિયો આવ્યો છે.' એણે મને કહ્યું.

સહેજ નવાઈ પામી હું અંદર ગયો. બાબાની 'હાફિસ' એટલે પરસાળની જમણી બાજુનો એક નાનકડો ખંડ. એક લાકડાનો કબાટ ને બેઠકનાં ગાદીતકિયા. આ ગાદીતકિયા પર માંડ-માંડ ગોઠવાઈને કોઈ ગોરો બેઠો હતો. બાબાએ મને જોયો કે તરત કહ્યું, 'આવ, રજત, તને

ઓળખાણ કરાવું.' હું અંદર ગયો. બાબાને પ્રણામ કરી બેઠો.

બાબાએ ઓળખાણ કરાવી. આવનાર વ્યક્તિ 'ઑસ્ટ્રેલિયન એઈડ ઍબ્રૉડ'ની પ્રતિનિધિ હતી. બાબાના કાર્યનો અહેવાલ લેપ્રસી-વિષયક કોઈ મેડિકલ રિપૉર્ટમાં વાંચી એ સંસ્થાએ બાબાને રોગીઓ માટે ઘઉં દાનમાં આપવાની ઇચ્છા બતાવી હતી. 'તમને મદદ કરવામાં અમને અમારું સદ્ભાગ્ય લાગે છે.' પેલી વ્યક્તિએ બાબાને નમ્રતાપૂર્વક કહ્યું.

બાબા હસ્યા. મિસ્ટર સેન્ડીના ખભા પર હાથ મૂકી બોલ્યા : 'અરે ભાઈ, આ તો જીવવાવાળા ભેગા થયા છે. હું જિવાડનાર નથી. હું પણ એમની સાથે એક નવો-નવો ઘાટ પામતો જતો મનુષ્ય છું. અમારાં હાથ-પગનાં આંગળાં ખરી ગયાં ભલે, પણ હૃદય તો ધબકે છે. ત્યાં સુધી અમે માણસ છીએ.'

પછી અમારા તરફ ફરી એ બોલ્યા : 'ચાલો, હું તમને કંઈ બતાવું.' આશ્રમનો પ્રાર્થનાખંડ, રોગીઓનો શયનખંડ, બહારની પરસાળ વટાવી અમે વાડીમાં ગયા.

હવામાં હજુ ઠંડક હતી. ધરતીમાંથી એક આછી સુગંધ ઊઠતી અમારી આજુબાજુ વીંટળાઈ જતી હતી. એક ઊંડો શ્વાસ લઈ સેન્ડી બોલ્યો, 'આ... હ... ધરતીની સુગંધ બધે જ સમાન છે.' બાબા હસ્યા.

'ને એનું આકર્ષણ દુર્નિવાર છે. જુઓ, આ અમારો રજત. પરદેશની મોટી-મોટી નોકરીઓ છોડી, શહેરની ભરચક કમાણી છોડી, અહીં આ ધરતીમાં દટાઈ જવા આવ્યો છે.'

અચાનક બાબાને મોઢે મારી પ્રશંસા સાંભળી હું લજવાયો. મને રાતની વીતેલી ક્ષણો, મારી ગમગીની યાદ આવી ગઈ. મારા કાનોમાં ડાકલાં ભલે વાગતાં, બાબાનો વિશ્વાસ છે ત્યાં સુધી મારા પગમાં જોર છે.

વાડીમાં થોડા રોગીઓ ટોપલામાં શાકભાજી એકઠાં કરતા હતા. થોડા પાણી પાતા હતા.

'મિ. સૅન્ડી, તમારી ઉદારતા માટે ધન્યવાદ. પણ જો હું તમારું દાન ન સ્વીકારું તો તમે ખરાબ ન લગાડતા. એટલા માટે કે દાન નાશ કરે છે, જ્યારે શ્રમ નિર્માણ કરે છે. તમે અમને ઘઉં ન આપો, પણ એવો કોઈ નિષ્ણાત મોકલી શકો જે અમને આ સૂકા મુલકમાં ઓછા પાણીએ સારો પાક કેમ લેવો તે શીખવે? તમારું ઘઉંનું દાન અમને એકાદ વર્ષની નિરાંત આપશે; પણ તમારું જ્ઞાન-દાન અમારે માટે ચિરશાંતિનું નિર્માણ કરશે.'

બાબા બોલતા બંધ થયા પછીય લાગ્યું કે હવામાં એમના શબ્દો હજુ વહી રહ્યા છે. સેન્ડીનો ચહેરો પહેલાં જરા અસ્વસ્થ થયો ને પછી ધીરે-ધીરે ભક્તિભાવથી ભીંજાઈ ગયો.

'તમે ખરું કહો છો. પરસેવાથી ભીંજાયેલી રોટી જેવી મીઠાશ બીજે ક્યાંય નથી. તમારી વાત હું ત્યાં પહોંચાડીશ ને મને પૂરી ખાતરી છે કે તમને જોઈએ છે તેવી મદદ હું કરી શકીશ.'

'આપનો આભાર.'

જતી વખતે એ જરા ખચકાયો. બાબાની સાથે શેકહૅન્ડ કર્યા પછી એણે બે હાથ જોડી નમસ્તે કરવા પ્રયત્ન કર્યો. બાબા હસી પડ્યા ને એમણે જાપાનીઝ ઢબે કમ્મર ઝુકાવી, ઘૂંટણ વાળી સેન્ડીને અભિવાદન કર્યું. સેન્ડી મૂંઝાયો, પણ બાબાનું અનુકરણ કર્યું. બાબા સેન્ડી પર ઝૂક્યા ને એના નાક પર પોતાનું નાક ઘસ્યું. સેન્ડી બિચારો જમીનમાં જ ખોડાઈ રહ્યો.

'આપણે શબ્દો છોડીને મૈત્રીની આપ-લે કરી. આપણે ખરા મિત્રો થયા.' બાબાએ હાથ ફેલાવી કહ્યું, 'આ પૃથ્વીની વિશાળતામાં ને આભની અગાધતામાં કંઈ પણ સનાતન હોય તો તે અપરિચિતોની મૈત્રી છે.'

સેન્ડીની સફેદ મોટી મોટર પાછળ ધૂળ ઉડાડતી ચાલી ગઈ ત્યાં સુધી અમે એને જોઈ રહ્યા. બાબા આગળ મારે મારી મૂંઝવણ, અસહાયતા, ગુસ્સો વર્ણવવાં હતાં પણ હવે એ ભીતરમાં દટાઈ ગયાં. બાબાનો મારા પર વિશ્વાસ હતો. થોડા દિવસોમાં જ હું હારી જાઉં તો

કેટલું શરમજનક કહેવાય!

બાબાએ ગામના રોગચાળાની ખબર પૂછી. મેં ટૂંકાણમાં એનો અહેવાલ આપ્યો. મારો ક્રોધ પ્રગટ ન થાય એ રીતે સ્વસ્થ રહેવાનો પ્રયત્ન કરતાં મેં ગામલોકોની માતાની પૂજાની વાત કહી સંભળાવી.

બાબા વિચારમાં પડી ટહેલવા લાગ્યા. ક્યારેક નીચા વળી કોઈ ક્યારો સરખો કરતા કે નકામાં પાંદડાંઓનો એક બાજુ ઢગલો કરતા. પણ હું સમજી શક્યો કે તેઓ કોઈ વિચારમાં છે. અચાનક મારી તરફ ફરી બોલ્યા, ‘રજત, ગુસ્સે થવું નકામું છે. આ લોકો અજ્ઞાન છે. મેં હમણાં સેન્ડીને કહ્યું તેમ, કેવળ દાન નાશ કરે છે. તું તારી શક્તિનું દાન કરે છે, તેમ તારા જ્ઞાનનું પણ દાન કર.’

‘એટલે? સમજ્યો નહિ.’

‘એટલે એમ કે તું રોજ બપોરે આ લોકોને એકઠા કર. તંદુરસ્તી, સ્વચ્છતા, બૅક્ટેરિયા વિશે થોડી પ્રાથમિક સમજ આપ. ઘરો ને રસ્તાઓ સ્વચ્છ રહે તેવો આગ્રહ રાખ.’

હું સ્તબ્ધ બની બાબા તરફ જોઈ રહ્યો. બાબા મારી પાસે આવી, પ્રેમથી મારા ખભા પર હાથ મૂકી બોલ્યા :

‘ધીરે, ભાઈ, ધીરે. ગાંધી જીવ્યા ને મર્યા તોય હજુ આપણે તો ગામડાંની સ્વચ્છતા ને અસ્પૃશ્યતાની સમસ્યાઓમાં જ જીવીએ છીએ. ઘાણીનો બળદ ગોળ-ગોળ ફરે છે, કારણ કે એની આંખે પાટા બાંધ્યા છે.’

‘પણ હું એકલો છું.’

‘સાવ એકલો તો નથી. હમણાં તો શંકર ને રુક્ષ્મણી છે. જગજીવનરામ પણ મદદ કરશે. યાદ રાખ, આ બધા માટે લોકો એક દિવસ તારી સાચી કદર કરશે.’

ભગો આવ્યો. ‘બાબા, કોઈ બાઈ આપને મળવા આવ્યાં છે.’

ભગાનું સ્વરૂપ કમકમાટી ઉપજાવે એવું હતું. એનું નાક તદ્દન બેસી ગયું હતું. હાથ-પગમાં ઘારાં પડ્યાં હતાં, જેમાંથી પરુ ને લોહી વારંવાર બહાર નીકળતાં હતાં.

‘ભગો કાલે જ આવ્યો. હજુ એનો પ્રાથમિક ઉપચાર બાકી છે.’ બાબાએ કહ્યું.

‘હું તપાસીને ડ્રેસિંગ કરી આપીશ. સાથે-સાથે સલ્યોનઝ અને ઍન્ટિબાયોટિક દવાઓ પણ ચાલુ કરી દઈએ.’ મેં કહ્યું.

‘ના.’ બાબાએ કહ્યું. ‘તું અહીંના કામ સાથે સંકળાય તે હું ઇચ્છતો નથી. મેં આજ મીરજ કાગળ લખ્યો છે. એનો જવાબ આવશે કે હું એને મીરજ મોકલી દઈશ.’

અમે ફાટક ખોલી અંદર દાખલ થયા. જ્યોત્સ્નાએ આગળ વધી બાબાને પ્રણામ કર્યાં.

‘જ્યોત્સ્ના!’ બાબાના અવાજમાં આનંદનો કંપ હતો.

જ્યોત્સ્ના મધુરું હસી. ‘બાબા, પિતાને ઘરે હું ખોવાઈ ગઈ. મને થયું, જ્યાં એમનો દેહ પડ્યો છે ત્યાં જ મારે જવું પડશે. મારું ભાગ્ય પણ ત્યાં જ સંકળાયેલું છે.’

‘લે, રજત, આ એક વધારે સહાયક તને મળ્યો ને બિલીવ મી, તારા કામમાં એ તને ઘણી મદદ કરશે.’

જ્યોત્સ્ના અને મારી આંખો થોડી વાર જડાઈ ગઈ. રામનાથનની ગાંઠ મોટી ને મોટી થતી ગઈ. રામનાથનનો ચહેરો દીવાલ બની ગયો. અમે સાવચેત બન્યાં.

‘કેમ છો, ડૉક્ટર?’ એણે પૂછ્યું.

‘સારું છે.’ મેં કહ્યું. એ પોતાનું ઘર હોય તેમ અંદર ચાલી ગઈ.

15

દવાખાનામાં આવતા-જતા ગામલોકોને હું થોડા-થોડા, ઓળખતો થયો હતો. સવારના રુક્ષ્મણી બધું વાળીઝૂડીને સાફ કરી જતી. ચૂલા પર રોજ પીવાનું પાણી ઉકાળતી. આ કૂવાનું પાણી પી આ ગામલોકો તો સદીઓથી જીવે છે, તો મારે એ પાણી ઉકાળવાની શી જરૂર પડી તેવો પ્રશ્ન કદાચ એને ઊઠ્યો હશે તોપણ મને એણે જણાવા ન દીધું. સરપંચ માથે ફાળિયું બાંધતા-બાંધતા દવાખાનાને ખૂણે થોડી વાર ગપ્પાં મારતા. ગઈ કાલની બપોરના આવેલા છાપાના સમાચાર – ગુજરાતના પ્રધાનમંડળમાં થયેલા ફેરફાર ને લીંબડી ખાતે વાઘરણ બાઈની કરપીણ હત્યાના સમાચાર એ મારી સાથે ચર્ચવા આતુર રહેતા.

ઘણાખરા દર્દીઓ ઝાડા, ઊલટી, કમળો ને મૂત્રાશયના હતા. કારણ પણ સ્પષ્ટ હતું. પીવાના પાણીની અસ્વચ્છતા, અપૂરતો ખોરાક ને ગંદી રીતભાતો. ઝીણાભાઈ ક્ષયના દર્દી હતા. શરૂશરૂમાં હું એમના ઘરે જતો ત્યારે એમના પૌત્રને ખોળામાં બેસાડી રમાડતા હોય ને ‘હાક થૂ’ કરતા નીચેની લેંપેલી માટીમાં જ એ થૂંકતા.

ભયથી હું કમકમી જતો. બાબા ખરું કહે છે, જ્ઞાનદાન વગર ચાલવાનું નથી.

બપોરે હું જમી-પરવારી આડો પડું છું. હાથમાં કૃષ્ણમૂર્તિનું એકાદ પુસ્તક લઈ હું વાંચવાનો પ્રયત્ન કરું છું. બારી બહાર નજર જાય છે. ઊતરતા ઉનાળામાં ધરતી ધખી રહી છે. વૈશાખી વાયરો ચક્કર-ચક્કર ભમી રહ્યો છે. ગરમ હવા ઓરડામાં ઘૂમરાતી રહે છે.

અગસ્ત્યે પી લીધેલા દરિયામાં કેવળ વડવાનલ ભડકતો રહે તેમ સૂરજ ભડકતો રહે છે.

બાજુમાં ભૂધર મહેતાનું ઘર છે. બપોરે ભૂધર મે’તા ને જેશંકર ઓટલે બેસી ગામગપાટા મારે છે. જાડા, કાળા, મહાદેવના લિંગ જેવા ભૂધર મે’તા આગળ જેશંકર પાતળો, ગોરો ને જરા બુદ્ધિશાળી લાગે છે. એમના શબ્દો મારે કાને અથડાતા રહે છે.

થોડી વાતો ગોરપદાની ને જજમાનવૃત્તિની ચાલે છે. જેશંકરના કોક અમદાવાદના જજમાનને ત્યાં ‘એઈ ને ચાંપ દાબી કે ઓરડો તો જાણે શિયાળાની રાત’ એવું મશીન છે, એની વાત ચાલે છે.

‘આ સંક્રાત પછી કે’ છે કે ભારે ધરતીકંપ થવાનો છે.’ જેશંકર કહે છે. જેશંકરની દુનિયામાં જજમાન ને પંચાંગ એ સિવાય બીજું કંઈ નથી. પંચાંગમાંથી વાંચેલી આ ખબરો એ ભૂધર મે’તાને સંભળાવે છે.

ભૂધરકાકા જરા ગળું ખોંખારી પૂછે છે, ‘હેં અલ્યા, આ પંચાંગમાં કંઈ લૉટરીનો નંબર લાગે ખરો કે?’

જેશંકર હસે છે. એક ગામડાના માણસમાં જ સંભવી શકે તેટલી નિર્દય સ્પષ્ટતાથી કે’ છે, ‘રહેવા દો કાકા, તમારે ક્યાં વાંસે ખાનારા છે તે ઉપાધિ કરો છો?’

ક્યારેક મારા દવાખાના તરફ શબ્દો દોડી આવે છે.

‘અલ્યા જેશંકર, નક્કી માનજે હોં, આ દાક્તરમાં કાંક ગોટાળો છે. નકર શૅ’રની કમાણી મૂકી કોઈને આંઈ શું દાટ્યું હોય તે દોડ્યો આવે?’

હું આવ્યો તે પછીની અનેક બપોરોએ આ વાર્તાલાપ જુદા-જુદા શબ્દોના સ્વાંગમાં હાજર થયો છે. કોઈ વાર ભૂધર મે’તાનાં પત્ની બારણામાં બેસી સાથ પુરાવે છે. અગણિત બપોરો ભૂધર મે’તાના પિતામહોની આમ જ વીતી હતી. ભૂધરની પણ વીતતી રહી. સમય બાજુ પરથી સરકતો હતો, આ માનવીઓ પર કોઈ હસ્તછાપ મૂક્યા વગરનો.

એક બપોરે જ્યોત્સ્ના આવી. એણે અને શંકરે ગામમાં ફરી-ફરી થોડા લોકોને ને વિશેષ તો સ્ત્રીઓને એકઠાં કર્યાં.

આ હતો આરોગ્યના વર્ગનો પહેલો દિવસ. કુતૂહલ, તમાશાવૃત્તિ કે મશ્કરીના ભાવથી થોડાં એકઠાં થયાં. શંકરે સહુને ત્યાં ભેગાં થવાનો ઉદ્દેશ સમજાવ્યો. ઘણાં સમજ્યાં. ઘણાં જ્યોત્સ્ના તરફ તાકી રહ્યાં. જ્યોત્સ્નાને ભાષાની મુશ્કેલીય હતી. એ થોડું-થોડું હિન્દીમાં શંકરને સમજાવતી હતી. શંકર એનો કઢંગો ગુજરાતી અનુવાદ કરતો.

'આપણું શરીર એ ભગવાનની દેન છે. એને સ્વચ્છ રાખવાની આપણી ફરજ છે. રોજ સવારે દાંત સાફ કરવા. શરીરને ચોળીને નાહવું, કપડાં બરાબર ધોવાં...'

થોડી સ્ત્રીઓ મુગ્ધભાવે તો થોડી મૂર્ખભાવે સાંભળી રહી. મંડળને છેડે ભૂધર મે'તાનાં સ્થૂળકાય પત્ની સરસ્વતીકાકી પણ બેઠાં હતાં. એમની નજર શારડીની માફક જ્યોત્સ્નાને વીંધતી હતી.

બીજે દિવસે બધાંને આવવાનું કહી અમે દવાખાના તરફ આગળ વધ્યા. ભૂધરમે'તા ને સરસ્વતીકાકી થોડે દૂર અમારી પાછળ જ આવતાં હતાં. ભૂધરકાકા કહેતા હતા, 'નવરાં બેઠાં ઠીક ટીખળ શોધી કાઢ્યું છે. કે'છે જીવડાંને લીધે માંદાં પડીએ! હું કહું છું કે મારી માતાનું સાચ ભારી છે. આ વરસે ઓલ્યા સ્વામીજીએ હરિજનને આશ્રમમાં ઘાલ્યો, આ ઈનું પાપ છે. આ દુષ્કાળ, આ રોગચાળો ઈ કાંઈ જીવડાં કરે છે? હાલી મળ્યાં છે...'

ત્યાં સરસ્વતીકાકીનો ધારદાર અવાજ ભૂધર મે'તાના અવાજના કડાક દઈને કટકા કરતો સંભળાયો.

'બેહી ર્યો છાનામાના. ઈ ભણેલાં-ગણેલાં નવરાં ને તમે પંડે બહુ કામઢા ભારી! આ ઘેર-ઘેર ખાટલા હતા, ઈમાંથી સઉને બેઠાં કર્યાં છે ઈ આ દાગતરે કે બીજા કોઈએ?'

'ચૂપ મર'... ને ગાળ.

'ખબરદાર જો મને કાંઈ કીધું છે તો, હા! મારા બાપાના જજમાનના રોટલા ખાવ છો ઈ ભૂલતા નહિ, હા!' સરસ્વતીકાકીનો પ્રચંડ અવાજ. એમનો વાર્તાલાપ સાંભળતો શંકર હસી પડ્યો. જ્યોત્સ્ના સમજી નહિ પણ મારી તરફ પ્રશ્નાર્થભરી નજરે જોઈ રહી.

સાંજે જ્યોત્સ્ના બાબાના આશ્રમમાં ચાલી ગઈ. જતી વખતે એણે પૂછ્યું 'દવાખાનામાં તમારે મારી જરૂર છે? હું રોકાઉં?'

'ના. ખાસ નથી. રુટિન વર્ક છે. ડ્રેસિંગ, શરદી, ઉધરસ. અહીં હજુ સુધી કૉમ્પ્લિકેટેડ કેસીસ નથી આવ્યા એટલી ભગવાનની મહેરબાની છે.'

'હું જાઉં?' એણે ટપ્પામાં બેસતી વખતે મને ફરી પૂછ્યું. એ અવાજમાં એક વ્યાકુળતા હતી જે મને સ્પર્શી ગઈ. જ્યોત્સ્ના એકલી હતી. આ જીવનમાં એકલે હાથે આ ક્ષણોને શૂન્યતામાં ઓગાળી નાખવી સહેલી નથી. હું એ જાણું છું. કિન્નરીની ક્ષણો ઓગળતી નથી. અનેક લહેરો પર, તરંગો પર નાચતાં સૂર્યકિરણો જેવી એ દેદીપ્યમાન છે. મોજાંઓને કોઈના સાંનિધ્યની જરૂર નથી. એમને માટે તો કિનારા પર અફળાવું જ બસ છે.

હું ચોંક્યો. જ્યોત્સ્ના દૂર-દૂર થતી જતી હતી. મારી અસભ્યતા માટે હું શરમાયો.

રાતના જમી-પરવારી હું બહાર ફળિયામાં બેઠો હતો. નાનકડો લૅમ્પ જલાવી કડવી કુંભારણના પેટના દર્દ માટે એક પુસ્તક ઉથલાવતો હતો.

પેટમાં ચાંદું હતું એ સ્પષ્ટ હતું. વારે-વારે પેટમાં દુખાવો થઈ આવતો. એકાદ વાર લોહીની ઊલટીનો પણ હિસ્ટ્રી હતો, પણ આ રોગીઓ રોગમાં સામે ચાલીને ભરખાવા જતાં. અત્યંત તીખો ખોરાક, ન દહીં, ન દૂધ, ન કોઈ દવા.

કડવીનો એક્સ-રે કઢાવવાની પણ જરૂર મને ન લાગી. નિદાન કર્યા પછીય હું એને એના રોગની ઉગ્રતામાંથી ક્યાં બચાવી શકવાનો હતો?

ત્યાં અધખૂલી ડેલી ખોલી કોઈ અંદર આવ્યું. અંધકારમાં હું ઓળખી ન શક્યો. લૅમ્પ

ઊંચો કરી મેં જોયું તો સરસ્વતીકાકી.

કાકી મૂંઝાઈને હતાં ત્યાં જ ઊભાં રહ્યાં.

'આવો, બેસો.' મેં ઊઠી જઈ મારી ખુરશી બતાવી.

પણ આ શહેરી સભ્યતાએ ઊલટાં એ ગૂંચવાયાં ને થોડી વારે 'અંઈ જ ઠીક છે' કહી ઓસરીનાં પગથિયાં પર બેસી ગયાં.

એમની બોલવાની રાહ જોતો હું મૂંગો બેસી રહ્યો. કાકીએ આમતેમ જોયું ને પછી પૂછ્યું :

'દાક્તર બાઈ ગયાં?

'કોણ દાક્તર બાઈ?'

'આજે હતાં ને– ઓલ્યું બોલવામાં?'

'જ્યોત્સ્ના. ઓહ! એ દાક્તર નથી ને એ અહીં રહેતાં નથી. તમારે એમનું કંઈ કામ હતું?'

ઓસરીમાં આછો અંધકાર હતો. બહાર ફળિયામાં લીમડો આછો-આછો ઝૂલી રહ્યો હતો. ઉપર અસંખ્ય તારાઓ સહસ્ર આંખેથી સહસ્ર હાથવાળાની આ સૃષ્ટિ જોઈ ટમટમતા હતા. કાકીની મારા તરફ પીઠ હતી. એ પોતાની જાત જોડે વાત કરતાં હતાં. 'દાગતરબાઈ હોત તો ઠીક થાત. પણ તમેય દાગતર મા-બાપ જ કે'વાય. એમાં લાજશરમ શાની? કે'વું છે તે કઈ જ નાખવું...'

મારા તરફ ફરી એ બોલ્યાં, 'છોકરાં થાય એવી દવા હોય તો આપો ને?'

હું એ સવાલ માટે તૈયાર ન હતો. પણ જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાતાં અનેક દર્દીઓએ અનેક વિનંતીઓ મને કરી હતી. માણસના સ્વભાવનાં દલેદલ કોણ ઉકેલી શકે? નહીંતર બે ચોપડી ભણેલાં, વહેમી પતિને પનારે પડેલાં સરસ્વતીકાકીમાં એવડી હિંમત ક્યાંથી આવી કે આટલી મોડી રાતે એ અહીં આવી શક્યાં?

'કેટલી ઉંમર છે તમારી?'

'લગભગ પાંતરીશ થયાં, ગામલોક મૂઉં 'કાકી' 'કાકી' કરે એટલે ઘરડામાં ખપી ગ્યાં, બાકી...'

એમના પરિણીત જીવનની થોડીઘણી વિગતો મેં પૂછી. કાકીએ સ્વસ્થતાથી જવાબો આપ્યા.

'મુંબઈમાં કોઈ ઓળખીતું છે તમારું?' મેં પૂછ્યું.

'હા, મારો મસિયાઈ ભાઈ રહે છે.'

'હું ચિઠ્ઠી લખી આપું તે ડૉક્ટરને તમે ત્યાં જઈને મળો. એ તમને બરાબર તપાસી દવા આપશે. જો જરૂર હશે તો ભૂધરકાકાને પણ પછી તપાસવા પડશે.'

આછા અજવાળામાં કાકીનું મુખ હું બરાબર જોઈ શક્યો નહિ, પણ મને લાગે છે તે સવારના કોમળ તડકા જેવું મધુર, સુખમય અને આશાવંત હોવું જોઈએ.

એમના ગયા પછી હું બહુ વાર વિચાર કરતો બેસી રહ્યો. કિન્નરી, જ્યોત્સ્ના, અપર્ણા, સરસ્વતીકાકી... કેટકેટલાં રૂપોમાં હું સ્નેહને પામ્યો છું! પાછું કંઈક વાળવાની મારી અશક્તિ જાણ્યા પછી પણ એ સ્નેહવર્ષા અતૂટ જ રહી છે.

કિન્નરીના હાસ્યથી આ ઠંડી થતી રાત હૂંફાળી બને છે. જ્યોત્સ્ના... મારા અંગમાં એક આછી ધ્રુજારી પસાર થઈ જાય છે. ના... ના... રામનાથન વગરના જીવનમાં એ વ્યાકુળ બની ગઈ છે. એની વ્યાકુળતા શમી જશે. એનો પ્રેમ ધીરે-ધીરે ફરી એને જિંદગીમાં સ્થાપિત કરશે જ. જ્યોત્સ્ના અત્યારે પળભરનો વિસામો શોધે છે.

કિન્નરીના વિચારે હું જરા ઉત્તેજિત બની જાઉં છું. શરીર તડપવા લાગે છે. રાતની આછી ઠંડી આગ પ્રગટાવે છે.

મોડી રાતે અચાનક ડેલીની સાંકળ ખખડી. સાથે-સાથે એક ઘોઘરો અવાજ પણ ભળ્યો, 'દાગતર-સા'બ!'

કૂતરાં એકસરખાં ભસતાં હતાં. કોઈક શિયાળવાનું રુદન કારમી રાતની હવામાં ઘૂમરાઈને વહી ગયું. છાતી કશા ભાર નીચે ભીંસાવા લાગી.

લાઇટ કરી મેં ડેલી ખોલી. બહાર ભગો ઊભો હતો, કડવીનો વર. હવાનો સુસવટો પસાર થઈ ગયો. હું બે ડગલાં પાછળ હટી ગયો. દેશી દારૂની ઉગ્ર વાસથી વાતાવરણ ભરાઈ ગયું.

ભગો પગ પર સ્થિર ઊભો રહી શકતો ન હતો. આધાર માટે એણે ડેલી પર હાથ દીધો, હાથ ખસ્યો ને મારા પર પડ્યો, 'દાગતર સા'બ, કડવીને કાંક થઈ ગયું છે. ઝટ હાલો.' એની હાલતે મને ચીડ ચડી.

'તું જા. હું આવું છું.' મેં કહ્યું ને હું અંદર ગયો.

શેરીઓના આછા અજવાળામાં, ગંદકીના ને સુકાયેલા કાદવના ઢગ વચ્ચેથી મારગ શોધતો હું ગામને નાકે પહોંચ્યો. હાથમાંની લાકડીથી કૂતરાનું ભસતું ટોળું સલામત અંતરે દૂર ઊભું રહ્યું.

'ભગા!' મેં ભગાના ખોરડા આગળ જઈ સાદ દીધો. રાત સૂમસામ રહી. કોઈ અવાજ, કોઈ હોંકારો સંભળાયા નહિ. બહાર ને ઘરમાં બધે જ ઘોર અંધારું હતું. ભગો કદાચ અહીં સુધી પહોંચી શક્યો ન હતો. મારા ઘર આગળ જ ક્યાંક નશામાં ચૂર પડ્યો હોવો જોઈએ. મેં વધારે મોટેથી બૂમ પાડી. કોઈ જવાબ ન મળ્યો.

ત્યાં બાજુના ઘરમાંથી અવાજ આવ્યો, 'કુણ ઈ?' ને સાથે હાથમાં ટૉર્ચ લઈ કોઈ જૈફ આદમી બહાર આવ્યો.

અમે બંને ભગાના ઘરમાં ગયા. માટીના ખોરડામાં માટીની ચાર દીવાલો જડબું ફાડી ઊભી હતી. ફળિયામાં માટીનો મોટો ડુંગર રાતમાં અંધારાના ઢગલા જેવો લાગતો હતો. ઘરમાં કશું રાચરચીલું હતું નહિ. બહાર નજર ફેરવી અમે અંદર ગયા. ટૉર્ચના અજવાળામાં કડવીનો મૃતદેહ જણાયો. એક નિસાસો નાખી પેલો માણસ બોલ્યો : 'વાસણકૂસણ વેચીનેય મારાં બેટાં પી ગ્યાં લાગે છે!'

'કોણ?' મેં પૂછ્યું.

'ભગો તો ખરો જ, પણ આ... કડવી ઈને રવાડે ચડેલી! તો બૈરાં માણસના પેટમાં દારૂથી આગ લાગે કે બીજું કંઈ?'

કડવી ચત્તીપાટ પડી હતી. એના મૃતદેહની બાજુમાં કાળાં ધાબાં જણાયાં. એ એની મૃત્યુની સાક્ષી એવી લોહીની ઊલટીઓ હતી.

અલ્સરમાંથી ખૂબ ઇન્ટર્નલ હેમરેજ થયું હશે. અગનપીડા ઊપડી હશે. કદાચ એટલી જ પળોમાં મૃત્યુનો શીતળ હાથ પણ એના પર ફરી વળ્યો હોય!

કમકમાં ઊપજે એવું દૃશ્ય હતું. અમે બંને સ્તબ્ધ ઊભા રહ્યા.

'હાલો બા'ર. કર્યાં ઈ ભોગવે કે બીજું કંઈ?' પેલાએ મને ખેંચી બહાર આણ્યો.

કડવીનું મૃત્યુ ગામમાં ચકચાર જગાવી ગયું. બીજે દિવસે અમારા આરોગ્યના વર્ગમાં સારી એવી હાજરી હતી. એમાંના ઘણાખરા તો કડવીના મૃત્યુના સમયે હું હાજર હતો એ હિસાબે મને જ જોવા આવેલા એવું મને લાગ્યું.

જ્યોત્સ્નાના કહ્યા પછી શંકરે એ ગુજરાતીમાં સમજાવ્યું.

'પાણી એ ભગવાને આલેલો આશરવાદ છે. એમાં ગંદકી ન કરવી જોઈએ. કૂવા આગળ કપડાં ધોવાં, નાહવું વગેરે ખરાબ છે. પાણી હંમેશાં ઉકાળીને પીવું, કારણ કે પાણીમાં જંતુઓ

હોય છે.'

થોડાંક મોં આડો હાથ દઈ હસતાં હતાં, કે મને એવું લાગ્યું? થોડાંક મોં ફાડી સાંભળી રહ્યાં હતાં. પાણીમાં જીવડાં હોય તો દેખાતાં કેમ નથી એવો બાલિશ પ્રશ્ન કોઈના મનમાં ઊઠ્યો હોય તોય પૂછ્યો નહિ એટલું અમારું સદ્ભાગ્ય હતું. આ સહુમાં આગળ બેઠેલી એક છોકરીએ મારું ધ્યાન ખેંચ્યું. શ્યામ પણ તંદુરસ્તીની આભાવાળી એ છોકરી ચબરાક હતી. એના મોઢા પર બુદ્ધિજન્ય સ્વસ્થતા હતી.

શંકરનું બોલવાનું પૂરું થયું ત્યારે એણે ઊભા થઈ કહ્યું : 'પાણી પીવાથી માણસ મરી નથી જતો, પણ દારૂ પીવાથી માણસ મરી જાય છે. તો એનું કાં'ક કો'ને! તમે કહો કે કોઈએ દારૂ જ ન પીવો.'

'આ નિમુડી તો...' કહેતાં બે-ચાર જણા પ્રશંસાપૂર્વક એને જોઈ રહ્યા. થોડી સ્ત્રીઓ અમારા તરફ તાકી રહી, એ ધારણાથી કે અમે નિમુડી પર ગુસ્સે થશું. પણ નિર્મળા ખરી હતી. આ એક મહિનામાં ગામનાં ઘણાંખરાં ઘરોમાં મેં આ દારૂનું ઝેર ફેલાતું જતું જોયું હતું. પૂરતા પોષણ વગરનાં શરીરોમાં, ઉનાળાના ધોમ ધખતા તડકામાં કામ કરતા ખેતમજૂરોનાં અંગોમાં આ દેશી દારૂ કોઈ વિષધરની માફક પોતાનું ઝેર ફેલાવી રહ્યો હતો. આજે એ કહેવાનો મોકો હતો.

– કે એ વાત કહેવાની જરૂર હતી? 'તમે લોકો'થી શરૂ થતી વાતમાં લોકોને મારી વાતમાં મારી સૂગ ને મોટપ નહિ લાગે?

પણ ના, ડૉક્ટર તરીકે મારી ફરજ હતી. બાબાએ કહેલું તેમ જ્ઞાનનાં બી ચારે બાજુ વેરતા જાઓ. ક્યાંક અનુકૂળ ધરતી, અનુકૂળ હવામાન મળતાં ઊગી નીકળશે.

મેં ટૂંકાણમાં દારૂના ગેરલાભ વિષે સમજણ આપી ને દારૂથી થતું નુકસાન સમજાવ્યું. આઘે બેઠેલા પુરુષોનાં માથાં હકારમાં હલતાં હતાં... 'સાવ સાચું' કહેતાં, એ ડોકાં ધુણાવતા હતા. પણ હું છેતરાઉં એવો ન હતો. રાત પડતાં કોઈની વાડીએ આ જ ભાષણની ચર્ચા દારૂ પીતાં-પીતાં જ થશે એવું પણ મને લાગ્યું.

ઊંડા વિષાદ અને અશ્રદ્ધાથી મારું મન વિષણ્ણ બની ગયું. મેં બોલવાનું બંધ કર્યું.

ધીરે-ધીરે બધાં વીખરાવા લાગ્યાં. હું, જ્યોત્સ્ના ને શંકર દવાખાના તરફ વળ્યાં. નિર્મળા અમારી પાછળ-પાછળ આવી... 'હાલો મારે ઘેર,

ચા-પાણી પીવા.' એણે આગ્રહપૂર્વક કહ્યું ને પરાણે અમને એને ઘેર લઈ ગઈ.

નિર્મળાના પિતા કમળાશંકર અમદાવાદની હાઈસ્કૂલમાં હેડમાસ્તર હતા. નિવૃત્ત થયા પછી અહીં આવી વસ્યા હતા. નિર્મળા એમની એક જ દીકરી હતી. મૅટ્રિક સુધી તો અમદાવાદ કરાવ્યા પછી આગળ ભણાવવાની જોગવાઈ એ કરી શક્યા ન હતા, એટલે નિર્મળા ઘરમાં રહી અંગ્રેજીનો થોડોઘણો અભ્યાસ કરતી હતી.

નિર્મળાએ અમારી ઓળખાણ આપી. કડવીનો પ્રસંગ પણ એણે વિગતવાર કહી સંભળાવ્યો. હું ખરેખર નવાઈ પામ્યો. તે અંધારી રાતે, કડવીના મૃત્યુના અમે બે જ સાક્ષી, છતાં પૂરેપૂરી સંપૂર્ણ વિગતો આખા ગામમાં કેવી ઝડપથી ફેલાઈ ગઈ હતી!

કમળાશંકર નિસાસો નાખી બોલ્યા, 'ડૉક્ટર, આ બધો કોઠી ધોયે કાદવ કાઢી શું કામ છે?'

'કેમ, લોકોને આ બધું સમજાવવાની જરૂર નથી?' મેં કદાચ એમને પૂછ્યું, એ કરતાં મારી જાતને વધારે પૂછ્યું.

'છે, જરૂર છે. પણ ભાઈ, જ્યાં સરપંચ આ ધંધો કરે ને પોતાની જ વાડીમાં ભઠ્ઠી ચલાવે ત્યાં ગામલોકોને ઉપદેશ આપ્યે શો ફાયદો?'

હું ભોંઠો પડ્યો. મને મારી જાત પર હસવું આવ્યું ને ગુસ્સો પણ. કેટલી સહેલાઈથી આ ગામલોકોને હું સુધારી શકીશ એ મારા બાલિશ ખ્યાલો પર ને મૂર્ખાઈ પર હસ્યો. ઉપરાંત આટલી નાદાનિયત માટે ગુસ્સો પણ થયો!

‘પણ આપણે સરપંચને સમજાવીએ તો?’ જ્યોત્સ્નાએ પૂછ્યું.

‘સરપંચ તમને સમજાવશે. ગયે વર્ષે આ ગામમાં ટપૂડાનું ખૂન થયું ને ગામના જૂના માસ્તર બદલીની રાહ જોયા વગર ભાગી ગયા તે તમે ક્યાંથી જાણો?’

થોડી વાર અમે ચૂપ બેઠાં. એક નિસાસો નાખી કમળાશંકરે કહ્યું, ‘માફ કરજો, ડૉક્ટરસાહેબ, મને લાગે છે કે તમને આવું મારે કહેવું નહોતું જોઈતું. આપણા શાસ્ત્રમાં તો આંગળી ચીંધ્યાનું પણ પુણ્ય છે. તમારા બે સારા શબ્દો કો’ક દા’ડો તો કો’કના હૃદયમાં ઊતરી જાય ને વખત આવ્યે ઊગી નીકળે. બાકી આ બદીમાં તો ગામ ખુવાર થાય છે હો!’

મને ચંદ્રમૌલિ યાદ આવ્યો. એ અંતિમ દિવસો, મરિયમનો ઉદાસ ચહેરો ને માતાજીની સ્તુતિ યાદ આવ્યાં. ને ચંદ્રમૌલિ પાસેથી વેદમંત્રો સાંભળવા તત્પર રામનાથન મારી આંખો આગળ તરવરી રહ્યો. મેં જ્યોત્સ્ના તરફ જોયું. એ સ્વચ્છ, કુમકુમવિહોણા ચહેરા પર એક પાતળું આવરણ હતું. એ શું વિચારતી હશે? ખરેખર એ આખી જિંદગી આ આશ્રમમાં જ વિતાવી દેશે?

ઘણાબધા વિચારોથી હું ઘેરાઈ જાઉં છું. ધીરે-ધીરે ડહોળાયેલું પાણી સ્વચ્છ થાય છે ત્યારે અંતર જરા સ્વસ્થ છે. ના… ના… આ ગામમાં મૂળ ફેલાવવાં છે. ગામને આરોગ્યની સમજ ને શારીરિક સ્વચ્છતાનો ખ્યાલ આપવો છે. સરપંચની ભઠ્ઠીમાં સિઝાતાં અનેકાનેક માણસોને કોઈકે તો બચાવવાં જોઈએ.

‘તમારી વાત ખરી છે, સાહેબ, બાબાએ પણ એ જ કહેલું.’ મેં કહ્યું.

‘આ ગામમાં આ સ્વામીજી વસે છે એ એમનું દુર્ભાગ્ય છે.’ કમળાશંકર બોલ્યા.

‘કેમ?’

‘એમની શક્તિ ગામના વિરોધોને હટાવવામાં ખર્ચાઈ જાય છે. એ ખ્રિસ્તી હોત તો સ્વાઈત્ઝર બની શકત. હિંદુ છે માટે હજી એમને આપણે બે બદામડીના સ્વામીજી ગણ્યા છે.’

નિર્મળા ચા લાવી. ચા પીતાં-પીતાં જ્યોત્સ્નાએ પૂછ્યું, ‘એવું નથી લાગતું કે આપ આપના ગામને અન્યાય કરી રહ્યા છો? આપણા ધર્મમાં તો ઊલટું સાધુ-સંન્યાસીઓનો બહુ મહિમા કરવામાં આવ્યો છે.’

કમળાશંકરે એક નિસાસો નાખી એમના ટેબલ તરફ હાથ ફેલાવ્યો. એ ટેબલ પર વિવેકાનંદ અને બીજા થોડા ચિંતકોનાં પુસ્તકો હતાં.

‘આ જો, બહેન, આ મહાપુરુષો આ દેશની ધરતીમાં ક્યાંક જીવતા હોય તેવું લાગે છે? આપણા ઋષિઓ સેવા ને ત્યાગ ને તપસ્યા પર માનવીના મોક્ષનું મંદિર રચી ગયા છે, પણ આપણા લોકોએ તો પસંદ કર્યો છે ચમત્કારોનો માર્ગ. ચપટી વગાડતાં અમારી એષણાઓ ને તૃષ્ણાઓ તૃપ્ત કરે તે જાદુગર એ જ અમારો સાચો ભગવાન! એ જ સાચો સાધુ!’

નિર્મળા હસી પડી. તે બોલી :

‘ડૉક્ટરસાહેબ, આ ધંધો છોડી એકના બે કરતાં શીખી જાઓ. ગામ આખું… અરે, દેશ આખામાં તમારા લાખો ભક્તો ફૂટી નીકળશે, નહિતર હવામાં હાથ વીંઝી કાંક પ્રસાદ પેદા કરી લોકોને આપતા જાઓ, તો તમારા આશ્રમોમાં કીડિયારાની જેમ માણસો ઊભરાશે.’

હસતાં-હસતાં અમે છૂટાં પડ્યાં. મન જરા હળવું થયું. લાગ્યું : ઘણે દિવસે ક્યાંક બેસીને, વિષાદ, ચિંતા કે કંટાળાના બોજ વગર જ થોડી વાતચીત કરવા મળી છે.

દવાખાનામાં પહોંચ્યાં ત્યારે બપોર આથમવા લાગી હતી. કલાકેકમાં અહીં ધીરે-ધીરે,

કોઈ વિશ્વાસથી, કોઈ ઉદાસીનતાથી, કોઈ મને જોવા ખાતર દવા લેવા આવશે. મારી સ્વચ્છતા અને આરોગ્યકારક ટેવો વિશેના બે શબ્દો સાંભળશે. દરદીનાં કપડાં જુદાં રાખવાં કે ડિસઇન્ફેકટન્ટમાં પલાળવાં એવું કહેવાનું તો મેં છોડી દીધું છે. પણ કદાચ કોઈ વાર કહેવાઈ જાય તો સામે ચીતરાયેલું બાઘામંડળ મને વ્યગ્ર કરતું નથી. ઝાડા-પેશાબની તપાસની જરૂર હોય તો વહેલી સવારે આવવાની હું સૂચના કરું છું. કોઈ કહે છે, 'હાય- હાય! ઈ ગંદવાડો તમે ચૂંથશો?' એ મોં બગાડે છે. 'ગામની શેરીઓમાંથી એ ગંદવાડો કેમ હટાવતા નથી?' એવું મને પૂછવાનું મન થઈ આવે છે. પણ ઉત્તર સાંભળવાની મારી ઇચ્છા નથી. આ ગામમાં મોડી રાતે ફાનસ કે ટૉર્ચ લઈ કોઈ જતું નથી. રખે ગામ બહાર ગયેલી સ્ત્રીઓની આબરૂ જાય!

તડકો થોડો કુમળો પડ્યો છે, પણ ગરમી અંગોને દઝાડે છે. રૂમાલ ભીનો કરી મોં પર ઢાંકી રાખી જ્યોત્સ્ના થોડી વાર બેસી રહી.

બંધ ઘરમાં ઉકળાટ વધુ લાગે છે. બારી ખોલતાં ગરમ હવા અને ધૂળ ધસી આવે છે. ફળિયામાંનો લીમડો અનેક ડાળો ઝુલાવતો, તડકા સાથે સંતાકૂકડી રમે છે.

જ્યોત્સ્ના મોં પરથી રૂમાલ હટાવી ઊંચું જુએ છે. હું ક્ષુબ્ધ બની એને જોઈ રહું છું. જ્યોત્સ્નાનો આ દેહ, દેહના આ મરોડો, ગરમી, આ બંધ ઓરડો એકસાથે બધું ભૂમિતિની અનેકાનેક આકૃતિઓ સર્જતું લાગે છે. મારી છાતી હાંફવા માંડે છે. કિન્નરીનો માંસલ દેહ મને સ્પર્શતો, દઝાડતો... ને એક ભીંસ આજ મારાં અંગો પર અનુભવું છું.

જ્યોત્સ્ના મારી તરફ જોઈ રહી છે, નિષ્પલક. એ ઊઠીને મારી પાસે આવે છે. મારી પાસે, મને અડીને ઊભી રહે છે. સહેજ પણ વ્યાકુળતા વગર એ મારો હાથ હાથમાં લે છે, ચૂમે છે. મારી આંખોમાં પ્રગટેલો હુતાશન એની આંખોમાં ભડકતો જોવા હું મથું છું ને...

'રજત!' જ્યોત્સ્નાનો અવાજ શાંત, સ્વસ્થ જાણે હવામાંથી પ્રગટે છે.

'રજત, તું મને એક બાળક આપશે?' ઘૂંટણિયે બેસી પડી એ મારી તરફ તાકી રહી છે. એની આંખોમાં રણના ખડકોની વ્યાકુળતા છે. એના મુખ પર ધરતીની યુગો-સંચિત તરસ છે.

ઊતરતા ઉનાળાની બપોરે ધૂળની ડમરી ચડી છે. ડેલી સાથે માથાં પછાડતો, લીમડાને અટ્ટહાસ્યથી ભરી દેતો પવન ઘૂમરાય છે. હું બેભાન જેવો જ્યોત્સ્નાને જોઈ રહ્યો છું.

'રજત, નદીના સૂકા કિનારા જેવું આ જીવન છે. ભરપૂર પાણી વહી જાય છે પણ કિનારાની પ્યાસ બુઝાતી નથી... મારી આજુબાજુથી જિંદગી વહી જાય છે, મને સ્પર્શ્યા વગરની. મારો કોઈ અંશ એમાં તણાતો નથી, બચવાનો નથી. મારા અસ્તિત્વની સઘળી નિશાનીઓ કોઈ અદૃશ્ય હાથ ભૂંસી નાખે તે પહેલાં મને એક વાર જીવી જવું છે, મારા બાળક દ્વારા.'

જ્યોત્સ્નાના શબ્દે-શબ્દે આ સૃષ્ટિ વિસ્તરતી જતી હતી. સામે બેઠેલી સ્ત્રીમાં અત્યારે છે મનુષ્યની શાશ્વતીની ઝંખના – નિજનો વિસ્તાર.

એ જગતમાત્રનું માતૃત્વ હતું. એક પિંડમાંથી બીજો પિંડ સર્જવા આતુર એવી કુદરતની પ્રચંડ શક્તિ.

જ્યોત્સ્નાને કેવળ કરુણા આપી દઈ દાનના ટુકડા વડે અપમાનિત કરવા હું ઇચ્છતો નથી.

એક નિઃશ્વાસ મારા અંતરમાંથી સરી પડે છે. જ્યોત્સ્નાનો હાથ છોડાવી હું લીમડા આગળ જઈ ઊભો રહું છું. અનેક નવાં કૂણાં-કૂણાં પાંદડાંઓ ઘેરાં, રાતાં ને લીલા રંગનાં ડાળીઓ પર ચોંટી પડ્યાં છે, માને બાઝી પડેલા ગર્ભની માફક. લીમડાની સૂકી કઠણ ડાળીમાં આટલાં કોમળ પાંદડાં સર્જવાની દૈવી શક્તિ મને વિસ્મિત કરે છે.

જ્યોત્સ્ના મારી પાછળ થોડે દૂર ઓસરીના થાંભલાને અઢેલી ઊભી છે, શાંત, અચલ.

એના નિરભ્ર આકાશ જેવા મુખ પર એક સ્વસ્થ સંકલ્પ સિવાય બીજું કંઈ જણાતું નથી. પળ પહેલાંની વ્યાકુળતા શમી ગઈ છે. હું સમજું છું જ્યોત્સ્નાની વાતને.

એમાં કશુંય ઘૃણાસ્પદ નથી, કોઈ પાપ નથી. થાંભલાને અઢેલીને ઊભેલી એ નારીની યાચનામાં વાસનાનો કીચડ નથી, છે માત્ર જગતના તંતુને લંબાવનાર કોઈ પ્રબળ વિરાટ શક્તિનો અંશ.

જ્યોત્સ્ના ધીરેથી પગથિયાં ઊતરે છે. મારી સમીપ ઊભી રહી એ કહે છે, ‘રજત!’ હું એના તરફ જોઉં છું, નજર હટાવી દઉં છું.

‘રજત, રામના મૃત્યુ પછી, હું પિતાને ગામ ગઈ. મને લાગ્યું કે બધું બરાબર થઈ જશે. મારું દુઃખ વીસરાઈ જશે. પતિ સાથેનું જીવન એક સુખદ સંભારણારૂપે સાચવી હું ફરી આગળ વધીશ. ફરી કાવ્યો લખી શકીશ.

પરંતુ ત્યાં ગયા પછી મને લાગ્યું કે મારે મારું અનુસંધાન અતીત સાથે નહિ પણ અનાગત સાથે સાંધવાનું છે. મારું ભવિષ્ય મારા શૂન્ય હૃદયમાં ગૂંગળાઈ મરે તે પહેલાં મારે બહાર નીકળી જવું જોઈએ. સ્વામીનો આશ્રમ યાદ આવ્યો. પતિએ જ્યાં દેહ છોડ્યો ત્યાંથી જ ભવિષ્યના તાર ખેંચવાનું નક્કી કરી હું પાછી ફરી.

આજે, આ એકાંતમાં જે બોલાઈ ગયું તે માટે હું તારી માફી માગતી નથી. જેને સ્વજન ગણ્યા એની આગળ આવરણ શાં?’ એના સ્પષ્ટ અંગ્રેજી ઉચ્ચારોનો રણકો હવામાં ફેલાઈ રહ્યો.

થોડી વાર ચૂપ રહી એક નિઃશ્વાસ નાખી એ બોલી, ‘પણ અત્યારે આ વૃક્ષ આગળ તને ઊભેલો જોયો ત્યારે મને લાગ્યું કે, રજત, તું આ ગામની ધરતીમાં હજી ઊગી રહ્યો છે. આ વૃક્ષની જેમ તું વિકાસ પામે, શીળી છાયા પાથરે એવી બાબાની ને મારી આકાંક્ષા છે. ઊગતા વૃક્ષનાં મૂળને કોઈ બંધનથી બાંધી ન શકાય. એને ધીરે-ધીરે ફેલાવા દો. એનો માર્ગ શોધવા દો.’

‘જ્યોત્સ્ના!’ મારો અવાજ કંઠમાંથી બહાર પડે છે ત્યારે મને એ સીસાના ગઠ્ઠા જેવો ભારે, ખરબચડો લાગે છે. સામે ઊભેલી પેલી વ્યક્તિનાં માધુર્ય, મમતા કે સ્નિગ્ધતા સામે એ રુક્ષ, કઠોર ભાસે છે.

‘મને ક્ષમા કરો. તમારું કોઈ અપમાન કરવાનો મારો ઇરાદો નથી. તમારી લાગણીઓ અને સૂક્ષ્મ સમજ આગળ હું વામણો બનું છું. તમે સંવેદનશીલ કવયિત્રી છો. હું એક અરસિક ડૉક્ટર.’

જ્યોત્સ્ના માધુર્ય વરસાવતી હસી પડે છે. ‘રજત!’ એનું હાસ્ય ફળિયામાંની હવામાં ભળી જાય છે. હું ડાળીઓ તરફ જોઉં છું. એ પણ ઝૂકેલી દેખાય છે. આકાશ સ્વચ્છ છે. બપોરના ઉકળાટ પછીની સંધ્યાની સહજ શીતળતા વ્યાપી રહે છે.

‘રજત, માનવ-માનવ વચ્ચેના સંબંધોમાં કોઈ વિરાટ નથી, વામણું નથી. સહુ વિરાટ અને વામણાં બને છે, કેવળ પોતાની લાગણીઓ સાથેના સંઘર્ષમાં. રજત, તમારી પાસેથી કશુંય પામી નથી છતાં તમારા સહવાસે મારી પોતાની પાસેથી પણ હું પામી શકી એ શું ઓછી વાત છે?’

‘જ્યોત્સ્ના… મને શરમિંદો ન કરો, પ્લીઝ.’ હું આગળ બોલવા જતો હતો ત્યાં ડેલીનું બારણું ખખડ્યું.

‘દાગતર સા… બ!’ શંકરની બૂમ સંભળાઈ. દવાખાનું ખોલવાનો સમય થઈ ગયો હતો.

16

જ્યોત્સ્ના ચાલી ગઈ. તે પછી ઘણી સાંજો વીતી ગઈ. લીમડાની ડાળીઓ પર ચંદ્ર ચાંદની વરસાવી ગયો ને પછી કૃષ્ણપક્ષની કાલિમામાં એ અંધકારનો પૂંજ થઈ ભળી ગયો.

બહુ વાર વિચાર કર્યો, બાબાના આશ્રમમાં જઈ જ્યોત્સ્નાની ખબર કાઢવાનો.

પણ પગ પાછા પડ્યા. જઈને શું મોઢું લઈ ઊભો રહું? એ બે કાળી આંખોમાંના ઊંડાણમાં જે અપાર ઉદાસી છે તેનો ભાર હું ઝીલી શકીશ ખરો? એના પછીની સાંજ મારા અંતરમાં એક ભાર બનીને પડી છે.

દિવસો કાળના અનંત પ્રવાહમાં તણાતા જાય છે. શંકરની રજા પૂરી થઈ ગઈ છે ને એ બૉર્ડિંગ સ્કૂલમાં ચાલ્યો ગયો છે. કમળાશંકર ને જગજીવનરામ લગભગ રોજ મળે છે. મને મદદરૂપ થવાની એમની તત્પરતા મને મારા કામમાં નવી શ્રદ્ધા, નવો ઉત્સાહ રેડે છે.

એક સવારે સરપંચ દવાખાને આવી પહોંચ્યા. રુક્ષ્મણી હજુ દવાખાનું સાફ કરતી હતી ત્યાં એ ધબ-ધબ કરતા પ્રવેશ્યા ને પલાંઠી વાળી બેઠા. હું ડ્રેસિંગનાં થોડાં સાધનો ઉકાળતો હતો. ખોંખારો ખાઈ એ બોલ્યા :

‘આ સાલ તમે ન હોત તો ગામ આખું ટાઇફૉઈડમાં ખલાસ થઈ જાત હોં!’

‘હું તો આ વર્ષે છું. બાકી અત્યાર સુધી ગામમાં કોઈ રોગચાળો ફાટે તો તમે લોકો શું કરતા હતા?’ મેં પૂછ્યું.

‘કરવાનું તો શું હોય? શે’રમાં દાગતરને બતાવી આવે, જેની પોંચ હોય ઈ... ને પછી વળી સરકારી દાગતર આવી દવાદારૂ કરતા. પણ આ ગામમાં જ દાગતર, ઈ સગવડ તો ભારી હોં!’

ઝાડુ વાળવાનું છોડી રુક્ષ્મણી તીક્ષ્ણ આંખોએ સરપંચને જોઈ રહી. માથા પરનો છેડો એણે કપાળ પરથી થોડો નીચો ખેંચેલો તોય એના ચહેરા પરનો ગુસ્સો હું કળી શક્યો. એ આંખોનો માર કદાચ સરપંચને વધારે લાગ્યો હશે. એમણે રુક્ષ્મણી તરફ ઘૂરકી કહ્યું : ‘કામ પત્યું હોય તો અંદર જા. મારે દાગતર સાથે ખાનગી વાત કરવી છે.’

રુક્ષ્મણી ઊઠી અંદર ગઈ. જતાં-જતાં એણે મારા તરફ નજર નોંધી. એના ગયા પછી સરપંચ ઊઠી મારી ખુરશી પાસે આવી ઊભા રહ્યા.

‘દાગતર, આ કડવી મરી ગઈ ને, ઈને કાંઈ રોગ હતો?’ મને પૂછ્યું.

‘તમારે જાણીને શું કામ છે?’ મેં સામેથી પૂછ્યું.

‘જાણવું તો પડે ને? હું સરપંચ. કાંક આડુંઅવળું હોય તો મારે પોલીસને કે’વું પડે.’ એમણે દમામથી કહ્યું ને ઉમેર્યું, ‘આંઈના પોલીસવાળાને રવાડે જો ચડ્યા તો દમ કાઢી નાખે હા!’

એ અવાજે હું ચમક્યો. મને કમળાશંકરની વાત યાદ આવી. સરપંચ મને ધમકી આપતા હતા? કડવીના મૃત્યુ પછી ગામમાં એમની ભઠ્ઠીના ઘરાકો ઓછા થયા હતા?

મારા મોઢા ઉપર એમનું વિકરાળ મોઢું ઝઝૂમતું હતું. સ્વસ્થતાથી એમની લાલઘૂમ આંખોમાં આંખો માંડી મેં કહ્યું :

‘એને પેટમાં ચાંદું હતું. દેશી દારૂ પીવાથી એ વણસ્યું ને એ મરી ગઈ. આ દારૂ બનાવનારને જો પોલીસ પકડે તો?’

સરપંચનું મોં ક્રૂર ને સખ્ત બન્યું : ‘હું જો પોલીસમાં ફરિયાદ કરું કે ભળતી દવાને કારણે ઈ મરી ગઈ ને ઈનું મરવાનું સર્ટીફિકેટ ખોટું હતું તો?’

મારા તરફ ઝૂકી એમણે ઉમેર્યું, ‘પાણીમાં રે’વું ને મગર હારે વેર ઈ ન પાલવે. બાકી હું

તમારો દોસ્તાર જ છું.'

પગથિયાં ઊતરી એ સાઇકલ પર ચડ્યા. પૅડલ મારતાં-મારતાં મારા તરફ એણે શબ્દો ફેંક્યા, 'શેરી સાફ રાખો ને પાણી ઉકાળો ને ઈ બધું કે'વું તમારે, બાકી...'

બારણે ઊભો રહી હું એમને જતા જોઈ રહ્યો. ખરું પૂછો તો મારું મન કોઈ ભાવ વગરનું શૂન્ય થઈ ગયું હતું. સરપંચની ધમકીથી કોઈ ભય ઊભો થયો ન હતો તેમ ગુસ્સો પણ ન હતો. બાબા કહેતા હતા કે જ્ઞાનદાન એ અમૂલ્ય દાન છે. કદાચ ક્યાંક એનું બી પાંગરતું હોય. એ વાતનો કદાચ થોડો આનંદ હતો.

પણ... ના, એનો આનંદ પણ નથી. મન ખાટું થઈ ગયું છે, પાછું પડ્યું છે.

મન પ્રયત્નપૂર્વક વાળી લઈ હું ભવિષ્યનો વિચાર કરું છું. આ ગામમાં એકાદ હૉસ્પિટલ બાંધી હોય તો– સુસજ્જ, સર્વ સગવડવાળી. તો માત્ર આ જ ગામ નહિ, આજુબાજુનાં અનેક ગામોને એક કેવડો મોટો આશીર્વાદ મળે!

કોણ પૈસા આપે? કોઈ ટ્રસ્ટ? કોઈ સરકારી સંસ્થા?

ધનજી સુતારની માને છેલ્લા ત્રણ દિવસથી દમનો સખત હુમલો હતો. શ્વાસ લેવા ડોસી હવામાં બાચકાં ભરતાં હતાં. મારી દવાઓ, adrenaline oral dose, થોડી પળોમાં આરામ સિવાય કારગત નીવડતી ન હતી.

સુતારને ત્યાંથી હું પાછો ફરતો હતો ત્યાં સરસ્વતીકાકી સામાં મળ્યાં. મને જોતાં પૂર્વની ક્ષિતિજ જેવાં પ્રફુલ્લિત વદનમાંથી સ્મિતનાં અનેક કિરણો ફૂટી નીકળ્યાં. જાડાં, શ્યામવર્ણનાં, મધ્યમ વયનાં સરસ્વતીકાકી અત્યારે પ્રસન્ન અને સોહામણાં લાગતાં હતાં.

'તમે કીધું'તું એમ જ થ્યું હોં!' એ માથા પર સાડલાનો છેડો ખેંચી આજુબાજુ જોતાં બોલ્યાં.

'શું? અરે હા... તમે જઈ આવ્યાં મુંબઈ? મળ્યાં ડૉક્ટરને?'

'લ્યો સાંભળો. હું જઈ'તી ને. ઈ લૅડી દાગતર તો બઉ હોશિયાર! મારું શરીર તપાસીને જ મને કીધું કે કાલ ઑપરેશન કરાવી નાખો. હું તો તમારા ભાઈને પૂછ્યા વિના જ...'

કાકી અટકી પડ્યાં ને પછી નજર નીચી કરતાં કહ્યું, 'આ બીજો મહિનો બેઠો. ઈમને પાછું બતાવી આવું?'

અપર્ણા ખરેખર ભાગ્યશાળી ડૉક્ટર જ હતી. એના હાથમાં પ્રભુએ સફળતાની બહુ મોટી રેખા ખેંચી હતી. નહિતર એકાદ સાદા ક્યુરેટિંગના પરિણામરૂપ કાકી તરત સગર્ભા થશે એવું તો એણેય નહિ કલ્પેલું હોય!

'એવી જરૂર તો છે. આમ તો છેક સુધી તમારે ડૉક્ટરને નિયમિત બતાવવું જોઈએ. પણ હમણાં બસની મુસાફરી ન કરો. હું કાગળ લખી એમની પાસેથી જરૂરી માહિતી એકઠી કરી રાખીશ.'

જતાં-જતાં કાકી ખમચ્યાં ને પછી કહ્યું, 'ભઈલા, મારું નસીબ આ ગામમાં તને ખેંચી લાવ્યું હશે, નહિતર...' આંખમાંનાં આંસુ લૂછતાં એ ઝડપથી ચાલ્યાં ગયાં.

આજુબાજુની ગંદકી, છાણના પોદળા ભેગા કરવા દોડતી છોકરીઓ... ગરમ હવા ને ધૂળની ડમરીઓ વચ્ચેની એક ક્ષણ ફૂલોની સુવાસથી ભરાઈ ગઈ હોય એવું મને લાગ્યું!

સાંજના બાબાના આશ્રમ તરફ જતાં મન ભારે હતું. તે સાંજ પછી જ્યોત્સ્ના મને મળી ન હતી. આજે એને મળવા અંતર અધીરું પણ બન્યું હતું ને સાશંક પણ હતું.

તે સાંજ પછી કેટલીય રાતો મેં મારી જાતને ઢંઢોળી જોઈ છે. જ્યોત્સ્નાની એકલતા મારા અંતરમાં હમદર્દી પ્રગટાવે છે. ઇચ્છું છું કે ક્યાંકથી ચમત્કારક જડીબુટ્ટી મળી જાય ને આ બધું જ ફરી અખંડ, અતૂટ બની જાય!

આશ્રમમાં પગ મૂકતાં મારે કાને એક મધુર હાસ્ય સંભળાયું. કુતૂહલવશ મેં અંદરના ખંડમાં પગ મૂક્યો. કોઈ યુવાન સાધુ બાબા સાથે વાત કરતાં હસી રહ્યો હતો. કેટલાંક હાસ્ય આકાશમાંનાં વાદળની જેમ હવામાં તરતાં રહે છે. આ પણ એક એવું હાસ્ય હતું. બાબાએ ઓળખાણ આપી. એ હતા સાધુ સદાનંદ. એમની ઉંમર ચોવીસેક વર્ષથી વધારે નહિ હોય કદાચ. પણ ભગવાં વસ્ત્રોએ એક દિવ્ય કવચ એમના શરીરની આસપાસ રચી દીધું હતું.

'આપને મળી આનંદ થયો, સ્વામીજી!' મેં હાથ જોડી અભિવાદન કર્યું.

સદાનંદજી ચોંક્યા. મારા હાથ પકડી લઈ બોલ્યા, 'અરે ભાઈ, હજુ તો પંડનાં ઓઘરાળાં છે ત્યાં પારકાનાં કપડાં સીવવા ક્યાં બેસું? સ્વામીજી કે પ્રભુ એવું કહેશો નહિ. હું તો હજી શોધક કે સાધક છું.'

ફરી એ હાસ્ય પ્રગટ્યું. સદાનંદજી જિંદગીના પ્રવાહ પર મોજથી તરતા હતા... ના... ના... એ તો કિન્નરીની વાત. કિન્નરીની માફક સદાનંદજી ક્ષણોનો રસ માણીને પણ કદાચ શાશ્વતની ખોજમાં હતા.

આશ્રમમાં હવે વણાટવિભાગ શરૂ થયો હતો. એ માટે જરૂરી સામગ્રી પણ મુંબઈના કોઈ ટ્રસ્ટ તરફથી મળી જતી. જ્યોત્સ્ના એ વિભાગનું સંચાલન કરતી હતી. હાથમાં થોડા પત્રો લઈ એ બાબા પાસે જવાબ લખાવવા આવી. અમને જોઈ બારણામાં થંભી ગઈ. પળવાર પછી એ સ્વસ્થતાથી અંદર આવી. અમને અભિવાદન કર્યું. પત્રો વાંચ્યા ને બાબાના આદેશ મુજબ જવાબ લખવા લાગી.

હું ઊઠીને બહાર આવ્યો. સદાનંદજી પણ બહાર આવ્યા. આશ્રમની બાજુની વાડીમાં ફરતાં-ફરતાં એમની સાથે ઘણી વાતો થઈ. તેઓ પણ ટોયન્બીના ચાહક હતા. ટોયન્બી વિષે બોલ્યા, 'બનેલી ઘટનાઓ ફરીફરીને બન્યા જ કરે છે, જુદે-જુદે રૂપે, જુદા-જુદા નામે. એ ઘટનાઓના સૂત્રધાર તરીકે પહેલાં આપણે રાજાઓનાં નામ મૂકતા, હવે નેતાઓનાં. પણ ટોયન્બી એ દેખીતા સૂત્રધારોની પાછળ રહેલા એક વિરાટ સર્વશક્તિમાન સૂત્રધારને શોધવા મથી રહ્યા છે.'

સાયંપ્રાર્થનાનો સમય થયો. આશ્રમના નાનકડા ચોગાનમાં સહુ એકઠાં થયાં. રોગીઓની સંખ્યા હમણાં વધી હતી ને બાબા એમની સારવાર માટે જુદાંજુદાં કેન્દ્રો તરફ એમને મોકલતા હતા. સાજા થયેલા, કોઈ કૃત્રિમ અંગો સાથે તો કોઈ એમ જ, ફરી આ જ ઘર તરફ વળતા હતા. સમાજથી વંચિત, તિરસ્કૃત આ સમૂહ માટે બીજું કોઈ સ્થાન ન હતું.

પ્રાર્થના પૂરી થઈ. સદાનંદજીને ફરી મળવાનું કહી હું બહાર નીકળ્યો. 'રજત!' પાછળથી એક પરિચિત સાદ સંભળાયો. હું થંભ્યો. વાડીના ફાટકમાંથી જ્યોત્સ્ના બહાર આવી.

'રજત, આજ બહુ દિવસે આ બાજુ આવ્યા? બાબા તમારી ફિકર કરતા હતા.'

હું શરમિંદો થયો. પળવાર જવાબ ન સૂઝ્યો.

એ સમજી ગઈ હશે. જરા નજીક આવીએ મૃદુ કંઠે બોલી : 'મારા ભયથી અહીં નહોતા આવતા એવું તો નહોતું ને?'

'ના... ના... જ્યોત્સ્ના, તમારો ભય નહિ, ભય મારો પોતાનો છે. હું હજી મારી લાગણીઓને બરાબર ઓળખી શક્યો નથી.'

'રજત, તે સાંજ માટે ખૂબ-ખૂબ લજ્જિત છું. મારી જાતને મેં એ માટે કદી માફ નથી કરી. એ એક કેવી આવેશની ક્ષણ હતી, રજત! ને હું કેટલી મૂર્ખ હતી! આજે મને લાગે છે કે મારી જાતને વિસ્તારવાનો મારો મોહ શા માટે? કદાચ કોઈ નિશાની મૂક્યા વગર હું લુપ્ત થઈ જાઉં તો શું? વિસ્તરવું એ જ જિંદગીની સાર્થકતા નથી. જીવવું એટલું જ બસ નથી?'

કિન્નરીના શબ્દો... એ જ વાત... કિન્નરી ક્ષણોને ઉડાડી દેતી હતી. જ્યોત્સ્ના ક્ષણોને

કોઈ ઉપયોગી કાર્યમાં ઓગાળી નાખતી હતી...

એકની એક ઘટના... જુદા-જુદા... રૂપે... જુદે-જુદે સમયે...

પાછો ફર્યો ત્યારે સમસ્ત મન પર કોઈ વિશાળ આભ છવાઈને ઊભું હોય તેવું લાગતું હતું. આ બધાની માફક હું પણ એક વિરાટ શક્તિનો અંશ. મારી જિંદગી પણ ટીપે-ટીપે નિચોવાઈ રહી છે. એનો કોઈ અર્થ છે? શા માટે આ બલિદાન? અથવા નિચોવાઈને ખાલી થઈ જવું એટલું જ પૂરતું છે?

રાત આખી ઊંઘ ન આવી. જ્યોત્સ્ના, કિન્નરી ને સદાનંદજી દૃશ્યમાન થતાં રહ્યાં ને લુપ્ત થતાં રહ્યાં.

અચાનક મળસકે આંખ ખૂલી ગઈ. બહાર શેરીમાંથી થોડી સ્ત્રીઓ વાત કરતી જતી હોય તેવું લાગ્યું. ચોંકીને મેં ઘડિયાળમાં જોયું. સવારના પાંચ વાગ્યા હતા. આટલો વહેલો ગામમાં ખાસ કામનો સંચાર થતો ન હતો.

હું બહાર આવ્યો. ઘણી સ્ત્રીઓને પાણીનાં બેડાં સાથે મેં ગામ બહારના કૂવા તરફ જતી જોઈ.

ફરી પથારીમાં પડ્યો. ગઈ કાલ સાંજે અનુભવેલી તાજગી ને મોકળાશ અદૃશ્ય થઈ. મન ભારે થયું. અચાનક યાદ આવ્યું કે કેટલા બધા દિવસોથી અપર્ણાને કે અજયને કાગળ નથી લખ્યો! અપર્ણાના બે-ત્રણ પત્રો આવી ગયા, તોય જવાબ ન લખાયાનું શલ્ય મનમાં ખટકવા લાગ્યું. આ ગામમાં આવ્યાને આમ જુઓ તો ઘણો સમય વીતી ગયો, પણ હજી જાણે સ્થિરતા અનુભવાતી ન હતી. થતું હતું કે અચાનક એક દિવસ આ બધું જાણે છોડી ક્યાંક ચાલ્યા જવું પડશે. મનની આ સ્થિતિ અપર્ણા આગળ ઉઘાડી ન પડી જાય તે માટે હું કાગળ લખવાનું ટાળતો હતો?

અપર્ણાને પત્ર લખ્યો, અહીંની મારી કામગીરીની થોડી માહિતી આપતો. પેથૉલૉજિકલ લૅબોરેટરીમાં થોડાં સાધનો ખૂટતાં હતાં તે પણ જો મોકલી શકાય તો મોકલવાની વિનંતી કરી. પછી કલમ થંભી ગઈ. જ્યોત્સ્નાનો ઉલ્લેખ કરું? અથવા ના... એ સ્મૃતિ કેવળ મારી નથી. જ્યોત્સ્નાનો પણ એના પર અધિકાર છે. અપર્ણા આગળ દિલચોરી કેવી? પણ... સૂઝ્યું નહિ શું કરવું. અંતે મિત્રોનાં ખબરઅંતર પૂછી, પત્ર બીડી હું બહાર આવ્યો.

ડેલીનું બારણું ખુલ્લું હતું. બહાર રુક્ષ્મણી કોઈ જોડે વાત કરતી હતી. એના શબ્દો હવામાં વહી આવ્યા : 'આ વરહ જો મોળું ગ્યું તો જોઈ લ્યો મજા. માણહ ને ઢોર પાણી-પાણી કરતાં મરહે.'

અચાનક મને સમજાયું કે પાણીની ખેંચને કારણે ગામની સ્ત્રીઓ આટલી વહેલી સવારે કૂવા પર પહોંચી જતી હતી.

પણ એ ખેંચની આજે ખબર કેમ પડી? આટલા ધોમધખતા ઉનાળાના દિવસોમાં આ લોકોએ શું કર્યું હશે? રુક્ષ્મણીએ મને એનો અણસાર પણ આવવા ન દીધો. બે વાર નાહવું, વારંવાર હાથ ને તબીબી સાધનો ધોવાં, એમાં મને પાણીની તાણ કદી પડી ન હતી. દવાખાને આવતા આટલા લોકોમાંથી કોઈ એની ચર્ચા નહોતું કરતું. શું આ એમના જીવનની સ્વાભાવિક ઘટના હતી? રોગ, દરિદ્રતા અને જડતાની જેમ ગ્રામલોકો પરનો આ એક વધુ અભિશાપ હતો?

વિઝિટે જતાં કમળાશંકરને ઘરે ગયો. મારી મૂંઝવણ વ્યક્ત કરી. એ બોલ્યા નહિ. થોડી વારે કહ્યું, 'આ દેશ વેરાન થતો જાય છે, રજતભૈ! નદીનાળાં, કૂવા સુકાતાં જાય છે. લીલોતરી નાશ પામતી જાય છે. પચાસ- સો વરસે અહીં બીજું સહરા ન વિસ્તરે તો કહેજો મને!'

એમની વાત મને સ્પર્શી જાય છે. વન્ય સમૃદ્ધિ અને હરિયાળી રિદ્ધિસિદ્ધિથી ઊભરાતા આ દેશમાં માનવ ઊધઈઓનો રાફડો બાઝ્યો છે. જંગલો કપાતાં જાય છે, વરસાદ અને નદીના

પાણીને અટકાવનારું કોઈ બળ નથી, જમીનમાં પાણી શોષાતું નથી. દેશ સહરાનું રણ થતો જાય છે.

ના... એ વિચાર નથી કરવો. પોતાનું વિકરાળ જડબું ફાડી બેઠેલા કાળદેવના ઉદરમાં બધું હોમાતું જાય છે. ભલે હોમાતું જાય. આખો દેશ-ઇતિહાસ, સંસ્કૃતિ – બધાનો વિલય થશે. રહેશે માત્ર દરિદ્ર દુર્બળ માનવ-ઊધઈઓના રાફડા. મરવા દો એને. મધુકર મરી ગયો. એણે એક સ્વપ્ન સેવ્યું હતું શ્વેત ક્રાંતિનું. બીજા અનેક સ્વપ્ન સેવનારાઓ મરી ગયા. સ્વપ્ન સેવનારા વગરનો આ દેશ પણ ભલે મરી જતો.

હું ચોંકું છું. મારો આ અફળ ગુસ્સો શા માટે? હું અહીં એક નાનકડું ગામ ને નાનકડી સમસ્યાઓનો સામનો કરવા આવ્યો છું. આ અભિશાપનો મારે વિચાર કરવાનો છે.

તે સાંજના બાજુના સરાસણી ગામેથી એક દર્દીને તપાસી પાછા ફરતાં હું સરપંચને ત્યાં ગયો. ઘર મોટું ને પાકી બાંધણીનું હતું. આંગણામાં ઘણાં ઢોરઢાંખર પણ દેખાયાં.

સરપંચ ફળિયામાં સૂતા-સૂતા ગ્રામપંચાયતના રેડિયા પર વિવિધભારતી સાંભળતા હતા. એમનું ઢીમચા જેવું કાળું શરીર પરસેવાથી ભીંજાયેલું, વાસ મારતું હતું.

મને જોઈ એ હાંફળાફાંફળા ઊભા થયા. મારી સાઇકલ બાજુએ મૂકી હું ખાટલા પર બેસવા ગયો.

‘ઊભા રો... ઊભા રો...’ કરતા એ અંદર દોડ્યા ને થોડી વારે પેશાબની વાસથી ગંધાતું ગોદડું ખાટલા પર પાથરી બોલ્યા : ‘લ્યો, બેસો...’

તે દિવસની કડવાશનું નામોનિશાન ન હતું. ‘હું તમને આપણા ગામમાં પાણીની જે ખેંચ છે તે માટે મળવા આવ્યો છું.’ મેં શરૂ કર્યું.

સરપંચ હસ્યા : ‘લ્યો, આ મારા મનની જ વાત કીધી તમે! હુંય મૂંઝાતો’તો કે કરવું શું?’

‘આ સાલ જો વરસાદ બરાબર નહિ આવે તો...’

‘કાળી અરેરાટી બોલી જાય. આ ચાર સાલ પે’લાં ચોમાસું મોળું હતું. ઢોર મર્યાં છે કંઈ ઢોર! આ આપણા ગામના જ ખેડુઓ કસાઈવાડે જઈ વેચી આવ્યા’તા. મારી સગી આંખે ભાળ્યું’તું મેં.’ સરપંચ ગુસપુસ કરતા હોય તેવા અવાજે બોલ્યા, ‘તમારા સમ.’ એમણે પોતાને ગળે હાથ મૂક્યો. એમની આ વાતથી હું ચોંકી ઊઠીશ કે હાયકારો કરી ઊઠીશ એવી એમની કદાચ ધારણા હતી તે ખોટી પડી. મેં કહ્યું :

‘ખેડુઓ ઢોરને જે દશામાં રાખે છે તે જોતાં બિચારાં કસાઈવાડે સુખી થતાં હશે.’

‘સાચું, સાવ સાચું.’ પછી ‘સ’નો ચોખ્ખો ઉચ્ચાર કરવાનો પ્રયત્ન કરતાં એમણે ચ, ઝ, ને સ ના મિશ્રણવાળો સ ઉચ્ચારતાં કહ્યું, ‘સાચું પૂછો તો આ ગામના લોક જ છે અણઘડ. બે વરહ પે’લાં કોક સરકારી માણસ આવ્યો’તો. ભેળી ફિલમુંય હતી. આ ઢોર કેમ રાખવાં ને શું ખવરાવવું ને ઈ બધુંય. પણ સાચું હમજે કોણ, મારો બાપ!’

એક શ્વાસે ‘સાચાપણા’નો આટલો જયજયકાર બોલાવી સરપંચ બોલ્યા, ‘આપણે ઈમ કરીએ, આજ ગામલોક ભેળા કરી એક રામધૂન બોલાવીએ.’

‘એમ કરવાથી શો ફાયદો?’

‘ફાયદો તો ઈમ કે આ મેઘરાજાને રીઝવીએ. આ અસાડ તો આવી પહોંચ્યો. ઈ ન થાય તો પછી...’ મારી તરફ ઝૂકી બોલ્યા, ‘વસરામ ભૂવા પાંહે જાતજાતના નુસ્ખા છે. ઈ અજમાવો કે બેડો પાર! વરસાદ જ વરસાદ!’

હું ઊભો થયો. સાઇકલ પકડી બહાર જતાં મેં કહ્યું : ‘સરપંચ, મને થાય છે કે ખાલી જીભ હલાવી આપણે ભગવાનને બહુ વર્ષો ઑર્ડર આપ્યા. હવે થોડા હાથ-પગ હલાવીએ તો?’

સરપંચ મારી પાછળ આવ્યા, ‘કાંક સમજાય એવું બોલો, રજતભૈ!’

'એટલે એમ કે પાણી જોઈતું હોય તો ગામે મહેનત કરી કૂવો ખોદવો જોઈએ.'

સરપંચની આંખો પહોળી થઈ. લાલઘૂમ આંખોમાં આશ્ચર્ય, ચમક અને લુચ્ચાઈ ત્રણેય વર્તાયાં.

'તો-તો ઘી-કેળાં જ. પણ ઈ વાત મૂળથી જ ખોટી. આ કલાકેકની રામધૂન સારુય ગામલોક માંડ એકઠું થાશે, જોજો ને!'

બીજે દિવસે સાંજે રામધૂનમાં લોકો ઠીક સંખ્યામાં હાજર હતા. ભૂધર મે'તા ને સરસ્વતીકાકી, જે'શંકર, અમરત, કરસન સહુ મંદિરના ચોગાનમાં પોતપોતાનાં પાથરણાં પર ગોઠવાઈ ગયાં હતાં. વેંતવેંતની લાજ કાઢી, કોણી સુધીનાં બલોયાં પહેરી-પહેરી બેઠેલી ગામની શ્રમજીવી વર્ગની સ્ત્રીઓ જાણે આ યુગની નહિ પણ ઇતિહાસનાં પાનાં પરથી ઊતરી આવી હોય તેવું જણાતું હતું.

ધૂન શરૂ થઈ. ધીરે-ધીરે મસ્તી જામવા લાગી. શંકરના મંદિરમાંથી ઊઠતી મીઠી વાસ, પૂજારીનો બુલંદ અવાજ ને લોકસમૂહમાંથી ઊઠતો આર્તવભર્યો નાદ વાતાવરણમાં ઘૂંટાવા લાગ્યો.

ચોગાનને એક ખૂણે બેસી હું રામનામનું રટણ કરવા મથ્યો. રામ-કૃષ્ણ... કોણ છે આ વ્યક્તિઓ? કેવી દિવ્ય હશે એ પ્રતિભા જેણે પ્રજાને સંસ્કૃતિના શિખરે ચઢાવી, અધર્મ અન્યાયની સામે થતાં શીખવ્યું!

પણ ક્યાં છે એનાં કર્મ?

અહીં તો થાય છે માત્ર એની પૂજા! અંધશ્રદ્ધા, પરવશતા અને નિષ્ક્રિયતાનાં આવરણો એ કર્મયોગીની મૂર્તિ પર ચડ્યાં છે. એનો પ્રાણ ગૂંગળાવી નાખ્યો છે.

રામ... રામ... સીતારામ... કૃષ્ણ... કૃષ્ણ... હરે કૃષ્ણ...

હું ઇચ્છું છું કે મારા હૃદયના બંધ તોડી નાખી હું આ સમૂહ સાથે ભળી જાઉં, પણ શબ્દો બહાર આવતા નથી. હું જરા જુદો, અતડો થઈ બેસી રહું છું.

ધૂન લંબાતી ગઈ. કોઈ-કોઈ લોકો આવેશમાં આવી નાચવા લાગ્યા. સાંજ અને રાતની સંધિકાનું અપાર્થિવ વાતાવરણ હતું. ખુલ્લા આકાશમાં ક્યાંક તારાઓ ચળકવા લાગ્યા હતા. હવા સૂકી અને ગરમ હતી.

વર્ષોથી વહી આવતી આ ભક્તિની નદીએ લોકજીવનને લીલું રાખ્યું છે. અથવા ના... ના, આ ભક્તિ નથી, જડતા છે, એક નિર્જીવ પરંપરા જે બાપદાદાના સમયથી ચાલી આવે છે ને ચાલી આવશે.

ધીરે-ધીરે ધૂન બંધ પડી. લોકો થોડી વાર સ્તબ્ધ બેસી રહ્યા. પછી ખોંખારો ખાઈ, સ્વમહત્તાના ભાનથી ફુલાતા સરપંચ ઊભા થયા. ગામમાં પાણીની તકલીફ વિશે બે શબ્દ બોલી એમણે કહ્યું : 'આપણા દાગતર ભાઈ હવે તમને કાંક કે'શે.'

સહુ ચહેરાઓ મારી તરફ ફર્યા. હું ઊભો થયો. એક બાજુથી મારું મન આ બધા ગૂંચવાડામાં પડવા માટે અકળાતું હતું. બીજી બાજુ કોઈ અદૃશ્ય બળ મને આ બધી સમસ્યાઓમાં ઇન્વૉલ્વ થવા ખેંચી રહ્યું હતું.

'ભાઈઓ, ઘાસણી ગામમાં પીવાના પાણીની તંગી કંઈ નવી નથી. મેં થોડા લોકો સાથે વાતચીત કરી તે પરથી મને લાગે છે કે આ તકલીફ ઘણાં વર્ષોથી છે.'

હું જરા અટકી ચારે બાજુ જોઉં છું. ગામલોકોમાં અરસપરસ વાતચીત ચાલી. ઇશારા થયા. સંમતિસૂચક ડોકાં હલ્યાં. એક ઊંડો શ્વાસ લઈ હું આગળ વધ્યો. 'પણ પ્રશ્ન એ છે કે આ માટે આપણે કર્યું શું? રામધૂન સારી છે, પણ આજનો ભગવાન કહેવાનો કે તમારે માટે આટલાં સાધન મોકલ્યાં તે તમે કેમ નથી વાપરતાં?'

‘કુણે મોકલેલાં રે? ચ્યારે?’ એક ખેડૂતે મોં વકાસી મને પૂછ્યું.

સરપંચે ઊભા થઈ કહ્યું, ‘ભાઈઓ, રજતભૈ એમ કે’ છે કે આપણે કાંક કરવું જોઈએ.’

‘આપણે ગામમાં બીજો કૂવો ખોદીએ. મૂળ વાત એટલી કે જો આપણે કામ ન કરીએ તો ભગવાન મદદ આપવાનો નથી.’ મેં ઉમેર્યું.

લોકોમાં એકદમ ઝણઝણાટી ફેલાઈ ગઈ. ઉત્સાહથી કેટલાક ખેડૂતો ટટ્ટાર બેઠા, જ્યારે કેટલાક સાશંક નજરે અમારી તરફ તાકી રહ્યા.

‘ઈ કાંઈ તમે ધારો છો ઈમ સે’લું નથી હોં! ઈમાંય પૈહા પડે! વળી એટલાં માણહ કાંથી કાઢવાં?’ બીજા એકે ઊભા થઈ પૂછ્યું.

‘તમેય ઓ’લા સર્વોદેવાળા જેવી વાતું કરો છો. આંઈ આવ્યા’તા થોડા વરહ પેલાં જમીન માગવા. ખેતરાઉ જમીન તો કોણ આપતું’તું, ઈનો બાપ! થોડી પડતર કાઢી દીધી મુખીએ.’ એકે કહ્યું. થોડા લોકો હસવા લાગ્યા.

હું ક્ષોભ પામ્યો. અપમાનિત થયો. આવું હાસ્ય આટલા દાંતા પેસાડી શકે છે એની આ લોકોને ખબર નહિ હોય?

જવા... દે.. તારે શું... કોઈ મને કહે છે. પણ... આજુબાજુના આ ઉજ્જડ ચહેરાઓ જોતાં મને કળાય છે. એક વાત છે. આ વિરોધ પણ હકીકતોને જોઈ-સમજીને થતો નથી. આ વિરોધ પણ એમની શ્રદ્ધા જેવો અંધ છે. કોઈ પણ પરિવર્તન, કોઈ પણ નવી વાતની સામે થતો પ્રત્યાઘાત છે.

સ્વસ્થ અવાજે હું કહું છું, ‘મારે કોઈની જમીન નથી જોઈતી. ગામને માટે એક કૂવો ખોદાય એટલી જમીન હોય તો બસ છે. ખોદનારા સ્વયંસેવકો ને પૈસાની વ્યવસ્થા હું કરી લઈશ.’

છેલ્લું વાક્ય ઉચ્ચાર્યા પછી પળભર શાંતિ ફેલાઈ ગઈ. હાશ, આપણે કંઈ કરવાનું નથી. સ્વયંસેવકો બહારના, પૈસા બીજાના ને કૂવો ગામમાં એ યોજના ખરે જ અદ્ભુત છે. પહેલાં બે-ચાર લોકોએ ને પછી બીજા બે-ચાર લોકોએ તાળીનો હળવો ગણગણાટ કર્યો ને થોડાં ભોળિયાં આંખો ચમકાવતાં આમતેમ જોઈ રહ્યાં.

તાળીઓના ગડગડાટમાં કોઈ ક્રોધાયમાન નરવો નારીસ્વર સંભળાયો. સહુ ચમક્યાં. ભૂધરકાકા ગામનું નાક. ઈમની બૈરી સભા વચ્ચે ઊભી થઈ! હાથ એકનો ઘૂમટો કાઢી સરસ્વતીકાકી ઊભાં થઈ કહેતાં હતાં, ‘બલોયાં પે’રો, પીટ્યાવ! તમારા હારુ દાગતર ભૈ પંડે આટલા ઘહાય છે ને કોઈને કટકોય જમીન આલવાનું ઊગતું નથી! રજતભૈ, મારી કટકોક જમીન મને મારા બાપ આપી ગ્યા છ ઈ હું ગામને કૂવા હાટુ દઈ દઉં છું.’

‘હાં... હાં...’ કરતા ભૂધર મે’તા ઊઠ્યા, પણ એ પહેલાં તો વાત વધાવાઈ ચૂકી હતી. તાળીઓનો બુલંદ ગડગડાટ થયો.

સરપંચે ઊભા થઈ લોકોના કોલાહલમાં ઉમેરો કરતાં મોટે અવાજે કહ્યું : ‘ભાઈઓ, દાગતર રજતભૈની જય બોલાવો. રજતભૈની જે! રજતભૈની જે!’

‘સરસ્વતીકાકીની પણ જે!’ લોકોએ જયજયકાર આગળ ચલાવ્યો.

લજ્જા અને ક્રોધથી હું કંપી ઊઠ્યો. ઝડપથી હું બહાર નીકળ્યો. મારો જયજયકાર કરનારા એ જ હતા જે ઘડી પહેલાં રામધૂન કરતા હતા. હવે રામને છોડી રજતની ધૂન પકડી હતી.

રાત ઢળી ચૂકી હતી. હું ઝડપથી દવાખાના તરફ ચાલવા લાગ્યો.‘રજતભૈ’ પાછળથી સાદ આવ્યો. હું ઊભો રહ્યો. સરસ્વતીકાકી ધીરે-ધીરે આવતાં હતાં. ત્રણેક મહિનાની સગર્ભાવસ્થા હવે કળાતી હતી.

‘રજતભૈ!’ કાકી નજીક આવી ઊભાં રહ્યાં. હાંફ શમી એટલે બોલ્યાઃ ‘પંડે ઠીક નથી રે’તું. મુંબઈના દાગતરને બતાવી આવું?’

એમના મોઢા પર લીંપાયેલી ચિંતા અને મૂંઝવણની શ્યામ છાંય અંધારામાંય હું જોઈ શક્યો.

‘શું થાય છે?’

‘કોક કોક વાર...’ એ અટકી ગયાં. થોડી વાર રહી બોલ્યાં, ‘બાઈ દાગતર હોત તો બોલાયે ખરું. આ તો ભૂંડું લાગે છે.’

‘હું ભાઈ ને બાઈ બધું જ છું એમ માની લ્યો.’

ત્યાં જાડા શરીરે ઉતાવળે ચાલતા, જાણે બે પગે ગબડતા હોય એમ ભૂધરકાકા આવતા દેખાયા. કાકી માથે ઓઢી ચૂપચાપ ચાલવા લાગ્યાં ને બાજુની શેરીમાં ફંટાઈ ગયાં.

17

વૈશાખી વંટોળની ધૂળ જેમ હાહાકાર મચાવતી આંખ, કાન ને મોં ભરી દે તેમ કૂવો ખોદવાની વાતથી ગામ છવાઈ ગયું છે.

દવાખાને ભીડ થાય છે, ત્યારે પણ કૂવો ખોદવાની વાત નીકળે છે. રસ્તે જતાં, વિઝિટે જતાં લોકો એક-બે પ્રશ્નો અવશ્ય પૂછે છે.

ક્ષિતિજ પરનાં કાળાં વાદળાં જેવી એ વાત છે, આનંદ આપનારી, ત્યાં નજર માંડી બેસી રહેવાનું મન થાય તેવી.

બાબાના આશ્રમમાં હું ગયો. બાબા પાવડો લઈ નવા ક્યારા ખોદતા હતા. મને જોઈ ધૂળવાળા હાથે મોં પરથી પરસેવો લૂછતાં બોલ્યા, 'આવો, મહાવિજયી ચક્રવર્તી રાજા!' ને હસી પડ્યા.

મારી નજીક આવી બોલ્યા, 'ચાલ, થોડા રિપૉર્ટો વાંચી આપ. મીરજથી આવ્યા છે.'

બાબાનું અભિવાદન મને ન સમજાયું. પણ એમાં કાંઈક મર્મ હશે ને એ એની મેળે પ્રગટ થશે માની હું અંદર ઑફિસમાં ગયો. બાબાના આશ્રમના થોડા ગંભીર દર્દીઓને વધારે આધુનિક સારવાર આપવા બાબાએ મીરજ અને પૂના મોકલ્યા હતા. કાગળ લખી તેઓ એમનાં ખબરઅંતર પૂછતા. અંદર જઈ એમણે ફાઈલમાંથી મારા હાથમાં રિપૉર્ટો મૂક્યા. ઘણા દર્દીઓએ ઍન્ટિબાયોટિક ટ્રીટમેન્ટને સારો રિસ્પોન્સ આપ્યો હતો. બે-ત્રણ જણાનાં ચાંદાંમાંથી વહેતું લોહી-પરુ બંધ થયું હતું. એક-બે જણાનાં શરીર પરનાં ચાંદાં ધીરે-ધીરે રુઝાવા લાગ્યાં હતાં. અલબત્ત, એક-બહેનાં સડી ગયેલા હાથપગ કાપી ત્યાં કૃત્રિમ અંગો બેસાડવાની પણ સૂચનાઓ હતી. બધી રીતે જોતાં બાબાની મહેનત ફળી હોય તેમ લાગતું હતું.

'પ્રત્યેક ધર્મને પોતાની આગવી નીતિ ને આગવું તત્ત્વજ્ઞાન હોય છે. મને જો કોઈ સઘળા ધર્મોનો સાર લઈ એક નવો ધર્મ બનાવવાનું કહે તો હું ખ્રિસ્તી ધર્મમાંથી 'દયા'નો અંશ તારવી લઉં. ઈશુએ રક્તપિત્તનાં દર્દીઓને ગળે વળગાડ્યાં હતાં. આજ દુનિયાના કોઈ પણ ખૂણે તમે જાઓ, ઈસુનાં થોડાં સંતાનો સમાજની સેવા કરતાં દેખાશે. અહીં મીરજમાં પણ આ દયાળુ સાધ્વીઓએ કેવી હૉસ્પિટલ ઊભી કરી છે! એને ઇસ્પિતાલ નહિ 'ઈશ્વરનું ઘર' કહેવાનું મન થાય તેવી! એવી અહીં એક હૉસ્પિટલ ઊભી કરી શકાય તો?'

'એ માટે કોઈ પણ ટ્રસ્ટ અથવા સરકાર તમને મદદ કરશે, બાબા! હું તપાસ કરું?'

'મારા મનમાં વાત બીજી છે. એક વાર ઇમારત જાણે ઊભી થઈ ગઈ. પણ પછી શું? રજત, સમસ્યા આરંભની નથી, અંતની નથી, એ છે સાતત્યની.'

બાબાનો સ્વર ગંભીર થયો. 'તું આવ્યો ત્યારે મેં તને મહાવિજયી કહ્યો. એ એક રાજા હતો, દીર્ઘદ્રષ્ટા. પોતાની પ્રજાને સુખી કરવા એણે રાજ્યમાં ખેડૂતોને બિયાં આપ્યાં. બેકારોને કામ આપ્યાં. તું ગામમાં કૂવો ખોદવા બેઠો છે તેમ.'

'પછી?'

'પછી બીજો એક રાજા હતો. એણે પોતાના રાજ્યમાં ચોરી અટકાવવા જાતે ચોર લોકોને ધન આપવા માંડ્યું. લોકો રાજી થઈને નાની-મોટી ચોરી કરવાનો દેખાવ કરવા લાગ્યા. રાજા ધન આપતો ગયો. પ્રજા લેતી ગઈ. પછી ગુસ્સે થઈ રાજાએ ચોરનો શિરચ્છેદ કરવા માંડ્યો ત્યારે લોકોનું ટોળું રાજાને ઘેરી વળ્યું ને...'

બાબા અટકી ગયા.

'ને? મેં પૂછ્યું, 'બાબાની આંખો દૂર ક્ષિતિજમાં કંઈ જોઈ રહી હતી. 'ને... કંઈ નહિ, રજત. આ આખી વાતનો દાખલો હું ખોટો આપી બેઠો. શા માટે હું તને કે મને પેલા રાજા

સાથે સરખાવવા બેઠો? લોકો... જનતા – પ્રજા – આ ગામનો સમૂહ ને હું કે તું એનાથી જુદાં? ચાર આંગળ ઊંચાં? ના, રજત, હું લજવાઉં છું. મારું અભિમાન કયે ખૂણે ભરાઈ બેઠું હતું? શા માટે આજે પોતાનું આવું વરવું મુખ એણે ઊંચું કર્યું?'

બાબાનો સ્વર ગળગળો થઈ ગયો. ફાઈલો ઠેકાણે મૂકી એ અંદર ગયા. હું આંગણામાંના ક્યારાઓની યોજના જોવા લાગ્યો.

આછા પદ-રવે મેં મોં ફેરવ્યું. જ્યોત્સ્ના ઊભી હતી. સફેદ વસ્ત્રમાં મધુર હાસ્યથી હવાની રૂખ બદલતી. એ મુખ પર કોઈ વ્યાકુળતા, આરત કે આશંકા જણાતી ન હતી. સદ્યસ્નાતા ધરિત્રીની માફક કેવળ તૃપ્તિ જણાતી હતી.

તૃપ્તિ? જ્યોત્સ્ના એકલી છે. પણ તૃપ્તિ શારીરિક જ હોઈ શકે? લાવારસ બહાર નીકળી ગયા પછીની ધરિત્રી પરેય ક્યાં હરિયાળી નથી ઊગી નીકળતી?

નજીક આવી એણે ક્યારાઓની નીકને બરાબર કરી નકામાં પાંદડાં વીણી લીધાં. એના કંઠમાં મીરાંનું ભજન હતું. એ કામ કરતી હતી. હું ફાટક બહાર ટહેલવા લાગ્યો.

સદાનંદજી સામે મળ્યા. હસતા મુખની આજુબાજુ આવું દિવ્ય વલય રચાતું હશે એનો મને આજ જ અનુભવ થયો.

'કૂવો ખોદાવો છો, ભલે. પણ કૂવામાંનાં દેડકાંને બહાર કાઢી નાખજો.' એ બોલ્યા.

અમે થોડી વાર ઊભા રહ્યા, કંઈ વાતચીત કરતા. સદાનંદજીએ ભોજન કરી જવાનો આગ્રહ કર્યો, પણ હું ગામ તરફ પાછો વળ્યો.

મારું મન હું જોઉં છું, તટસ્થ વ્યક્તિની જેમ. એને હાથમાં લઈ ગુસ્સાથી મસળી નાખી શકાય તો એમ પણ કરી બેસત.

સદાનંદજીએ જ્યોત્સ્નાના મુખ પર આ લિપિ ચીતરી છે. રજતને એની ઈર્ષ્યા છે. દુષ્ટ મન! હું મારી જાતે ઉઘાડો પડી જાઉં છું. અત્યંત શરમિંદો બની પાછો ફરું છું. ના... ના... મારે કોઈના પર અધિકાર નથી જોઈતો... સહુ સુખી રહે...

બહુ દિવસે ભુલાયેલાં સ્નેહીઓને યાદ કરું છું. અજય-અપર્ણાને લાંબો પત્ર લખું છું. નિરુપમા અને વિજયને પણ પત્ર લખું છું ને ગામમાં કૂવો ખોદવા માટે જોઈતી રકમ, સાધનસામગ્રી ને સિમેન્ટને માટે મદદની ધા નાખું છું.

કાગળોના જવાબ ટૂંકા હતા. 'અમે આવીએ છીએ. થોડા દિવસ રહેવાની વ્યવસ્થા કરજે.'

મન ચંચળ ને ઉત્સાહિત બની ગયું. સ્મરણોની અનેક દિશામાં ચરણો દોડવા લાગ્યાં. કેટલો બધો આનંદ હતો! જાણે લીમડાના પાંદડે-પાંદડે દીવા પ્રગટ્યા હતા. એ વિચારે હું હસી પડ્યો. કિન્નરી હોત તો એ કહેત... સહજ ચમકીને હું સ્વસ્થ બનું છું. કિન્નરી સાથે હોત તો એ વિશે હું હજી વિચારવાનું છોડી શકતો નથી. બહુ દિવસ પર એનો કાગળ હતો. એ થોડા દિવસો નૉર્વેમાં ગાળવાની હતી. મધરાતનો સૂર્ય કિન્નરીનો પ્રિય સાથીદાર હતો. ચાર-પાંચ મિત્રો સાથે એ જવાની હતી.

રાતની ગરમી ને ઉકળાટ અસહ્ય બને છે ત્યારે હું ફળિયામાં આંટા મારતાં ક્યારેક નૉર્વેનો ને ક્યારેક આ ગામનો વિચાર કરું છું. બાબા હૉસ્પિટલ બાંધવા વિચાર કરે છે એ યાદ આવતાં મન એના ભવિષ્ય તરફ દોટ મૂકે છે. પવન પડી ગયો છે. લીમડાનાં પાન મૂંગા મુનિ જેવા અંધકારમાં ઓગળી જાય છે. આકાશમાં એટલા બધા તારાઓ ચમકે છે... ચોમાસું નજીક આવવા છતાં એકેય કાળું વાદળ એમને વીંટળાઈ વળ્યું નથી. ગયા વર્ષની જેમ આ વર્ષ જો મોળું ઊતર્યું તો?

રોગચાળો, ગરીબી અને ઘોર બેહાલી હું કલ્પી શકું છું.

એસ. ટી.ના સ્ટૉપ પર જ્યારે અજય-અપર્ણા ઊતર્યાં ત્યારે સૂરજ હજુ કોમળ હતો. ચારે બાજુ નજર ફેરવી અપર્ણાએ પૂછ્યું : 'તું અહીં રહે છે, રજત?'

'અહીં નહિ, અહીંથી થોડે દૂર ગામ છે. આ રસ્તેથી બસ બીજી બાજુ વળી જાય છે. થોડું ચાલવું પડે છે.'

'મારી જ ભૂલ હતી.' અપર્ણા બબડી.

'શેની ભૂલ? અહીં આવવાની?' અજયે બૅગો ઊંચકી ટપ્પામાં ગોઠવતાં પૂછ્યું, 'ના, પહેલાં આવી હું આ ગામ જોઈ ગઈ હોત તો રજતને અહીં "સેટલ" ન થવા દેત. આ ધૂળિયા ગામમાં તને મળે છે શું?'

અપર્ણાના પ્રશ્નના જવાબમાં હું હસવા જેવું મોઢું કરું છું. અપર્ણાને કહી શકતો નથી કે બહુ વાર મેં આ પ્રશ્ન મારી જાતને પૂછ્યો છે ને એનો ઉત્તર હજુ મળ્યો નથી.

ટપ્પો ગામ તરફ આગળ વધ્યો. આજુબાજુના રસ્તા પર સૂકી કાંટાળી ઝાડીઓ ને ક્યાંક લીલી વાડી નજરે ચડતાં હતાં. તડકો જરા-જરા ઉગ્ર થવા લાગ્યો હતો.

કમળાશંકરના ઘરે બંનેના ઉતારાની વ્યવસ્થા કરી હતી. નિર્મળા થોડા વખતમાં અપર્ણાની ખાસ સહેલી બની બેઠી. વિજય અને નિરુપમા બીજે દિવસે આવવાનાં હતાં. વિજયની ઓળખાણથી સિમેન્ટ પણ તરત જ મળી ગઈ હતી.

બપોરે આરામ પછી નમતા પહોરે મારા ઘરમાં લીમડા નીચે ખાટલો ઢાળી અમે બેઠાં. મેં રામનાથનના મૃત્યુની, બાબાના આશ્રમની વાત કરી. એકધારું સડસડાટ હું કેટલું બોલી ગયો! કેટલે દિવસે આજે જાણે મન મુક્ત કરી હું સહજભાવે વાત કરી શક્યો! પાંદડે-પાંદડે દીવા ને ડાળીએ-ડાળીએ ફૂલ ખીલવાની કવિ-કલ્પના કેટલી સાચી હતી, એનો મને અનુભવ થયો!

સાંજે અમે બાબાના આશ્રમમાં ગયાં. બાબા મીરજ ગયા હતા. સદાનંદજી વાડીમાં છાપરા નીચે બેસી પ્લાસ્ટિકની સાદડી ગૂંથતા હતા. અમે જઈને ઊભાં રહ્યાં તોય એની જાણે એમને ખબર ન હતી. અચાનક મારું ધ્યાન ગયું. સદાનંદજી હાથની મુઠ્ઠીઓ વાળી મુઠ્ઠી વડે દોરીઓ ગૂંથવાનો પ્રયત્ન કરતા હતા. એક પળ હું અટવાયો. સદાનંદજી પણ આ રોગના ભોગ બનેલા છે? ના, ના... એવી નિશાનીઓ દેખાતી નથી.

'સ્વામીજી...' મેં એમને બોલાવ્યા. ચમકીને એ ફર્યા. અમને બધાંને જોઈ મધુર હસી, વાળેલી મુઠ્ઠીઓ સાથે જ નમસ્તે કર્યા.

અજય જરા પાછો ખસ્યો. એક ક્ષણ પૂરતું મારું હૈયું હોઠ ઉપર આવી સરકી ગયું. ત્યાં સદાનંદજીએ મુઠ્ઠીઓ ખોલી નાખીને કહ્યું, 'રજત, આંગળીઓ પ્રભુને પૂજે છે ને આંગળીઓ અક્ષરબ્રહ્મને ઘૂંટે છે. આંગળીઓ પાવડો લઈ ધરતી ખોદે છે ને ધાન પણ લણે છે. એ આંગળીઓ ખરી પડે તોશું? મારે જોવું હતું, આ પંચમુખ દેવ વગરની દેરીમાં કેમ ને કેવી પૂજા થાય તે.'

સદાનંદજી હાથની મુઠ્ઠીઓ ખોલી, બંધ કરતાં બોલ્યા : 'આ શરીર એક અદ્ભુત કરામત, એક અવર્ણનીય અનન્ય પદાર્થશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રની પ્રયોગશાળા. તમે ડૉક્ટરો જો આ સંચાની કળેકળ જાણો છો તો તમારાં હૃદય આ શરીરનું નિર્માણ કરનાર પરમ શક્તિ આગળ ઝૂકી નથી પડતાં?'

અજય હસી પડ્યો. બોલ્યો : 'સ્વામીજી, હું રહ્યો આખાબોલો એટલે માફ કરજો; પણ અમે તો સંચાની કળેકળ કેમ ફેરવી એમાંથી ટંકશાળ કેમ નિપજાવવી એ બરાબર જાણીએ છીએ. એ જે ગધેડાને નથી આવડતું તે જુઓ આ ઘાસણી ગામમાં ઘાસ વાઢે છે.' કહી એણે મને ધબ્બો માર્યો.

'અજય!' અપર્ણાએ કહ્યું, 'પ્લીઝ, આ શું બોલે છે?'

'સારું, ભઈ, સારું. ઘાસ વાઢનારોય એ છે ને ઉગાડનારોય એ છે.' સદાનંદજી હસતાં હસતાં બોલ્યા ને કહ્યું, 'ચાલો અંદર. આશ્રમમાં પ્રાર્થનાનો સમય થયો છે.'

અંદરના પ્રાર્થનાખંડમાં દીવો પ્રગટાવી જ્યોત્સ્ના અમારી રાહ જોતી હતી. 'આવો' કહી એણે આવકાર આપ્યો.

મેં જ્યોત્સ્નાની ઓળખાણ આપી. અજય જરા ગંભીર થઈ ગયો. અપર્ણા જ્યોત્સ્નાનો હાથ પકડી બોલી, 'તમને હું મળી નથી, પણ રજત રામનાથનની જે વાત કરતો હતો તે પરથી હું તમને બંનેને થોડું ઓળખી શકેલી. તમને અહીં આ રીતે હું મળીશ એવી કલ્પના ન હતી.'

અમે નીચે બેસી પ્રાર્થના કરી. પાછા ફરતી વેળા જ્યોત્સ્ના ફાટક સુધી બહાર આવી. અમે ધૂળિયા માર્ગે થઈ આગળ ચાલ્યાં. અપર્ણાએ એકબે વાર પાછળ ફરી જોયું. પછી બોલી, 'ધરતી સાથેનું આટલું પ્રબળ બંધન તોડી રામનાથન મોત સાથે સમાધાન શી રીતે સાધી શક્યો હશે?'

'કદાચ એ બંધન જ મુક્તિનું સાધન બન્યું હશે.' મેં કહ્યું. મને યાદ આવી મેં જોયેલી જ્યોત્સ્નાની એ શાંત-પ્રસન્ન મૂર્તિ, ક્યારાઓ બનાવતી, પ્રભુનું ભજન ગાતી.

રાતના બે-ત્રણ વિઝિટો પર અજય મારી સાથે આવ્યો. ક્ષયના આખરી તબક્કે પહોંચેલા ઝીણાભાઈને ત્યાં ખબર કાઢવા ગયો ત્યારે એમના પૌત્રો દાદાની પાસે પથારીમાં રમતા હતા. અજયથી ચીસ જ પડાઈ ગઈ, 'ઓહ ગૉડ!'

એમ તો મેં પણ શરૂઆતમાં ક્યાં નહોતી ચીસ પાડી? પણ રોગ, જંતુ, આરોગ્ય, ઔષધો એ અહીં કેવળ શૂન્ય છે. અહીંના લોકો જીવે છે એ જ મને કુદરતનો એક મોટો ચમત્કાર લાગે છે. ખુલ્લી હવા, કસરત અને તાણ વગરનું જીવન અને ગંદકી, ગરીબી અને પોષણહીન ખોરાક એ બધાનાં સરવાળા-બાદબાકી ને ગુણાકાર-ભાગાકાર રહસ્યમય હતાં.

મોડી રાત્રે જમી-કરી અમે પરવાર્યાં ત્યાં ભૂધર મે'તા ને સરપંચ આવી પહોંચ્યા. સરસ્વતીકાકીની ઉદારતાએ કાકાના મુખ પર જે ભ્રૂભંગ ખેંચાવેલો તે હજુ શમ્યો લાગતો ન હતો. અમે બેસીને વિગતો નક્કી કરી. અજય અને મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓ શ્રમદાન આપશે. વિજય આર્થિક સહાય કરવાનો હતો. જોઈતી સિમેન્ટની વ્યવસ્થા પણ એ જ કરવાનો હતો. સરપંચના ઉત્સાહનો પાર ન હતો.

'જે દી સારો દા'ડો હોય તે જોઈ ધો, મે'તા, એટલે ઝુકાવીએ.' એમણે ભૂધર મે'તાને કહ્યું.

'બધા હારા દા'ડા જ છેસ્તો! આ ઈના કાકાએ સારા દા'ડા જોઈ જમીન લીધેલી તોય પંડે વાપરી નઈ ને આ અમેય રઈ ગ્યા!' મે'તા ઊંડો નિઃશ્વાસ નાખી બોલ્યા.

વાસણ માંજતી રુક્ષ્મણીએ ટહુકો કર્યો, 'જીવ બાળવો રે'વા દિયો, કાકા. ભગવાને ઘણું દીધું છે. આ સરસ્વતીકાકીએ દાનપુણ્ય કર્યાં તો ભગવાને તમારી હામું જોયું.'

એ લાકોના ગયા પછી મેં અપર્ણાને સરસ્વતીકાકીની વાત કરી. અપર્ણા ચકિત થઈ ગઈ.

'સાચે જ? મેં તો જ્યારે એ દોઢસો રતલ પર ઑપરેશન કર્યું ત્યારે મને ખ્યાલ ન હતો કે એ આટલી જલદી "કન્સીવ" કરશે. એની વે, હું એને તપાસી લઈશ. પછી યુ કેન લુક આફ્ટર હર!'

'કોણ રજત લુક આફ્ટર કરશે?' અજયે પૂછ્યું, 'પેલો કાકો ટાંગ તોડી નાખશે. રજત, આ મે'તા ને આ સરપંચ રીયલ 'કૅરેક્ટર' છે; પણ સારા લોકો છે.'

'જ્યાં સુધી એના માર્ગમાં તમે આડા ન ઊતરો ત્યાં સુધી.' કહી મેં સરપંચની ભઠ્ઠીની ધમકીની વાત કરી.

અપર્ણા ગભરાઈ ગઈ. મારો હાથ પકડી એ બોલી, 'રજત, પ્લીઝ, મરવા દે એ લોકોને.

દારૂ પીવો હોય તો પીએ ને મરવું હોય તો મરે. તું વચ્ચે ન પડીશ, પ્લીઝ!'

અજય અને અપર્ણાને કમળાશંકરને ઘરે મૂકી હું પાછો ફર્યો. ફળિયામાં ખાટલા પર સૂતો-સૂતો હું રાત્રીના કાળા પોલાણમાં જોઈ રહ્યો. ચિત્ત જિંદગીની ભૂંસાયેલી કેડીઓ પર દોડતું હતું. કોઈ ઘેરી નિરાશાએ મને ભરડો લીધો હતો. મને લાગ્યું કે હું જાણે ઊંડાણમાં સરતો જાઉં છું – એકલો, ભૂત, વર્તમાન, ભાવિ વગરના ત્રિશંકુ જેવો.

હું ઊભો થાઉં છું. લીમડો મારી તરફ સહાનુભૂતિથી ઝૂકે છે. શરીર તરફડે છે. કિન્નરીની યાદ, ગારુડી દરમાંથી સાપ ખેંચી કાઢે તેમ મારાં અંગોમાંથી કશુંક તીવ્રપણે બહાર ખેંચી કાઢે છે. આ જ સ્થળે એક સાંજે ઊભેલી જ્યોત્સ્નાનું મુખ મારા તરફ નિષ્પલક જોઈ રહે છે. અજય-અપર્ણા જોડે ચાલ્યો જાઉં?

ડેલીની સાંકળ ખખડે છે, સાથે જે'શંકરનો અવાજ આવે છે.

'દાગતરસા'બ, ઝટ હાલો ને!'

મેં ડેલી ખોલી. જે'શંકર અંદર દાખલ થયો. એના હાથમાં ટૉર્ચ હતી, પણ ધ્રૂજતા હાથમાં એનો પ્રકાશ ધ્રૂજતો હતો.

'હાલો ને! કરશનના છોકરાને એરુ આભડ્યો છે.'

મેડિકલ બૅગ લઈ હું તૈયાર થયો. સાપના ઝેર માટે ઍન્ટિસીરમ હું લાવેલો તે માટે આજે ખરે જ ઈશ્વરનો આભાર માન્યો.

અંધારામાં રસ્તાઓ પર સાઇકલો આમતેમ અફળાતી રહી.

કરશનના છોકરાને ફળિયામાં સુવડાવેલો. આજુબાજુ ટોળું એકઠું થઈ ગયેલું. મને જોઈને લોકોએ જલદી માર્ગ કરી આપ્યો. બધા સાપ ઝેરી નથી હોતા છતાં સાવચેતી ખાતર મેં ઘૂંટણ આગળ કચકચાવીને પાટો બાંધ્યો. એડી પર સાપના ડંખ આગળ સોજો ચડવા માંડેલો. મેં ઍન્ટિસેપ્ટિક લગાડી ડંખ કોતરી કાઢ્યો. છોકરો ઘણો સહનશીલ હતો. ચૂપચાપ પડ્યો રહ્યો. ઇન્ટ્રાવિનસ ઍન્ટ-સીરમનું ઇંજેક્શન આપ્યું.

કરસન પટેલની વહુ મારો હાથ પકડી રોવા માંડી. 'દાગતર, તમારો પાડ કોઈ દી નઈ ભૂલું!'

પાછા ફરતાં હું અને જેશંકર મૂંગા-મૂંગા ચાલતા હતા. જેશંકરની સાઇકલ પર મારી બૅગ હતી. હું પાછળ ચાલતો હતો.

'આ ગામે ભારી પુણ્ય કર્યાં હોવાં જોઈએ, હોં રજતભૈ!' જેશંકર બોલ્યો.

અમે ધીરે-ધીરે ગામ તરફ જતા હતા.

'કેમ?' મેં પૂછ્યું.

'નઈતર આજુબાજુના કોઈ નઈ ને આ જ ગામમાં તમે રે'વા શું કામ આવ્યા? માણસ દવાદારૂ વગર બચાડું તરફડતું'તું હોં! ચારેક વરસ પર સરપંચનો જ ભૈ મરી ગ્યો એક રાતમાં! આહા... હા... શું કકળાટ કરેલો ઈની ડોશીએ! કે'છે ક એને માતાએ સપનામાં કીધેલું કે હું તારા દીકરાનો ભોગ લઈશ.'

કેટલીક વાતો હવા જેવી હોય છે. એમાંથી તમારે બધું નહિ, માત્ર પ્રાણવાયુ પકડવાનો હોય છે. જેશંકરની વાતો પણ આ મધરાતે મારી આજુબાજુ ચાલતી હતી. એના શબ્દો વાગોળતો હતો : 'ગામનાં ભારે પુણ્ય!'

મેં ઉપર નજર કરી. રાત્રીનું ભયંકર અસીમ પોલાણ મને ગળી જઈ શકે એમ ન હતું. અસંખ્ય તારાઓનાં વિશ્વો એમાં ચમકતાં હતાં. મારી આજુબાજુ જેશંકરની વાતો હતી.

એવામાં મારી સાઇકલ સાથે કંઈ અથડાયું. એકદમ ટૉર્ચ ધરી મેં એ નીચે પડેલી આકૃતિ જોવા કોશિશ કરી, પણ અંધારામાં કંઈ કળાયું નહિ. નીચે પડેલી એ વ્યક્તિ તરફ ઝડપથી એ

ગયો ને ત્યાં જ જેશંકરનો અવાજ સંભળાયો.

'આ તો હીરી!'

'હીરી!' મેં હાક મારી.

અંધારામાંથી જાણે પ્રેતલોકનું માનવી હોય તેમ ધીરે ધીરે હીરી પ્રગટ થઈ. બૅટરીના ઝાંખા અજવાળામાં ભયથી ફિક્કું પડેલું એનું મુખ જાણે યામિનીના અંધારપટમાં એકાકાર થતું હતું. એના હાથમાં ભીનાં લૂગડાંનો લબાચો હતો. મૂક અને સ્તબ્ધ એ મારી સામે જોઈ રહી.

'હીરી, કૂવે કપડાં ધોવા આવેલી?'

એણે ટૂંકો જવાબ આપ્યો, 'હા.'

'જો, હીરી, સાંભળ.' હતાશાના સૂરથી છેલ્લો એક પ્રયત્ન કરી જોતાં મેં કહ્યું, 'મેં તને પહેલાં પણ એક વાર કહેલું, મકનજીને રક્તપિત્ત છે. પણ એનાં જંતુઓ તું બીજાને પહોંચાડી શકે. તને એ રોગ ન થયો તોય તું 'કૅરિયર' હોઈ શકે.'

અંધારામાં હીરીનું મુખ હું જોઈ શકતો ન હતો. સારું જ હતું એ. 'ચેપી રોગ', 'કૅરિયર' જેવા શબ્દો એ કાન સાથે અથડાઈ નીચે પડવાના હતા. એ ચૂપ રહી. મેં ઊંચે અવાજે પૂછ્યું, 'હીરી, સાંભળે છે? ગામને કૂવે કોઈ પણ માણસ કપડાં ધુએ એ મને પસંદ નથી, ને એમાંય તે આ તો મકનજીનાં કપડાં છે. આખા ગામને ચેપ લગાડવો છે?'

હીરીએ ડોકને ઝાટકો લીધો ને મારી ટૉર્ચના અજવાળામાં એનું વિકૃત હાસ્યથી ખદબદતું મોં હું જોઈ શક્યો.

'હા, મારે આખા ગામને ચેપ લગાડવો છે. આ આખુંય ગામ કોઢિયું બનશે તે દી હું હસીશ. ખૂબ રાજી થઈશ. માતાજીને નાળિયેર વધેરીશ. હા... હા... હા.' એનું હાસ્ય ખાલી પાત્રમાં ખખડતા કાંકરાઓ જેવું ખખડવા લાગ્યું.

જેશંકર ભયથી થોડો પાછો હટી ગયો. શિયાળવાંની લાળીઓ વચ્ચેથી, સૂસવતો પવન ને ફફડી ઊઠતાં પાંદડાંઓ વચ્ચેથી હીરીનો અવાજ સંભળાતો હતો, 'શું દીધું છે આ તમારા ભૂંડાભખ ગામે કે હું 'ગામ' 'ગામ' કરતી મરું? ગામનો મેલ ઊંચક્યો, મરેલાં ઢોર ઘહડ્યાં ને ગામે મારું ખોરડું બાળ્યું! કાં તો કે અમારાં ઘર બાળવાનું માતાએ કીધું'તું. ઈ આગમાં મારો પુતર ભડથું થઈ ગયો તે દી ઈ જ ગામવાળા હતા કે બીજા?'

મેં જેશંકર તરફ જોયું.

જેશંકર બોલ્યો, 'ઈ જૂની વાતું કાં કાઢે? ઈ વશરામ ભૂવો જ રાખહ હતો.'

'હવે હું રાખહ થઈ છું. કાં દાગતર, આ પછાતોનું બઉ લાગી આવતું હોય તો લાવો, અમારા હારુ બીજો કૂવો ખોદાવો છો કે?'

કોઈ તીવ્ર ઝણઝણાટી મારાં અંગોમાં ફરી વળતી હું અનુભવું છું. મારી સામે અત્યારે શાંત, જડ દેખાતો ડુંગર ફાટી રહ્યો છે ને એમાંથી વરસતો અગનરાશિ જાણે સહસ્ર જીભો ફેલાવતો ભીષણ નૃત્ય કરતો હતો. નક્શો બદલાતો હતો. ધરતીમાં તિરાડો પડતી હતી ને ફાટેલી તિરાડોમાંથી હજારો હીરીઓ પ્રગટ થઈ પોકારતી હતી :

'ક્યાં છે ન્યાય? લાવો, અમારા હારુ બીજો કૂવો ખોદાવો છો?'

અનેક ઇમારતો જમીનદોસ્ત થતી હું જોઉં છું. 'સમાજવાદ', 'લોકશાહી', 'વર્ગવિહીન સમાજરચના' ગાંધીનાં વચનોની માફક દિશાઓમાં ફેંકાઈ ગયાં છે.

સામે ઊભી છે મૂર્તિમંત અસ્પૃશ્યતા. આ સૂકી પ્યાસી ધરતી ને ઘોર કાળી રાત્રિના પ્રતીક સમી. એનું હાસ્ય રુદનમાં પલટાઈ ગયું છે.

'આ ગામને માથે શાપ છે. મેં દીધો છે. એક-એક આદમી મરી પરવારશે. બૈરાં-છોકરાં તરફડીને મરશે.'

હીરી આગળ વધી. ટૉર્ચના અજવાળામાં એણે મારી સામે આંગળાં ધર્યાં. આંગળાંઓ પર ચાંદાં હતાં. એક હળવી ચીસ પાડી હું પાછળ હઠી જાઉં છું.

હીરી બોલી, ધગધગતી તવી પર ઠંડું પાણી સડસડે તેવા અવાજેઃ 'ડરો મા, દાગતર, તમે તો બત્રીસલક્ષણા છો. ભગવાન તમને કાંઈ નહિ કરે. મારી મેલડી મા મારું વેર લેશે.'

ને એ અદૃશ્ય થઈ ગઈ. સાઇકલ પકડી ધ્રૂજતા ઊભેલા જેશંકરે કહ્યું, 'નક્કી કાંક ચરિતર છે, દાગતર! આ હીરી નથી!'

મેં જવાબ ન આપ્યો. ભરતીના વેગે ધસમસતો કોઈ તીવ્ર આવેશ મને વીંટળાઈ વળતો હતો, ડુબાડતો હતો, દઝાડતો હતો. જેશંકરે મોટે અવાજે માતાની આરતી ગાવા માંડી.

ચરિતર? હા, ચરિતર જ હતું. એ સ્ત્રી જેવી સ્ત્રીને અમે ડાકણ બનાવી હતી. એના દીકરાને આગમાં હોમી દીધો હતો. એ મારી પાસે માગતી હતી, એક કૂવો! ધખધખતા ઉનાળામાં ચાર ગાઉ દૂર પાણી ભરવા જતી આ પીડિત કોમ મને પૂછતી હતી, 'કૂવો આપશો?'

ગામમાં કૂવો ખોદવા અજયની મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓ જ્યારે શ્રમદાન કરવા આવી પહોંચ્યા ત્યારે એમને સત્કારવા બસ-સ્ટૉપ પર ઠીક ભીડ થઈ હતી. અજય, અપર્ણા, વિજય, નિરુપમા વગેરે તો હતાં જ. સરપંચ, ભૂધર મે'તા ને જેશંકરની સાથે-સાથે બીજા પણ ઘણા ખેડૂતો આવ્યા હતા. કમળાશંકર ને નિર્મળા ફૂલના હાર લઈ આવ્યાં હતાં. આવા તાપમાં બસની મુસાફરી કરીને આવેલા વિદ્યાર્થીઓ થાકેલા તોય ઉત્સાહી જણાતા હતા. સૂરજ હજુ બહુ ઊંચે ચડ્યો ન હતો, પણ તોય ગરમી ઠીક-ઠીક લાગવા માંડી હતી. 'અરે રે... એકેય કાળું વાદળુંય દેખાતું નથી!' કમળાશંકર આછો નિઃશ્વાસ નાખી બોલ્યા, 'આ જેઠ ઊતરવા આવ્યો!'

એક ચિંતિત નજર મેં ઉપર નાખી. 'હિન્દુસ્તાન સહરામાં પલટાતું જાય છે?' એવી કોઈ વૈજ્ઞાનિક આગાહી મારા મનમાં ઝબકી જાય છે. મન જરા વ્યગ્ર બને છે. ડૉક્ટર વર્મા ને ડૉક્ટર પંચાલના દીકરાઓ મારી સાથે શેકહૅન્ડ કરે છે.

ગામ દૂર છે, પણ હોંશીલા પગો તાલબદ્ધ ઊપડવા લાગે છે. 'ઇટ્સ એ લૉન્ગ વે ટુ ટિપરેરી, ઇટ્સ એ લૉન્ગ વે ટુ ગો.'

ને વર્તમાનનાં વર્ષો કુદાવી હું જરા ભૂતકાળમાં સરી પડ્યો. મેડિકલ કૉલેજનાં એ વર્ષો. અજય, અપર્ણા, હું ને કિન્નરી ખંડાલાથી પાછાં ફરતાં હતાં. અજય ડ્રાઇવ કરતો હતો. કિન્નરીનાં જુલ્ફાં ઊડતાં હતાં ને અમે ગાતાં હતાં, 'ઇટ્સ એ લૉન્ગ વે ટુ ટિપરેરી, ઇટ્સ એ લૉન્ગ વે ટુ ગો.'

લોન્ગ વે ટુ ગો... રસ્તો લાંબો છે. ખૂટતો નથી. જે મંજિલે પહોંચવા માગો છો તે તો ક્ષિતિજરેખાની પેલે પાર લંબાતી જાય છે. દૂર... દૂર... દૂર...

કદાચ ત્યાં પહોંચવામાં કશોય અર્થ ન હોય! ચાલવાની જ મજા છે દુનિયામાં. મિત્રોને ખભે હાથ નાખી, આજુબાજુની દુનિયા જોતાં-જોતાં, આયુષ્યકાળ ખુટાટી દેવામાં કોઈ અર્થ હશે? 'ગધેડે બેસો.' પેલા પંડિતે અમસ્તું જ નહિ કહ્યું હોય!

અજય મારે ગળે હાથ ભરાવી ચાલતો હતો. 'યાદ છે, રજત, આસામમાં રેલ આવેલી ત્યારે ડૉક્ટર પંડ્યાની સાથે રિલીફ વર્કમાં ગયેલા? સેઈમ સૉન્ગ, સેઈમ સ્પિરિટ, માય બૉય, ટાઇમ રિપીટ્સ ઈટસેલ્ફ.'

18

સઘળી વ્યવસ્થા સમયસર થઈ ગઈ ને ભૂમિપૂજા સાથે કૂવો ખોદવાનું કામ ઝપાટાબંધ શરૂ થયું. લોકો વિદ્યાર્થીઓ સાથે ઉત્સાહથી જોડાયા ને દિવસભરના સખત પરિશ્રમ પછી ગામની સ્ત્રીઓએ રાંધેલા રોટલા ને શાક પણ સહુએ હોંશભેર ખાધાં. સરસ્વતીકાકી, નિર્મળા ને રુક્ષ્મણી ઝપાટાબંધ બધે ફરી વળતાં ને કામ કરતા વિદ્યાર્થીઓને, ગામલોકોને પાણી, ચા-નાસ્તો પહોંચાડતાં. અપર્ણાએ સરસ્વતીકાકીને હરવા-ફરવાની મનાઈ કરેલી પણ કાકીની હોંશ માતી ન હતી.

'આ બધો પરતાપ રજતભૈનો હોં! ઈના વગર કુણ આ માથાકૂટ કરે?' એ વારંવાર કહેતાં, 'આપણે તો ઈમને રાજી કરવામાં રાજી.'

'આ ગામમાં આ તો નવતર જ ભાળ્યું.' ચાની કીટલી ફેરવતાં જેશંકર કહેતો, 'બાકી આ ગામમાં તો જન્મારો કાઢ્યો. જ્યારે જુઓ ત્યારે કાં તો જાસાચિઠ્ઠી ને કાં તો કો'કની ઘાસની ગંજી બાળી નાખી ને કાં તો આંબા કાપ્યા.'

અપર્ણા મને ધબ્બો મારતી બોલી, 'તું આ ગામમાં આટલો 'ઇમોશનલી ઈન્વૉલ્વ્ડ' થયો હોઈશ એવી તો કલ્પના જ નહિ.'

હું ખુશ થયો. મારી જાતને ઢંઢોળી હું પૂછું છું, મારાં વખાણ સાંભળી હું પ્રસન્ન થાઉં છું? ના, એ યશ બાબાને ઘટે છે. બાબા કહેતા, 'મા ને ધાવમાં શો ફેર? ધાવ પોતાનું દૂધ પાય પણ બાળક જોડે 'ઈન્વૉલ્વ' નથી થતી. મા પોતાના બાળકમાં 'ઈન્વૉલ્વ' થાય છે. રજત, તું ધાવ નહિ, મા થવા આવ્યો છે એમ જ વિચારજે.'

એક રવિવારે ગામની સફાઈ પણ વિદ્યાર્થીઓએ કરેલી. ગામને પાદર રહેલો ઉકરડો જ્યારે સાફ થયો ત્યારે અજયે કહ્યું, 'આજે મને બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું હોય તેટલો આનંદ થાય છે.'

'ના, વિશ્વયુદ્ધ તો હજી હવે શરૂ થવાનું છે, અજય.' હું ધીરેથી બોલ્યો, ને અજય, કદાચ મારા અવાજની ગંભીરતાથી કે મારા શબ્દોની સચ્ચાઈથી ચમક્યો ને મારી તરફ જોઈ રહ્યો. 'હું મા થવા માગું છું, અજય, એટલે યુદ્ધ પૂરું થયું નથી, હવે શરૂ થશે.'

મેં અજયને હીરીનો પ્રસંગ કહી સંભળાવ્યો. જરા વાર મૂંગો રહી એ હસીને બોલ્યો, 'મૅકબૅથને ત્રણ ડાકણ દેખાઈ ને તને એક. એટલે તું વન થર્ડ મૅકબૅથ તો ખરો. માત્ર તારે કોનું રાજ પડાવી લેવું છે તે હું સમજી શકતો નથી.'

પ્રત્યેક વાતને હું જ્યારે હૃદય પર વળગાડી દુઃખી થાઉં છું, ત્યારે અજય એને રૂના પોલની જેમ ઉડાડી હસી શકે છે. હું હસી પડી કહું છું, 'આ રાજ કોઈ મફત આપે તોય જોઈતું નથી, છતાં આ વિશે કશું કર્યા વિના પણ ચાલે એમ નથી.'

'આપણે શી આમાં લેવા કે દેવા? ફરગેટ ઇટ. તું આવ્યો તે પહેલાં પણ આ લોકો જીવતા હતા ને પછી પણ જીવશે.' અજય ખાટલા પર લંબાઈને સૂતો. બપોર ઊતરવા આવી હતી. સવારની સફાઈ પછી વિદ્યાર્થીઓ ઉતારામાં આરામ કરતા હતા. અજય, અપર્ણા અને હું મારા ઘરમાં બેઠાં હતાં.

'અજય, વેલ, એક રીતે જોઈએ તો આપણો આ વિચાર, આ ઉપેક્ષા જ આપણો મોટો દોષ નથી?'

'પણ આપણે શું કરી શકીએ? વી કાન્ટ ચેઈન્જ ધ સોસાયટી.' અપર્ણા બોલી.

અમે ત્રણ ચૂપચાપ થોડી વાર પડખાં ફેરવીએ છીએ.

સમાજને બદલાતો નથી, પણ માણસોને બદલી શકાય છે. પણ ના, આ સમાજ, આ

માણસને બદલી શકવાના નથી. દુનિયાનો દરેક દેશ કાયાપલટ કરી શકે છે, પણ આપણે નહિ...

ઊંઘ નથી આવતી. પસીનાથી શરીર ભીંજાઈ ગયું છે. મનોમન હું વિચારું છું :

હીરી, તારો શાપ આ ગામને નહિ લાગે, કારણ કે મરવા માટે એક શરત છે, માણસે જીવવું જોઈએ. અહીં કોઈ જીવતું નથી. બધા મરેલા છે. જીવે છે માત્ર આંધળા રિવાજોનાં ચામાચીડિયાં, જે અંધારા કૂવામાં નિરંતર ભટક્યા કરે છે.

હું ફળિયામાં આવી લીમડા નીચે ઊભો રહું છું. અજય ઘસઘસાટ ઊંઘતો સંભળાય છે. મને થાય છે કે જે સૂએ છે તે નસીબદાર છે, જે જાગે છે ને જુએ છે તે કમનસીબ છે. જે જુએ તે રુએ, ભાઈ! જે જુએ તે રુએ!

મોઢા પર પાણી છાંટી હું શાંત થવા મથું છું.

લીમડો ધીરે-ધીરે ઝૂલતો હતો. ક્યાંકથી ઠંડા પવનની લહેરખી આવી શરીરને શીતળતા અર્પી ગઈ.

'રજત!' પાછળથી અપર્ણાનો અવાજ સંભળાયો.

અપર્ણા હળવે પગલે આવી ઊભી રહી. પસીનાથી ભીંજાયેલું એનું મુખ સ્વચ્છ ને કોમળ લાગતું હતું.

'રજત, ચાલ, પાછો આવે છે અમારી સાથે?' એણે પૂછ્યું.

એક પળમાં મારું હૃદય દોટ મારી ચિરપરિચિત રસ્તા, હૉસ્પિટલની પરસાળો ને વૉર્ડમાં ઘૂમી આવે છે. મિત્રોની સ્મૃતિ, હૉસ્પિટલની ઍન્ટિસેપ્ટિકની વાસ ને દર્દીઓથી ઊભરાતો ઓ.પી.ડી. ડિપાર્ટમેન્ટ મારા મનમાં જાગી ઊઠે છે.

એક નિઃશ્વાસ સરી પડે છે. 'પાછો આવું? અહીયાં આટલું બધું પાથરીને બેઠો છું તેનું શું?'

'સંકેલી લેવાશે. કોઈ બીજું આવશે.'

'ના, અપુ, એમ કેમ બને?'

અપર્ણાની આંખો સજળ છે. ધીરે-ધીરે એ નજીક આવી મારો હાથ પકડે છે. 'રજત, કોઈ સાંજે તું અને કિન્નરી બંને ખૂબ યાદ આવો છો. સમજાતું નથી કે તમે બંને આવાં પાગલ શું કામ છો? એ દૂર ચાલી ગઈ, ભલે ગઈ; પણ તું અહીં કટાઈ જશે. ચાલ મારી સાથે. ત્યાં ન ગમે તો પાછો લંડન ચાલ્યો જજે.'

એક નિઃશ્વાસ સરી પડે છે. હું ડોકું ધુણાવું છું. બાબાના આશ્રમ તરફ મારી આંખો દોડે છે. બાબા ત્યાં છે. જ્યોત્સ્ના ત્યાં...

ના, જ્યોત્સ્નાનો વિચાર નથી કરવાનો. અંતરમાં હજુ કિન્નરી વાદળી પેઠે છવાઈ રહેલી છે, ધરતીની માટી પેઠે પથરાઈ રહેલી છે. ફૂલ બનીને એ કો'ક ખૂણે ફોરે છે. વર્ષા બની ક્યારેક વરસી પડે છે.

અપર્ણા મારા મુખ તરફ તાકીને જોઈ રહી છે. મધુરતાથી પૂછે છે, 'રજત, હું તે દિવસે જ્યોત્સ્નાને મળી. એ પણ એકલી છે. એના સાથનો તું વિચાર ન કરે?'

જ્યોત્સ્નાની લિપિ મારા મુખ પર લખાઈ હશે? અપર્ણાનું સ્નેહાળ સ્ત્રીહૃદય એ વાંચી શક્યું હશે?

'અપુ, મેં એ વિચાર કરી જોયો. પણ ના, કિન્નરી મારી ઘણી પળોમાં ગૂંથાઈ ગઈ છે. જ્યોત્સ્નાનો સ્વીકાર એ જ્યોત્સ્નાનું જ અપમાન થશે.'

'ઇટ્સ એ લૉન્ગ વે ટુ ટિપરેરી, ઇટ્સ એ લૉન્ગ વે ટુ ગો.' ફરી એ જ ગીત ગાતું આવ્યું હતું તેમ વિદ્યાર્થીઓનું ટોળું એસ.ટી.ના સ્ટૅન્ડ તરફ પાછું ફરતું હતું. અજય મારા ખભા પર

હાથ મૂકી ચાલતો હતો. થોડા દિવસોનો સથવારો પૂરો થયો. વહેલી સવારના ઉજાસથી ક્ષિતિજ મઢાઈ ગઈ હતી. ગામલોક વિદ્યાર્થીઓને વળાવવા આવ્યું હતું.

બસ આવી. 'આવજો'-'આવજો'ના નાદે વનવગડો ગાજી રહ્યો. બારીમાંથી અપર્ણાનું આંસુભીનું મુખ દેખાયું. 'બાય બાય', અજયે બારીમાંથી હાથ કાઢી મારો હાથ દબાવ્યો. 'સી.યુ ઑલ્ડ બૉય' કહી એ મોં ફેરવી ગયો.

બસ ઊપડવાના ઘરઘરાટમાં બધોય કોલાહલ ડૂબી ગયો. સહુ ખાલી તોય સભર ને ભારે તોય હળવા હૈયે પાછાં ફર્યા.

ગામમાં બીજો કૂવો હતો. હવે મેઘબાપા એકાદ સાલ રિસાય તોય ગામમાં પાણીની તાણ પડવાની ન હતી. સહુ મુક્ત મને હસતાં-ગાતાં પાછાં ફર્યાં, જ્યારે હું બાબાના આશ્રમ તરફ વળ્યો.

આંખો બંધ કરી બાબા મારી વાત સાંભળતા રહ્યા. હું બોલતો અટક્યો. બાબા અંતરમાં ઊંડે ઊતરી કશું શોધી રહ્યા.

એવામાં 'રજત ભૈ' 'એય રજત ભૈ' એવા હાકોટા બોલાવતા સરપંચ આવી પહોંચ્યા. આશ્રમના દરવાજાથી થોડે દૂર એ ઊભા રહ્યા.

બાબા હસ્યા. 'આ લોકોનું ચાલે તો આ આશ્રમ બાળી નાખે, પણ એમાં એમનો વાંક નથી. રક્તપિત્ત વિશે હજારો વર્ષોથી જે ભય ઘર કરી ગયો છે તે જલદી નીકળશે નહિ. તું જ બહાર જા.'

હું આશ્રમની બહાર ગયો. સરપંચ જરા આઘાપાછા થતાં બોલ્યા, 'હું દવાખાને ગયો ત્યારે કીધું કે તમે આંઈ આવ્યા છે. વાંહે ધોડતો આવ્યો.'

'હું હમણાં જ પાછો આવત. બોલો, શું કામ હતું?'

'કામમાં તો ઈમ કે મને એમ કે આપણે કો'ક પરધાનને બોલાવીએ તો?'

'શેને માટે?'

'આ કૂવો ખોધો ઈનું ઓલ્યું... એને ઉઘાડવાને માટે.'

'ઉદ્ઘાટન કરવા?'

'હા. આજ કો'ક પરધાનવાળો આંઈ આવ્યો છે એની હારે કેવરાવી દઈએ તો?'

'ના, સરપંચ. મારે કોઈને ઉદ્ઘાટન કરવા બોલાવવા નથી. ને ઉદ્ઘાટન જો કરવું જ હશે તો ગામમાંથી જ કોઈ પાસે કરાવશું.' મેં જરા જોરથી કહ્યું.

'ઠીક ત્યારે,' ફાળિયું ઉતારી પરસેવો લૂછતાં એ બોલ્યા, 'બાકી એવું છે ને કે સરકારી ચોપડે આપણા ગામનો ડંકો વાગી જાય ઈ હારુ જ હું...'

ત્યાં બાબા બહાર આવ્યા. આઘેથી સરપંચ પગે લાગ્યો ને બે ડગલાં પાછળ હટ્યો.

બાબા હસ્યા. 'જે શ્રીકૃષ્ણ' 'જે શ્રીકૃષ્ણ' સરપંચ બોલ્યા.

આશ્રમના દરવાજા આગળ આવી બાબા ઊભા રહ્યા ને કહ્યું, 'ગામમાંથી દારૂની લત હજી ગઈ નથી, સરપંચ! કાલ રાતના ચાર-પાંચ જણા રસ્તા પર આળોટતા હતા.'

સરપંચની ખેંચાયેલી ભમ્મરો ને ફૂલેલાં નસકોરાં હું જોઈ શક્યો. બાબા તરફ નજર માંડી એ નજર ચુકાવી ગયા. 'સઉ સઉનાં કર્યાં ભોગવશે, બાપા, તમે કાં ચિંતા કરો?' નાક ખંજવાળતા એ બોલ્યા. પછી ઝટપટ ઉમેર્યું, 'હું તો કૂવા હાટુ આવ્યો'તો. કો'ક પરધાનને બોલાવવા હોય તો ઈમ પૂછવા.'

'રહેવા દો, સરપંચ. ખોટી ધમાલ ને ઉદ્ઘાટન પાછળ કેટલા પૈસા ને શક્તિ વેડફાઈ જાય છે એનો ખ્યાલ કર્યો છે? ખાલી પ્રભુપ્રાર્થના રાખજો. હું જરૂર આવીશ.'

સરપંચ કંઈ બોલવા ગયા, પછી સૂકા હોઠ પર જીભ ફેરવી બોલ્યા, 'તમે કે'શો ઈમ

કરશું.'

બે-ત્રણ દિવસ પછી એક વહેલી સવારે કૂવા આગળ ગ્રામજનો એકઠા થયા. ચાર થાંભલા ખોડી ઉપર ચંદરવો બાંધી છાંયો કર્યો હતો. નીચે પાથરેલી ફાટેલી જાજમો પર બાબા, સદાનંદજી, કમળાશંકર, સરપંચ વગેરે ગોઠવાયા હતા. સરસ્વતીકાકીએ કૂવાની પૂજા કરી. કમળાશંકરે નાળિયેર વધેર્યું ને 'અંબે માત કી જે', 'સરસ્વતીકાકીની જે' કરતાં સહુનાં મોઢાં મરકી રહ્યાં.

એક ઊંડી પરમ તૃપ્તિની લાગણી અંતરમાંથી ઊઠી ન ઊઠી ને શમી ગઈ. બાબાના અગાધ સાગર જેવા સ્વસ્થ ચહેરા પરથી હું કળી શકતો ન હતો, પણ બાબાના આગમન પાછળનો કોઈ ઉદ્દેશ હું કલ્પી શકતો હતો. મેં ચારે બાજુ જોયું.

સરપંચ ભાષણ કરતા હતા, 'ભાઈઓ, આજે આ ગામમાં બહુ મોટો પ્રસંગ છે. કાં તો કે આજ આપણા ગામમાં માતમા પધાર્યા છે. ને એમ તો ઈ ગામમાં જ રે' છે. પણ તોય આજ ગામ રૂડું બન્યું છે ને વળી ગામમાં નવો કૂવો ખોધો છે. ને ગામલોકો ઝાઝું જીવે ને કૂવાનું પાણી પીવે એવા માતમા આશીરવાદ આપે. વળી... વળી... ગાંધીજી કઈ ગ્યા છે કે...'

ગાંધીજી ઘણું કહી ગયા છે. એ બધું બિચારા સરપંચને ક્યાંથી યાદ રહે? એ થોથવાયા, જીભ લથડી, ચારે બાજુ જોયું. કમળાશંકર વહારે ધાયા, 'સાચું સ્વરાજ્ય તો ગામડાંમાં છે.'

'હા... હા... ઈ જ લ્યો. હવે ઝાઝી વાતે ગાડાં ભરાય. ને કાં તો કે નવ બોલ્યામાં નવ ગુણ.' એમ કહી કપાળેથી પરસેવો લૂછતા એ બેસી ગયા. થોડી તાળીઓ પડી.

પછી ગામલોક અમારા તરફ આતુરતાપૂર્વક જોઈ રહેલું, હું જોઈ શકું છું. બાબાના નામથી ભડકતા ને છતાં કોઈ ગૂઢ આકર્ષણથી તેઓ આજ અહીંયાં ખેંચાઈ આવ્યા હતા.

બાબાની આંખો સામેના સમુદાય પર ફરી વળતી જાણે એમનું આંતરિક આરોગ્ય તપાસતી હતી. સામે કેટકેટલી જાતના ચહેરાઓ હતા! ભાતભાતના, વિવિધ વિચારના, એ હસતા ઉત્સુક ચહેરાઓ પાછળ શું છુપાયેલું હશે તે મારાથી કળી શકાતું નથી.

બાબા ખોંખારો ખાઈ શરૂ કરે છે. 'એક વાર્તા છે.'

'એક માણસ હતો, ડૉ. ફાઉસ્ટ કરીને. એની પાસે એક વાર શેતાન આવ્યો. શેતાન કહે કે તારો આત્મા મને વેચી દે તો હું તને મોજમજા-આનંદપ્રમોદ આપું. ને એ માણસે આત્મા વેચી દીધો.

આજકાલ પણ શેતાન આત્મા માગવા આવે છે. ઘણા આપી દે છે. ઘણા જ્ઞાની પણ હોય છે. શેતાનને ઓળખી જાય છે.'

વાર્તા પૂરી કરી એમણે સ્તબ્ધ સમુદાય પર નજર ફેરવી. ઘણાખરા ચકિત બની ભોળા ભાવે બાબા તરફ તાકી રહ્યા હતા. કોઈ ઝીણી આંખે એ વાર્તાનો દોર પકડવા મથી રહ્યા હતા. બાબા બોલ્યા, 'બોલો, તમારામાંથી કોણ એનો આત્મા શયતાનને વેચવા તૈયાર છે?'

કોઈ સમજ્યું નહિ. કોઈએ ડોકું ધુણાવી ગંભીરતાપૂર્વક ના પાડી. બાબાએ આગળ કહ્યું :

'શયતાનને તમે બે હાથપગવાળો માણસ સમજતા નહિ કે બે-માથાળો રાક્ષસ. એને ઘણાં રૂપ છે. એ એક ઝેરીલી હવા બની આકાશ અને ધરતી પર છવાઈ જાય છે. ક્યારેક સૂક્ષ્મ તીણો ડંખીલો વિચાર બની માણસના મનમાં છુપાઈ જાય છે.'

'એટલે જ શાસ્ત્રમાં ચિત્તશુદ્ધિ પર આટલો ભાર દીધો છે ને?' કમળાશંકર બોલી ઊઠ્યા.

'ને શેતાનનાં બીજાં રૂપાળાં રૂપો પણ છે. એ ધરમનું નામ દઈ તમને છેતરવા આવે. શાસ્ત્રનું નામ દઈ તમને ભુલાવવા આવે. લાલચ આપે, ડરાવે ને પછી તમારો આત્મા લઈ

ભાગી જાય.'

'અહાહા... શું વાણી છે! નાની ઉંમરમાં શું ગનાન છે!' લોકોને અંદરોઅંદર વાત કરતા હું જોઈ શકું છું. હું પણ બાબાની વાત રસપૂર્વક સાંભળી રહું છું. તેઓ ખરે જ લોકશિક્ષક છે... કદાચ હવે આ કામમાં અમે ધાર્યું હતું એવડું મોટું વિઘ્ન ન પણ આવે.

બાબા જરા અટકી આગળ બોલ્યા, 'તો ભાઈઓ, આજે એવો જ એક પ્રસંગ છે. તમે જાણો છો, આ કૂવો ગ્રામજનોએ બાંધેલો છે, ગામને માટે. હવે શેતાન આવી તમને કહેશે કે અર્ધું ગામ આમાંથી પાણી પીએ ને અર્ધું નહિ, તો તમે હા પાડશો?'

'લે, એવું તે કંઈ હોતું હશે?'

'શયતાન આવીને એમ કહે કે બધાં પાણી પીએ, પણ આ કમળાશંકર, આ સરપંચ ને આ ખેડૂત, આટલાં પાણી ન પીએ, તો?

લોકો હસવા લાગ્યા.

'ઈનું માથું જ ન ભાંગી નાખીએ?' કરસને ડાંગ ખખડાવતાં કહ્યું.

'એમ માથું નહિ ભંગાય, કારણ કે એ માથા પર ધરમનું છોગું હશે. પણ શેતાન એ શેતાન. એને ઓળખવો જ પડશે.' બાબાનો અવાજ ઉગ્ર બન્યો, આંખો પ્રદીપ્ત બની. સમૂહની પેલે પાર જ્યાં ગામને છેડે વાસ હતો ત્યાં જાણે એ દૃષ્ટિ દોડતી હતી.

'તો પછી આ ગામમાં હરિજનો વસે છે. એમનો પણ આ કૂવા પર હક્ક નથી? એ તમારા ભાઈઓ છે. શયતાન તમને ના પાડશે. આભડછેટથી બિવરાવશે; પણ યાદ રાખજો, તમારો આત્મા લઈ એ ઊડી ન જાય! બોલો, આ કૂવા પર એમને પણ પાણી ભરવા આપશો ને?'

એક પળ અજબ શાંતિ ફેલાઈ ગઈ. લોકો જાણે વાક્યોનો અર્થ મનમાં કડવી રીતે ઘૂંટવા લાગ્યા : 'ગામને કૂવે હરિજન! ગામને કૂવે હરિજન!'

ને પછી શેતાન પ્રગટ થયો. એક રક્તપિત્તિયાનાં કોહી ગયેલાં અંગો ને લોહીપરુ નીતરતાં ઘારાંઓ જેવો એક વિકૃત સમાજ ત્યાં ખળભળી ઊઠ્યો.

'ગામમાં હરિજન પાણી ભરે? આ તો ધરમબોળો કે બીજું કાંઈ?'

'આ તો ખિસ્તર ધરમવાળા છે. આખું ગામ અભડાવી મેલવું છે.'

'કે'વાય તો કે સાધુ ને આ એનું મોઢું તો જુઓ!'

'આવો ભવાડો કરવો'તો તો કૂવો ખોચદો હું કામ? ડૂબી મરવા?'

અવાજો વધવા લાગ્યા. હોહા થવા લાગી. ઘડી પહેલાંની વાત વીસરાઈ ગઈ. જડસુ, દરિદ્ર ને પામર લોકો મુક્કીઓ ઉગામતા, હવામાં ગાળો વહેતી મૂકતા શયતાનને માથે મૂકી નાચવા લાગ્યા.

સરપંચનું મોઢું વિકૃત થઈ ગયું. 'દાગતર, આ રમત ભારે પડશે હો!'

'રમત નથી, ભાઈ, સત્ય છે. જે વિધાર્થીઓએ કૂવો બાંધ્યો છે તેમની આ શરત છે.'

'તંયે પૂરી નાખો એ કૂવો.'

'હવે એ આપણા હાથની વાત નથી. હવે એ ગામની મિલકત છે.'

બૈરાંઓ ખસીને ઝાડ નીચે ઊભાં રહી ગયાં. પુરુષોમાંથી થોડા અમારી તરફ ધસી આવ્યા. હું ને સદાનંદજી ઊભા થઈ ગયા ને બાબાની આડે ઊભા રહ્યા.

'સાંભળો, ભાઈઓ, સાંભળો.' હું મોટેથી બોલવાનો પ્રયત્ન કરતો હતો, પણ કદાચ મારા શબ્દો હવામાં તણાઈ ગયા, જેમ મારાં કાર્યો તણાઈ ગયાં તેમ.

'આજુબાજુનાં ગામમાં અમારું નાક કપાઈ ગયું.' એકે કહ્યું. મેં પાછળ ફરીને એ વ્યક્તિ તરફ જોયું. બોલનાર કરસન હતો. 'કરસન પટેલ, નાક તો હવે કપાય છે. યાદ છે, જે દિવસ તમે સરાસણીથી પાછા ફરતાં રસ્તામાં બેભાન થઈ પડેલા? તે દિવસે રતનો હરિજન તમને

મારા દવાખાને ખભે નાખીને લઈ આવેલો. ત્યારે તમારો ધરમ ક્યાં ગયો હતો?'

કરસન પટેલ લજવાયો કે એવું મને લાગ્યું? ત્યાં રઘો ઘૂરકીને બોલ્યોઃ 'અમે ચ્યાં ઈની ના પાડી સે? એટલા હાટુ તો ગામની પાંહે રે'વા દીધા છે. બાકી બીજાં ગામુંમાં જઈને જુઓ. એ... ઈને ગાઉએક દૂર કાઢ્યા છે એમને!'

'ખરી વાત છે. આ લોકોને ધરતી પર રહેવા દીધા ને આપણી હવામાં જ શ્વાસ લેવા દીધો એ જ શું મોટી મહેરબાની ન હતી?' સદાનંદજી બોલ્યા.

ઘોંઘાટ વધતો જતો હતો. ત્યાં એક પથ્થર આવીને બાબાના પગ પાસે પડ્યો. હું બાબા પર ઢળી પડ્યો ને એમના દેહને મારા દેહથી ઢાંકવાની કોશિશ કરતાં બોલ્યો, 'બાબા, ચાલો, ઘરે ચાલો. આપણે અહીંથી નીકળી જઈએ.'

પણ આ શબ્દો કેટલા વ્યર્થ હતા એ હું ક્યાં નહોતો જાણતો? બાબા સ્વસ્થ હતા. હસીને બોલ્યા :

'ગાંડા ભાઈ, ખરી મજા જ હવે છે. તું જો તો ખરો, આપણે આપણો આત્મા શયતાનને સોંપી, જાત થોડી બચાવવી છે?'

સ્ફૂર્તિથી તેઓ ઊઠ્યા. મારો હાથ પકડી કહ્યું, 'ચાલ, હરિજનવાસમાં જઈએ. એ લોકોને અહીં બોલાવીએ. ગામલોકોને પૂછીએ કે આ માણસો નથી? ચાલ, એ લોકો પાણી ભરશે ને આપણે પીશું, ચાલ.'

લોકોનો રોષ હજુ શમ્યો ન હતો. ઘોંઘાટ વધતો જતો હતો. બાબાએ બૂમ મારી કહ્યું, 'ભાઈઓ, જરા થંભો. હું અહીંયાં જ રહું છું. મને મારવો હોય તો ખુશીથી મારજો; પણ પહેલાં મારી વાત સાંભળશો? અમે હરિજનોને અહીં બોલાવીએ છીએ. જુઓ, એ બધાં તમારા જેવા માણસો છે કે નહિ? મેં તમને પહેલાં જ કહ્યું હતું કે શયતાન ધરમનું નામ લઈ તમને ગુલામ કરશે.'

'શયતાન તો તું જ છે. આખા ગામનું પાણી અભડાવવું છે?' કોઈએ સામેથી બૂમ મારી.

મારું શરીર આવેગથી ધ્રૂજવા લાગ્યું. બાબાનો હાથ તરછોડી હું ટોળામાં ધસ્યો ને બૂમ પાડનાર મોઢા પર એક તમાચો તોળાઈ રહ્યો ત્યાં કોઈએ મારો હાથ પકડ્યો. સદાનંદજી પ્રસન્ન મુખે ઊભા હતા.

'ભાઈ રજત, ગુસ્સો માણસ પર હોય, પથ્થર પર ન હોય. કૂવામાંનાં દેડકાં સૂરજને મેશ ચોપડવા નીકળ્યાં છે, બીજું કાંઈ નથી.'

મારો હાથ ખેંચી એ મને લઈ ગયા ને બાબા, સદાનંદજી ને હું ટોળામાંથી માર્ગ કરતા હરિજનવાસ તરફ ચાલ્યા.

'ગાંધી માતમાનો અવતાર છે, ભૈ!'

'ઈમ તે કાંઈ હાલવાનું છે? ગામમાં ભાયડા છે કે હીજડા?'

'ઈ હરિજનો જ બઉ ચડી વાગ્યાં છે. ઈમને જ એક વાર ઠેકાણે કરો ને! એટલે આ માતમાય ઠંડા થઈ જાહે!' એકે વિચાર સૂચવ્યો ને બીજા બધાએ ઝીલી લીધો.

હોહો કરતું એક ટોળું અવાજો કરતું અમારી આગળ દોડ્યું, ખેતરોની વાડમાંથી લપક્યું ને અમે ત્રણ જણા જ્યારે હરિજનવાસ આગળ આવ્યા ત્યારે ચારપાંચ ઝૂંપડાંઓ ભડભડ બળતાં હતાં.

અમે દિશાશૂન્ય, વિચારશૂન્ય બની જોઈ રહ્યા. ગામલોકોમાંથી કોઈ ત્યાં ન હતું. ઊંચે ને ઊંચે જતી ધૂમ્રસેરો ને ફૂંફાડા મારતી આગની જીભો વચ્ચે અમે જાણે ઈન્ફર્નોની ધીખતી ધરા પર ઊભા હતા.

અમારી બીજી બાજુ, થોડે દૂર કેટલાંક હરિજન કુટુંબો બેઠાં હતાં. રડવાને પણ અશક્ત

એવાં સ્ત્રી-પુરુષો ઝાડ નીચે ઊભાં હતાં. એમની જે થોડી ઘરવખરી બચાવી શકાય તે બહાર ખેંચી કાઢેલી. અત્યંત કંગાલ, ચીંથરેહાલ, અનાથ એવાં એ નરનારીઓએ ભાગ્યદેવતાની સજા મૂંગે મોઢે સ્વીકારી હતી.

'હિંસાની માફક શયતાનનું એક બીજું પણ સ્વરૂપ છે. કાયરતા. ભયાવહ હોવું ને ભયગ્રસ્ત હોવું બંને સરખો અપરાધ હશે કદાચ.' બાબાએ કહ્યું ને એ પેલા પીડિતોના સમૂહ પાસે જઈ ઊભા.

'ચાલો, મારી સાથે.'

'ક્યાં?'

'પોલીસચોકીએ. તમારા જાનમાલને નુકસાન પહોંચાડવા માટે આપણે ફરિયાદ કરીએ.

'રે'વા દો, બાપા. ઈ જમના ઘીરે નથી જાવું. આમ જ હારું છે. તમે તો ઘડીકમાં વિયા જાહો, વાંહે અમારું નખ્ખોદ કાઢી નાખે.'

'હવે નખ્ખોદ કાઢવામાં બાકી શું રહ્યું છે, રતના?' મેં પૂછ્યું.

કંઈ જવાબ ન મળ્યો. સહુ મોં ફેરવી ગયા. હજુ થોડી-થોડી આગ ધૂંધવાતી હતી. અમે ત્યાં ઊભા રહ્યા. મારા શરીરમાંથી કંઈ અમળાતું-અમળાતું બહાર ખેંચાઈ આવતું હતું. છાતીમાં ઝૂંપડાની આગ ભડ-ભડ સળગતી હતી.

અમે ક્યાંય સુધી ઊભા રહ્યા. આગ હોલવાઈ. ગરમ રાખમાં ગોદા મારી-મારી રતનો ને બીજાં બધાં રહીસહી ચીજો શોધતાં હતાં. એકાદ ઍલ્યુમિનિયમનું ટિન કે અર્ધો બળેલો ખાટલાનો પાયો હાથ આવતાં એ બાજુ પર ગોઠવતાં હતાં.

કમળાશંકર, નિર્મળા, સરસ્વતીકાકી અમારી પાછળ ક્યારનાં ઊભાં હતાં. 'ચાલો, બાબા, આ દેશમાં આમ જ ચાલે. સંતો જન્મે છે ને મરે છે. સૂરજ પૂર્વમાંથી પશ્ચિમમાં સરી જાય તોય પાતાળનાં અંધારાં ઉલેચાવાનાં નથી, ચાલો.'

'ગામને જે કરવું હોય ઈ કરે. અમે તમારી હંગાથે છીએ.' સરસ્વતીકાકી બોલ્યાં. પાંચમા-છઠ્ઠા મહિનાની એમની સગર્ભાવસ્થામાં એમનું મોં કોઈ અનેરા તેજે દીપતું હતું.

અમે પાછા ફર્યા.

સૂકા ઘાસમાં એક તણખો પડે ને ભડ-ભડ આગ ફેલાવા માંડે એમ વાત આખા ગામમાં ફેલાઈ ગઈ.

'નવા કૂવે ભૂત થાય છે. માતાના સોગન જો ખોટું બોલું તો. આ રાવજી રાતના આવતો'તો ઈણે દીઠું. માતાની પૂજા ન કરી, વરઘોડો કાઢ્યો નંઈ ને હાલ્યા હરિજનો ઘીરે, પછી થાય શું બીજું?'

રુક્ષ્મણી ગામની વાતો લાવે છે. દવાખાને હવે કોઈ ખાસ આવતું નથી. લોકો મોં છુપાવે છે. ગાઉએક ચાલી સરાસણીના કૂવે ગામ પાણી ભરવા જાય છે, પણ નવા કૂવે કોઈ ફરકતું નથી.

વશરામ ભૂવો કે'તો કે માતાનો શાપ લાગ્યો છે. માતાને રીઝવવાં પડહે. ઈમાં છૂટકો નથી.

સાંજના ખાસ કામ હોતું નથી. શૂન્યમનસ્ક હું દવાખાનામાં બેસી રહું છું. પાંખો ફફડાવી અપર્ણા પાસે પહોંચું છું. ક્યારેક મધરાતનો સૂરજ નિહાળું છું. કિન્નરીનો કાગળ છે, 'તારા વગર કશું ન સમજાય તેવી રીતે નથી ગમતું. તું જાણે છે, હું કશાય બંધનમાં માનતી નથી, પણ તોય લખાઈ જાય છે. પાછો આવ.'

ક્યારેક બંધ આંખો આગળ હું અજયને ઑપરેશન કરતો જોઉં છું. પેટમાં મોટો વાઢ મૂકતો, કુશળતાપૂર્વક ટાંકા લેતો, અત્યંત ચપળતાથી ઓજારો આપતી સિસ્ટર બર્વે, ખડ-ખડ

હસતા એનૅસ્થેટિસ્ટ ડૉ. રામનાથનને મારી આંખો સજીવન કરે છે.

આકાશ કાળાં વાદળાંથી છવાઈ ગયું છે. ઉકળાટનો પાર નથી.

ડૉક્ટર થયાને કેટલાં વર્ષો વીતી ગયાં! યાદ નથી આવતું. વીતી ગયેલાં વર્ષો પર સુખદુઃખનાં લેબલ લગાડાતાં નથી. લખાય છે માત્ર એક શબ્દ – ભૂતકાળ – જે હવે ખરેખર ભૂલી જવાનો છે. ચંદ્રમૌલિની માફક શરાબના નશામાં કે સ્વિટ્ઝરલૅન્ડ રળિયામણાં ગામોમાં કુદરતી સૌંદર્ય જોતાં-જોતાં. આ ધરતીમાં ભૂતકાળ હોઈ શકે; પણ ભાવિ?

મુંબઈ ચાલ્યો જઉં? પૈ-પૈસા ભેગા કરતા પેલા હાટડીવાળાઓની જેમ હાટડી ખોલી બેસી જાઉં? તે દિવસ પછી બાબાને એક વાર જ મળ્યો છું. બાબાએ કહેલું : ‘તારી ભીતર એક વૃક્ષ ઊગેલું; એને ઊખડવા ન દઈશ. એ કોઈ વાર કોઈ એકલદોકલ પથિક, કોઈ રડ્યાખડ્યા પક્ષીનો વિસામો બનશે.’

બાબાનાં વચનો હું મનમાં રટ્યા કરું છું.

ને એ એકલદોકલ પ્રવાસી એક વાર મધરાતે બારણાં ઠોકે છે. જેશંકરનો અવાજ હું પારખી શકું છું. ઝટપટ તૈયાર થઈ હું એની સાથે નીકળી પડું છું. સરસ્વતીકાકી દર્દથી તરફડે છે. અંગોમાંથી ધકધક વહી રહેલું લોહી જોતાં મારા અંતરમાં ઊંડી ફાળ પડે છે. મને અપર્ણાની સૂચના યાદ આવે છે. કાકીએ પૂરતો આરામ નહિ કર્યો હોય? ગર્ભપાતનું કારણ શું?

હવે કારણ શોધવાની મથામણ નકામી છે. સ્ટરિલાઇઝ્ડ ગ્લોવ પહેરી હું કાકીનું ગર્ભાશય સાફ કરી નાખું છું. કાકીની ચીસો શિયાળવાંની લાળીઓ સાથે એકાકાર થઈ વનવગડાને ભેંકાર બનાવે છે.

‘આમને જલદી હૉસ્પિટલમાં લઈ જાવ. પેટમાં પ્લેઝન્ટા રહી ગયો હશે તો સૅપ્ટિક થઈ જશે. જાનનું જોખમ છે.’

ભૂધર મે’તા બાઘા જેવા બારણાં બહાર આંટા મારતા હતા. જેશંકર સાઇકલ લઈ રવાના થયો. કરશન પટેલ ગાડું લઈને આવ્યા. સરસ્વતીકાકીને એમાં સુવડાવી બાજુમાં રુક્ષ્મણી બેઠી. જેશંકર અને હું ગાડાની સાથે-સાથે આગળ ચાલ્યા.

ઘનઘોર રાત્રીમાં અનંત અવકાશ વિસ્તરતું જતું હતું. કરોડો તારાવિશ્વો, અબજોનાં અંતર વટાવી અહીં પહોંચતો પ્રકાશ... અદ્ભુત યમનિયમોથી નિયંત્રિત આ સૃષ્ટિ પર એક માનવજીવની વ્યથાની શી કિંમત? ને છતાં સરસ્વતીકાકીની વેદનાની ચીસો ને રુદન મારાં અંગોને ઓગાળતાં હતાં. ઓસરીમાં આછા અજવાળામાં જોયેલો એ માતૃત્વ ઝંખતો ચહેરો મને કોતરતો હતો.

મોટા રસ્તે ગાડું થંભ્યું. કરશન પટેલે બીડીનો દમ ખેંચતાં-ખેંચતાં આવતાં-જતાં કોઈ લૉરીની રાહ જોવા માંડી. થોડી વારે દૂરથી ટ્રક આવતી દેખાઈ, કરશન પટેલ ટૉર્ચ હલાવતાં-હલાવતાં બૂમો મારવા માંડ્યા, ‘એ રોકો, એ રોકો.’

ટ્રક બ્રેકના ચિત્કાર સાથે ઊભી રહી. મેં ડ્રાઇવરને વાત સમજાવી ને બાઈને જલદી શહેરમાં લઈ જવા વિનંતી કરી. ડ્રાઇવર ભલો અને સંસ્કારી જીવ હતો. ‘હાલો, હું બાઈને ઊંચકાવું’ કરતો એ કરશન પટેલ સાથે ગાડા તરફ આવ્યો.

રુક્ષ્મણીનો ફાટેલો સાદ આવ્યો, ‘રજતભૈ, રજતભૈ, આમ જુઓ તો ખરા!’

હું દોડતો ગયો, પણ તે પહેલાં તો સરસ્વતીનો આત્મા બાળકની શોધમાં સૂની સીમ ત્યજી દૂર-સુદૂર નીકળી ગયો હતો.

19

સવાર પડતાં ગામમાં કાળો કકળાટ થઈ ગયો ને સાંજ સુધીમાં ગામમાં નક્કી થયું કે નવા કૂવે માતાને ભોગ ધરવો. માતાએ સરસ્વતીનો ભોગ લીધો!

'ભોગ હાનો? પીટ્યા ભૂધરિયાએ કથોડાનું માર્યું બાપડીને! જેલ ભેગો કરવો જોઈએ, જેલ ભેગો!' રુક્ષ્મણીએ બળાપો કાઢ્યો.

તે દિવસે હરિજનવાસ આગળ અમારી પડખે ઊભેલી સરસ્વતીએ કાકામાં રહેલો પુરુષ જગાડ્યો. બહાદુર કાકા પત્નીની આ ઘોર બેવફાઈ કેમ સહન કરી શકે?

પણ ગામલોક એકમત હતું. વશરામ ભૂવો આજ કૂવાકાંઠે આવવાનો હતો, મા-બાઈને પગે લાગવા ને ગામ વતી માફી માગવા.

હું ત્યાં ગયો નથી, પણ રુક્ષ્મણી ને શંકર મને પૂરેપૂરો ચિતાર આપે છે.

ભનિયા વાઘરીનો ઢોલ 'ધડિમ' ગાજે છે. ગામલોક ઉશ્કેરાટમાં ગરબા ગાય છે. વશરામને માતા ચઢતી નથી. સરપંચ વારંવાર અંદર જાય છે ને માના ભૂવા માટે પ્યાલી ભરી લાવે છે. માતા આવે છે. ધૂણતાં-ધૂણતાં વશરામ ભૂવો ચીસો પાડે છે : 'સરસ્વતીને ખાધી, આખા ગામને ખાઈ જઈશ.'

'ખમ્મા કરો, માવડી! અમે તો છોરું કેવાઈએ.' સરપંચની લાલઘૂમ આંખો ચકળવકળ ફરતી હતી. ભૂધર મે'તા (પીટ્યો કહઈ) પાઘડી ઉતારી 'મા'ને પગે લાગે છે.

ગામલોકની માફીથી 'મા' પ્રસન્ન થાય છે. પાંચ નાળિયેર, સવાશેર શીરો ને અધમણ દૂધનો પ્રસાદ 'મા' કબૂલ કરે છે.

સરપંચ દોડતા જઈ ઘરમાંથી દેશી દારૂના બાટલા, રાંધેલું માંસ ને નાળિયેર લઈ આવે છે.

'એક ગનો માફ કરો, મા...' બોલતો એ 'મા'ને પ્રસાદ ધરી સહુને પ્રસાદ આપે છે.

જેશંકર, ભૂધર મે'તા ને કરશન સુધ્ધાં પ્યાલા ગટગટાવી જાય છે.

તે પછી રાતભર પોલીસની જીપો દોડતી રહી. છાપામાં ઘાસણી ગામની હોનારત ગવાઈ રહી. શહેરમાંથી આવી પહોંચેલા થોડા ડૉક્ટરો ને હું આખો દિવસ દર્દીઓની તહેનાતમાં દોડતા રહ્યા.

હૉસ્પિટલ વગર એમની સારવાર શક્ય ન હતી. છતાં મીઠાવાળું પાણી પાઈ મેં એમને ઊલટીઓ કરાવવા માંડી. મારી પાસે પડેલી બ્રાન્ડીની બૉટલમાંથી નિર્મળાને, સહુને થોડી-થોડી આપવાની સૂચના કરી. ઘણાખરા બેભાનીમાં લવરી કરતા હતા. ભૂધર મે'તા પેટ અને માથાના અસહ્ય દુખાવાથી જમીન પર આળોટતા હતા. સાંજ ઊતરતાં-ઊતરતાં હૃદયવિદારક ચીસ સંભળાઈ જેશંકરની – 'ડાક્તર, મારી આંખોથી દેખાતું નથી...'

ગામના ને આજુબાજુનાં ગામના લોકોનાં ટોળેટોળાં ગામની નિશાળ બહાર કલાકોથી ઊભાં હતાં. આ ભયંકર દુર્ઘટનાથી મૂઢ બનેલા ઘણાખરાને તો કશી ખબર જ નહોતી પડતી.

પોલીસો ઘરેઘરે ઝડતી લેતા હતા. દેશી દારૂમાં ફ્રેન્ચ પૉલિશ-વાર્નિશ?! કોણ લાવ્યું? ક્યાંથી લાવ્યું?

'લાવે ક્યાંથી? મૂઓ સરપંચ જ ઘીરે ગાળતો'તો ત્યાં આ સપાઈડાં બબ્બે ચાર-ચાર દિવસે પીવા ધોડ્યા આવતા'તા. ઈ ન મૂઆ ને મૂઆ આ માતાજીનાં ભગતડાં બાપડાં!'

વશરામ ને ભનિયો મરી ગયા હતા. સરપંચની સ્થિતિ ભયજનક હતી.

ભૂધર મે'તા ને જેશંકર સાંજ પછી થોડા સ્વસ્થ થયા હતા.

લોકોની જીભ સળવળતી હતી. નક્કી માનો ન માનો પણ આ મા-બાઈનો જ પરતાપ છે. મા રૂઠી છે.

પોલીસનાં નિવેદનો પતી ગયાં. ગામ થોડું સ્વસ્થ થયું ત્યાં સરાસણી ગામમાં જગન મંડાયો. શંકર આવીને મને કે'તો હતો, 'માતા આવી. વશરામનો ભાઈ ધૂણવા લાગ્યો. હવન શરૂ થયો. નાળિયેર હોમાયું.'

ને હવનની ભસ્મ લેવા લોકો આવ્યા ત્યારે 'જાગડદે'ના પીરના ફકીર હાજર થયા.

'ખબરદાર, જો કોઈએ ભસ્મની ચપટી લીધી છે તો. આ ભસ્મ માથે જાગડદે પીરની આણ છે. જ્યારે કોઈ બત્રીસલક્ષણાના ગોળાના પાણીમાં આ ભસ્મ નાખી ગામલોક પીશે ત્યારે જ મા-બાઈનો શરાપ ઊતરશે.'

જાણે આકાશમાંથી વીજળી કડાકા કરતી ઊતરી પડી, ને મુસળધાર વરસાદ વરસવા લાગ્યો. ગામલોક ભયથી કાંપવા લાગ્યું. બત્રીસલક્ષણાના ઘરનું પાણી? 'હેં રજતભૈ!' શંકર મને પૂછતો હતો, 'આ સાચું હોય હેં? અમારા માસ્તર તો કે'તા'તા કે ભૂત-પ્રેત બધું ખોટું છે.'

એક નિઃશ્વાસ નાખી હું ખાલી દવાખાનામાંથી ઓસરીમાં આવું છું. કહું છું, 'શંકર, આ ગામમાં ચમત્કાર છે. ખરું ખોટું ને ખોટું ખરું બને છે. ભાઈ! માણસ ભૂત ને ભૂત માણસ બને તો નવાઈ ન પામીશ.'

વહેલી સવારમાં વર્ષો પછીની સ્વચ્છ આકાશરેખા દેખાઈ રહી છે. બબ્બે દિવસના ઉજાગરા પછી થાકેલા શરીર ને ભારે મન સાથે હું અર્ધ- ઊંઘમાં અને અર્ધ-જાગ્રતાવસ્થામાં પડ્યો હતો.

હવામાં ઠંડક છે ને આંખોમાં બળબળતા રણની ગરમી છે. આ ગામમાં હું હતો ને આવી દુર્ઘટના બની! સ્વચ્છતા, શેરી-સફાઈ, આરોગ્યની સમજ, પાણી માટે તરફડતા આ ગામમાં અક્ષયપાત્ર સમો એક કૂવો...

તોય કાળી દીવાલના જડ પથ્થરોની એક કાંકરીય હું ખેરવી શક્યો નથી.

અચાનક હું જાગીને સફાળો બેઠો થાઉં છું. ટક... ટક... બારણે ટકોરા પડતા હતા. કોણ હશે અત્યારના– આ વહેલી સવારે? કદાચ પેલી ટ્રેજેડીનો એકાદ અવશેષ...

હું ઊઠીને બારણું ખોલું છું. હો... હો... કરતી કોઈ પ્રચંડ નદી જાણે દૂરથી ધસમસતી આવતી હોય તેવો અવાજ આવતો હતો. ડેલી આગળ ઊભા છે સરપંચ ને ભૂધર મે'તા. એમની પાછળ જેશંકર, કરસન, અરજણ... ઘણા ચહેરાઓ દેખાય છે.

એમના હાથમાં ખાલી પ્યાલાઓ છે.

ને દૂરથી એક વિશાળ માનવસમુદાય દોડતો આવતો હતો. કોઈના હાથમાં પ્યાલા, ઘડા, શીશીઓ – અરે બાલદીઓ હતી.

સરપંચે હાથ લાંબો કરી મારા હાથમાં પ્યાલો ધર્યો.

'દાગતર, પાણી આપો.'

હું બે ડગલાં પાછળ હટી જાઉં છું. 'શેનું પાણી, સરપંચ? આ શું નવું તોફાન છે?'

ભૂધર મે'તા કાકલૂદીભર્યા સ્વરે બોલ્યા : 'એટલી મેરબાની કરો! અમારા ગના માફ કરો!'

મારું શરીર કોઈ અકથ્ય આવેગથી કંપી ઊઠે છે. શરીરમાં કશું વેગીલું વહેવા માંડે છે.

'ના ન પાડશો. ગામનું નખ્ખોદ નીકળી જાશે. અમારા ભલા હારુ તમે જાત ઘસી નાખી છે ઈ અમે નથી જાણતા? જાગડદે પીરની આજ્ઞા છે. બત્રીસલક્ષણાના ગોળાના પાણીમાં જે ભસ્મ પીશે એને માતાનો કોપ નઈ નડે. આ આખાય પંથકમાં તમારા સિવાય બીજો કુણ છે બત્રીસલક્ષણો?'

'બંધ કરો! મારે નથી સાંભળવું.' મારાથી ચીસ પડાઈ જાય છે. શરીરમાંથી માંસના લોચા ઊતરડી રહ્યા છે આ શબ્દો.

'અમને પાણી આપો! અમને પાણી આપો!' સમૂહમાંથી એક આર્તનાદ નીકળે છે.

આકાશ છવાઈ જાય છે.

ડેલીને અઢેલી હું બેબાકળો જોઉં છું... લોકો... લોકો રોગથી પીડાતા, ગરીબી અને કુરિવાજોથી પિલાતા, જડ, દીનહીન... ઓ લોકો, તમને સમર્થ શક્તિશાળી, સમૃદ્ધ પ્રજામાં મારે મારી જાદુઈ ફૂંકથી ફેરવી નાખવા હતા. ઓ પામરો! મારું પાણી તમે શયતાનને વેચી આવ્યા! હવે આ સુક્કી ભઠ્ઠ રેતીમાં શું શોધો છો?

પાણી... પાણી... પોકાર ઊઠે છે.

હું શક્તિહીન બની એ સર્વને જોઈ રહું છું.

અવાજોથી હું ઘેરાઈ ગયો છું. જમીનમાંથી, ઉપર આકાશમાંથી, દિશાઓમાંથી અવાજ ગાજે છે...

'બત્રીસલક્ષણો...'... 'બત્રીસલક્ષણો...'

દબાણ વધતું જાય છે, અવાજોનું, માણસોના ઘસારાનું.

કમળાશંકર એ ટોળામાં હતા. દૂરથી લાકડી ઊંચી કરી એમણે મારા તરફ ઇશારો કર્યો, 'દાક્તર, ખસી જાવ!'

સામે હજારો ચહેરાઓનો સાગર પ્રલયકારી બની દરવાજા તરફ ધસતો હતો.

હું બારણાની બહાર સરકી આવ્યો ને સરપંચને કહ્યું, 'જાવ, જેને જેટલું પાણી જોઈએ, તેટલું આપી દો.' ને હું બહાર પડેલી મારી સાઇકલ લઈ ધક્કામુક્કી કરતી આ જમાતમાંથી માર્ગ કરતો આગળ વધવા લાગ્યો. કમળાશંકર ઉતાવળા-ઉતાવળા મારી પાછળ આવ્યા. 'રજતભાઈ, આ લોક તો તમને ઘડીકમાં પીંખી નાખત! એટલે મેં બહાર નીકળી જવાનું કહ્યું.'

લોકોના આ વર્તન પર હાસ્ય, રુદન, ગુસ્સો, અભિશાપ – કોઈ જાતની પ્રક્રિયા હું હવે અનુભવી શકતો ન હતો. પાછળ નજર નાખતાં મને કમકમાટી ઊપજી. સરપંચ ને એના સાથીદારો પાણીનું માટલું બહાર આણી સહુને થોડું થોડું આપતા હતા. બે-ત્રણ જણા લોકોને લાઇનમાં ઊભા રાખતા હતા!

'ચાલો મારે ઘરે.' કમળાશંકરે મને કહ્યું.

'ના, હું બાબા પાસે જઈ આવું. આમેય આ બધું થયા પછી હું બાબાને મળી શક્યો ન હતો.' કહી હું આશ્રમ તરફ વળું છું.

દૂરદૂરથી લાલ નળિયાંવાળાં એ નાનાં મકાનો દેખાતાં મારું ચકડોળે ચડેલું મન ફરી સ્વસ્થ થતું જાય છે. આશ્રમના ફાટકમાંથી અંદર પ્રવેશતાં તુલસીવનની મહેક મને વીંટળાઈ વળી. બગીચાને પાણી પાતા આશ્રમવાસીઓ મારી તરફ જોઈ રહી હસ્યા, જાણે લીમડાની ડાળીઓ પવનમાં ઝૂકી પડે તેવી રીતે.

બાબા જ્યોત્સ્નાને પત્રો લખાવતા હતા. હું જઈને ચૂપચાપ ખૂણામાં બેસી ગયો. આટલા વખતમાં જ્યોત્સ્નાએ ઘણું ગુજરાતી શીખી લીધું હતું.

પત્ર લખવાનું અટકાવી દઈ એમણે મારી તરફ જોયું ને કહ્યું, 'રજત, કેટલા મર્યા?'

'ખ્યાલ નથી. બે ચાર પાંચ દસ...' મેં કહ્યું. મારો અવાજ ક્રોધથી તરડાયેલો હતો. શબ્દોનાં ચોસલાં એક પર એક બરાબર ગોઠવાતાં ન હતાં.

મારા આવા જવાબોથી કે પછી મારા અવાજની ઉગ્રતાથી ચોંકી જઈ બંને જણાં મારા તરફ તાકી રહ્યાં.

'બહુ થાકી ગયો લાગે છે, રજત!'

'હા, બહુ થાકી ગયો છું, ખરેખર બહુ થાકી ગયો છું.' કહી મેં બત્રીસલક્ષણાના ગોળાના પાણીની વાત કહી સંભળાવી.

વાત પૂરી થઈ અને જાણે આસપાસનો કચરો, ગંદકી સહુ પોતાની સાથે તાણી જતા

પાણીના જોરદાર પ્રવાહ જેવું ખડખડાટ હાસ્ય બાબા હસી રહ્યા.

એ હસતા જ રહ્યા. 'રજત, નાટક-સિનેમા વિશે હું ઝાઝું જાણતો નથી, પણ આમાંથી એક ફર્સ્ટ ક્લાસ કૉમેડી લખી શકાય. તને શું લાગે છે?'

તીવ્ર દુઃખ અને રોષથી પીડાતા મારા મન પર આ હાસ્ય જોરદાર પ્રહારો કરી રહ્યું. આ બધું નાટક હતું? પૂરજોશથી ઘૂમતી મારી ચિત્તતંત્રની સૃષ્ટિમાંથી કોઈએ જાણે ધરી ખેંચી કાઢી હતી, એની કક્ષા બદલાઈ હતી ને બાબાને હસવું આવતું હતું!

'બાબા... પ્લીઝ... હું ઘણો અસ્વસ્થ છું.'

હાસ્ય થંભાવી દઈ બાબા જરા મૌનમાં સરી પડ્યા. થોડી વારે આછા નિઃશ્વાસ સાથે બોલ્યા, 'અસ્વસ્થ કોણ નથી, ભાઈ? રજત, તું એમ માને છે કે હું આ તારા ગોળાના પાણી માટે હસી રહ્યો છું? ના, ભાઈ, ના, હું તો મારી, તારી ને આ ઈશ્વરની સૃષ્ટિ પર હસી રહ્યો છું, ભાઈ! એ હજાર હાથવાળાનો કયો અદૃશ્ય હાથ કેવી અજબ રીતે આપણા અભિમાન પર આવો ઘા કરી ગયો એ વિચારતાં જ હું હસી રહ્યો છું. અજબ છે આ એની લીલા! આપણે માનતા હતા કે આપણે ગામના ઉદ્ધારક છીએ! ગામની ને લોકોની સેવા કરીએ છીએ! એ અભિમાનનાં દશ માથાં આપણને ઊગે એ પહેલાં તો મારા વા'લાએ વાઢી નાખ્યાં!'

'પણ એક માથું તો રહેવા દીધું છે ને, બાબા?' જ્યોત્સ્નાએ પૂછ્યું ને મારી તરફ બોલી, 'એક-માથાળા રામે જ ગાદી ત્યાગી, વનવાસ સહ્યો ને સીતાને ત્યજી, રજત!'

હા, રાજગાદી છોડી, વનવાસ સહ્યો ને સીતાને ત્યજી રામે! સીતા સંગ અયોધ્યામાં વસતા રાજા રામના કાનમાં પેલા દુર્મુખે જ્યારે સીતાનું કલંક કહી સંભળાવ્યું હશે ત્યારે એણે પણ સૃષ્ટિનિયંતાની આ અજબ રમત પર હાસ્ય જ વેર્યું હશે– અત્યારે બાબા, જ્યોત્સ્ના ને હું હસી રહ્યાં છીએ તેમ જ!

બપોર થવા આવી. ભોજન પતાવી હું બહાર નીકળ્યો. બાબાએ હસતાં-હસતાં પૂછ્યું : 'કઈ બાજુ, ગામ તરફ કે સ્ટેશન તરફ?'

'ગામ તરફ.' હું સાઇકલ લઈ ફાટકમાંથી બહાર નીકળ્યો. પાછું વાળીને જોયું તો જ્યોત્સ્ના હાથ ઊંચો કરી મને વિદાય આપતી હતી.

'ચાલ, હું પણ સાથે આવું.' કહી બાબા ચપળતાપૂર્વક પાછલી સીટ પર કૂદકો મારી બેસી ગયા.

ગામમાં પહોંચતાં એક અજબ જેવી શાંતિ છવાયેલી લાગી. શેરીઓ સૂમસામ હતી. ઘણાંખરાં ઘરો બંધ હતાં. થોડા કલાકો પહેલાં અહીં માનવમહેરામણ ઊમટ્યો હશે એવુંય મનાતું ન હતું. ઘર આગળ આવી અમે થોભ્યા. સાઇકલ બહાર જ મૂકી અમે અંદર ગયા. પરસાળમાં કમળાશંકર વાંચતા હતા.

'આવો, રજતભાઈ, તમારી ગેરહાજરીમાં તમારા ઘરની સાચવણી કરવાનું મારે માથે આવ્યું!'

ઘર જાણે વેરણછેરણ પડ્યું હતું. પાણીનું માટલું ખાલી થતાં જ્યાં-જ્યાંથી પાણી મળે ત્યાં શોધવાનાં ફાંફાં લોકોએ માર્યાં હશે. સદ્ભાગ્યે દવાખાનાની ચીજો સલામત હતી.

'પોલીસ આવી કે જાણે રાક્ષસની માયા અલોપ! લોક ઘડીકમાં તો વેરાઈ ગયું.' કમળાશંકર ઊભા થતા બોલ્યા.

'પોલીસ?'

હાસ્તો! દારૂની ભઠ્ઠી શોધતાં-શોધતાં પોલીસે સરપંચનું પગેરું કાઢ્યું ને ઉપાડી ગઈ લૉક-અપમાં.'

મેં અને બાબાએ એકબીજા તરફ જોયું.

કમળાશંકર નજીક આવી બોલ્યા : ‘મારી નિર્મળાને તો તમે ઓળખો છો ને? એણે સીધા ઇન્સ્પેક્ટરને જ પકડ્યા ને લઈ ગઈ સરપંચની વાડીએ!’

‘વાહ ભગવાન વાહ!’ બાબાએ ડોકું ધુણાવતાં કહ્યું. ‘સરપંચના દુર્જય કિલ્લામાં પણ ભગવાને જ ગાબડું પાડ્યું હતું ને! એના અભિમાનના પણ ઈશ્વરે આમ ચૂરેચૂરા કર્યા હતા!’

લોકોના અસહ્ય ધસારાને કારણે ફળિયામાંનો લીમડો ઝૂકી પડ્યો હતો. અસંખ્ય તૂટી પડેલી ડાળીઓ ફળિયામાં વેરણછેરણ પડી હતી.

પગથિયાં ઊતરતાં કમળાશંકર બોલ્યા : ‘ગાંડું લોક! આ લીમડોય ભાંગી નાખ્યો!’

‘ના, કમળાશંકર, થોડી ડાળીઓ તૂટી છે, પણ હજુ થડ સલામત છે. ખરું ને, રજત?’

નીચે ઊતરી લીમડાના થડ નીચે મેં ખાટલો ઢાળ્યો. ‘હાશ, એની છાંય તો હજુ એવી ને એવી જ શીતળ છે.’ બાબાએ ખાટલા પર શરીર લંબાવતાં ઉદ્ગાર કાઢ્યા ને ઉપર ‘તથાસ્તુ’ કહેતી હોય તેમ લીમડાની ડાળીઓ ઝૂકી રહી.

* * *